ભારતમાર્તંડ પં.શ્રીગટ્ટુલાલાજીનું જીવનચરિત્ર

(૧)પ્રજ્ઞાચક્ષુ

‘‘પિતાજી, એ જ્ઞાન મને ગમતું નથી. પુત્ર આંખ વિનાનો થાય, ત્યારે તમે ઉપદેશ આપો ‘ભગવદિચ્છા’, પણ એવી ભગવદિચ્છાને હું શું કરું! પાથરું કે ઓઢું? મારી આંખનાં તેજ સમો, મારા ઘડપણની લાકડી સમો, એ આજે આ અંધ બન્યો!’’

‘‘બેટા, બેબાકળા બને એમ શું વળે! જે બનવાનું છે તે બન્યે જાય છે. ભવિષ્યનાં ગર્ભમાં કોઇ પેસી નીકળ્યું છે? કોઇક પરમ ભાગવતો ભાવિના શિર ઉપર પગ મૂકી ભગવન્માર્ગે જાય છે.’’ શ્રીવ્રજવલ્લભજીએ પોતાની દીકરી લાડુ બેટીજીને સાંત્વના આપતા કહ્યું.

‘‘પણ, બાપુ હજારો વૈષ્ણવો આપને પરમભાગવત લેખે છે. આપ પણ મહાન ભાગવતાચાર્ય ભગવદવતાર શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુનાં પ્રતાપી વંશજ છો. શું આપ આપનાં આ નવ નેત્રહવિહીન દોહિત્ર ઉપર દયા ન વિચારો!’’ લાડુ બેટી પુત્રનાં નેત્રમાં નવદ્રષ્ટિ પ્રાપ્ત કરવા માટે પોતાનાં પિતાજીને વિનવવા લાગી.

‘‘નવદ્રષ્ટિ પ્રાપ્ત થાય, પણ આ કાલાવાલા શેના! બેટા, કોઇ પુત્ર પુત્રી આવી રીતે પિતા જોડે વર્તે? શું તારો એ બાળક છે ને અમારા એ આંતરડા નથી? જરા વિચાર કર. અશક્ય અને સુશક્ય સ્થિતિમાં ભગવદ્ આશ્રય જીવે કરવો જોઇએ, એવી શ્રીમહાપ્રભુજીની આજ્ઞા છે. માટે ભગવાન જે કરે છે તેમાં જ ભલું છે. તેની સહસ્રમુખી અમૃતધારા સૌના કલ્યાણ માટે વહે છે. આપણને લાગે છે કે પુત્ર અંધ થયો, લૌકિકદ્રષ્ટિએ શોક પણ ઉપજે, પણ દયાસિન્ધુ તો દરેકે દરેક કાર્ય પરત્વે પોતાની કૃપાદ્રષ્ટિ રાખે છે. વળી જેમ હું શ્રીમહાપ્રભુજીનો વંશજ તેમ તું પણ તે પવિત્ર મહાત્માનાં વંશમાં જન્મેલી છે, તારે આવે સમયે હિંમત છોડવી જોઇએ નહીં, પણ ગંભીર બનવું જોઇએ. આવી જાતની વિહ્વલતા તને ન છાજે.’’

‘‘પિતાજી, તમારી વાત મને સમઝાય છે, પણ મારી બુદ્ધિ મુંઝાઇ ગઇ છે, મને કંઇ સૂઝ પડતી નથી. હવે તો ધીરજ પણ રહેતી નથી. આજ કેટલા દિવસ થયા! પ્રભુ કંઇક તો દયા વિચાર!’’ ગળગળા સ્વરે લાડુબા બોલી ઉઠ્યા.

‘‘પણ બહેન, આમ તો આખું જગત, અરે! મોટા મોટા પંડિતોની દ્રષ્ટિ આ કલિકાલમાં અંધકારથી આચ્છાદિત છે. તેઓ પણ એક રીતે અંધ છે.’’ શ્રીવ્રજવલ્લભે પુત્રીનું મન તત્ત્વજ્ઞાન તરફ ખેંચવા પ્રયત્ન કર્યો.

‘‘સાચી વાત છે. બાપુજી! પંડિતોને પોતાનાં જ્ઞાનનો ગર્વ હોય છે. તેમનાં જીવવાનો હેતુ બીજાઓ કરતા પોતે મોટા પંડિત છે, એમ વિદ્વત્સભામાં સાબિત કરવું તે હોય છે. તેઓ કંઇ ભક્ત નથી. તેમનાં જ્ઞાનનો ઉપયોગ ભગવાનનાં ચરણસરોજની ભક્તિ પ્રાપ્ત કરવા માટે થવાનો નથી. તેથી એક રીતે ઠીક કહેવાય છે કે તેઓ ચક્ષુદ્વારા વેદ જોવા છતા, કલિતમથી તેમને સત્ય વસ્તુ સમજાતી નથી. પણ પિતાજી હું કંઇ પંડિતા નથી. નથી મારામાં શાસ્ત્રજ્ઞાન, હું તો અહનિર્શ ભગવદ્દાસી છું. છતા કૃપાસિન્ધુનાં કૃપાજલ મારે માટે સુકાઇ ગયા લાગે છે. ભગવાન..!! આ શી રીતે સહન થાય! એનાં કરતા મરણ સારું. જોવું એ નહિ અને દાઝવું એ નહિ.’’ લાડુબા બોલતા જ રડી પડી.

‘‘બેટા, આમ તો ડાહી ડાહી વાતો કરે છે, ને ઘડીક વારમાં પાછી સ્વાર્થલોલુપ બની ભગવાનથી વિમુખ બને છે, તે ઠીક કહેવાય?

‘‘પણ, આ મારો લાડકવાયો, નવ વર્ષનો થવા આવ્યો. તેનું મન ભણવામાં ન જોતા તેનાં પિતાનાં મનમાં ઘણું દુઃખ રહેતું, પણ હું તેનાં પિતાને કહેતી કે એ તો નાનો બાળક છે, તે અત્યારથી શેનો ભણે! તમે પંડિત છો એટલે બસ છે. આવો મારો સામાન્ય બાળક, અરે! તેની પણ આવી દશા!’’ એમ બોલી લાડુબેટી રોઇ પડી.

‘‘પણ એમ રડે શું વળે? હું એ ગટ્ટુનું ને તારું દુઃખ સમજુ છું; વળી આ ઘનશ્યામભટ્ટ પણ જોને કેવા સુનમુન જેવા બની ગયા છે!’’

આજે શીળી નીકળે સત્તર-સત્તર દિવસ થયા; જાણે અંધારી રાતનાં નભમંડળનાં તારલા સમા મારા આ ગટ્ટુનાં આખે અંગે આંખ કાન નાક ને મોં સુદ્ધા શીળીનાં દાણા ભરાઈ ગયા. દાણા પણ ખાસા ઝાલર જેવા! મને ઉંઘે પણ આજે સત્તર દિવસ થયા. તોએ ઓછા એ કંઇ નમન આપે છે!''

''હા બેન, એમાં એનું ને તારું કિસ્મત. તનતોડ મહેનત મજરે ન આવે ત્યાં જીવનો શો પુરુષાર્થ!'' શ્રીવ્રજવલ્લભે કહ્યું.

''પણ મને લાગતું કે મારો મહેનત મજરે આવશે. આ આશાએ ને આશાએ આખો દિવસ તેનાં ફોલ્લા ભરાય તે ફૂટે તેનાં ઉપર અડાયા છાણાની રાખ ભભરાવતી, ઘડીએ ઘડીએ તેની ચાદર વગેરે બદલતી, ને દ્વાર ઉપર તાજો લીમડા મંગાવી ભરાવતી. કોઇનો પડછાયો ન પડે તે માટે દ્વાર બંધને બંધ રાખતી, પણ જેમ ખોડી બિલાડી અપશુકનમાંથી ન જાય તેમ આ શીળીએ મારા અબુધને અંધ બનાવી દીધો.'' એમ કહી લાડુબા આંખમાંથી આંસુ સારવા લાગી.

એટલામાં પથારીમાં પડ્યા પડ્યા ગટ્ટુ બોલવા લાગ્યા,''બા બા, નાના ક્યાં છો! બાપુજી આંખો ગઇ, જીવન ગયું, કંઇ દેખાતું નથી.'' એમ બોલી પથારીમાં રડવા લાગ્યા.

''ભાઇ ગટ્ટુ, તને શી ફિકર છે. હું જીવું છું ત્યાં સુધી હું તને સાચવીશ. દૈવની સામે ઓછા દાવા થાય છે! લે હવે રડ મા.'' ઘનશ્યામ ભટ્ટે બાળકનાં માથે ફેરવતા કહ્યું.

''પિતાજી, નથી જોવાતું, હવે કંઇ કરો, ઓ ભગવાન!''

બાળકનાં શબ્દો સાંભળતા લાડુબાનું હૈયું તેનાં કબજામાં ન રહ્યું. તે બોલી ઉઠી. ''ઓ ભગવાન, શું માનવનાં અજ્ઞાન અંધકાર ઓછા પડ્યા તે આ નાના બાળકની બાહ્યચક્ષુ પણ લઇ લીધી.'' એમ બોલતી પછાડા ખાઇ તે નીચે ઢળી પડી.

પુત્રીની આવી દશા જોતા શ્રીવ્રજવલ્લભજીનું હૈયું ભરાઇ આવ્યું, તેમનાં હૈયામાં દૌહિત્રનાં દુ:ખથી તીર ભોંકાય તેવી પીડા થવા લાગી. આ વખતે બાળક પણ તેની દીનહીન દશા દેખી રડતો હતો. ઘનશ્યામભટ્ટે હૈયાને પત્થર સમ કઠણ રાખવા પ્રયત્ન કર્યો, પણ આ કરુણાજનક દશાથી તેમણે પણ હિંમત ગુમાવી ને તેમની આંખમાંથી આંસુ પડવા લાગ્યા.

આ બનાવ બન્યો ત્યારે જુનાગઢમાં આ ગોસ્વામી મહારાજ પૂજ્યપાદ શ્રીવ્રજવલ્લભજી ૫૬ વર્ષનાં હતા. તેમણે ઘણા તડકા છાંયડા જોયા હતા. પણ આવા કરુણ પ્રસંગ તેમનાં જીવનમાં ઓછા બન્યા હતા. પોતાનાં દૌહિત્રની આવી દશા દેખી તેમનાં હૈયામાં અતિઅમુઝણ શરુ થઇ રહી હતી. આ અમુઝણનો ઉકેલ શી રીતે કરવો તેનો કંઇ ઉપાય ન જડ્યો, ત્યારે તેઓ હૃદયમાં પ્રભુ પાસે કંઇ રસ્તા માટે પ્રાર્થના કરવા લાગ્યા.

આખરે તેમનાં હૃદયમાં સ્ફુરણા થઈ આવી કે મહાન ભક્તકવિ સૂરદાસજી અંધ હતા, છતા તેઓ કંઇ દેખતા આંધળાને સત્યમાર્ગે લઈ ગયા. જો આ બાળક બીજો સૂરદાસ બને તો! આ સ્ફુરણા સાથે મહારાજશ્રીને વાગ્બીજ મંત્રના દર્શન થયા. (માતામહ શ્રીવ્રજવલ્લભજીએ પંડિતજીની જીભ ઉપર સરસ્વતી મંત્ર લખ્યો હતો એમ કેટલાક ગ્રંથકાર લખે છે. પણ તે બરાબર હોય તેમ લાગતું નથી. કારણકે પૂ.મહારાજશ્રી સ્વહસ્તે આવી જાતનું અન્યાશ્રય જન્ય કાર્ય કરે એ સંભવિત નથી. આ વાત વિષે વૈદ્ય શાસ્ત્રી માધવજી ગોપાલજી જણાવે છે કે, હયગ્રીવ એ ભગવદવતાર છે. તેનો બીજમંત્ર પોતાની જીભ ઉપર લખવામાં આવ્યો હતો. આ વાગ્બીજ ઉપર વધારે વિચાર કરતા શ્રીભાગવત દ્વિતીય સ્કંધ અધ્યાય ૭માંનાં ૧૧માં શ્લોકમાં હયગ્રીવ ભગવાનનું વર્ણન કરતા લખે છે, ''સુવર્ણ જેવા વર્ણવાળા યજ્ઞપુરુષ, વેદમય, યજ્ઞમય, અખિલદેવોનાં આત્મારૂપ હયશીર્ષ નામે ભગવાન મહાયજ્ઞમાં પ્રકટ થયા, જેની નાસિકામાંથી વેદરૂપી ઇચ્છા કરવા યોગ્ય વાણીનો પ્રાદુર્ભાવ થયો. ખરૂં જોતા પંડિતજીનું જીવન વેદધર્મનાં પ્રચાર માટે હતું, વળી શ્રીમદાચાર્ય સકલાવતાર સામ્ય નિરૂપણ ગ્રંથમાં શ્રીમહાપ્રભુજી વિશે લખ્યું છે જેવી રીતે હયગ્રીવ ભગવાન નાશ પામેલા વેદોનો ઉદ્ધાર કરનારા હતા તેવી રીતે આ મહાપ્રભુજીએ નાશ પામેલા વેદમાં કહેલો માર્ગ બતાવ્યો. આ શ્લોકથી હયગ્રીવ અવતાર વેદનાં ઉદ્ધાર માટે છે, ને શ્રીગટ્ટુલાલાજીનું જીવન વેદનાં પ્રસાર માટે હતું. તેથી સંભવિત છે કે આ હયગ્રીવનાં સંબંધરૂપ વાગ્બીજ મંત્ર પંડિતની જીભે શ્રીવ્રજવલ્લભજીએ લખ્યો હોય.) હવે મહારાજશ્રીને શાંતિ વળી અને ધીમેથી કહેવા લાગ્યા, બેટા, હવે ખેદ ન કર, જે આંખો ગઈ છે તે તો પાછી નહિ આવે, પણ બાળકની પ્રજ્ઞાચક્ષુ આજથી ખુલી

જશે ને સરસ્વતી દેવી તેને અધીન રહેશે. તે પોતે અંધ હોવા છતા હજારો દેખાતા જીવોનાં અંધકાર મિટાવી તેમને પ્રકાશમાં લઇ જશે. તે વિશ્વદર્શી થશે. આમ કહી માતામહે શ્રીગટ્ટુજીની જીભ ઉપર વાગ્બીજ મંત્ર લખ્યો, તે જ વખતે પંડિતજી બોલ્યા કેઃ-

''માત તાત ગુરુ હરિ કૃપા, હરશે વિઘ્ન તમામ.''

આ પુત્રને આપણા ચરિત્રનાયક ભારતમાર્તંડ પંડિત શ્રીગટ્ટુલાલાજી. જૂનાગઢ નગરની મધ્યમાં આવેલા એક ભવ્ય મંદિરનાં એક ખંડમાં પંડિતજી, તેમનાં માતા-પિતા, માતામહ તથા બીજા બે-ત્રણ સંબંધી વચ્ચે ઉપરોક્ત ચર્ચા થઇ રહી હતી. ત્યારે પૂ.મહારાજશ્રીએ પોતાની અદ્વિતીય શક્તિથી પંડિતજીને પ્રજ્ઞાચક્ષુ બનાવ્યા હતા.

(૨)પૂર્વવંશ

આ પંડિતજીનાં પૂર્વજો મૂળ આંધ્ર દેશનાં હતા. તેઓ વાઘૂલ ગોત્રમાં જન્મ્યા હતા, અને પંચનદી નામે પ્રખ્યાત હતા. આંધ્ર દેશનું વર્ણન એવું અદ્ભુત રીતે કરવામાં આવ્યું છે કે તે પ્રદેશનાં વતનીઓ હાલ પણ તે વડે ગૌરવાન્વિત છે. જો વાઘૂલ વંશાવલી, પ્રાગટ્ય મંગલ, કલ્લોલ, સંપ્રદાય કલ્પદ્રુમ, વલ્લભવેલ, યદુનાથ દિગ્વિજય વગેરે અનેક ગ્રંથો સંશોધાયા ન હોત તો આવા એક પ્રખ્યાત વંશ વિષે અંધારૂ રહેત અને ૨૦માં સૈકાની શરૂઆતમાં શ્રીવલ્લભકુળ અને તેમનાં જ્ઞાતિ સમાજ વિશે જે માથા ને ધડ વિનાનાં ગપગોળા ફેલાયા હતા તેનાં ભોગ આપણને થવું પડત.

દક્ષિણમાં આંધ્ર પ્રદેશ આવ્યો છે. આ આંધ્ર એટલે આપણો હાલનો તાંજોર પ્રદેશ. આ પ્રદેશમાં તૈલંગી બ્રાહ્મણો, ધનવાન, પ્રેમી, સાચાબોલા, મધુરભાષી, રૂપાળા, ચારિત્ર્યશીલ, અતિથિસત્કાર કરનારા, ધર્મપરાયણ, ઉમદા અંતઃકરણવાળા, અયાચક, પાપથી નિત્ય ડરનારા, સરલ, હસીને બોલનારા, શહેરી અને સ્વચ્છ પોષાકવાળા, ઉદાર, સમર્થ પંડિત, સર્વ ભાષામાં એક્કા, મશ્કરા, વ્યંગમાં વાત કહેનારા, સર્વ લિપિનાં જાણવાવાળા, શાસ્ત્રવેત્તા, વેદવિદ્યામાં પારંગત, રામાયણમાં આસક્તિવાળા, મહાભારતનું તત્ત્વ સમઝનારા, નાટ્યવિદ્યામાં કુશળ, સુભાષિતોમાં રસ લેનારા, નિત્ય ભાગવતપરાયણ, તપ, દાન, યજ્ઞ, પર્વ, શ્રાદ્ધ વગેરે કરનારા, નિત્ય ઇશ્વરપૂજન, ચિન્તન, ચર્ચા, જપ અને વ્રત કરનારા હતા. આ લોકોનાં વચનોની મીઠાસ પાસે શેરડી ભીખ માગી રહી છે, તેમની ચાલને હંસો વખાણી રહ્યા છે, તેમની સ્ત્રીઓની સુંદરતા નિહાળી ચંદ્રમા શરમાઇ જાય છે.

આ પ્રદેશમાં સદાચાર તત્પર, અતિશુદ્ધ શ્રેષ્ઠ બ્રાહ્મણોનું જગમશહૂર અને જગતમાં સત્કાર પામેલું એક કુળ નિવાસ કરતું હતું. આ કુળ મહાત્મા શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુજીનાં પૂર્વજોનું હતું. આ કુળે કર્મકાંડનાં ઉદ્ધાર માટે હજાર શાખાવાળા વેદનું નિર્માણ કર્યું હતું. આ કુટુંબ તે વેલનાટ અથવા વેલનાડુ નામે ઓળખાતું હતું.

આ કુટુંબનાં સમયમાં તેમનું સજાતીય બીજું વાઘૂલ ગોત્રવાળું કુટુંબ હતું. આ કુટુંબ પણ શ્રીમહાપ્રભુજીનાં કુટુંબ જેવું આગળ પડતું હતું. તેમાં પણ ઘણા વિદ્વાનો અને ભક્ત પાક્યા છે.

૧૬મા સૈકાનાં પૂવાર્ધમાં વાઘૂલગોત્રમાં મહર્ષિ જેવા અલ્લાડભટ્ટ નામે ચૌદ વિદ્યામાં કુશળ અને યજ્ઞ ભગવાનનાં પૂજનમાં તત્પર મહાપુરુષ જન્મ્યા. તેમની પત્નીનું શુભ નામ ભાગીરથી હતું. તે પતિવ્રતા હતા અને તેનાં દર્શન થતા માણસોનાં પાપ દૂર થતા હતા. તેમને ચાર પુત્રો (૧)ઔભલભટ્ટ, (૨)માધવભટ્ટ, (૩)ભૈરવભટ્ટ અને (૪)કાશીનાથભટ્ટ થયા.

એક વખત સંસારમાં અસારતા નિહાળતા, પોતાના અને કુટુંબનાં મોક્ષ માટે કાશીમાં જવા અલ્લાડભટ્ટે વિચાર કર્યો. આ જ સમયમાં મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનાં પિતાજી લક્ષ્મણભટ્ટજી ત્યાં બિરાજતા હતા. તેઓ ગોપીજન-વલ્લભની સેવામાં તત્પર રહેતા તથા વેદાદિ શાસ્ત્રનાં તત્ત્વામૃતનું સૌને પાન કરાવતા. તેઓ મૂળ દક્ષિણના રહેવાસી હતા. તેમણે તેમની જિંદગીમાં પાંચ સોમયજ્ઞ કર્યા હતા. હવે તેમની ઇચ્છા કાશી જઇ, ધાર્મિક જીવન ગાળવાની હતી. આથી શ્રીલક્ષ્મણભટ્ટજી સાથે અગર તેમની આસપાસ અલ્લાડભટ્ટ વગેરે સજાતીય અનેક કુટુંબો કાશીમાં આવી વસવા લાગ્યા. થોડા વર્ષો બાદ આંધ્રપ્રદેશમાં ભયંકર દુષ્કાળ પડ્યો, આથી આ જ્ઞાતિનાં કેટલાક વધુ કુટુંબોને કાશીમાં આવવાની ફરજ પડી.

થોડા સમય અહીં વસ્યા બાદ અલ્લાડભટ્ટે ભગવતી ભાગીરથી મૈયાનાં કાંઠે પોતાના પ્રાણ છોડ્યા. ત્યારબાદ તેમનાં ચારે પુત્રો પિતાનાં ધન, તથા પુસ્તકોનાં ભાગ પાડી અલગ અલગ કાશીમાં રહેવા લાગ્યા.

અલ્લાડભટ્ટનાં બીજા પુત્ર જે માધવભટ્ટ હતા (શ્રીવિઠ્ઠલેશ ચરિતામૃત તથા સત્સિદ્ધાંતમાંર્તંડમાં ગોવિંદભટ્ટનાં ત્રીજા પુત્ર અહ્લાદજી સાથે શ્રીદેવકી બેટીજીનો વિવાહ લખે છે. આ ગોવિંદભટ્ટ મારા ધારવા મુજબ માધવભટ્ટનું બીજું નામ હશે. વળી માધવભટ્ટનાં પ્રથમ પુત્ર અલ્લાડભટ્ટ કે અહ્લાદભટ્ટ છે, જ્યારે ત્યાં આગળ ગોવિંદભટ્ટનાં ત્રીજા પુત્ર લખ્યા છે. આ વસ્તુ વાઘૂલ વંશાવલી સાથે મેળ ખાતી હોય તેમ લાગતી નથી. કોઈ જાણકાર ખુલાસો કરે એવી વિનંતી છે. આ વિશેષ પરિશિષ્ટમાં જુઓ.) તે ઔભલથી નાના અને ભૈરવ અને કાશીનાથથી મોટા હતા. આ માધવભટ્ટ ધન કમાવાની ઇચ્છાથી શિષ્યો સહિત ગઢા ઉપડ્યા. તે વખતે તેમનાં પત્ની તથા પુત્રો કાશીમાં રહ્યા. આ માધવભટ્ટની પત્ની પતિવ્રતા હતી. તે પોતાનાં બાળકોની બરાબર સંભાળ લેતી. પોતાનાં ગોપાલકૃષ્ણ પ્રભુની સેવામાં તત્પર રહેતી અને અતિથિયોનું પૂજન કરતી. માધવભટ્ટને પણ ચાર પુત્રો થયા. (૧)અલ્લાડ કે અલ્હાર ભટ્ટ (૨)નારાયણ (૩)યજ્ઞેશ્વર (૪)વિશ્વેશ્વર. આ ચાર ભાઇઓ ચારે વેદને ધારણ કરનારા હતા. વળી માધવભટ્ટને પોતાના શિષ્યો તરફથી ભક્તિભાવપૂર્વક ગાયો ભેટ મળી હતી. આ ગાયોનું દૂધ ભગવાનને ધરાવવામાં આવતું ને તે દૂધની પ્રસાદી બાળકોને આપવામાં આવતી.

થોડા વર્ષો બાદ માધવભટ્ટ ધન કમાઇ શિષ્યો સાથે કાશી પાછા ફર્યા. હવે તેઓ શ્રીગોપાલકૃષ્ણની સેવામાં તથા શિષ્યો ને બાળકોને ભણાવવામાં સમય ગાળવા લાગ્યા. અહીં તેમણે શારદાતિલક ને ક્રમદીપિકા નામનાં બે તંત્રગ્રંથો ઉપર વિવૃત્તિ લખી. વળી તેમણે પુત્રોને પરણાવ્યા. હવે માધવભટ્ટે ઘરની જવાબદારી અલ્હારભટ્ટને સોંપી. અલ્લાડભટ્ટ પણ નાના ભાઇઓની ને માતાપિતાની બરાબર સેવા કરવા લાગ્યા. થોડા વર્ષો બાદ માધવભટ્ટ કાશીમાં મરણ પામ્યા.

પિતાનાં મરણ પછી તેમની ઉર્ધ્વદૈહિક ક્રિયા સારી રીતે કરી પિતાનાં ધન તથા પુસ્તકો વગેરેનાં ભાગ પુત્રોએ પાડી લીધા. અલ્લાડભટ્ટ મોટા પુત્ર હોવાથી તેમની પાસે શ્રીગોપાલકૃષ્ણની સેવા આવી. આ પોતાનાં રુક્મિણીચંપુ કાવ્યમાં અલ્લાડભટ્ટ માટે પંડિતજી લખે છે કે, (કઠોપનિષદની પ્રસ્તાવનામાં શ્લોક છે.) ''પૂર્વે કહેલા શ્રીપ્રભુચરણની પુત્રી દેવકાને પરણનાર, શ્રીગોપાલકૃષ્ણનું પૂજન કરનાર, બહુ યજ્ઞ કરી સોમનું પાન કરનાર શ્રીઅલ્હારભટ્ટ છે, જે તૈત્તરીય શાખામાં વાઘૂલ નામનાં પવિત્ર ગોત્રમાં જન્મ્યા હતા, જેમનો વંશ વિસ્તાર પામો.''

આ અલ્હારભટ્ટ પંચનદ ક્ષેત્રમાં રાજપુરોહિત તથા દાનાધ્યક્ષ થયા. કાર્ય કરવાની પદ્ધતિથી તથા વિદ્વત્તાથી તેમની કીર્તિ ચારે બાજુએ ફેલાએલી હતી. આ વસ્તુ પ્રભુચરણનાં જાણવામાં આવી. આથી તેમણે અલ્હારભટ્ટને પોતાની પાસે અડેલ બોલાવી પુરોહિત ને દાનાધ્યક્ષ બનાવ્યા, તથા ગોપાલલાલ નામનું સ્વરૂપ પધરાવી આપ્યું. તદુપરાંત પોતાની દીકરી દેવકાનું લગ્ન આ ભટ્ટજી સાથે કર્યું.

આ દેવકા બેટીજીનો જન્મ સં.૧૬૦૩નાં ફાગણ વદ ૬નો થયો હતો, ને તેમનું લગ્ન અલ્હારભટ્ટ સાથે સં. ૧૬૧૩માં શ્રીગોકુલમાં કર્યું. શ્રીપ્રભુચરણે શ્રીદેવકા બેટીજીને માથે શ્રીમદનમોહનજીનું સ્વરૂપ પધરાવી આપ્યું.

(આ દેવકાબેટીનાં જન્મને લગ્ન ને સંવત માટે કોઇ ઠેકાણે ફેરફાર જણાય છે, કોઇક ઠેકાણે જન્મ સં.૧૬૧૭નાં વ્રજવૈશાખ વદ ૧૨ ને લગ્ન સં.૧૬૨૩માં લખ્યું છે. અલ્હાર ભટ્ટ તથા પ્રભુચરણનો ગઢા સાથેનો સંબંધ જોતા, આ સંવતની ઐતિહાસિકતામાં શંકા પડે છે. દેવકાબેટીજીનું બીજું નામ અક્કાદેવી હશે, એમ વાઘૂલ વંશાવલીનાં ૫૧માં શ્લોકથી લાગે છે.)

આ અલ્હારભટ્ટને કૃષ્ણભટ્ટ નામે એક પુત્ર થયો. તેની વિચક્ષણ બુદ્ધિ દેખી તેનો અભ્યાસ કાશીમાં કરાવવામાં આવ્યો. અલ્લાડભટ્ટને પિતાજી તરફથી ગઢારાજ સાથે સંબંધ થયો હતો. ત્યાંનો રાજા દલપતિશાહ હતો. આ રાજા વિદ્યાવિનોદમાં કુશળ હતો. તે ઘણા દાક્ષિણાત્ય બ્રાહ્મણોને નિભાવતો, તદુપરાંત શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ સાથે તેનાં સેવ્યસેવક ભાવ હતો. અલ્લાડભટ્ટ શ્રીગુસાંઇજીનાં જમાઇ થતા હતા, વિદ્વાન હતા, એટલે રાજાએ તેમનો સારી રીતે સત્કાર કર્યો. થોડા વર્ષ ગઢામાં રહી અલ્લાડભટ્ટ કાશી ગયા. રાજાએ પણ આ વિદ્વાનની કદર કરી દરેક વર્ષે વર્ષાસન મોકલવા માંડ્યું.

એક વખત દલપતિશાહે અહ્લારભટ્ટને તથા તેમનાં પુત્ર કૃષ્ણભટ્ટને ગઢા તેડાવ્યા. અહીં ભટ્ટ તથા તેમનાં નાના પુત્રની તીવ્રબુદ્ધિથી રાજા ખુશ થયો. રાજાએ અહીં તેમને એક ગામ તથા ઘઉંશાળા, મગ, યવ, શેરડી વવાય તેવા ખેતરો ભેટ આપ્યા તથા ગાયોને ચરવા ઘાસનાં ખેતરો આપ્યા.

અહીં અલ્લાડભટ્ટ થોડા વર્ષ રહ્યા બાદ માંદા પડ્યા. પોતાનું મૃત્યું નજીક જાણી ભટ્ટ કાશી ન જતા નર્મદાતીર રહી ભગવાનનું સ્મરણ કરવા લાગ્યા. વળી પવિત્ર નર્મદામાં આકણ્ઠ જઇ સ્તુતિ કરવા લાગ્યા. અહીં અલ્લાડભટ્ટે પોતાનો દેહ છોડ્યો. કૃષ્ણભટ્ટે પિતાની ઉત્તરક્રિયા સારી રીતે કરી. આ વખતે શ્રીગુસાંઇજી પણ ગઢામાં બિરાજતા હતા.

થોડા વર્ષો બાદ ગઢાથી કૃષ્ણભટ્ટ શ્રીગુસાંઇજી સાથે મથુરા તરફ ગયા, કારણકે ગઢા ઉપર અકબરશાહનો હલ્લો આવ્યો હતો. આ વખતે ભયથી સર્વે દાક્ષિણાત્ય બ્રાહ્મણોએ ગઢા છોડ્યું. કોઇ પ્રયાગમાં, મથુરાજીમાં, યમુનાજીનાં તીર ઉપર, ગંગા તટ ઉપર ને કાશી વગેરે સ્થળે ગયા. થોડા વર્ષ શ્રીગુસાંઇજી મથુરામાં બિરાજ્યા. અહીં તેમને અકબર બાદશાહનો મિલાપ થયો. આ વખત પહેલા પણ કોઇક વખત અકબરશાહે શ્રીગુસાંઇજીને પોતાના દરબારમાં આગ્રા વગેરે સ્થળે તેડાવેલા, પણ આ સમય દરમિયાન બાદશાહને ઘણીક વખત શ્રીગુસાંઇજી મળતા ને ધર્મસંબંધી જીવનમાં ઉતરી શકે એવા ઘણા પ્રશ્નો તે બન્ને વચ્ચે ચર્ચાતા. આને પરિણામે અકબરશાહ તરફથી શ્રીગોકુલ ને તેનો પ્રદેશ ભગવદ્સેવા માટે અર્પવામાં આવ્યો ને હંમેશ માટે વાપરવા દેવાનો લેખ કરી આપ્યો. આ વસ્તુ સં.૧૬૨૮માં બની. ઉત્પાતનાં વર્ષો દરમિયાન કૃષ્ણભટ્ટ શ્રીગુસાંઇજી સાથે રહ્યા પણ જ્યારે રાજકીય શાંતિ થઇ ત્યારે કૃષ્ણભટ્ટ કાશીનાં રાજા પાસે ગયા. રાજાને કૃષ્ણભટ્ટનો પરિચય થતા તેમનાં માટે સહજ માન થઇ આવ્યું ને તેમની વિદ્વત્તાનાં પુરસ્કાર રૂપે વર્ષાસન બાંધી આપ્યું. આમ કેટલાક વર્ષો ગાળ્યા બાદ કૃષ્ણભટ્ટને પોતાના જીવનનો અંત નજીક લાગવા માંડ્યો. ત્યારે ગઢારાજ તરફથી મળેલા પોતાનાં ગામમાં વાસ કર્યો. ત્યાં આગળ એક કાલજ્ઞવૈદ્યે કૃષ્ણભટ્ટને જોતા કહ્યું કે મને માફ કરજો, આપ હવે એક માસ માટે આ પૃથ્વી ઉપર છો. આ વાતનો નિશ્ચય કૃષ્ણભટ્ટે પોતાની જન્મોત્રી દ્વારા કરી જોયો. આથી તેમને પોતાના નૃસિંહ ને રઘુનાથ નામના બે પુત્રોને બોલાવ્યા ને તેમને ઘરની સંભાળ રાખવાનું કહી, નર્મદા પાસેનાં તીર્થમાં વસી શ્રીગોપાલકૃષ્ણની સેવા કરવા લાગ્યા. અહીં કૃષ્ણભટ્ટનાં નજીકનાં મૃત્યુનાં સમાચાર સાંભળી અનેક વિદ્વાનો તેમનાં છેલ્લા મેળાપ માટે આવવા લાગ્યા. કૃષ્ણભટ્ટ વેદવેદાંગમાં કુશળ હતા. એટલે પ્રસિદ્ધ પંડિતો તેમની મુલાકાતે આવતા. અહીં દરેક અતિથિનો સારો સત્કાર કરવામાં આવતો. એક દિવસે કૃષ્ણભટ્ટે પોતાનાં પુત્રને બોલાવી પોતાનાં બારમાનાં દિવસે ઉત્તમ બ્રાહ્મણોને ભોજન લેવડાવવાની આજ્ઞા કરીને તે વિષેનો પત્ર પુત્રને લખી આપ્યો. આમ પ્રારબ્ધ કર્મક્ષીણ થતા કૃષ્ણભટ્ટે દેહ છોડ્યો. નૃસિંહભટ્ટે પિતાનાં કહ્યા પ્રમાણે તેમની ઉત્તરક્રિયા કરી. ૧૨માનાં દિવસે તેમણે ઉત્તમ બ્રાહ્મણો બોલાવી તેમને પોતાનાં પિતાનો પત્ર બતાવ્યો. જ્યારે સપિણ્ડીકરણ શ્રાદ્ધ કરવામાં આવ્યું ત્યારે કૃષ્ણભટ્ટ પ્રત્યક્ષ દેખાયા. આથી તે સર્વે બ્રાહ્મણો સંતોષથી જમ્યા ને દરેકને યોગ્ય દક્ષિણાથી સંતોષવામાં આવ્યા.

પછી આ ગામમાં નૃસિંહભટ્ટ ઘણા વર્ષ રહ્યા. ત્યાંથી પ્રયાગ પાસેનાં ગામમાં રહેવા ગયા. અહીંથી તેમનો નાનો ભાઇ રઘુનાથ મથુરા રહેતો હોવાથી ત્યાં રહેવા ગયા, ત્યાંથી તેઓ શ્રીગોકુલ રહેવા લાગ્યા. અહીં તેમને માધવ નામે પુત્ર થયો. એ સિવાય તેમને કેશવ ને મધુસૂદન નામે પુત્ર હતા.

આ મધુસૂદન સુશીલ, શ્રુતિસ્મૃતિનાં આચારોમાં પ્રવીણ, શિવ વિષ્ણુને તુલ્ય માનનાર ભક્ત હતો. તેથી તે સંસારથી વિરક્ત રહેતો.

એક વખતે તાંજોરનાં મહારાજાએ મુધુસૂદનની બહુશ્રુત કીર્તિ સાંભળી પોતાના રાજ્યનો પુરોહિત બનાવ્યો અને અનેક યજ્ઞો તેમની પાસે કરાવ્યા. મધુસૂદનની યજ્ઞમાં કુશળતા જોઇ, અને યજ્ઞદેવતા યથાસંકલ્પ પ્રમાણે ફલ આપતા દેખી, રાજાએ મધુસૂદનની ઇચ્છા પૂર્ણ કરવા ઇચ્છા દેખાડી. આથી મધુસૂદનભટ્ટે ત્રણ લાખ રૂપિયા પોતાનાં દેશમાં પોતાને સ્વતંત્ર યજ્ઞ કરવાની ઇચ્છા હોવાથી માંગ્યા. રાજાએ તે પ્રેમથી આપ્યા. તદુપરાંત તે પૈસાનાં રક્ષણ માટે સૈન્ય પણ લઇ જવા કહ્યું પણ મધુસૂદને સૈન્યની જરૂર નથી એમ કહ્યું. આથી રાજાને ખોટું લાગ્યું અને પોતાનાં સેવકોને ચોરરૂપે રસ્તામાં મોકલ્યા. આ લોકોએ ભટ્ટજીનો માર્ગ રોક્યો. પણ તેમણે પોતાનાં મંત્રબળથી ચોરોને ગભરાવી નાખ્યા. આથી ચોરો નાસી, રાજા પાસે ગયા અને ભટ્ટની અતુલ શક્તિનું વર્ણન કરવા લાગ્યા. આ વાત સાંભળી રાજા મધુસૂદનભટ્ટનાં સામર્થ્યની પ્રશંસા કરતો તે સ્થળે ગયો ને પોતાનો અપરાધ ક્ષમા કરવા કહ્યું. ભટ્ટે રાજાને આશ્વાસન આપ્યું. રાજાએ તેથી ભટ્ટને બીજા ત્રણ લાખ રૂપિયા આપ્યા.

આ ૬ લાખ ખર્ચી મધુસૂદનભટ્ટે કામવનમાં એક મોટો જબરદસ્ત યજ્ઞ કર્યો. આ મધુસૂદનને મદનગોપાળ ને તેના ત્યાં અનિરુદ્ધભટ્ટ જન્મ્યો. આ અનિરુદ્ધનાં બે પુત્રો વ્રજનાથ ને મુરલીધર થયા. બીજા પુત્ર મુરલીધરને ત્યાં ગોપીનાથ

નામે પુત્ર થયો. આ ગોપીનાથભટ્ટનાં ત્યાં ઘનશ્યામભટ્ટ નામે એક પરમપવિત્ર વિદ્વાન ભક્ત પુત્ર જન્મ્યા જે આપણા ચરિત્રનાયકનાં પિતા થાય.

(૩)જન્મવિકાસ

ઘનશ્યામભટ્ટનો જન્મ ૧૯માં સૈકાનાં ઉત્તરાર્ધમાં થયો હતો. તેઓ માટા વિદ્વાન અને ભગવદ્ધર્મપરાયણ હતા. તેમનાં પૂર્વજો ગોકુલથી કાંકરોલી વસવા લાગ્યા ને કેટલીક વખત કોટામાં પણ રહેતા.

આ ઘનશ્યામભટ્ટજી જૂનાગઢનાં ગો.શ્રીવ્રજવલ્લભજીની પુત્રી શ્રીલાડુબેટીજી સાથે પરણ્યા હતા. આ લાડુબેટી બહુ સુશીલ, પતિવ્રતા, ધર્મજ્ઞ તથા પ્રેમાળ હતી. વળી તેમનાં પિતાનું નામ શ્રીવ્રજવલ્લભજી હતું જેમની કીર્તિ તે વખતમાં કાઠિયાવાડમાં મહાન પ્રતાપી આચાર્ય તરીકેની હતી. તેઓ મહાપ્રભુ શ્રીવલ્લભાચાર્યનાં વંશમાં જન્મેલા હતા. શ્રીમહાપ્રભુજી તેમનાં શ્રીગુસાંઇજી, તેમનાં પ્રથમ પુત્ર શ્રીગિરિધરજી ને તેમનાં ત્યાં શ્રીગોપીનાથજી નામે પુત્ર થયા. શ્રીગોપીનાથીજીનાં ત્યાં શ્રીગોવિંદજી તેમાં બડેબાબુરાયજી ને તેમનાં ત્યારે બે પુત્ર થયા, મોટાનું નામ શ્રીગોવર્ધનેશજી ને નાનાનું નામ શ્રીગોકુલાધીશજી અથવા શ્રીહકુજી મહારાજ. આ હકુજીને ત્યાં સં.૧૭૭૮નાં પોષ વદ ૫નાં શ્રીરણછોડજી જન્મ્યા. આ રણછોડજી ધીંગડજી નામે ઓળખાય છે. તેમનાં પત્નીનું નામ શ્રીશોભામાજી હતું. આ શોભામાજી સારા વિદુષી કવયિત્રી હતા. તેમણે શ્રીભાગવત ઉપર સોળ ધોળ તથા નવરાત્રીનાં ગરબા વગેરે કાવ્ય સાહિત્ય લખ્યું છે. તેમનાં પદોને છેવટે શોભા શબ્દથી પોતાનો પરિચય આપ્યો છે. આ શોભામાજીને કંઇ સંતાન ન હોવાથી પોતાના સસરાનાં મોટાભાઇ શ્રીગોવર્ધનેશજી, તેનાં બંસીધર ને તેનાં બાલકૃષ્ણજી ને તેનાં વિઠ્ઠલેશજીને પાંચપુત્ર થયા. તેમાં મોટા જામનગરવાળા બાબુરાયજી ને બીજા જૂનાગઢવાળા શ્રીવ્રજવલ્લભજી હતા. આ શ્રીવ્રજવલ્લભજીને શોભામાજીએ ગોદમાં લીધા. આ શ્રીવ્રજવલ્લભજીનું બીજું નામ મગનલાલજી હતું. તેમનો જન્મ સં.૧૮૫૬નાં ભાદરવા વદી ૬નાં થયો હતો. આ મહારાજશ્રી સ્વયંકવિ હતા. તેમણે સંસ્કૃત તથા ગુજરાતીમાં કેટલાક કાવ્યોની રચના કરી છે. શ્રીગુસાંઇજીનાં પ્રાકટ્યનું એક સુંદર ધોળ રચ્યું છે. તેમણે શ્રીગુસાંઇજીનાં ૨૮ પૌત્રનું વર્ણન એક શ્લોકમાં કરી પોતાની ચતુરાઇનો પરિચય કરાવ્યો છે.

દેવ વેદ રસાગ્નિષુ પાણ્ડવાક્ષિ ક્રમેણ હિ.
વિઠ્ઠલેશસ્ય તુ વિભોઃ સપ્રસૂનુસુતાઃ યા.

બ્રહ્મા, વિષ્ણુ ને શિવ એમ ત્રણ દેવ, તેમ શ્રીગિરિધરજીને ત્રણ પુત્ર, ચારવેદ પ્રમાણે શ્રીગોવિંદજીને ૪ પુત્ર, રસ ૬ છે તે પ્રમાણે શ્રીબાલકૃષ્ણજીને ૬ પુત્રો થયા. અગ્નિનાં ૩ રૂપ છે તેમ શ્રીગોકુલેશને ૩ પુત્ર, ૫ પાંડવ પ્રમાણે શ્રીરઘુનાથજીને ૫ પુત્રો, તેવી રીતે યદુનાથજીને ૫ પુત્ર, ને બે આંખ પ્રમાણે શ્રીઘનશ્યામજીને બે પુત્રો થયા. આ કુલ ૨૮ પૌત્રો શ્રીગુસાંઇજીનાં ત્યાં પ્રકટ થયા.

આ શ્રીવલ્લભજીને ૬ પુત્રો તથા ૩ પુત્રી થઇ, જેમાં ૧૨ ગોવિંદલાલજી તથા શ્રીદ્વારકાનાથજીનો વંશ ચાલે છે. શ્રીલાડુબેટીજીનાં આ બન્ને ભાઇઓ થાય. શ્રીગોવિંદજીનાં પુત્ર શ્રીગોકુલેશજી પોરબંદરવાળા તથા શ્રીદ્વારકાનાથજીનાં પુત્ર શ્રીવિઠ્ઠલેશજી એ આપણા ચરિત્રનાયકનાં મામાનાં દીકરા થાય એટલે તેઓ પરસ્પર મામાફોઇનાં ભાઇ થાય. શ્રીવ્રજકેશજી જામનગરવાળા શ્રીવ્રજનાથજીની ગાદી ઉપર ગયા. આમ ઘનશ્યામભટ્ટ જૂનાગઢ, પોરબંદર ને જામનગરનાં ગોસ્વામીનાં નજીકનાં સંબંધી થતા હતા.

ઘનશ્યામભટ્ટ કેટલોક વખત કોટામાં ને ખાસ કરીને કાંકરોલીમાં રહેતા હતા. તેઓ શ્રીવ્રજવલ્લભજીનાં બેટી શ્રીલાડુબેટીજીને પરણ્યા હોવાથી પછીથી જૂનાગઢ રહેવા લાગ્યા. તેમનો સ્વભાવ મૂળથી વિદ્યાવ્યાસંગી હતો તેથી તેઓ વેદશાસ્ત્ર સંપન્ન પ્રૌઢવૈયાકરણી વિદ્વાન બન્યા અને બીજા શાસ્ત્રોની સાથે વેદાંતસંબંધી ગ્રંથોમાં પણ તેમણે પૂરી વિદ્વત્તા મેળવી હતી. તેમનાં ત્યાં અનેક વિદ્યાર્થીઓ ભણવા આવતા જેમાનાં કેટલાકે વિશ્વનાં સાહિત્યમાં પોતાનો ઉજ્જ્વલ ફાળો આપ્યો છે. આવા એક વિદ્યાર્થી પ્રખ્યાત સંગીતશાસ્ત્રી આદિત્યરામ સં.૧૯૦૦ની આસપાસ ભણવા આવતા. તેઓ ભટ્ટજી પાસે સંસ્કૃત પંચકાવ્ય તથા

શ્રીભાગવત ભણ્યા હતા. તેમનો રચેલો સંગીતાદિત્ય ગ્રંથ ઇંગ્લેન્ડ તથા હિંદુસ્તાનમાં બહુ પ્રસિદ્ધિ પામ્યો. આ ગ્રંથ સંગીતમાં ઘરમૂળથી ફેરફાર કરી નાખ્યો ને પ્રાચીન સંગીતને તેનાં મૂળસ્વરૂપમાં લાવવામાં આવ્યું. આવા બીજા શિષ્ય શ્રીવલ્લભજી હરિદત્ત આચાર્ય હતા. તેમણે ભટ્ટજી પાસેનાં અભ્યાસનાં ફળરૂપે અનેક સંસ્કૃત ગ્રંથો ગુજરાતીમાં ઉતાર્યા તથા સંસ્કૃતમાં પણ લખ્યા. આવા તો તેમનાં ઠીકઠીક કહેવાય તેવા વિદ્વાન શિષ્યો હતા. સં.૧૯૦૧માં ભટ્ટજી તથા લાડુબા જાત્રાએ ગયા. રસ્તામાં કોટામાં આપણા ચરિત્રનાયક પંડિત ગટ્ટુલાલાજીનો જન્મ સં.૧૯૦૧નાં પોષ વદ ૧૨ને દિવસે થયો હતો. પિતાએ તેમનું નામ જન્મ નક્ષત્રને અનુકૂળ ભાનુદત્ત પાડ્યું; જોકે પંડિતજી આ નામે ઓળખાયા નથી છતા મહાત્મા વિદ્વાનની વાણી નિષ્ફળ જાય નહિ, એ માન્યતાનુસાર પિતાએ પાડેલું ભાનુ-સૂર્ય એ નામ ભારતમાર્તંડ પદવી મળવાથી અપ્રસિદ્ધ છતા સ્વતઃપ્રસિદ્ધ પામી અન્વર્થ થયું. સતીમંગલ સ્વરૂપી માતાએ પરમ વાત્સલ્યથી લાડનું નામ ગટ્ટુ રાખેલું. તે પરમવાત્સલ્યવાળા નામથી પોતાને ઓળખાવવા પંડિતજી ગૌરવ લેતા. વળી તેમનાં માતામહ શ્રીવ્રજવલ્લભજીએ ગોવર્ધન નમા પાડ્યું. તે નામ તેમણે પોતાની રચેલી કવિતા તથા સંસ્કૃત ગ્રંથોમાં રાખ્યું. આમ માતામહ પ્રત્યેનો પ્રેમ તેમણે બતાવ્યો.

બાળક ગટ્ટુજી જેમ જેમ મોટા થતા ગયા તેમતેમ રમવામાં અતિ રસ લેતા; અને ઘનશ્યામભટ્ટ તેમને ભણાવવા માટે બહુ શ્રમ કરતા, પણ આ શ્રમ બર ન આવતો જાણી તેઓ કંઇક દુઃખી થતા અને કંટાળીને નાના ગટ્ટુજીને ઘણા મારતા. તો પણ તેમણે તોફાન મસ્તી છોડ્યા નહિ. આથી ઘનશ્યામભટ્ટ કોઇ કોઇ વાર કહેતા કે આ છોકરાનાં હાડકા લોઢાનાં બનાવ્યા છે કે શું? આમ છતા આ બાળકમાં મૂલથી દિવ્યશક્તિ રહેતી હતી. તેમણે પોતાની ચારપાંચ વર્ષની ઉંમરે 'થાળી પાળી ઘંટ, બંટી તથૈવ ખાંડણિયું,''એવી આર્યા ગાઇ બતાવીને પોતાની શક્તિનો સ્વાદ ચખાડેલો. વળી તેમની યાદશક્તિ તો ગજબ હતી. તેમનાં પિતાને કવિત કરતા જોઇ કાવ્યશાસ્ત્રનો તેમણે અભ્યાસ કરવા માંડ્યો. તે વેળાથી તેમની બુદ્ધિ ઘણી તીવ્ર હોવાથી દરરોજનો પાઠ કરવાને તેમને લગારે અડચણ આવતી નહિ. શરૂઆતમાં ઘરમાં જે પદાર્થ જોતા તેને કવિતામાં ગોઠવતા. અંગ્રેજીમાં કહેવત છે કે, ''કવિ બનાવ્યે થતા નથી જન્મેલા જ હોય છે.'' એ વાત શ્રીગટ્ટુલાલ માટે યથાર્થ છે.

છ કે સાત વર્ષની ઉંમરે સામાન્ય બાળકો કક્કો બારખડી વગેરે સામાન્ય શિક્ષણ લે, ત્યારે આ નાનો બાળક અમરકોષ ત્રણ વખત ભણે છ ને ત્રણ વખત ભૂલે છે. પણ આખરે તે કંઠસ્થ કરે છે.

સં.૧૯૦૮માં પિતાજીએ ગટ્ટુજીને ઉપનયન સંસ્કાર કરાવ્યો, તથા ગાયત્રી ઉપદેશ ને વેદારંભ કરાવ્યો ને માતામહ શ્રીવ્રજવલ્લભજીએ બ્રહ્મસંબંધની દીક્ષા આપી. પંડિતજી સ્વતઃ વેદાંતચિન્તામણિમાં લખે છે કે-ભક્તો ગુરુશ્રીવ્રજવલ્લભસ્ય પિતુર્ઘનશ્યામતઃ આપ્તવિદ્યઃ' હું ગુરુ શ્રીવ્રજવલ્લભજીનો ભક્ત ને પિતા ઘનશ્યામથી વિદ્યા મેળવનાર છું, આ જ વર્ષમાં તેમણે ત્રિકાળસંધ્યા ને વેદ શીખવાનું શરૂ કર્યુ. હવે નવમું વર્ષ બેઠુ. આ વર્ષમાં શીતળાનાં પ્રકોપથી તેમની આંખો ગઇ ત્યારે તેમની માતાએ ઘણું કલ્પાંત કર્યુ એટલે મહાપ્રતાપી માતામહે બાળકની જીભ ઉપર વાગ્બીજ મંત્ર લખીને કહ્યું કે, '' આ તારો પુત્ર ભવિષ્યમાં પંડિત, શાસ્ત્રનો સાચો જાણકાર તથા અંધ હોવા છતા ભારતવર્ષનાં લોકોનો અજ્ઞાન અંધકાર મટાડનાર ભારતમાર્તંડ થશે.'' આ આખો પ્રસંગ આપણે આગલા પ્રકરણમાં જોઇ ગયા છીએ.

માતામહનાં શુભાશીષથી આ બાળકને નવો જન્મ થયો હોય તેમ લાગવા માંડ્યું. જોકે તે મૂળથી જ બુદ્ધિશાળી હતા, છતા તેમનાં જીવનમાં હવે ત્વરિત ફેરફાર થવા લાગ્યા. હવે તો પિતાજી જે ભણાવે તે રસપૂર્વક ભણતા ને પિતાનો વિદ્યાવારસો ઝડપથી મેળવી લેતા. એક પાઠ લીધા પછી તરત જ પ્રતિધ્વનિની જેમ તે મોઢેથી બોલી જતા. નવમા વર્ષમાં તેમનાં પિતાએ તેમને રૂપાવલી સામસચક્ર ને બીજું સંસ્કૃત શીખવ્યું. આ જ વર્ષમાં તેમણે સંસ્કૃતમાં નાના શ્લોકો બનાવવા માંડ્યા હતા. એક ઇંદ્રિય ઓછી થાય એટલે તેનું બળ બીજી ઇંદ્રિયોના બળમાં વધારો કરનારૂં થઇ પડે છે, એવું જે તત્ત્વજ્ઞાની પુરુષોએ સ્થાપિત કર્યું છે, તે શબ્દશઃ પંડિતજી માટે સાચું પડવા લાગ્યું.

આ વખતે વેદમૂર્તિ વલ્લભજી, પંડિત દેવકીનંદનજી તેમનાં પાસે ભણતા હતા. તે વખતે પંડિતજીનો સિદ્ધાંતકૌમુદીનો અભ્યાસ ચાલતો હતો, પણ તેમની એવી તીવ્ર બુદ્ધિશક્તિ હતી કે તેનાં ઉપરનાં મહાભાષ્યમાં આવવાની કોટી તર્કથી જ કરી લેતા ને ભાષ્ય ન ભણ્યા છતા ભાષ્ય પ્રમાણે સમાધન કરતા. હવે તેઓ વ્યાકરણ સાથે કાવ્ય, નાટક, ચમ્પૂ ઇત્યાદિ અનેક ગ્રંથો પિતા પાસે ભણ્યા. આ ગ્રંથ ભણતા ભણતા તીવ્ર બુદ્ધિશક્તિથી તેમને કણ્ઠસ્થ થઇ જતા. હવે તેમને સંસ્કૃતમાં વાર્તાલાપ કરવામાં ખાસ અડચણ પડતી નહિ. અમરકોષ, પાણિનીય અષ્ટાધ્યાયી, સાર્થ સિદ્ધાન્તકૌમુદી આદિ ગ્રંથો

તેમણે પૂર્ણરીતે કણ્ઠાગ્ર કર્યા. કાવ્યો વિશેષે કરી તેમણે સ્વતઃ વાંચી લીધા, જેવાં જેવા કાવ્યો વાંચતા ગયા તેવા તેવા નવા કાવ્યો રચવાનો પણ આરંભ કરી દીધો. આ બધુ ૧૩ વર્ષ થતા સુધીમાં તેમણે સિદ્ધ કર્યું હતું. એકાદ વર્ષ પછી તેમણે ષડ્દર્શનનો અભ્યાસ કર્યો. ૧૧માં વર્ષે તેમણે યમુનાલહરી નામે ૫૨ શ્લોકનું અનુપ્રાસનાં ચમત્કાર યુક્ત સંસ્કૃત કાવ્ય રચ્યું, જે ઉંમરે સ્વાભાવિક બાળક સામાન્ય માતૃભાષાનું જ્ઞાન ધરાવતો હોય છે.

૧૪માં વર્ષથી ૧૮માં વર્ષ સુધીમાં વ્યાકરણનાં મહાભાષ્ય પર્યંતનાં ટીકા ગ્રંથોનો ઉત્સાહથી રાત્રિદિવસ અભ્યાસ કરવા લાગ્યા. આ વર્ષો દરમિયાન પંડિતજીએ પુષ્ટિસંપ્રદાયનાં ગ્રંથોનો અભ્યાસ શરૂ કર્યો અને વેદાંતશાસ્ત્રનાં સર્વશ્રેષ્ઠ સર્વમાન્ય બ્રહ્મસૂત્રનાં આકર આઠે ભાષ્યોનું ગુરુમુખથી અધ્યયન કર્યું, તેમ જ ષડ્દર્શનાદિ સર્વ શાસ્ત્રોનો પણ બાકી રહેલો અભ્યાસ પૂરો કર્યો. આમ ૧૮ વર્ષમાં પંડિતજીએ ઘણોખરો અભ્યાસ પૂરો કર્યો. તેમનાં જીવનમાં કેવી અદ્ભુત દિવ્યશક્તિ રહેલી હતી, તે ૧૩ વર્ષની ઉંમરે રચેલો રુક્મિણીચંપૂ નામનો તેમનો ગ્રંથ વાંચવાથી જણાઇ આવે છે. આ રુક્મિણીચમ્પૂ ગદ્યપદ્યાત્મક સરસ કાવ્ય સંસ્કૃતમાં છે. આ કાવ્યની રચના અતિપ્રૌઢ અને ચમત્કૃતિથી ભરપૂર છે. ઉદાહરણરૂપે એક શ્લોક નીચે મૂકું છુંઃ

કસ્ત્વં મત્તનયઃ સ મત્તનયને પૃચ્છામિ નૈતત્પરમ્
કા વા ત્વજ્જનનીતિ રાગમહિતાબ્જાસ્યે સપર્યા મમ.
મિત્રં તે વદ દક્ષિણેક્ષણમયે તે કવાલયોડયિ પ્રિયે
સખ્યે કા ત્વમિતિ પ્રિયાં પ્રમદયન્પાયાત્સપદ્મેક્ષણઃ.

ભાવાર્થઃ- શ્રીરાધાજી ભગવાનની ઘણી વારથી આવવાની રાહ જોતા હતા, તે સમયે ભગવાને આવી બહારથી સાંકળ ખખડાવી ત્યારે વ્યંગમાં શ્રીરાધાજી બોલ્યા 'કસ્ત્વં' તુ કોણ છે?

એટલે ભગવાને કઃ એટલે કોણ એવો અર્થ ન કરતા કઃ એટલે બ્રહ્મા એવો અર્થ લઈ વક્રોક્તિ કરી કહ્યું કે (મત્તનયને સઃ મત્તનયનઃ) મદમત્ત નેત્રવાળી, તે જે બ્રહ્મા છે તે મારો પુત્ર છે. (કારણકે બ્રહ્મા ભગવાનની નાભિકમળમાંથી ઉત્પન્ન થયા છે, તે વાત પુરાણોંમાં પ્રસિદ્ધ છે.) ત્યારે રાધાજી અંદરથી બોલ્યા કે હું એ નથી પૂછતી પણ બીજું પૂછું છું કે (કા વા ત્વજ્જનનીતિ રાગમહિતા-રાગમહિતા ત્વત્જનની કા ઇતિ) પરમ સ્નેહવાળી તારી જનની એટલે માતા કોણ છે?

ત્યારે ભગવાને 'ત્વજ્જનનીતિ' તારા ભક્તોની શાસ્ત્રવિહિત નીતિ શી છે, એવો અર્થ લઈને કહ્યું કે 'હે અબ્જાસ્યે સપર્યા મમ' હે કમલવદની, મારી સેવા એ જ મારા ભક્તોની શાસ્ત્રવિહિત નીતિ છે. આમ પોતાના બે પ્રશ્નો યુક્તિથી ઉડાવી દીધા એમ જાણી, રાધાજીએ વિચાર્યું કે હવે તેના મિત્ર વિષે પૂછું, તેમાં તેનો સીધો જવાબ દીધા વિના છૂટકો નથી. એમ ધારી વળી પૂછ્યું કે 'મિત્રં તે વદ' તારો મિત્ર કોણ છે તે ક્હે. તેનાં ઉત્તરમાં મિત્ર એટલે સૂર્ય એવો અર્થ લઈ ભગવાને કહ્યું કે 'અયે દિક્ષણેક્ષણમ્'-એટલે અલિ રાધા, (સૂર્ય) તો મારૂં દક્ષિણનેત્ર છે. આ રીતે ત્રીજો પ્રશ્ન પણ ઉડાવી દીધો જાણી, રાધાજીએ વિચાર્યું કે હવે તેના ઘર વિશે પૂછવાથી તે બીજું શું કહી શકશે, તેથી પૂછ્યું કે 'ક્વાલયઃ' તારૂં ઘર ક્યાં? આનાં ઉત્તરમાં શ્રીકૃષ્ણે અલિ એટલે સખી એ શબ્દનું બહુવચન અલયઃ એવો અર્થ લઈ કહ્યું કે તું એક જ સખી છો છતા અલયઃ એ બહુવચનવાળો પ્રયોગ કેમ કરે છે? 'ઇતિ પ્રિયાં પ્રમદયન્ પાયાત્સ પદ્મેક્ષણઃ' એ રીતે પ્રિયા રાધાજીને પ્રસન્ન કરતા કમળલોચન ભગવાન આપણી રક્ષા કરો.

આમ રાધાકૃષ્ણનો અદ્ભુત સંવાદ પંડિતજીએ ૧૩ વર્ષની ઉંમરે યોજ્યો છે. આ કાર્યને કોઇપણ વ્યક્તિ સામાન્ય કહી શકે તેમ નથી. અરે! ભલભલા પંડિતોને પણ ખાંડ ખવડાવી દે એવા શ્લોકો અપૂર્વ ચમત્કૃતિપૂર્વક દ્વિઅર્થી કાવ્યોમાં તેમણે યોજ્યા છે. આમ તેમનાં બચપણમાંથી જ અલૌકિક દિવ્યશક્તિ પ્રભાવ જણાવા લાગ્યો, ને આ ૧૩ વર્ષનાં બાળક જાણે શુકદેવજી સનકાદિકનો પરિચય ન કરાવતા હોય તેમ લાગતુ હતું.

તેમનો કવિતા રચવાનો આ શોખ નાનપણથી હતો. તેમની કુદરતી બક્ષિસ તેમને કાવ્ય કરવામાં સ્વાભાવિક સ્ફુરણા આપતી.

આમ નવમા વર્ષથી અઢાર વર્ષ સુધી તેઓ ઘણું શીખ્યા ને ઘણું શીખવ્યું. વચ્ચે સં.૧૯૧૦થી તેમનાં પિતાજી ઘનશ્યામભટ્ટ સાથે પંડિતજી મુંબઇ આવતા ને થોડા માસ રહેતા. જોકે આ વખતે જૂનાગઢમાં પંડિતજી, વલ્લભજી, દેવકીનંદનજી વગેરેનો અભ્યાસ ચાલતો. છતા વર્ષમાં એકાદ માસ તેઓ મુંબઇ રહી જતા. સં.૧૯૧૪માં મહામંગલરૂપી સતીદેવી

લાડુબાએ પોતાનો ભૌતિક દેહ ત્યજ્યો. પિતા તથા પુત્રને આ ઘા કારી લાગ્યો એટલે બનતી ત્વરાએ સં.૧૯૧૬માં ઘનશ્યામભટ્ટ પુત્રને લઇને મુંબઇ આવી વસ્યા. અહીં બ્રહ્મસૂત્ર ઉપર ભાષ્યનો તેમનો અભ્યાસ ચાલતો હતો.

(૪)આંતર્દર્શન

પંડિતજી પિતા સાથે મુંબઇમાં આવી વસ્યા ત્યારે મુંબઇનો વાવટો બારે બંદરે ઉડતો હતો. મુંબઇ ભારતવર્ષનું દ્વાર બનેલું હોવાથી દેશપરદેશનાં વેપારીઓ ત્યાં આવતા ને અઢળક દ્રવ્ય કમાતા. તેથી ત્યાં નાણાંની રેલમછેલ થઇ હતી. વળી મહારાણી વિક્ટોરિયાની જાહેરાતથી રાજકીય શાંતિ હતી, તથા પ્રજા પણ ઘણા વર્ષોનાં અંતે અંધાધુંધીથી મુક્ત થઇ સ્વતંત્ર રીતે હરતી ફરતી થઇ હતી, અને સ્વતંત્ર વિચાર કરવાનાં પગરણ મંડાઇ ચૂક્યાં હતા. આના પરિણામે જુદીજુદી શ્રેણીનાં વિચારકોમાં વિચાર ભિન્નતાથી સારી રીતે સંઘર્ષણ થવા માંડ્યું હતું.

યુરોપમાંથી અનેક નવા વિચારો, આચારો ને નવી વૈજ્ઞાનિક શોધો હિંદનાં દ્વાર સમા મુંબઇમાં આવવા માંડી હતી. તેનાં પરિણામે ઇશ્વર નથી એવો વાયુ નવશિક્ષિતોમાં પ્રસરવા માંડ્યો હતો. બેકન અને ડીકાર્ટ વગેરે નવશોધકોએ નવીન શોધો કરવા માંડી હતી, તે તેને પરિણામે જડવાદનો પ્રચાર થવા માંડ્યો. આ નવશોધકોને એમ લાગવા માંડ્યું કે બધુ જડ પરમાણુ અને તેનાં સ્વભાવથી સિદ્ધ થાય છે. જ્યાં આ માન્યતા પ્રચલિત થાય ત્યાં આત્મા, ચૈતન્ય, જીવ ઇત્યાદિ શાસ્ત્રની વાતો ભ્રામક લાગે તથા શ્રાદ્ધ, સેવા, તર્પણ, પુનર્જન્મ, કર્મનો સંબંધ એ બ્રાહ્મણોની કલ્પનાએ ઉપજાવી કાઢેલો વહેમ મનાય જ! આનાં પરિણામે સહભોજન, પુનલર્ગ્ન અને પ્રાણીજ વસ્તુનાં ઉપયોગમાં ખાસ વાંધો નથી એવી માન્યતાઓ પ્રસરવા લાગી હતી.

મૂળમાં યુરોપમાં ચૈતન્યવાદ અથવા આસ્તિકવાદ હતો. બર્કલી નામનો વૈજ્ઞાનિક જડ પદાર્થ ન સ્વીકારતા આંતર ચૈતન્યનાં આવિર્ભારૂપ વિશ્વ છે એમ કહેતો. જ્યારે હાર્ટમાન ને હીગલ સૃષ્ટિનું કારણ અજ્ઞાત છે એમ કહેતા. વળી જર્મનીનો મહાન તત્ત્વજ્ઞાની કેન્ટ શુદ્ધચૈતન્ય અને જડ અને ચૈતન્યનાં અનન્યત્વથી સૃષ્ટિની સ્થિતિ છે એમ માનતો હતો. પણ આ વાતે હર્બર્ટસ્પેન્સર નામનો વૈજ્ઞાનિક ન સ્વીકારતા કહેતો કે વિશ્વને કેવળ જડ કે ચૈતન્ય ન માનતા, વિશ્વ કેટલું સમજી શકાય તથા ન સમજી શકાય તેવું માનવું. તેમાં ન સમજાય તેનો વિચાર ન કરતા, સમજાય તેવા વિભાગની વિશ્વવ્યવસ્થા જડવાદ અનુસાર રચવી. બાકીનું બધું ચૈતન્યાદિ ન સમજાય તે કોટિમાં મૂકવું. હવે જડ સિવાય બીજું કંઇ નથી, ને પરમાણુઓનાં સ્વરૂપથી અને તેનાં સંયોગથી બધી વ્યવસ્થા બને છે, એવી માન્યતા શરૂ થઇ. પણ તેથી જડથી ચૈતન્યની ઉત્પત્તિ કેવી રીતે થઇ તે સિદ્ધ થઇ શક્યું નહિ. કારણકે અસત્માંથી સત્ થાય એ માનવું બરાબર નથી.

હવે જડતત્ત્વ ઉપર વિચારતા માલૂમ પડે છે કે પદાર્થ માત્રનાં ત્રણ સ્વરૂપ છે. (૧)જડ (૨)પ્રવાહી (૩)વાયુમય. તેમાં સર્વવ્યાપી રૂપ ઇશ્વરનું ચોથું તત્ત્વ સ્વીકારવામાં આવ્યું. વળી ઇશ્વરથી આગળ જતા જડપરમાણુઓ એક એવી સ્થિતિએ પહોંચે છે કે જ્યાં તેમનું રૂપ જડ કે ચેતન છે, અગર ચાર સ્થિતિમાંથી કઇ સ્થિતિમાં છે તે કહી શકાય નહિ. આ સ્થિતિને પ્રોટાઇલ એવું નામ આપ્યું. હવે ન્યૂટનનો ગુરુત્વાકર્ષણનો નિયમ આ જડવાદ સાથે સુસંગત ન રહ્યો. કારણકે સૂર્યમાંથી અજવાળું આવી ગરમી પૈદા થાય તેને ઉષ્ણતા અગ્નિ ગમે તે નામ આપવાથી તે અગ્નિ શાથી થાય તે વાત સ્પષ્ટ થઇ નહિ. પદાર્થો એક બીજાને પોતાનાં સ્થૂલ વજનનાં પ્રમાણમાં આકર્ષી શકે છે તેને ગુરુત્વાકર્ષણ નામ આપ્યું. પણ આ આકર્ષણનું શું કારણ તેનો ખુલાસો મળતો નથી. વળી પ્રોટાઇલ, ઇથર, વાયુ, પ્રવાહી, જડ એક સૃષ્ટિક્રમમાં પદાર્થગતિ હોવી જોઇએ. બધુ એક અદ્વૈત પ્રોટાઇલનું રૂપાંતર છે, એમ સિદ્ધ થયું. આ ક્રમ પણ આપણા અદ્વૈતવાદ જોડે સુસંગત હતો. જોકે આ પ્રોટાઇલ તત્ત્વ કરતા અવર્ણ્ય બ્રહ્મનું સ્વરૂપ ઉંચું છે. અવર્ણ્ય બ્રહ્મ અને પછી પ્રકૃતિદ્વારા આકાશ (પ્રોટાઇલ,ઇથર) તેમાંથી વાયુ, તેમાંથી તેજ ને તેમાંથી પાણી ને તેમાંથી પૃથ્વી બની, એવો ક્રમ છે. પણ જડવાદીઓ પ્રોટાઇલને જડ માની સૃષ્ટિની ઉત્પત્તિમાં કેવી રીતે ગતિ મળી તે સમજાવી શક્યા નહિ, પણ સ્વતઃ સ્ફુરણાથી થાય છે એમ કહેતા. આ વાતને મળતુ બ્રહ્મને જડ અને ચેતનાત્મક તરીકે

શાસ્ત્રમાં સ્વીકારવામાં આવ્યું છે. આમ પૃથ્વી જડ તત્ત્વથી નહિ પણ ચેતન તત્ત્વથી બનેલી છે. તે જડવાદનાં પ્રસરતા વાદ સામે સુજ્ઞ-પુરુષોએ ઢાલ રચી. પણ એ ઢાલ ધરનારા તે કાળમાં ઘણા ઓછા હતા.

આમ એક બાજુ જડવાદનો પ્રસાર થતો ત્યારે બીજી બાજુ પાદરીઓએ સંસ્કૃત ભણી, હિંદુ ધર્મ ઉપર આક્ષેપાત્મક હુમલા કરવા માંડ્યા. ક્રાઇસ્ટ,જે સર્વસૃષ્ટાનો પુત્ર છે તે મનુષ્યનાં ઉદ્ધાર માટે અવતરી, સત્ય બોધ કરી, મનુષ્ય માત્રનાં કલ્યાણ માટે પ્રાણ ખોઇ ગયો છે, તેની જ ભક્તિ સર્વને તારવાવાળી છે, તેવો ઉપદેશ કરી, પુનર્જન્મ, મૂર્તિપૂજા, કર્મ વગેરે સિદ્ધાંતની ટીકા કરતા, ને પોતાના ધર્મની સ્તુતિ કરવા લાગ્યા. રાજ કરતી બ્રિટિશ પ્રજા પણ ખ્રિસ્તી હોવાથી તેમની છાયા પ્રજા ઉપર પડી. તેથી જે પાદરીઓની શિખામણ માને તે સુધરેલા તથા સુધારાવાળા ગણાતા. વળી આ જ વખતે જો કોઇ હિન્દુ ધર્માંતર કરે તો તે કારણે બાપીકી મિલ્કત પરનાં વારસાનો કશો હક્ક એ ગુમાવે નહિ એવું નક્કી કરવામાં આવ્યું. આ કાયદો પણ ખ્રિસ્તી ધર્મપ્રચારની સગવડતા ખાતર કરવામાં આવ્યો હતો. ત્રીજી તરફ લોર્ડ મેકોલેની યોજના અનુસાર અંગ્રેજી ભાષા માટે વિદ્યાલયો, મહાવિદ્યાલયો શરૂ થયા હતા. તેનાં પરિણામે યૂરોપનાં સાહિત્યથી નવશિક્ષિતો આકર્ષાયા ને મિલ, મિલ્ટન, મેકોલે, બર્ક, શેલી, કિટ્સ વર્ડ્ઝવર્થ, ડાર્વિન, સ્પેન્સર અને હક્ષલીનાં લખાણે અનેકને વિચારતા કરી મૂક્યા અને જૂની વાતો તરફ સૂગ વધવા માંડી. આથી કેટલાક જડવાદી બની નાસ્તિક થયા, જ્યારે કેટલાક બાઇબલનાં અભ્યાસથી રંગાઇ ગયા. વળી બાઇબલનાં 'સેર્મન ઓફ ધ માઉન્ટ' પ્રકરણે કેટલાક યુવાનોને આકર્ષ્યા.

આમ અનેક જાતનાં વિરોધી બળો ઉત્પન્ન થયા ને આપણા ત્યાં સમાજસુધારો, દેશોન્નતિ, ધાર્મિક પરિવર્તનનું કાર્ય શરૂ થવા માંડ્યું. તે મારફતે આપણા રીતિરિવાજો, આચારવિચારો, સાંસારિક અને ધાર્મિક સંસ્થાઓને નવી દ્રષ્ટિથી તપાસવામાં આવતી અને બુદ્ધિની કસોટીએ ચઢાવી તેનું મૂલ્યાંકન કરવામાં આવતું.

(૫)સમાજનું સ્થૂલ દર્શન

આમ હિંદુ ધર્મ ને સમાજ ઉપર બે તરફથી પ્રહારો થવા માંડ્યા-વિધર્મી મિશનરિઓ ને સ્વધર્મી સુધારકો તરફથી. આ વખતે રાજારામમોહનરાય નામનાં એક મહાન પંડિત બંગાળમાં જન્મ્યા. તેમણે વેદોપનિષદનાં બ્રહ્મવાદને સ્વીકારી બ્રહ્મસમાજ સ્થાપ્યો, અને અંગ્રેજી શિક્ષણનાં પ્રચારમાં રસ લીધો. પણ આ સમાજ માટે એવી માન્યતા વહેતી મુકાએલી કે ખ્રિસ્તી ધર્મનાં એકેશ્વરવાદને તે બહુધા અનુસરે છે, અને પરોક્ષ રીતે ખ્રિસ્તીધર્મનો પ્રચાર કરે છે, પણ એટલું તો સાચું કે આ ધર્મમાં ખ્રિસ્તી ધર્મની છાયા પડેલી ને ભ્રાતૃભાવ કેળવી વિશ્વપ્રેમ આચરવાનો ઉપદેશ આપણા ત્યાં સમાજે પ્રથમ કર્યો, તેથી આ સમાજની અસર નવશિક્ષિતો ઉપર પણ સારી પડી.

સં.૧૮૯૬માં બંગાળથી ઇશ્વરચંદ્ર વિદ્યાસાગર મુંબઇ આવ્યા. તેમણે વિધવા વિવાહની હિમાયત કરી ને તેના માટે કાયદાની અનુકૂળતા કરી આપી. વળી તેમણે બ્રહ્મસમાજનાં પ્રચાર માટે વ્યાખ્યાનો આપ્યા. આના પરિણામે પરમહંસ મંડળી જન્મી, જે મૂર્તિપૂજા ન માનતા એકેશ્વરવાદ સ્વીકારતી હતી. વળી હિંદુઓમાંથી જાતિને છિન્નભિન્ન કરવી, વિધવા વિવાહ કરાવવા, ને તે બધુ શાસ્ત્રસંમત છે એમ આ મંડળી પ્રચાર કરતી.

સં.૧૯૧૦માં બ્રહ્મસમાજનાં પ્રચારક તરીકે કેશવચંદ્રસેન આવ્યા. પણ આ વખતે મુંબઇ શેરમેનિઆની ધમાલમાં હોવાથી તેમની ખાસ અસર ન થઈ. પણ તેમની ખોટી પ્રતિભાનાં કારણે સં.૧૯૧૩માં પ્રાર્થનાસમાજની સ્થાપના થઇ ને કવિ નર્મદાશંકર તેમાં જોડાયા. સં.૧૯૧૬માં તત્ત્વશોધક સભા સ્થપાઇ, ને સં.૧૯૨૦માં બ્રહ્મસમાજનું પ્રથમ પુસ્તક મુંબઇમાં છપાયું.

હવે સમુદ્રપ્રયાણ માટે ચર્ચા ચાલી. તેનું સમર્થન કવિદલપતરામ, કવિનર્મદાશંકર, કરસનદાસ, ભોળાનાથ વગેરે કરતા. એ સં.૧૯૧૬માં મહિપતરામે સમુદ્રપ્રયાણ કર્યું ને કરસનદાસે દેશાટન માટે એક નિબંધ લખ્યો, ને પરદેશ ગયા.

ત્રીજો પ્રશ્ન વૈષ્ણવ મહારાજો વિષે સુધારકોએ ઉપાડ્યો. આ ધર્મ મૂળથી ગુજરાતમાં પ્રસરેલો હતો, પણ લોકોની અંધશ્રદ્ધા તથા અજ્ઞાનથી આ ધર્મનાં ગુરુઓ પૂર્ણ વૈભવ વચ્ચે રહેતા તથા નવા જમાનાનાં પ્રવાહથી અજ્ઞાત હતા. આ

વસ્તુ સુધારકોનાં ધ્યાન ઉપર એકદમ આવી. આથી તેમણે મહારાજોની વર્તણૂક માટે અનેક જાતનાં વાંધા દેખાડવા માંડ્યા. આમાં સં.૧૯૧૧માં કેટલાક શૈવ બ્રાહ્મણોએ મહાદેવજી આગળ છપ્પનભોગ કર્યો. આ પ્રસાદ શિવનિર્માલ્ય હોવાથી પ્રસાદ તરીકે ન લેવાય એવો મહારાજોએ વાંધો લીધો. આ વાતને શાસ્ત્રોનો આધાર હતો. પણ આ બનાવથી છાપાવાળાને ખોરાક મળ્યો ને શૈવો ને વૈષ્ણવો તથા જૂના વિચારનાનાં નવા વિચારવાળા વચ્ચે કલહનાં બીજ તેમણે બરાબર વાવી આપ્યા.

આ પ્રશ્ન પછી વિધવા વિવાહનો પ્રશ્ન મોખરે આવ્યો. આમાં સુરતવાળા નિ.લી.ગો શ્રીયદુનાથજી મહારાજનો સાથ છે એમ કેટલાક સુધારકોએ માન્યું. સાચી વાત એ હતી કે મહારાજશ્રી સ્ત્રી કેળવણીનો વિકાસ થાય એમ ઇચ્છતા હતા, પણ વિધવાવિવાહ માટે તેઓ એમ કહેતા કે શાસ્ત્રથી એ વાત નક્કી થવી જોઇએ. આ વસ્તુ નક્કી કરવા માટે સં.૧૯૧૬નાં ભાદરવા સુદ ૫મે એક સભા ભરાઇ. તેમાં શ્રી.કરસનદાસ મૂળજી, કરસનદાસ માધવલાલ, ડૉ ધીરજરામ, દલપતરામ, મથુરદાસ લવજી, રામદાસ ભાણજી, નર્મદાશંકર કવિ વગેરે આવ્યા. મહારાજશ્રી તરફથી પ્રથમ પ્રશ્ન તેઓને શાસ્ત્રો ઇશ્વરકૃત માનો છો? એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો, જેનો ઉત્તર નર્મદાશંકરથી બરાબર આપી શકાયો નહિ. પણ તેમણે વિધવાવિવાહ શાસ્ત્રસિદ્ધ છે એ ચર્ચા કરવા આગ્રહ પકડ્યો. અહીં આ ચર્ચા અટકી ને મહારાજશ્રી ને સુધારકો વચ્ચે મતભેદ પડ્યો. ત્યારથી સુધારકોએ મહારાજશ્રી ને પુષ્ટિમાર્ગ ઉપર અત્યંત અસભ્ય ભાષામાં સાહિત્ય પ્રકટ કરવા માંડ્યું. વળી બ્રહ્મસંબંધ મંત્ર જેમાં ભગવાનને દરેક વસ્તુ અર્પણ કરવાની સ્પષ્ટ વ્યવસ્થા છે, તેને બદલે બ્રહ્મસંબંધ મંત્રને ખોટી રીતે લખાવી, તેમાં ગુરુને અર્પણ કરવાનો ઉપદેશ છે એમ છપાવી વૈષ્ણવધર્મ હલકો પાડવા માટે કાવતરા રચવા માંડ્યા અને એનાં અનુમોદનમાં ઘણું વિરુદ્ધ સાહિત્ય પ્રગટ કરવામાં આવતું.

આ બાજુ શ્રીયદુનાથજી મહારાજ પણ જુદી ખોપરીનાં હતા. તેઓ કંઇ ચુપચાપ બેસી રહે તેવા ન હતા ને કોઇપણ વાતમાં ઝટ નમતું ન આપતા તેનો પૂરેપૂરો સામનો કરતા. પ્રતિવાદીનાં ભયંકર આક્ષેપોથી ન ગભરાતા પોતાની સત્ય વસ્તુ બહાર પાડવા જેટલા રસ્તા લેવાય તેટલા તેઓશ્રીએ લીધા ને સુધારકોને તેટલા જ જોરથી સામો પડકાર કર્યો. મહારાજશ્રીની આવી શક્તિ હોવા છતા, તેમને કેટલાક હિતશત્રુઓએ સુધારકો ઉપર આબરૂનો દાવો કરવા અવળી સલાહ આપી ને આ સલાહથી મહારાજશ્રી દોરવાઇ ગયા ને આ રસાકસીની વાત પલટાઇ ગઇ ને સુધારકો ફાવી પડ્યા. કારણકે તેઓ જાણતા હતા કે જજો નવા જમાનાની અસરવાળા ને તેને પોષણ આપનાર હતા. વળી જૂનાં આર્યધર્મ તરફ તેમની દ્રષ્ટિ વધુ પડતી સંકુચિત હતી. વળી તેઓ જાતે પરદેશી ખ્રિસ્તી હતા ને તેમનાં મનથી આ સુધારકો માર્ટિન્લ્યૂથર હતા. એટલે આવા ન્યાયાધીશો પાસે ન્યાયની આશા રાખવી તે રેતીમાંથી તેલ કાઢવા બરાબર હતું. આ કેસમાં કેટલાક જૂના વિચારનાં ભાટિયા ગૃહસ્થો કાયદાની ચંગુલમાં આવ્યા ને નુકસાનમાં ઉતર્યા. વળી આ દાવામાં મહારાજશ્રી ને પુષ્ટિમાર્ગ વિરુદ્ધ અનેક સુધારકોએ જુબાની આપી. છતા તે વખતનાં વિદ્વાન ઝવેરીલાલ ઉમિયાશંકર, નારાયણ દીનાનાથ, વિનાયક લક્ષ્મણ શાસ્ત્રી તથા વરજીવનદાસ માધવલાલ બી.એ વગેરેએ પુષ્ટિમાર્ગની શાસ્ત્રીયતા ઉપર સારી રીતે બચાવ કરતા જુબાની આપી. પણ આ યુગ જ એવો હતો કે કંઇ નવુજૂનું કરી નાખવું એવી દરેકમાં ભાવના હતી. વળી જજો પણ નવા વિચારનાં ને ખ્રિસ્તી ધર્મની અસરવાળા હતા. એટલે આ કેસનાં ચુકાદામાં મહારાજશ્રીને ઘણું વેઠવું પડ્યું ને વૈષ્ણવ ધર્મની પ્રતિષ્ટાને ભયંકર ફટકો પડ્યો. ત્યારથી મહારાજોનો સમાજમાંનો મોટો મોભો ગયો ને નવી સુધારકોની દોરવણીથી વૈષ્ણવધર્મ વિષે અનેક ખરા ખોટા ખ્યાલો સમાજમાં ઘૂસી ગયા.

આ બધું જોતા સહજ માલૂમ પડશે કે તે સમયે સમાજમાં (સને ૧૯૪૫નાં ઉર્મિમાંથી) બે પ્રવૃત્તિઓ કામ કરતી હતી. એમાંની એક આપણી પ્રાચીન જીવન વ્યવસ્થામાં સામાજિક ને ધાર્મિક સુધારા દાખલ કરવા મથતી હતી, જ્યારે બીજી પ્રાચીનતાને વળગી રહી જૂના સામાજિક અને ધાર્મિક રૂઢી રિવાજો ટકાવી રાખવા મથતી હતી. પહેલી પ્રવૃત્તિની પ્રેરણા પશ્ચિમનું અનુકરણ કરવાની વૃત્તિમાંથી ઉદ્ભવી હતી. તેમાં ઉચ્છેદકવૃત્તિ અને પરછંદાનુવર્તી વધારે હતા. બીજીમાં પ્રાચીન સંસ્કૃતિનાં ઉત્તમ નીવડેલા મૌલિક સિદ્ધાંતોમાં શ્રદ્ધા હતી, તો સાથે સાથે સામાજિક અને ધાર્મિક પુનર્ઘટના કરવાની દ્રષ્ટિ કે હિંમતનો અભાવ જણાતો હતો. પરિણામે જડતા, રૂઢિનું દાસત્વ ને ચાલુ અસહ્ય થઇ પડેલી સ્થિતિને નભાવી લેવાનું માનસ હતું. જ્યારે સાધારણ જનસમાજ તો રૂઢિવશ થઇ તમોગુણની નિષ્ક્રિયતામાં પડ્યો હતો.

જોકે આપણા ચરિત્રનાયક પંડિત ગટ્ટુલાલજી બીજી પ્રવૃત્તિનાં અનુયાયી હતા, પણ તેમનામાં પ્રાચીન સંસ્કૃતિનાં વિકાસ માટેની દીર્ઘદ્રષ્ટિ હતી તથા ધર્મનાં આચરણમાં તેઓ સંપૂર્ણ શિસ્તબદ્ધ હતા ને દરેક ક્રિયા બુદ્ધિપૂર્વક કરતા.

વળી તેમનામાં સામાજિક ને ધાર્મિક પુનર્રચના કરવાની સ્વભાવિક શક્તિ હતી અને તે પ્રવૃત્તિમાં પ્રગતિ આવે માટે ધાર્મિક ઉત્સાહ અને બલ પણ તેમનાંમાં પુષ્કળ હતા.

(૬)મુંબઇમાં પ્રવેશ

પંડિતજી પિતા સાથે સં.૧૯૧૬માં મુંબઈમાં આવી વસ્યા, ત્યારે પુષ્ટિમાર્ગરૂપી સુવર્ણ સુધારારૂપી ભઠ્ઠીમાં અટવાઇ પડ્યું હતું, ને આ સુવર્ણને નાબૂદ કરવા માટે વર્તમાનપત્રોરૂપી ધણનો મારો શરૂ કરવામાં આવ્યો હતો. વળી મહારાજ લાયબલ કેસે તો તે સુવર્ણને લોહરૂપમાં ફેરવવા સજ્જડ પ્રયત્ન કર્યો. પણ ભગવાનની ઇચ્છા તેનાં અસલ સનાતનરૂપ આ ધર્મના રક્ષણ આપવાની હતી.

જ્યારે પંડિતજી મુંબઇ આવ્યા ત્યારે તેમની આર્થિક સ્થિતિ જરાયે સારી ન હતી. આમ છતા સાંપ્રદાયિક ને જ્ઞાતિનાં માણસ તરીકે ઘનશ્યામભટ્ટને મુંબઇમાં અંગત સહારો કોઇનો ન હતો. પણ સંપ્રદાયનાં પંડિત તરીકે ઘનશ્યામભટ્ટને શ્રીગોસ્વામી મહારાજો સાથે પરિચય હતો. કેટલીક વાર તેમનાં જીવનમાં અનેક ગૂંચો આવી પડતી અને ભટ્ટજી અને પંડિતજીને પોતાના એકલવાયા જીવન માટે લાગણી થઇ આવતી. આ વખતે પંડિતજીને તેમનું હંમેશનું પ્રિય ગીત સાંભરી આવતું. તેને એવી તો મીઠી હલકથી ગાતા કે સાંભળનાર માણસનું હૃદય દ્રવીભૂત થયા વિના ન રહે.

એક બેર સબહી કર વીતી, હમ જાને હમહી પર બીતી,
ભર આયે નીર ઉમડ આયે બાદર, જાલ પરે મછલીપર વીતી. (૧) એક બેર...
સૂર્યચંદ્ર દોઉ આકાશે તપતહે, ગહન લગે ઉનહી પર વીતી;
સીતારામલછમન પાંડવપંચાલી, બનમેં ગયે બનહીમેં વીતી...(૨) એક બેર...
સૂરદાસ પ્રભુ તુમરે મિલનકું, નેન ગયે હમહી પર બીતી;
એકબેર સબહી પર બીતી હમ જાને હમહી પર બીતી.....(૩) એક બેર...

પણ મુંબઇમાં મોટા મંદિરનાં શ્રીજીવનલાલજી અને શ્રીનૃસિંહલાલજીનો સારો આશ્રય તેમને મળ્યો. આ શ્રીજીવનલાલજી મહારાજ વૈષ્ણવ ધર્મની પ્રવૃત્તિનાં કેંદ્ર સમા હતા. તેમનો જન્મ સં.૧૮૫૯નાં ચૈત્ર વદ ૧૪નાં કચ્છ માંડવીમાં થયો હતો. તેઓ વિદ્યાવિલાસી હતા. મોટા મંદિરના શ્રીગોવર્ધનેશજીએ તેમને દત્તક લીધા. આ શ્રીગોવર્ધનેશજી મોટો વેપાર કરતા, સર જમશેદજી સોરાબજી તથા શાપુરજી બંગાળી શેઠીયાઓ તેમનાં ખાસ કૃપાપાત્ર હતા. તેઓ ઉદાર હતા ને પોતાનાં ભત્રીજા શ્રીબાલકૃષ્ણજીનું ત્રીસ હજારનું દેવું પોતે આપ્યું હતું. આ શ્રીબાલકૃષ્ણજી લીલાવશ થયા બાદ તેમનાં ઠાકોરજી શ્રીબાલકૃષ્ણજી મુંબઇ પધરાવ્યા. આ મહારાજશ્રી પછી શ્રીજીવણલાલજી મહારાજ મોટી હવેલીનો વહીવટ કરવા લાગ્યા. તેઓ વિદ્વાન હતા ને વિદ્વાનની કદર કરતા. કવિ દલપતરામનો પણ તેમની કાવ્ય ચમત્કૃતિ માટે આપશ્રીએ સારો સત્કાર કર્યો હતો. વળી શ્રીબાલકૃષ્ણચમ્પૂ, બાલકૃષ્ણપ્રાર્થનાષ્ટક, યમુનાચતુષ્પદી, ગંગાદ્વિપદી વગેરે સંસ્કૃતમાં; વલ્લભાખ્યાનની ટીકા વ્રજભાષામાં; શ્રીનાથજી, બાલકૃષ્ણજી, રણછોડજી દાનલીલા રાસલીલા વગેરે ઉપર કાવ્યો, ધોળ, ગરબા ગુજરાતી ભાષામાં આપશ્રીએ રચ્યા છે.

આ જીવણલાલજી મહારાજને સુધારકોએ વીતાડવામાં કંઇ બાકી રાખી નથી. તેમની ઇચ્છા મહારાજશ્રીને માનભંગ કરવાની હતી, પણ આપશ્રી વિચક્ષણ હતા. તેઓ સુધારકોની ચુંગાલમાં ન ફસાવાયા માટે ખૂબ તકેદારી રાખતા. તેઓ વિદ્વાન હોવા છતા સમજતા હતા કે નવયુગનું ઘોડાપૂર વહેણની સામે થનારમાં સહેજ ક્ષતિ થતા તે સામે થનારને અટવાવી મરણ તોલ કરી નાખે છે. સં.૧૯૧૪માં મહારાજશ્રી સામે દયારામ મોતીરામે દાવો બાંધ્યો. મહારાજશ્રી પોતે મોટા ધર્મગુરુ હોવાથી હાજર ન થાય, તે સ્વીકારાયું નહિ. આથી આપશ્રીએ સમયસૂચકતા વાપરી પેલા માણસ સાથે સમાધાન કરી નાખ્યું. જોકે વર્તમાનપત્રોએ તો મહારાજશ્રીને કોર્ટમાં હાજર કરવા જોઇએ તે માટે જુદીજુદી રીતે પ્રચાર શરૂ કરી નાખ્યો હતો. આ પરિસ્થિતિનો ખ્યાલ કરતા મહારાજશ્રી સમજી ગયા હતા કે કાદવમાં પત્થર નાખવાથી સ્વચ્છ કપડા ઉપર છાંટા ઉડે છે. વળી

તેઓ બરાબર સમજતા હતા કે આ નવ કેળવણી પામેલા જડવાદી જમાના સામે પોતે મોટી પ્રતિભા પાડી શકે એવી મોટી શક્તિ પોતે ધરાવવી જોઇએ.

પંડિતજીએ અહીં આવ્યા પછી મુંબઇની સઘળી પરિસ્થિતિ વિષે મૂક વિચાર કર્યો, અને કેવી રીતે આર્યધર્મ ને પુષ્ટિમાર્ગનો ઉત્કર્ષ થાય તે વિચારવા લાગ્યા. જો કે તેમનો ભાષ્યો ઉપરનો અભ્યાસ ચાલતો હતો, પણ તેમની અગાધ બુદ્ધિશક્તિ ગમે તેવા ગૂઢ ને અતર્ક્ય વિષયો હસ્તામલકવત્ વશ કરી લેતી હતી. આ જ અરસામાં ગુજરાતી સાહિત્યભોમંડળનાં સુધાકર ભક્તકવિશ્રી દયારામભાઈનાં પટ્ટ શિષ્ય શ્રીરણછોડભાઇ મુંબઇ આવ્યા. કવિશ્રીનાં ગોલોકવાસ પછી તેઓ અમદાવાદ, વડોદરા, ભરૂચ, સૂરત ને મુંબઇ વગેરે સ્થળોએ તેમની રસીલી વાણીદ્વારા સુધાકરની સુધાનું પાન કરાવી, કવિનું કીર્તિમંડળ વધારે દીપ્તિમાન કરતા હતા. કવિશ્રી દલપતરામ તથા નર્મદાશંકર રણછોડભાઇ પાસેથી કવિશ્રીનાં પદો સાંભળી મુગ્ધ બન્યા હતા. તેઓ પંડિત ગટ્ટુલાલાજી તથા તેમના પિતાને મળેલા ને દયારામભાઇની ભક્તવાણીનો દિવ્ય અનુભવ કરાવ્યો, ત્યારથી પંડિતશ્રીને દયારામભાઇનાં કાવ્યસાહિત્યમાં રસ પડ્યો, ને ત્યારથી ગુજરાતી સાહિત્યનો અભ્યાસ તેમણે પદ્ધતિસર કર્યો ને કવિ ભાણદાસ, રત્નેશ્વર વગેરે કવિઓનાં કાવ્યો પ્રકાશિત કર્યા ને દયારામભાઈનું સાહિત્ય કેટલુંક પ્રગટ કર્યું ને ત્યારથી સંગ્રહ કરવા લાગ્યા.

આ અરસામાં તેમને કાશી જવાનું થયું. અહીં એમને ઘણા પંડિતોનો સમાગમ થયો. અહીં તેમના શતાવધાનનાં (સો વસ્તુઓમાં એકી સાથે ધ્યાન આપી પછી બધી એક પછી એક તે યથાક્રમ યાદ રાખી બોલવી તે.) પ્રયોગ થતા. આવી જાતનાં પ્રયોગ ઘણા ઓછા વિદ્વાનો કરી શકતા. આ સભામાં તેમની અનેક જાતની પરીક્ષા કરવામાં આવતી. એક ઘડીમાં તેઓ સંસ્કૃતમાં ૧૦૦ શ્લોકો બનાવતા. આ શ્લોકો પણ અર્થગૌરવ ને ગૂઢ ભાવવાળા બનતા, ખાલી મિથ્યા શબ્દાડંબરવાળા ન હતા. વળી અહીંની પાદપૂર્તિઓ, અનેક પ્રકારનાં રસાલંકારથી અલંકૃત શબ્દાર્થ ગૌરવવાળી તથા શીઘ્રકવિતાઓ પણ ઓજસ્વી બનતી અને શતાવધાનથી માંડી સહસ્ત્રાવધાનનાં અદ્ભુત ચમત્કારો થતા. આથી કાશીનિવાસી સર્વમાન્ય શિષ્ટવર્ગે સર્વાનુમતે તેમને શીઘ્રકવિ તથા શતાવધાનીનું પદ આપ્યું વળી ત્યાંની પ્રાચીન તત્ત્વદર્શક પાઠશાળામાં વેદાન્તાદિ શાસ્ત્રોની પ્રૌઢ ચર્ચા પંડિતશ્રી સાથે થઈ. અહીં પંડિતજીની અસામાન્ય શાસ્ત્રીય શક્તિનાં દર્શન થયા. તેથી આ પાઠશાળા તરફથી શ્રીગટ્ટુજીને પ્રસિદ્ધ પંડિત નામે સર્વોત્તમ પદવી માન સહિત અર્પણ કરવામાં આવી.

પંડિતજીનું લગ્ન પણ આ જ અરસામાં જ્ઞાતિનાં ગોકુલસ્થ વિભાગનાં ભટ્ટજીનાં પુત્રી પાર્વતી સાથે થયું હતું. એઓ સતી, પતિવ્રતા તથા પતિને અનુકૂળ હતા. તેમને પંડિતજીનાં અગાધ ગુણોની શક્તિનું દર્શન થયું હતું. આ ઉગતા પંડિતજીની જગદ્વંદ્ય વિદ્વત્તા, સરલતા, મહાનુભાવતા, ધર્મજ્ઞતા અને ઔદાર્ય વગેરે ગુણો જોઈ ગમે તેવા કઠોર ચિત્તનો માણસ હોય તો પણ તેમને આધીન થઇ જાય તો આવી સુશીલ પવિત્ર સતી સ્ત્રી પતિને આધીન થવામાં ગૌરવ લે એમાં નવાઇ નથી. પંડિતજી પણ તેમની પત્નીથી અતિસંતુષ્ટ રહેતા અને પત્ની પણ ઇશ્વરતુલ્ય પતિ મળવાથી તેમની સેવામાં મશગૂલ રહેતા. પણ કમભાગ્યે આ યુગલજોડી કેટલાક વર્ષો બાદ ખંડિત થઇ ને આ પતિપરાયણા પતિની સેવા કરતા ભક્તિનાં આવેશમાં અને આવેશમાં ભેદાત્મક સ્થૂળદેહનો ત્યાગ કરી પતિનાં આત્મા સાથે અભિન્ન થઇ ગયા.

(૭)વેદાંતચિન્તામણિની રચના

ઉપર આપણે જોઇ ગયા છીએ કે મહારાજ લાયબલ કેસની બે અસર સમાજ ઉપર મુખ્યત્વે થઇ હતી. એક તો-મહારાજોનું જીવન અનીતિમય છે અને બીજી-આપણા પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતો મૂળ આર્યધર્મથી વેગળા છે. પહેલી અસર નાબૂદ કરવા માટે ગોસ્વામી મહારાજોનાં આદર્શ જીવન ઉપર મુખ્ય આધાર હતો. જ્યારે બીજી અસર નાબૂદ કરવા માટે વેદ, ગીતા, બ્રહ્મસૂત્ર, ને ભાગવત તથા શ્રીવલ્લભાચાર્ય મહાપ્રભુ રચિત ગ્રંથોનો તુલનાત્મક અભ્યાસ કરી અને તેનાં ફલરૂપે પુષ્ટિસિદ્ધાંત સારી રીતે સમજી શકાય તેવા ગ્રંથ રચવાની જરૂર હતી. આવી જાતની ગ્રંથરચનાઓની વ્યવસ્થા જુદાજુદા સંપ્રદાયનાં મુખ્ય લેખકોએ કરી હતી. કેવલાદ્વૈત સંપ્રદાયનાં ભૂષણરૂપ વિદ્યારણ્ય નામે સ્વામી થઇ ગયા. તેઓ શાંકર વેદાંતનાં ઉંડા અભ્યાસી હતા.

તેમણે જોયું કે મહાન શંકરાચાર્યનાં સિદ્ધાંતો સમજવા માટે બધા પંડિતો કંઇ શારીરિક ભાષ્ય વગેરે ગ્રંથો વાંચી શકે નહિ. માટે તેવા પંડિતો માટે પંચદશી નામક એક ગ્રંથ તેમણે રચ્યો, જેમાં શંકરાચાર્યનાં મુખ્ય મુખ્ય સિદ્ધાંતોનો સમાવેશ થાય છે.

આ ગ્રંથનાં વાચનથી શંકરાચાર્યનાં મતનું સ્વારસ્ય સહેલાઇથી સંસ્કૃત જાણનારા પામી શકતા. આવા જ ગ્રંથની પુષ્ટિસંપ્રદાયમાં જરૂર છે એમ પંડિત શ્રીઘનશ્યામભટ્ટને ઘણા વખતથી લાગતું. આવા ગ્રંથની રચના કરવા તેમણે પોતાનાં પુત્ર ગટ્ટુલાલાજીને સૂચના કરી. પંડિતજી પણ આવા ગ્રંથની આવશ્યકતા વિચારતા હતા અને પુષ્ટિમાર્ગનાં સાચા સિદ્ધાંતો વિદ્વત્સમાજ આગળ મૂકવા માટે એવા કોઇ ગ્રંથની યોજના વિચારી રહ્યા હતા. તેમણે પિતાની આજ્ઞા શિરોધાર્ય માની તે કાર્ય ઉપાડ્યું. પણ પોતે અંધ હોવાથી સ્વહસ્તે કંઇ લખી શકાય તેમ હતું નહિ. વળી આખો દિવસ અભ્યાસ, જપ, પૂજાપાઠમાં વખત જવાથી આવા ગ્રંથની રચના માટે સમયનો પણ અભાવ હતો. છતા પંડિતજી રાતે ગ્રંથ લખાવે ને ઘનશ્યામભટ્ટ તે ગ્રંથ લખે તેમ નક્કી કરવામાં આવ્યું. ત્યારથી પંડિતજી રાતે પંચોતેરથી સો શ્લોક લખાવતા. આ કાર્ય થોડા માસમાં સંપૂર્ણ થયું. પિતાએ જ્યારે આખો ગ્રંથ અથથી ઇતિ સુધી ધ્યાનપૂર્વક વાંચ્યો ત્યારે પુત્રની અગાધ બુદ્ધિ તથા ગ્રંથ રચવાની અદ્ભુત કળા નિરખી આત્માથી પ્રસન્ન થયા. આ ગ્રંથ ટૂંક સમયમાં છપાવી કાશી વગેરે વિદ્યાનાં કેન્દ્રોમાં મોકલવામાં આવ્યો, જ્યાં તેનાં અભ્યાસકોએ તેની મુક્તકંઠે પ્રશંસા કરી.

આ ગ્રંથ તે વેદાન્તચિન્તામણિ જે સંપ્રદાયનાં સંસ્કૃતનાં અભ્યાસી માટે આશીર્વાદ સમાન છે. વળી જે જે વિદ્વાનો શુદ્ધાદ્વૈતતત્ત્વજ્ઞાન વિષે અનેક ભ્રમો સેવતા હતા, તે આના વાંચનથી સંપ્રદાયનાં સાચા સિદ્ધાંતો સમજવા લાગ્યા અને શંકરાચાર્યનાં તત્ત્વજ્ઞાનની હરોળમાં વલ્લભાચાર્યનું તત્ત્વજ્ઞાન ઉભું રહેવા લાયક છે, એમ માનવા લાગ્યા.

આ વેદાન્તચિન્તામણિ ગ્રંથની ભાષા સરલ છતા તેમાં અનુપમ કાવ્યશક્તિ બિરાજે છે તથા લેખકનાં અભ્યાસનાં પરિપાકરૂપ ને દર્શનશાસ્ત્રનાં નિચોડરૂપ પાણ્ડિત્ય આ ગ્રંથમાં છે.

આ ગ્રંથમાં ૧૫ પ્રકરણ છે. પ્રથમ પ્રકરણમાં સર્વધર્મ વિશિષ્ટ પરમાત્માનું વર્ણન છે; તે પરમાત્મા સર્વકર્તા છે. આમાં નાસ્તિકોની શંકા ટાળવા માટે વિવિધ દલીલો કરવામાં આવી છે. બીજા પ્રકરણનો પ્રતિપાદ્ય વિષય એ છે કે વેદ-ગીતા-ભાગવત અને બ્રહ્મસૂત્ર શ્રીમહાપ્રભુજીનાં માર્ગમાં માન્ય છે. તેને અનુસરતા બીજા જે શાસ્ત્રો છે, તે પણ પુષ્ટિમાર્ગમાં માન્ય છે, પણ શ્રીમહાપ્રભુજી હાલનાં સમયમાં શાસ્ત્રનાં નિર્ણય માટે શબ્દ પ્રમાણ સિવાય બીજા પ્રમાણનો સ્વીકાર કરતા નથી. આવી જાતનાં વિવિધ સિદ્ધાંતોની ચર્ચા આ ગ્રંથમાં કરવામાં આવી છે. પંડિતજીની શ્લોક રચનામાં કેવી ખૂબી કુશળતા ગંભીરતા ને વિવિધતા રહેલી છે, તે તેનાં નીચેનાં એક શ્લોકથી સમજાશે.

''શુદ્ધાદ્વૈતં સર્વશક્તિં જડજીવાદિકારણમ્''
''સાકારં સચ્ચિદાનંદં વન્દે શ્રીપુરુષોત્તમમ્''

ભાવાર્થ-જડ જીવ અને અન્તર્યામીનાં કારણરૂપ, સર્વપ્રકારની શક્તિવાળા, સાકાર, શુદ્ધ સત્ ચિત્ આનંદ જે શુદ્ધ અદ્વૈત સ્વરૂપ છે, એવા પુરુષોત્તમને હું વંદન કરું છું. આ એક જ શ્લોકમાં જગત જીવ ને આત્માનો ભગવાન સાથેનો સંબંધ સ્પષ્ટ રીતે સમજાવ્યો છે, તદુપરાંત આ બ્રહ્મ નિર્ધર્મક કે નિરાકાર નથી પણ સાકાર ને સધર્મક છે તથા શુદ્ધ આનંદ સ્વરૂપ છે; તે દ્વારા બ્રહ્મનાં ધર્મ સમજાવ્યા. વળી જે ક્ષર અને અક્ષરથી ઉત્તમ પુરુષોત્તમ છે તે પુષ્ટિમાર્ગીય સેવ્ય છે, અને આનંદસ્વરૂપ હોવાથી રસાત્મક દ્વિભુજાત્મક સ્વરૂપ સેવ્ય છે, તેને હું વંદન કરું છું. આમ એક જ શ્લોકમાં સાંપ્રદાયિક સિદ્ધાંતનું ગૂઢ તત્ત્વજ્ઞાન સમાવવામાં તેમની બુદ્ધિકુશળતાનો પરિચય થાય છે. વળી ખૂબીની વાત એ છે કે શ્રીમહાપ્રભુજીનો માર્ગ સર્વોત્તમ છે, એ પ્રતિપાદન કરતા તેમણે બીજા સંપ્રદાયને અન્યાય થાય અથવા તેમનું હીણું દેખાય એવું આ ગ્રંથમાં આવવા દીધું નથી. તેઓ પોતે નિર્મત્સર ને હંસક્ષીર ન્યાય પ્રમાણે સત્યપ્રેમી હતા. આથી બીજા સંપ્રદાયનાં મતની સમીક્ષા તેમને પણ અઘટિત ન લાગે તેવી રીતે પોતાનાં ગ્રંથમાં લખી છે.

તેમનાં ગ્રંથ માટે સદ્દુપદેશમાર્તંડ પ્રકાશક જણાવે છે કે ''આવા ગ્રંથથી તેમણે એકલા પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોને ઉપકૃત કર્યા છે એમ નથી, પણ બીજા ધર્મનાં મતાનુયાયિઓ જો તે પંડિતજીનાં ગ્રંથો વાંચશે તો તેમાં તેમની અપૂર્વ અભેદ બુદ્ધિતી પ્રતીતિ સાથે ગ્રંથમાં સમાયેલો અનન્ય સામાન્ય સદ્બોધ તેમને પણ અનેક પ્રકારે શ્રેયસ્કર થઇ પડ્યા વિના નહીં રહે.''

(૮)બીજો હલ્લો

મહારાજ લાયબલ કેસનાં ભયંકર હલ્લા પછી બીજો હલ્લો રાજસ્થાન જયપુરમાંથી આવ્યો. જયપુરમાં રાજારામસિંહ તાજા ગાદી ઉપર આવ્યા હતા. મૂળથી જયપુરનાં રાજાઓ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવ હતા. રાજા માનસિંહથી માંડી રાજા જયસિંહ સુધી બધાનાં કપાળમાં પુષ્ટિમાર્ગીય તિલક વિરાજતું તુ, એમ તેમનાં ચિત્રો જોતા માલૂમ પડે છે. એવા આ નવા રાજા બે વર્ષનાં થયા ત્યારે તેમનાં પિતાજીનો દેહ પડ્યો. આ વખતે નવી કેળવણી ને નવા વિચારો સમાજમાં ઝડપભેર ફેલાઇ રહ્યા હતા. આવા વખતે રાજાનાં માથે શિરછત્ર ન હોવાથી નવા જમાનાની અસર તેમનાં ઉપર જલદી થઇ. અધૂરામાં પૂરું તેઓ કાચાકાનનાં અને ભોળાદિલનાં હતા. તેમાં રાજાને બક્સીરામ ભોજક નામનાં શૈવની સોબત લાગી. આ બક્સીરામ લક્ષ્મણનાથ ગિરિ નામનાં સન્યાસીની સોબતમાં હતો. તે ભણેલો ગણેલો ને ઉસ્તાદ સાધુ હતો પણ તેનો સ્વભાવ દ્વેષીલો હતો. તે શૈવ ધર્મ કરતા ઉત્કર્ષવાળી વૈષ્ણવ ધર્મની પ્રતિષ્ઠા સહન કરી શક્યો નહિ. આથી તેનાં હૃદયમાં તે બળ્યા કરતો, અને તક મળે વૈષ્ણવધર્મ વિરુદ્ધ પ્રચાર કરતો.

એક વખત આ સાધુએ દિલ્હીનાં પંડિત હરિશ્ચંદ્રને મળી ચોસઠ પ્રશ્નો તૈયાર કરાવ્યા. આ પ્રશ્નો તેમણે રાજસંમતિથી જયપુરમાં વસતા આચાર્યો અને મહંતોને ઉત્તર માટે મોકલ્યા તથા દેશપરદેશ પણ આ પ્રશ્નોનાં ઉત્તર માટે બીડવામાં આવ્યા. તેનાં મનમાં એમ હતું કે વૈષ્ણવી આચાર્યો આળસુ, મોજીલા, વિદ્યાબલ વગરનાં ને એકલી સ્વરૂપ સેવામાં આસક્ત છે એટલે આ પ્રશ્નોનાં ઉત્તર તેઓ આપી શકશે નહિ. આથી જાહેરમાં તેમને મૂર્ખ બનાવી વૈષ્ણવધર્મની પ્રતિષ્ઠા ઉપર કારમો ફટકો મારી શકાશે.

આ વખતે જયપુરમાં શ્રીગોવિંદજી મહારાજ બિરાજતા હતા. તેમણે આ પ્રશ્નો કોઇની મારફતે મુંબઇ પહોંચાડ્યા. આ પ્રશ્નોની વાત હવે વિદ્વાન સમાજ ને ધાર્મિક પ્રજામાં થવા લાગી અને તેનાં ઉત્તર કોણ મોકલી આપશે તેની આતુરતાપૂર્વક રાહ જોવાવા માંડી. આ બનાવ વિષે પંડિતજી પોતાનાં સત્સિદ્ધાંતમાર્તંડ નામનાં ગ્રંથમાં બહુ વિસ્તારથી નીચે પ્રમાણે લખે છે.

‘‘આ ભારતવર્ષના વાયવ્ય પ્રાંતમાં ઢુણ્ઢાર નામનો દેશ છે. આ ઢુણ્ઢાર એટલે આજનું રાજપુતાના. તે દેશમાં સૂર્યવંશી રામચંદ્રકુલમાં ઉત્પન્ન થયેલા અને પરંપરાથી પ્રાપ્ત અત્યંત વૈષ્ણવધર્માનુસાર ઉપાસનામાં આસક્ત, બધી વખતે સત્કાર્યમાં શ્રીસીતાપતિ રામનો આદર કરનાર, સકલ કલાનાં ભંડાર હોવાથી ત્યાંના રાજાઓએ બરાબર રાજધર્મનું પાલન કરી, માણસોને પાળનાર એવું નામ સાર્થક કર્યું છે. તેવા રાજાથી રક્ષાએલું જયપુર નામનું નગર છે. ત્યાં હાલ પ્રશંસ્ય પરમધર્મધુરણ રાજા, રાજપદ ભોગવનાર રામસિંહ નામે રાજા રાજ કરે છે. તેની પાસે કોઇ લક્ષ્મણગિરિ નામે શૈવચિહ્ન ધારણ કરનાર દણ્ડી છે. તેણે પોતાનાં ભાષણથી કલહ ઉત્પન્ન કરીને સંપૂર્ણ પ્રજાજનોંમાં કોલાહલ ઉભો કર્યો છે. આ દણ્ડીએ રાજાનાં અતિનિર્મલ મનને સમય જોઇને બળાત્કારથી મલિન કર્યું છે, જોકે તે દણ્ડી હોવાથી બાલપણથી નારાયણની સેવાનો અધિકારી થયેલો છે છતા હમણા તે દૈત્યસંપત્તિથી યુક્ત થઇ દ્વેષી બન્યો છે.

હમણા તેને મોટો રાજાશ્રમ મળવાથી ધૃષ્ટ પુષ્ટ મદોન્મત્ત થઇ સ્વચ્છંદપણે પોતાની ઇચ્છા માત્રથી ચોસઠ પ્રશ્નો તૈયાર કરીને પૃથ્વી ઉપર સર્વ ઠેકાણે તે પ્રશ્નોને પ્રધાન વૈષ્ણવ સંપ્રદાયનાં પ્રવર્તકો ઉપર મોકલી આપ્યા છે, અને હવે તે તેનાં ઉત્તરની આશા રાખે છે. એવી કિંવદન્તી લાંબા વખતથી ફેલાઇ છે.

આ વાતની ખબર મુંબઇમાં વસતા સમગ્ર ગુણગણથી સ્તુતિ કરાએલા શ્રીમહાપ્રભુજીનાં વંશમાં મણિરૂપ ગોસ્વામી બાળકોને પડી. શ્રીમહાપ્રભુજીનાં કુળમાં પ્રદીપ સૂર્ય સમાન સંપૂર્ણ દોષિતવાદરૂપી અંધકારનો નાશ કરનાર, પોતાના આશ્રિતોને સુવર્ણદાનથી સદ્પાત્ર કરનાર, અખૂટ સ્નેહથી પરિપૂર્ણ, પોતાનાં આશ્રિતોની દરિદ્રતાને હરનાર, પોતાનાં કિરણનાં પ્રભાવથી પ્રકાશમાન, સત્ અને અસત્ માર્ગનાં વિચારનાર શ્રીજીવણલાલજી નામે પ્રધાન આચાર્ય બિરાજે છે. તેમની પાસે વેદાંત સાહિત્ય ઇત્યાદિ ઉત્તમ પ્રમુખ વિદ્યા અને લક્ષ્મી સાથે વસે છે. આમ વિદ્યા અને લક્ષ્મીનું પાસે વસવું તે સાપત્ન્યભાવ (એટલે

એક શોક બીજી શોક સાથે વસે) માફક બતાવે છે. વસ્તુતસ્તુ તે મહારાજશ્રી પાસે વિદ્યા અને લક્ષ્મી અઢળક છે; નિરંતર ઉત્તમ રસોના સ્વીકાર કરનાર, અથવા દેવની સભાનું રક્ષણ કરનાર, એવા જીવન અને જીવ એ બેમાં નકાર માત્રનો ભેદ છે, પરંતુ જીવનું સર્વકર્મ જીવન (પાણી) પર છે, મતલબ કે બધા જીવોનું જીવન (જીવવાનું સાધન) તે શ્રીજીવણલાલજી મહારાજ છે.

વળી જેમણે નવીન શ્લોકો કરવાની સ્ફૂર્તિથી કીર્તિ સમ્પાદન કરી, અને જેની નવીન કાવ્યચમત્કૃતિ ઘણી સ્તુત્ય છે અને વેદાંત શાસ્ત્રોરૂપી વનમાં કેસરીસિંહની માફક ગર્જના કરે છે એવા શ્રેષ્ઠ ગોકુલાધીશ મહારાજ પ્રસિદ્ધ છે. તેમજ બીજા દુર્જનોને શિક્ષા કરવા માટે દીક્ષા લેનાર, અને બુદ્ધિ સમુદાયનાં ભંડારરૂપ એવા શ્રીયદુનાથજી મહારાજ બિરાજે છે, તથા બીજા પણ પરમાત્માની અનન્ય સેવા કરવાવાળા ગોસ્વામી બાળકો છે.

આ બધા આચાર્યોએ ૬૪ પ્રશ્નોની પત્રિકા કોઇક સ્થળેથી મેળવીને શ્રીજીવનલાલજી મહારાજની મોટી હવેલીનાં બગીચામાં મળીને અવલોકન કરી. તે પછી તે સર્વ પ્રશ્નો અતિશય અસંગત છે, એમ જોઇને તેને ઉત્તર આપવાની ઉત્સુકતા નષ્ટ થતા એક ક્ષણ તેઓ વિચાર કરવા લાગ્યા. આ પ્રશ્નો વિચિત્ર અર્થના, વિચિત્ર સંસ્કૃત ભાષામાં લખાએલા છે, માટે તેનો ઉત્તર આચાર્યોનાં મુખથી આપવો ઉચિત નથી. હાથીનાં ગણ્ડસ્થળની ખંજવાળને દૂર કરવાનું જેનું સામર્થ્ય છે એવા કેસરીસિંહનાં નખ નાની ઉંદરડી ઉપર પડતા નથી. માટે અમારી આજ્ઞાથી તમો ઘણો વિસ્તાર ન કરતા આ પ્રશ્નોનો ટૂંકો ઉત્તર વેદાદિ શાસ્ત્રોથી ભરપૂર એવા પ્રમાણોથી આપો. ઘણું કરીને તે સર્વ ઉત્તરોનો અર્થ સુબોધ થવો જોઇએ. તેમાં તર્ક-કર્કશ ક્લેશ ન હોય. આ સાંભળી બીજા બધા ગોસ્વામી બાળકોએ શ્રીજીવનલાલજી મહારાજનાં વિચારને અનુમોદન આપ્યું.

આમ તેઓની ગુણવતી, આમોદ સમ્પદા હેતુવાળી, સુમનોનંદિતા એવી ઉક્તિને પુષ્પમાળાની પેઠે માથે ચઢાવનાર, પોતાના પિતૃચરણ વિદ્વન્મણિ ઘનશ્યામભટ્ટજીથી શાસ્ત્રીય દ્રષ્ટિ સમ્પાદન કરનાર હું ગોવર્ધન શર્મા ગટ્ટુલાલજી યથામતિ આ લેખનો પ્રારંભ કરું છું.

આમ જણાવી પ્રથમ તેમણે ટૂંકામાં ૬૪ પ્રશ્નોનાં ઉત્તર લખી જયપુર શ્રીગોવિંદજી મહારાજને મોકલી આપ્યા. ત્યારબાદ તે ગ્રંથ અનેક પ્રમાણો દાખલા દલીલો સાથે, કુર્તક મટાડી, સ્વધર્મમાં દ્રઢ આસ્થા થાય તેવી રીતે તેમણે સત્સિદ્ધાંતમાર્તંડરૂપે લખ્યો. જોકે આ ગ્રંથની વસ્તુ ઉપર તેમની સાહિત્યસેવા વખતે વિસ્તારથી ચર્ચા કરીશું છતા તેને માટે એટલું કહેવું બસ છે કે અન્ય વૈષ્ણવ સંપ્રદાયનાં પ્રસંગે લખાએલા ગ્રંથો કરતા ઉક્ત વિસ્તૃત ગ્રંથ સમાધાન ને પ્રમાણસંગ્રહ માટે બહુ પ્રશંસનીય અને સામાન્ય આર્યધર્મ ને પોષક થઇ પડ્યો છે. વાસ્તવિક રીતે આ એક જ ગ્રંથથી ચારે સંપ્રદાયનું સુદ્રઢ રક્ષણ થયું છે અને મહારાજો ઉપર તો એટલો ઉપકાર ભાર થયો છે કે તે ઋણથી કોઇ કાલે મુક્ત થઇ શકનાર નથી. એથી પંડિતજીનું અદ્ભુત સામર્થ્ય નિર્મત્સર પુરુષોને અવશ્ય જણાઇ આવે છે. સાંપ્રદાયિક શંકાઓ જેને હોય તેણે આ ગ્રંથ વાંચવાની તજવીજ કરવી જોઈએ.

(૯)ત્રીજો હલ્લો

સામાન્ય રીતે તત્ત્વજ્ઞાનની કંઇક ચર્ચા ચાલે ત્યારે વિદ્વાનોનું મન શાંકર તત્ત્વજ્ઞાન તરફ વધુ ઢળેલું હોય છે. તેનાં ઘણા કારણો છે; એક કારણ તો વિદ્વાન બ્રાહ્મણોનો મોટો ભાગ શાંકર વિજ્ઞાનનો અભ્યાસ કરે છે, અને તે સંપ્રદાયનાં ગ્રંથો વિશેષ રીતે સુલભ હોય છે. જ્યારે આજથી ૯૦ વર્ષ પૂર્વે પુષ્ટિસંપ્રદાયનાં તત્ત્વજ્ઞાનને લગતા ગ્રંથો સહજ સુલભ ન હતા તેનાં માટે વિશેષ પ્રેમ ને આદર હોય તો તે ગ્રંથો પ્રાપ્ત કરી તે સંપ્રદાયનો અભ્યાસ થઇ શકતો. આવી જાતની શ્રમસાધ્ય તત્ત્વજ્ઞાનની એષણા ઘણા ઓછા વિદ્વાનોંમાં હોય છે. વળી એ વખતનાં કાઠિયાવાડમાં નાગરોનું વિશેષ બળ હતું. સમાજમાં, રાજ્યમાં, ધર્મમાં દરેક બાબતમાં તેઓ વિશિષ્ટ સ્થાન ધરાવતા. તેઓ સંસ્કારી, બુદ્ધિશાળી ને નીતિવાન હોવાથી તેઓની પ્રતિભા રાજાઓ ને સામાન્ય પ્રજા ઉપર પૂરી પડેલી હતી. આ નાગરોમાં જે બુદ્ધિશાળી વર્ગ હતો તેમાંનાં કેટલાક શાંકર તત્ત્વજ્ઞાન તરફ સારી રીતે આર્કષાયા હતા. અને તેઓનું નાનું સરખુ મંડળ ભાવનગર, જૂનાગઢ વગેરે શહેરોમાં હતું. તેઓ આ તત્ત્વજ્ઞાન શ્રમથી પ્રાપ્ત કરતા અને જીવનમાં ઉતારવા પ્રયત્ન કરતા અને તેમની છાયા આજુબાજુનાં જનસમાજમાં પડતી.

સ્વામી સદાનંદગિરિ શ્રીપરમહંસ પરિવ્રાજકાચાર્ય શ્રીમદ્સ્વરૂપાનંદ સ્વામીનાં શિષ્ય હતા, તેઓ શાંકર વેદાંતનાં સમર્થ વિદ્વાન હતા અને તેમની પ્રતિભા તત્ત્વજ્ઞાનનાં અભ્યાસીઓમાં સારી રીતે પડી હતી. સામાન્ય રીતે તેમણે હિંદુધર્મનાં પ્રાચીન ગ્રંથોનો સારો અભ્યાસ કરેલો અને તે અભ્યાસ શંકરાચાર્યનાં તત્ત્વજ્ઞાન જોડે ઘટાવવાનો પ્રયત્ન કરતા. આ સમયે ગુજરાત કાઠિયાવાડમાં શાંકર અને વાલ્લભ બે મતોનું પ્રબલ બલ હતું. આથી એક સંપ્રદાયનું મંડન અને પરસંપ્રદાયનું ખંડન ધર્મપ્રેમી રાજસ લોકોને પ્રિય લાગતું. વળી આ સન્યાસીઓની અધ્યાપન પદ્ધતિ એવી હતી કે માણસનાં હ્રદયમાં ભક્તિ તથા શમ, દમ ન હોય તો તેને પરમતસહિષ્ણુ ન બનાવતા ઉલટો પરમતનાં છિદ્ર અન્વેષણ કરવામાં તેમની બુદ્ધિ રોકાય, ને પોતાની જાતને બ્રહ્મસ્વરૂપ માની પારકા મત ઉપર કુઠારાઘાત કરવા પ્રેરાય. આવી જાનતો પ્રયાસ આ સ્વામીજીએ સમયવર્તી કર્યો અને સહસ્ત્રાક્ષ રચી, પુષ્ટિમાર્ગ ઉપરના અનેક હલ્લાઓ ભેગો એક નવો હલ્લો ઉમેરાયો. આથી તત્ત્વજ્ઞાનનાં અભ્યાસીઓમાં અને વાદવિવાદરત રાજસ લોકોમાં પુષ્ટિમાર્ગનું તત્ત્વજ્ઞાન ખંડિત થવાનો આભાસ થયો. પણ આ આભાસ નામમાત્ર રહ્યો. ભગવાનની આ સંપ્રદાય ઉપર કૃપા છે કે ગાંઠનું ખાઇ, નિષ્કામ ભાવે આ સંપ્રદાયનાં ધુરંધરો કે મહદોની સહાયતા વિના, કોઈ ને કોઈ શશી સૂર્ય સમ મહાસમર્થ વિદ્વાન પાકે છે તે પ્રતિવાદીઓનાં મુખ તથા કૃતિઓરૂપી રાહુને ક્ષણભરમાં નષ્ટ કરી નાખે છે. ગો.કનૈયાલાલજી તત્ત્વજ્ઞાનનાં વિશ્વમાં યમનિયમ યુક્ત વિહરતા સમર્થ પંડિત હતા. જેમણે સદાનંદગિરિદ્વારા સહસ્ત્રાક્ષારૂપી રાહુએ આભાસમાત્ર ગ્રસેલા શુદ્ધાદ્વૈતમાર્તડને ક્ષણભર પૂર્વવત્ પ્રકાશિત કર્યો. આ આખાએ પ્રસંગને ભાવાર્થરૂપે સહસ્ત્રાક્ષ મૂળ ગ્રંથને તેનાં ખંડનરૂપે પ્રાભંજન તથા મારુત્શક્તિની ટીકા ટિપ્પણીઓ સાથે વિચારીએ.

સહસ્ત્રાક્ષ ગ્રંથનાં રચયિતા સ્વામી સદાનંદગિરિ કરીને એક સન્યાસી હતા. તેમણે પોતાનાં એ ગ્રંથમાં પોતે કોણ છે અને ગ્રંથ રચવાની શી જરૂર પડી તે જણાવ્યું છે, અહીં આપણે સહસ્ત્રાક્ષમાંથી સદાનંદગિરિનો પરિચય આપીશું, પછી તે પરિચય પ્રમાણે તેમનું જીવન આપણા આર્યધર્મનાં શાસ્ત્રનાં નિયમો સાથે કેટલું સુસંગત કે વિસંગત છે તે ઉપલા બે મહાનુભાવોનાં ગ્રંથદ્વારા વિચારીશું.

સતત શ્રીઉમાપતિનાં ચરણ કોકનદમાં આનંદપૂર્ણ સજ્જનોનાં ચિત્ત ભ્રમરો હંમેશા વિલસો. ઉત્તરદેશમાં પર્વતો, નગરો, બગીચાઓ, અનુપમ પુષ્કળ કમળો અને હજારો તળાવ, કવિ, વિદ્વાન અને મશ્કરિગણોથી શોભાયમાન કાશ્મીર પ્રદેશનાં નજીકમાં ઉમાપતિનો કૃપાપાત્ર એક સારસ્વત બ્રાહ્મણ રહેતો હતો. તેણે અપુત્રતાનાં દુઃખથી થયેલા મન વડે કોઈ સન્યાસીની કૃપાથી મોટી ઉંમરે પુત્રોનાં મુખ ચંદ્રનાં દર્શન કર્યા. તેમાંથી પ્રથમ પુત્રને પોતાની પ્રતિજ્ઞા પાલન કરવા માટે કુરુક્ષેત્ર અરણ્યની પવિત્ર ભૂમિમાં રહેતા તે જ સન્યાસીને અર્પણ કર્યો. પૂર્વનાં સંસ્કારબળ થોડા જ વખતમાં પાણિની અને ગોનર્દીય શાસ્ત્ર ભણીને આ બાળક નવદ્વીપમાં ગયો, અને વિના પ્રયાસે મળેલા અનાજથી પોતાનો નિર્વાહ કરતા પ્રભાકર ભટ્ટનાં મતને પાર પામ્યો. વ્યાસસૂત્ર, શારીરક ભાષ્ય વગરે વેદોનાં અંદરનાં જલ સમુદ્રને પાર પામ્યો. પછી કાશી વગેરે નગરીઓમાં પોતાનાં દિગ્વિજયને પ્રદર્શિત કરતા દિગ્ગજની માફક શ્રીશંકરાચાર્યનાં સિધ્ધાંતનાં સન્માર્ગને રોકતા વાદરૂપી વૃક્ષોને સમૂળ ઉખાડી નાખી દેશનાં રાજાઓ વડે જેમનાં ચરણકમલ પૂજાયા છે, અને અનેક ભુજાઓ વડે છત્ર ચામર વગેરે રાજચિન્હ જેમને મળ્યા છે તે ઉત્તર દિશામાં આવેલા, શંકરાચાર્ય વડે જેનું સન્માન થયું છે અને જે સકલ સદ્ગુણ રત્નનાં પર્વત ઉપર ચઢેલા છે અને સદાનંદગિરિ એવું જેનું નામ છે તે બધા દેશોને જોવાનાં કૌતુકથી પરિક્રમા કરતા ઉદેપુર આવ્યા. તેમની સત્કીર્તિ સાંભળી, દર્શનની અભિલાષા જેમનાંમાં ઉત્પન્ન થઈ છે એવા, એક યોજન સુધી સામા આવેલા, અને શંકરનાં ચરણમાં જેમનું ચિત્ત છે ને સદ્ગુણી છે એવા સ્વરૂપસિંહ નામે ઉદયપુરનાં રાજાએ તેમને પોતાનાં નગરમાં લાવીને પોતાનાં ગુરુવર્ય તરીકે સ્થાપન કર્યા. ત્યારબાદ હંમેશા જેમનાં માન અને પ્રતાપ વધતા ગયા છે, અને જેમનાં વિદ્યા વિભવથી અનેક વિદ્વાનો વશ થયા છે, અને જે પોતાનાં સિધ્ધાંતોનું પ્રતિપાદન અને પરમત ખંડન ખૂબ યુક્તિપૂર્વક કરે છે એવા તે સરસ્વતીનાં વિહારનાં રાજા એવી રીતે વર્તવા લાગ્યા કે જેથી વિદ્વાનપુરુષરૂપી પક્ષીગણો કલ્પ સુધી આનંદ પામ્યા અને મનુષ્યોનાં મનપ્રદેશોને તાપરહિત અને પાપરહિત કરતા ઉજ્જ્વલ કીર્તિને પામ્યા. જેમની સંશયચ્છેદક સદ્વિદ્યા અને પ્રૌઢ પ્રતાપને આખી પૃથ્વીની શોભારૂપ વિદ્વાન મંડળો આજે પણ પ્રેમથી ભૂલતા નથી. હવે કોકવાર તીર્થયાત્રામાં ફરતા વિદ્વાન ગોસ્વામી જીવનજી શર્મા ઉદયપુર પ્રસંગવશાત્ આવ્યા, અને પોતે લખેલી બાલકૃષ્ણચમ્પૂ ઉદયપુર રાજા સ્વરૂપસિંહને આપવાની ઈચ્છા કરી. પણ તે જોઈને તે પુસ્તકને રાજાએ સ્વામી પાસે મોકલી આપ્યું. તે જોતા તેમને તેમનો સમાગમ કરવા ઈચ્છા થઈ અને તે ગોસ્વામીને સમાગમ માટે આમંત્રણ મોકલ્યું. પણ તે કોઈ કાર્ય અંગે જતા રહ્યા.

આ પ્રમાણે અનેક પ્રતિવાદી વિદ્વાનોએ જેમનો પ્રતાપ જાણ્યો છે, પ્રત્યેક કકુસ્થ તીર્થયાત્રા વખતે સૌરાષ્ટ્ર ભૂમિને ભૂષણ કરતા, તેઓ ભાવનગરનાં રાજાએ જેમને માન્ય રાખ્યા છે, અને જેમની વેદશિખરમાં નિષ્ઠા છે, અને ચમત્કારનગરમાં રહેલા નાગર ગૃહસ્થ સંતોષરામ નામે બ્રાહ્મણે શ્રીવલ્લભ સિદ્ધાંત ખંડનપૂર્વક અદ્વૈત સિદ્ધાંતનાં મંડન માટે પ્રાર્થના કરવાથી પોતે ઉપશમશીલ હોવા છતા પણ અજ્ઞાની લોકોને સંસારકૂપમાંથી બહાર કાઢવા એ પોતાનો ધર્મ જાણતા હોવાથી તેમનું અણુભાષ્ય, વિદ્વન્મંડન, શુદ્ધાદ્વૈતમાર્તંડ વગેરે ગ્રંથો, પ્રશસ્ત કરવા માટે શરીર ધારણ કર્યું છે. એવા તેમણે શ્રુતિને સ્મૃતિથી અવિરુદ્ધ, પ્રૌઢ ઉક્તિ વડે પહેલા શુદ્ધાદ્વૈતમાર્તંડ, પછી વિદ્વન્મંડન (સટીક) ખંડન કરતા સહસ્રાક્ષ નામનો અપૂર્વ નિબંધ રચ્યો.

આ ગ્રંથને શ્રીવલ્લભમતનાં અનુયાયિ સર્વ શ્રેયની, અભિલાષાવાળા, ભટ્ટીવંશજ લવજીનાં પુત્ર મથુરદાસ વર્માએ સં.૧૯૨૫માં ચૈત્ર સુદ ૧૪ પોતાની અલગ રહેલી સ્ત્રી નામે લાડકીબાઈનાં ઘણા વખતથી વિરોધ છતા પણ આ ગ્રંથ કે જેનાં સિદ્ધાંતોને કોઈ નિર્મૂલ કરી શકે તેમ નથી, તેમ જ જેનું સકલ લોકનાં લોચનને આનંદ આપનાર લાવણ્ય પ્રચંડ પવન, વરસાદ કે તાપથી લોપ થાય એમ નથી, અને જે એક સ્મરણસ્તંભ જેવો છે અને દ્વૈત મતનાં અંધકારથી ભ્રાંત થયેલ દ્રષ્ટિવાળા માણસોને સન્માર્ગ બતાવવામાં કુશળ એવો આ ગ્રંથ છપાવી પ્રસિદ્ધ કર્યો. હું મારા મનમાં મોટી આશા રાખું છું કે આ નિબંધ જોઈને વલ્લભવંશીય બધાઓ પોતાાનાં સિદ્ધાંત પ્રમાણે તેનાં ખંડન માટે કટિબદ્ધ થશે. અરે! આટલો સંતોષ છે કે વીણા વેણુ મૃદંગ વગેરે વગાડવામાં ચિત્તવાળા અને સંગીતને સંસારનો સાર માનવાવાળા તે કોઈપણ જોવા છતા પણ દેખતા નથી, કે તેમનાં સિદ્ધાંતવૃક્ષને શાંકર સિદ્ધાંતરૂપી કોદાળા વડે સમૂળ ઉખેડી નાખવામાં આવ્યો છે. અરે! તેઓ કે જેમનાંમાં વેદશાસ્ત્રમાં કહેલા ધર્મોનાં પાલન માટે પ્રીતિ, પોતાનાં સિદ્ધાંતને મજબૂત કરવા માટે કટિબદ્ધતા, વ્યાસસૂત્રનાં ઉપર ભાષ્ય લખવાની શક્તિ, શમ દમ તિતિક્ષા વગેરે ગુણો, પ્રેમ, બ્રહ્મણ્યતા, બ્રહ્મનિષ્ઠતા વગેરે આચાર્યચિન્હો નથી, તેઓ કેવળ આચાર્યકુલમાં ઉત્પન્ન થવાથી આચાર્ય પદવી ભોગવે છે, તેમને આથી જરાપણ શરમ આવતી નથી. તેથી હું ભગવાનને પ્રાર્થના કરું છું કે દયામય આત્માવાળા ભગવાન, હંમેશ આખા જગતનાં હિત માટે પરાયણ, સર્વશક્તિમાન ઈશ્વર સન્માર્ગને જોઈ શકે તેવી દ્રષ્ટિ તેમને આપો. સદાનંદગિરિ જેઓ અદ્વૈતાચાર્ય છે, આખી પૃથ્વીમાં જેમનો યશ પ્રસરેલો છે, અદ્વૈત મતનાં આશ્રયથી બીજા માર્ગરૂપ અંધકારને દૂર કરનાર સૂર્ય જેવા છે, તેઓ આ જગતમાં યશદેહ વડે હંમેશા અમર અને ચતુરશિરોમણિ છે, સ્વામી તેમનો જય થાઓ.

આવી રીતે સદાનંદગિરિએ વિદ્યામદમાં આવી જઈ પુષ્ટિમાર્ગીય સિદ્ધાંતોને પરાસ્ત કરવા માટે સહસ્રાક્ષ ગ્રંથની રચના કરીને લોકોમાં પુષ્ટિમાર્ગ ને વૈષ્ણવોને ઉપહાસ પાત્ર બનાવવા માટે પ્રયત્ન કર્યો, પણ સ્વામીજીનો આ ઉપહાસ કરવાની ચેષ્ટા બહુ વખત નભી નહિ. જો કે સ્વામીજી આ ગ્રંથની રચના પછી થોડા વર્ષોમાં વિદેહ પામ્યા. છતા તેમનાં સહસ્રાક્ષ ગ્રંથ ખંડન કરવા માટે પુષ્ટિમાર્ગનાં એક વિદ્વાન આચાર્યશ્રીએ પ્રાભંજન ગ્રંથ રચ્યો ને સ્વામીજીનો વિદ્વાનોની આંખમાં ધૂળ નાખવાનો પ્રયાસ નાકાયબી બનાવ્યો. આ જ કારણથી વિદ્વાનો માટે લખતા શ્રીમહાપ્રભુજી કહે છે ''તે હિ સન્માર્ગરક્ષકાઃ'' વિદ્વાનો સન્માર્ગનાં રક્ષક છે, તેઓથી સ્વધર્મરક્ષણ પ્રજાનાં કલ્યાણ માટે થાય છે તે અજાણ્યું નથી. આ વિદ્વાનો અનેક વિદ્યાનાં સ્થાનરૂપ, શ્રુતિ સ્મૃતિએ કહેલા સદાચારને પાળનારા, ગ્રંથ નિર્માણ કરવામાં કુશળ હોય છે. શ્રીવલ્લભાત્મજ શ્રીવિઠ્ઠલનાથજી (કનૈયાલાલજી) જે સુજ્ઞ વિચારવંત ને ધર્મમંડલમાં સૂર્ય સમાન છે તે માયાવાદ રૂપી મહાન્ધકારને સંહાર કરવામાં ઉત્સાહવાળા, ભક્તિમાર્ગરૂપી કમલનાં વિકાસક છે. તેમણે સહસ્રાક્ષ ગ્રંથ ઉપર પ્રાભંજન નામનો અપૂર્વ ગ્રંથ લખી સહસ્રાક્ષનાં મતને મૂળથી ઉખેડી નાખ્યો અને પ્રાભંજન ઉપર મારુતશક્તિ નામની ટીકા આપણા પંડિતજીએ લખી; જે ટીકા એટલી તો શ્રેષ્ઠ છે કે તે તત્ત્વજ્ઞાનનાં વાચકો તેની કદર કરી શકે. તેમાં એમણે કોટીક્રમો લઈ સહસ્રાક્ષને છિન્નભિન્ન કરી નાખ્યો છે. તે જોવા માટે સદાનંદગિરિ આ ભૂતલ ઉપર ન જ રહ્યા. કમભાગ્યે સ્વામીજી આ ગ્રંથ લખી, છપાવ્યા બાદ થોડા સમયમાં પંચભૂતનો દેહ છોડી પરલોકમાં ચાલ્યા ગયા. તેથી આ ગ્રંથનો સત્કાર શ્રીવલ્લભ સંપ્રદાય તરફથી તરત જ ન થયો કારણકે જે સ્વામીજીને ઉત્તર આપવાનો હતો તેઓ ભૂતલ ઉપર વિદ્યમાન ન હતા એટલે તે ઉત્સાહ ઓછો થઈ ગયો, પણ સહસ્રાક્ષ શ્રીવલ્લભસિદ્ધાંત ઉપર કુઠારાઘાત કરે છે તે અટકાવવા માટે ગો.શ્રીકનૈયાલાલજી ને પંડિત ગટ્ટુલાલાજીએ પોતાનાં પિતાજીનાં આગ્રહથી પ્રાભંજન ને તેની ટીકારૂપે મારુતશક્તિ પ્રગટ કર્યા. હવે આપણે સ્વામીજીનાં મુખ્ય મુખ્ય કથન ઉપર વિચાર કરીએ.

‘‘પોતાનાં આશ્રિતોનાં શ્રીસુખ વૃદ્ધિ માટે જેણે શરીરધારણ કર્યું છે, તીવ્ર કઠણ વાદળનાં ઉદ્ધમથી ઉદ્ધત સહસ્રાક્ષ(ઈંદ્ર) ને પ્રાભંજન (ભેદ્યો) વિદાર્યો અને પોતાનાં દાસ શ્રીગોવર્ધનને કૃપાળુ બની મૃદુ હાથથી લીલા વડે ઉંચક્યો, એવી નિજજનની પીડા હરનાર, સુખનાં ભંડાર શ્રીમથુરાનાથજીને હું વંદુ છું. જે ભ્રમિત બુદ્ધિવાળા યતિઓએ પોતાની વાણીની જાલથી જગતમાં કલિકાલથી બળવાન થએલા વ્યામોહને ફેલાવ્યો, તે બધા જે વિભુવર (શ્રીવિઠ્ઠલનાથજી) વડે સંપૂર્ણપણે નિરસ્ત કરવામાં આવ્યા છ, તે શ્રીવિઠ્ઠલનાથજીનાં વચનોને અમે (શ્રીગટ્ટુલાલાજી) ફરીથી વિસ્તૃત કરી સમજાવીએ છીએ. સૂર્યનાં દર્શનમાં આડે આવતા ઘોર વાદળોને પોતાની ચોટ વડે દૂર કરીને, પત્થરોને પણ તોડી નાખતી, અને ઈંદ્રનાં (સહસ્રાક્ષનાં) ગર્વને હણતી, આત્મામાંથી ઉત્પન્ન થએલ હરિભાવને પોષતી, જીવોને ઉર્ધ્વગતી આપતી જગને જીવાડતી, અને ખૂબ ગતિ આપતી એવી મારુત્શક્તિ જીવતી રહો. શુદ્ધાદ્વૈતમાર્તંડનાં કિરણો વડે જેઓને જ્ઞાન પ્રાપ્ત થયું છે, એવા સજ્જનોને અને વિદ્વન્મંડન વડે ભૂષિત થએલા વિદ્વાન પુરુષોને જોઈને કોઈક અસુર સ્વભાવનાં માણસે ઘોર વાદળ અને વજ્ર એક સાથે ઉત્પન્ન કરવા માટે સહસ્રેક્ષણ નામનો ગ્રંથ લખ્યો છે. તે બન્નેનાં નાશ કરવા માટે શક્તિમાન, પ્રમાણ યુક્તિવાળો પ્રાભંજન ગ્રંથ વર્ણવામાં આવે છે.

સહસ્રાક્ષ ગ્રંથનું નામ સ્વામીજીએ એવા હેતુથી આપેલું કે જેમ સહસ્રાક્ષ એટલે ઈંદ્ર દેવોમાં મુખ્ય છે તેમ સહસ્રાક્ષ ગ્રંથ ખંડનાત્મક ગ્રંથમાં મુખ્ય છે. પણ પંડિતજી પોતાની અગમ્ય અતર્ક્ય શક્તિથી સહસ્રાક્ષનો અવિનય અને તે અવિનય ભગવાને કેવી રીતે સુધાર્યો તેની આખ્યાયિકા ધર્મશાસ્ત્રમાંથી આપે છે. એક સામાન્ય નામ ઉપરથી આખા પ્રસંગનું રમણીય ઉપદેશાત્મક ચિત્ર બનાવી દેવાની પંડિતજીની અપૂર્વ બુદ્ધિશક્તિ ખરેખર ભલભલા પંડિતોનાં મતને આશ્ચર્યજનક આનંદ આપનારી છે.

‘‘વાત એમ બનેલી કે ભગવાન રામચંદ્રજીનાં એકનિષ્ઠ સેવક હનુમાનજી જેઓ સંસાર સમાન અપાર સાગરને પાર કરવા સમર્થ છે, તેમને વિષે સહસ્રેક્ષણ (ઈંદ્રને) કોઈક અસુરે (રાહુએ)અવળું સમજાવ્યું. (સદાનંદગિરિ, સહસ્રાક્ષ ગ્રંથને અવળો સમજાવ્યો તેથી ભક્તિશાસ્ત્ર અવરોધાયું ને અવરોધાયેલું શાસ્ત્ર શ્રીવિઠ્ઠલનાથજીએ જગત કલ્યાણ માટે પ્રાભંજન ને પંડિત ગટ્ટુલાલાજીએ મારુત્શક્તિ યોજ્યા.) આથી ઈંદ્રે હનુમાનજીને હડપચી ઉપર વજ્ર વડે પ્રહાર કર્યો. આ પ્રહારથી હનુમાનજી મૂર્છા પામ્યા. આ વાત તેમનાં પિતા વાયુદેવે જાણી. તેમણે ઈંદ્રે માનભંગ કરવા માટે હનુમાન સાથે એક પર્વતની ગુફામાં પ્રવેશ કર્યો. પવન ગુફામાં જવાથી વિશ્વ પવનરહિત થયું. આથી સકલ ચેતન તત્ત્વ અકળાવા લાગ્યું. આ દશા વેદગર્ભ ભગવાને (બ્રહ્માજીએ) જોઈ ને ઈંદ્રને ઠપકો આપતા, તેને અને સૂર્ય વગેરે દેવોને લઈ તે પર્વતની ગુફામાં પ્રવેશ કરીને પવનને પ્રસન્ન કરીને તેમાં ખોળામાં રહેલા, બધા અસુરોનાં ગર્વને હરનાર અને ભગવદ્ ભક્તિમય મૂર્તિ જેવા હનુમાનજીને ફરી જીવિત કર્યા. આથી કરીને વેદગર્ભ ભગવાનથી પ્રસન્ન થએલા વાયુદેવ બધે ફેલાતા બધાને સુખ થયું અને ઈંદ્ર માનભંગ થયો. આ વાત વાલ્મીકિ રામાયણનાં ઉત્તર કાણ્ડનાં ૩૫ ને ૩૬માં સર્ગમાં છે, કિષ્કિન્ધા કાણ્ડમાં ૬૬માં સર્ગમાં પ્રસિદ્ધ છે.

આ વાત અહીં આ રીતે લાગૂ પડે છે. રાહુએ હનુમાન માટે ઈંદ્રને અવળું સમજાવ્યું. સદાનંદગિરિએ શ્રીવલ્લભ સિદ્ધાંતનો અવળો અર્થ સહસ્રાક્ષમાં સમજાવ્યો. આથી ઈંદ્રે હનુમાનને વજ્ર માર્યું તેથી તે મૂર્છિત થયા. અહીં શાંકર સિદ્ધાંતરૂપી અવળા અર્થવાળું વજ્ર શ્રીવલ્લભ સિદ્ધાંતરૂપી હનુમાન (ભક્તિશાસ્ત્ર)ને માર્યું. આ વજ્રથી શ્રીવલ્લભ સિદ્ધાંત મૂર્છિતાભાસ થયો. સત્ય ભક્તિશાસ્ત્ર રૂંધાવાથી સત્પુરુષો અકળાયા. આથી વિભુવર કોટાવાળા શ્રીકનૈયાલાલજી મહારાજશ્રીએ સહસ્રાક્ષની સમીક્ષા કરી ને શ્રીવલ્લભ સિદ્ધાંત મૂર્છિતાભાસ હતો તે મટી ગયો અને અસલ રૂપમાં પ્રકાશવા લાગ્યો. આથી વિદ્વાનો પ્રસન્ન થયા.

વાલ્મીકિ રામાયણમાં આપેલી સહસ્રાક્ષ અને પ્રાભંજનની વાર્તાનું મૂળ ઉપનિષદ વગેરેમાં છે, તેમાનું એવી રીતે વર્ણન આવે છે કેઃ

‘‘પછી તેમને (હનુમાનને) મરેલા જોઈને ગન્ધને વહન કરનાર વાયુ પોતે ખૂબ ક્રોધ પામીને ત્રણ લોકમાં વાતા બંધ થયા. આથી ત્રણે લોક ખળભળ્યા, અને દેવતાઓ ગભરાવા લાગ્યા. આથી તેઓ ક્રોધ પામેલા પવનને પ્રસન્ન કરવા માટે હે ભવનેશ્વર, હે પ્રાભંજન એ શબ્દો વડે વાયુદેવને પ્રસન્ન કરવા લાગ્યા.’’

બીજે ઠેકાણે આને મળતી વાર્તા આ પ્રમાણે છેઃ‘‘ઈંદ્રે પોતાનાં (વાયુનાં) પુત્રને આજે મારી નાખ્યો છે, એવા રાહુનાં વચનમાં વિશ્વાસ રાખીને પવન ક્રોધ પામ્યો. જોકે પોતે અશરીર છે, છતા શરીરીઓનું (દેહધારીનું જીવ માત્રનું)

પાલન એટલે રક્ષણ કરે છે અને પવન વિનાનું (શ્વાસોચ્છાવસની ક્રિયા વિનાનું) શરીર એ લાકડા જેવું બની જાય છે, કારણકે વાયુ પ્રાણ છે, વાયુ સુખ છે, વાયુ આ બધું જગત છે. વાયુથી ત્યજાએલું જગત સુખ પામતું નથી.''

તૈત્તરીયોપનિષદ્‌માં શાન્તિ પાઠમાં શ્રુતિ ભાગની અંદર વર્ણન આવે છે કે,''હે બ્રહ્મવાયુ, આપને નમસ્કાર છે. તમે જ પ્રત્યક્ષ બ્રહ્મ છો, તમને પ્રત્યક્ષ બ્રહ્મ હું કહું છું. વાયુ ફેલાય એટલે મેઘ વગેરે જતા રહે છે.''

આમ સહસ્રાક્ષનો માનભંગ અને પ્રાભંજનની પ્રબલતા દર્શાવતા શાસ્ત્રીય પ્રમાણો આપી, પંડિતજીએ સ્વામીજીએ આપેલા સહસ્રાક્ષ નામની નિર્બલતા સારી રીતે બતાવી છે. આટલા વચનથી વાચકને પંડિતજીમાં રહેલી અપૂર્વ શક્તિનો પરિચય થઇ ગયા વગર નહિ રહે! તો પછી આખાય ગ્રંથનાં વાચનથી પંડિતજીમાં રહેલી કેટલીય બુદ્ધિગમ્ય ને ચમત્કૃતિવાળી દલીલોનાં દર્શન થઇ શકે તે તો સુજ્ઞવાચક વિચારી લેશે!

હવે ઉપર વર્ણવી તે આખ્યાયિકાનાં વાંચનથી કોઇને એમ શંકા થાય કે સહસ્રાક્ષનાં કર્તાને પંડિતજીએ આસુર શા માટે કહ્યો છે? આવી શંકા થવી સ્વાભાવિક છે. તેનાં ઉત્તરમાં પંડિતજી લખે છે કે (૧) ગીતાજીમાં ભગવાન કહે છે કે અસુરો જગતને અસત્ય કહે છે. સ્વામીજીએ સહસ્રાક્ષમાં જગત અસત્ય છે, એવું સમર્થન કર્યું છે. (૨) વળી મહાનુભાવોની અત્યંત નિંદાનું ઉગ્ર કાર્ય આસુર સ્વભાવવાળા જીવોથી બને છે. સ્વામીજીએ સહસ્રાક્ષમાં આવી જાતની નિંદા કરેલી છે. (૩) ત્રીજું સામાન્ય રીતે સન્યાસીમાં દંભ માન મદ વગેરે આસુરી સંપત્તિનાં લક્ષણો ન હોવા જોઇએ, પણ સ્વામીજીમાં તે લક્ષણો સ્પષ્ટ હતા, ને તેથી કરીને તે વખતનાં રાજાઓની ઈચ્છાનુસાર સ્વામીજીનું વર્તન હતું. અને અનેક આશાપાશથી તેઓ બદ્ધ હતા. સ્વામીજીનું આ કાર્ય સન્યાસાશ્રમ વિરુદ્ધ હતું. વળી તેવી રીતે છત્રચામરને ધારણ કરવું, પૈસાનો સંગ્રહ કરવો એ પણ આશ્રમ વિરુદ્ધની ક્રિયા હતી. (૪) વળી સ્વામીજી અહંકાર બલ ને દર્પને વશ થઇ, વૈષ્ણવોની તુલસીની કંઠી ને માલા તોડાવવા પ્રયત્ન કરતા હતા. આવા કારણોને લીધે પંડિતજીએ સ્વામીજીને આસુર સ્વભાવનાં ગણાવ્યા હતા.

હવે સહસ્રાક્ષને પ્રાભંજન ને મારુત્શક્તિની વિવેચનાદ્વારા વિચારીએ.

''ઉમાપતિનાં કૃપાપાત્ર તેણે અપુત્રતાથી દુ:ખી થયેલા મન વડે કોઇ સન્યાસીની કૃપા વડે મોટી ઉંમરે પુત્રોનાં મુખચંદ્રનાં દર્શન કર્યા.''

અહીં આ માણસને શિવજીનાં કૃપાપાત્ર ગણાવ્યા છે. જ્યારે શિવજીને શાસ્ત્રોમાં ઈશ્વર કોટિમાં માન્યા છે, તેઓ સત્યસંકલ્પ છે ને તેમનાં દર્શન કરવાથી સ્થૂલ કાર્યો નાશ પામે છે, એમ કઠોપનિષદમાં જણાવ્યું છે.

જ્યારે સહસ્રાક્ષનાં લેખક તે માણસને શિવનાં કૃપાપાત્ર માનવા છતા અપુત્રતાનાં લીધે દુ:ખી ગણાવે છે. આ લખાણ મશ્કરીરૂપ છે. જો તે માણસ શિવજીનો કૃપાપાત્ર હોય તો તેને અપુત્રતાનું દુ:ખ ન લાગવું જોઇએ. એ વાત તર્કને અનુકૂળ છે. આથી ખરેખર શિવજીનાં કૃપાપાત્ર તેમને ગણવા જોઇએ નહિ. જો ગણીએ તો ઈશ્વરમાંની તેમનાં ઉપર કૃપા છે અને છતા તેમનું દુ:ખ દૂર તે નથી કરતા એમ થાય. આમ વિચારવાથી શિવજીમાં અનીશ્વરતા આવી જાય. પણ શાસ્ત્રમાં શિવજીને ભગવદ્‌અવતાર ગણાવેલા છે એટલે ઉપલી વાત જ સત્ય છે.

વળી તે માણસે પોતાનાં મોટા પુત્રને પોતાની પ્રતિજ્ઞા પાલન કરવા માટે કુરુક્ષેત્રમાં રહેતા તે જ સન્યાસીને અર્પણ કર્યો.

શાસ્ત્રમર્યાદા પ્રમાણે મોટા છોકરાને કોઇ પણ પિતા બીજાને દત્તક તરીકે કે બીજી રીતે આપી શકતો નથી. વળી ગૃહસ્થાશ્રમનું સુખ વિધિ પ્રમાણે પ્રાપ્ત કરવું જોઇએ અને સન્યાસાશ્રમ પણ વિધિપૂર્વક ગ્રહણ કરવો જોઇએ. પણ આ સ્વામીજીનાં સન્યાસી બન્ને રીતે શાસ્ત્ર નિયમ ઉલ્લંઘન થાય છે. આથી આવા માણસનાં સ્વામી કે સન્યાસી થવામાં શાસ્ત્રીય નિયમ ન હતું. તેથી આ પુત્ર સન્યાસી થાય તે મોટાઓની નિંદા કરે તે સ્વાભાવિક છે. આ સંન્યાસીને વિદ્યા પ્રાપ્ત થઇ એ જ આશ્ચર્ય! પણ પ્રારબ્ધ કર્મનાં બલથી તેને તેનો લાભ મળ્યો છે. વ્યાસસૂત્ર ઉપર શારીરિક ભાષ્યનાં અભ્યાસમાં બ્રહ્મ વિચાર માટે વ્યાકરણ, ન્યાય, વૈશેષિક, મીમાંસાનો અભ્યાસ જરૂરી છે, પણ સંન્યાસ આશ્રમ ગ્રહણ કર્યા પછી તેવો અભ્યાસ કરવા માટે મના કરી છે. તેમ છતા સ્વામીજીએ સંન્યસ્ત દશામાં આ બધો અભ્યાસ કર્યો એ જ શું વિચિત્રતા નથી!

આ ઉપરથી એટલું ફલિત થાય છે કે દુકાળ પડવાથી દેશ તજીને ચાલ્યા ગએલા કોઇ બહુ પુત્રવાળા ભૂખ્યા અને દેશદેશાંતરમાં ફરતા બ્રાહ્મણે કુરુક્ષેત્રમાં આવી, ને શાસ્ત્રમર્યાદા ઓળંગીને પોતાનાં મોટા પુત્રને કોઇ એક સન્યાસીને વેચ્યો. એટલે તે સન્યાસીએ વણિકવૃત્તિથી તે છોકરાને ખરીદ્યો.

કાશી વગેરે સ્થળે નટ માફક દિગ્વિજય કર્યો એમ લખ્યું છે, તેનો અર્થ એટલો જ કે દિગ્વિજય નાટકની પેઠે દેખાવ પૂરતો છે – સાચો નથી. વળી કાશી વગેરે સ્થળમાં ત્યાંનાં લોકો તથા આપ્તજન તો આ સંન્યાસીનું નામ પણ જાણતા નથી, તો દિગ્વિજયની વાત જ શી! તેવી રીતે જયપુર, બુંદી, કોટા વગેરેનાં રાજાઓએ તેમને છત્રને ચામરથી સત્કાર્યાની વાત પણ બનાવટી છે. આ લખાણ પોતાનો ઉત્કર્ષ બતાવવા માટે બનાવટ કરેલ છે. આવી બનાવટને મિતાક્ષરકારે મહાપાતક ગણાવેલ છે.

સંન્યાસી થઇ ઉદેપુર નરેશનાં નગરમાં રહેવું તે ઉત્કર્ષસૂચક નથી, પણ અવનતિકારક છે. વળી તેમાં રાજાનું અન્ન ખાવું, વિદ્યાવિક્રય કરવો, રાજાનાં આશ્રયે રહેવું એ સદ્ધર્મને હાનિ કરતા છે, એમ મનુ ભગવાન ગણાવે છે. આથી આરૂઢપતિતત્વનો દોષ થાય છે. છતા સ્વામીજી તે દોષનાં ભોગે રાજાનો આશ્રય કરે છે.

વળી સહસ્રાક્ષમાં ગો.શ્રીજીવનજી મહારાજનું જે વૃત્ત આપ્યું છે તે પણ અસંબદ્ધ છે. વસ્તુતઃ એવું બનેલું કે શ્રીમદ્વલ્લભાચાર્યકુલકૌસ્તુભ પંડિતવર્ય શ્રીજીવનજી મહારાજ જગન્નાથજી સુધી પૂર્વનાં તીર્થોમાં યાત્રા કરીને તેનાં ફલરૂપ શ્રીમદ્ગોવર્ધનનાથજીનાં ચરણની સેવાની ઇચ્છાથી શ્રીનાથદ્વારા પધાર્યા. આ વખતે સ્વરૂપસિંહજી નામનાં ઉદયપુર નરેશે મહારાજશ્રીને ઉદ્યપુર તેડાવ્યા, કારણકે તેઓ મહારાજશ્રીની કીર્તિની સુવાસ પામ્યા હતા. આથી મહારાજશ્રી સદ્ધર્મનાં પ્રચારાર્થે ઉદયપુર ગયા. મહારાજશ્રીનાં સમાગમથી રાજા અત્યંત આનંદ પામ્યો. ત્યારે મહારાજશ્રીએ ભગવાનમાં ભક્તિ વધારનાર શ્રીબાલકૃષ્ણચમ્પૂ નામનો પોતાનો રચેલો ગ્રંથ રાજાને આપ્યો. રાજાએ તે ગ્રંથ આદરપૂર્વક લીધો ને મહારાજશ્રીને સન્માન કરી વિદાય આપી. આ પછી આ ગ્રંથ સંસ્કૃતમાં હોવાથી નરેશે પોતાનાં આશ્રિત સદાનંદગિરિને તે આપ્યો ને અંદર શું રહસ્ય છે એ જાણવા જિજ્ઞાસા કરી. પણ સન્યાસીએ તે ઉત્કૃષ્ટ ગ્રંથ જોઇ, રાજા આગળ અવળું કહ્યું, કે આ ગ્રંથ કુબેરનાં ભાઇ મહાદેવજીની ખૂબ નિંદાથી ભરેલો છે.

રાજા હરિ અને હરનો ભક્ત હોવાથી સન્યાસીનાં મુખથી આ ગ્રંથમાં શિવજીની નિંદા છે એમ સાંભળી મનથી દુઃખી થયો. આ વાત મહારાજશ્રી પાસે ગઇ ત્યારે પોતે કહ્યું, કે જો રાજા મને ફરીથી બોલાવશે તો હું આ ગ્રંથમાં શિવજીની નિંદાનો એક અંશ પણ નથી એ સિદ્ધ કરી આપીશ. પણ રાજા પોતે જ આવી જાતનાં ક્લેશમાં પડવા ઇચ્છતા ન હતા, આથી આ વાત પણ ત્યાં જ અટકી. આ ગ્રંથ હજી પણ છપાએલો મળે છે, તે જોવોથી વિદ્વાનોને ખાત્રી થશે કે તેમાં શ્રીમહાદેવજીની નિંદાનો અંશ પણ નથી.

વળી સ્વામીજી સન્યાસીને લગતા ચિન્હ રાખવા ને બદલે રાજચિન્હો ધરવા માંડ્યા, ને યતિ હોવા છતા વાદવિવાદમાં રસ લેવા લાગ્યા જે યતિઓ માટે નિષિદ્ધ આચરણ ગણાય છે. વળી જે કાર્ય સ્વામીજીએ કરવું જોઇએ તે ભિક્ષાટન વગેરે વિહિત કાર્યો ન કર્યા અને ઉલટું બીજામાં રાગદ્વેષ, નિષિદ્ધ ઠેકાણે વાસ, વાહનમાં મુસાફરી, આસનોમાં પ્રીતિ, મૌનનો અભાવ આ બધા તેમનાં યતિવિરુદ્ધનાં ધર્મો આચરવા લાગ્યા, જેથી તેઓ આરૂઢપતિત જેવા છે. આમ આરૂઢપતિત હોય તે પોતે જ સંસારરૂપી કૂવામાં પડેલો હોઇ તે સ્વતઃ નીકળવા અશક્ત હોય તો પછી તે બીજાને કેવી રીતે કાઢી શકે! વળી શ્રીવલ્લભસિદ્ધાંતનાં ખંડન માટે સંતોષરામ નામનાં માણસની પ્રાર્થના અને ઉપશમશીલ એવા યતિની પ્રવૃત્તિ તે બન્ને લક્ષણ સ્વરૂપહાનિ બતાવે છે. વળી રાજાએ નીમેલ અધિકારીએ કોઇ પણ ધર્મનો દ્વેષ કરવો તે યોગ્ય નથી. એમાં જો તે ઉપનિષદ્ નિષ્ઠ હોય તો તેનામાં તે અવગુણ ન હોવો જોઇએ. જ્યારે સ્વામીજીમાં પરધર્મનાં દ્વેષનો સ્વભાવ હતો જે એક સ્વરૂપહાનિ સૂચવે છે.

વળી શ્રીવલ્લભસિદ્ધાંત તથા તે અંગે જે આક્ષેપો તે પુસ્તકમાં કર્યા છે, તે તો નિર્મૂલ છે, અને પોતાની જાતે પોતાની પ્રશંસા ગાવા પૂરતા લખ્યા છે. તેમનું આચરણ, શિખા જનોઇ ત્યાગ, ગેરૂવા કપડા ધારણ કરવા પૂરતી તેમણે તેમાં શેખી મારી છે. બાકી સહસ્રાક્ષથી શ્રીવલ્લભસિદ્ધાંત ઉન્મૂલિત થઇ શકે તેમ હતો નહિ, ને છે પણ નહિ.

વળી આ ગ્રંથ શ્રીવલ્લભમતાનુયાયી મથુરદાસે પ્રસિદ્ધ કર્યો એમ લખ્યું છે, પરંતુ તે પણ સ્પષ્ટ છે છે કે કોઇ શાંકર મતાનુયાયીએ તે છપાવેલ છે.

ઉલટું પાતાલ સુધી જેનાં મૂળ ફેલાએલા છે અને સકલ લોકમાં જેની શાખા ફેલાએલી છે એવા શ્રીવલ્લભસિદ્ધાંતનાં જાણકારરૂપી પ્રબળ પવનથી હણાએલા શાંકર સિદ્ધાંતને ન જાણનાર, પોતાને હાથીરૂપી માનનાર તે મચ્છર પોતાનાં સહસ્રાક્ષ સહિત ભયથી નાસી જઇને ક્યાં લીન થઇ ગયો, જતો રહ્યો તેનો અમને હેવાલ મળ્યો નથી. કુસમયનાં

વાદળો બહુ ધાન્યનો નાશ કરે છે, તેને દૂર કરીને લોકોને બહુ ધાન્ય મળે, તેવી રીતે વિરુદ્ધ સિદ્ધાંત કે જે બહુ પ્રકારે બીજાઓનો નાશ કરે છે, તેનો નાશ કરી શુદ્ધજ્ઞાન લોકોને મેળવી આપવા માટે પ્રાભંજન ગ્રંથ ઉપર આ મારુત્‌શક્તિ મેં યોજી છે. સહસ્રાક્ષમાં જે મેઘ વિસ્તાર સાર વિનાનો, સન્માર્ગથી દૂર કરનાર જ્ઞાનનાં પડળરૂપ છે તે મારુત્‌શક્તિ વડે દૂર કરવામાં આવ્યો છે.

(૧૦)શ્રીવલ્લભાખ્યાન

પરમ ભગવદીય કવિવર શ્રીગોપાલદાસભાઇ રૂપાલવાળાનાં મુખદ્વારા પ્રગટ થયેલ શ્રીવલ્લભાખ્યાન એ પુષ્ટિમાર્ગીય વૈષ્ણવોનું મહાકાવ્ય છે. એ કાવ્યમાંથી અનેક દૈવી જીવો પ્રેરણા મેળવી ભગવન્માર્ગે વળ્યા છે, ને ભગવદ્ લીલા સંયોગનું સુખ પામ્યા છે. આ કાવ્ય ગુર્જર ભાષામાં છે ને તેની ઉત્પત્તિ વિક્રમ સંવતનાં સત્તરમાં સૈકાનાં પૂર્વાર્ધમાં થઇ છે. આ આખ્યાન ઘણું અર્થગંભીર પ્રાસાદિક અને ભાવપ્રચુર છે. આપણી હિંદુ જનતા વેદ, ગીતાજી વેગરે તરફ જે માન ને પૂજ્યભાવની દ્રષ્ટિ રાખે છે, તે જ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ભક્તો પ્રમાણ અને ભાવની દ્રષ્ટિઅ રાખે છે, તે જ પ્રમાણે પુષ્ટિમાર્ગીય ભક્તો પ્રમાણ અને ભાવની દ્રષ્ટિએ તે કાવ્યમાં પૂજ્ય ભાવ રાખે છે. તેથી તે કાવ્ય વેદાદિ પેઠે પુષ્ટિમાર્ગીય ભક્તને મન સર્વસ્વ છે. આ જ કારણથી વૈષ્ણવો તે કાવ્યને સદા કણ્ઠે રાખવા પ્રયત્ન કરે છે. વળી જ્યાં જ્યાં ભગવદ્ મંડલી બેસે છે ત્યાં ત્યાં આ કાવ્યનું પ્રત્યેક મીઠું (આખ્યાન)ક્રમ પ્રમાણે શરૂઆતમાં ગાવાની પ્રણાલિકા છે. તેમાં પુષ્ટિમાર્ગનાં સિદ્ધાંતોનું, લીલાસૃષ્ટિનું, શ્રીમહાપ્રભુજી શ્રીગુસાંઇજી ને તેમનાં પરિવારનું સુંદર વર્ણન છે. તેની ઉપર કેટલાક ગોસ્વામી મહારાજશ્રીઓએ તથા બીજાઓએ સંસ્કૃત, હિંદી, ગુજરાતી, તેમ જ બીજી ભાષાઓમાં ઉત્તમ ટીકાઓ લખી છે.

આ ગ્રંથ ઉપર અમદાવાદવાળા ગો.શ્રીવ્રજરાયજી મહારાજે સંસ્કૃત ભાષામાં ટીકા લખી છે. વળી સં.૧૯૨૭ના આસો માસમાં ગો.શ્રીજીવનલાલજી મહારાજે વ્રજભાષામાં પ્રૌઢ ને ભાવગંભીર રમ્ય ટીકા લખી છે. આ ટીકા ઉપર પંડિતજીને નાની ટીકા લખવા માટે મહારાજશ્રીએ આજ્ઞા કરી. આથી પંડિતજીએ મૂળ ગ્રંથ સાથે ટીકા ભાવને સમજાવનાર એક ટિપ્પણ તથા દરેક આખ્યાનનો ભાવ આવી જાય તેવો એક દુહો એમ નવાખ્યાનનાં નવ દુહા સં.૧૯૨૮નાં પોષ વદ ૮ને ગુરુવારે પૂરા કર્યા. ત્યાર બાદ મહારાજશ્રીએ તે ગ્રંથ પોતાનાં કેટલાક કાવ્યો સાથે પ્રકટ કર્યા. ત્યારબાદ મહારાજશ્રીએ તે ગ્રંથ પોતાનાં કેટલાક કાવ્યો સાથે પ્રકટ કર્યો. આ ગ્રંથમાં પણ પંડિતજીની કવિત્વશક્તિ, થોડા શબ્દોમાં ઘણું કહી દેવાની અદ્ભુત હથોટી વગેરે સામાન્ય માણસને આશ્ચર્ય પમાડે તેવી તરી આવે છે. આ કાવ્યમાં કવિશ્રી મહારાજશ્રીનો પરિચય આપતા લખે છે કેઃ

જીવન ગુનિજગનન કે, જીવનનિધિ ગંભીર
જીવન પર કરુણા કરી, જીવન વિભુ મતિધીર.

હવે આ કડી સાથે વલ્લભાખ્યાનની કડીનાં ટિપ્પણ વિષે વિચારીએ તો પંડિતજીની અદ્ભુત શક્તિ માટે માન ઉત્પન્ન થયા વિના ન રહે! પ્રથમ પંડિતજી શંકા કરે છે કે શ્રીવલ્લભાખ્યાનમાં આઠ કે દસ આખ્યાન ને બદલે નવ આખ્યાન કેમ છે? તેનો ખુલાસો કરતા પંડિતજી જણાવે છે કે નવધા ભક્તિ સિદ્ધ થવા માટે નવાખ્યાનની રચના છે. જોકે બધા જીવોને નવધા ભક્તિ પ્રાપ્ત થતી નથી, પણ પુષ્ટિમાર્ગીય જીવને તે ભક્તિ પ્રાપ્ત થાય છે. પ્રથમ ચરણનું રહસ્ય સમજાવતા કહે છે કે આ નવાખ્યાન ગુણીજનગણોને મનન કરવા લાયક છે, એટલે જે જીવો સન્માર્ગ તરફ વળેલા છે તેઓએ મુખપાઠ કરવા જેવું છે, ને તે જ તેનું જીવન છે. બીજા અર્થમાં ગુણીજનો શ્રીજીવનલાલજી મહારાજશ્રીનાં ગુણો ગાય છે કારણકે તેઓ તેમનાં આધારરૂપ છે. વળી બીજા ચરણનું રહસ્ય સમજાવતા કહે છે કે આ વલ્લભાખ્યાન નવ નિધિરૂપ છે. સામાન્ય રીતે નિધિ (ખજાનો) જમીનમાં ગુપ્ત રાખવામાં આવે છે. તેમ આ નવ આખ્યાન જે નવ ખજાના રૂપ છે તે જીવનની અંદર (હૃદયમાં) ગંભીર પણે ખજાનાની પેઠે ધારણ કરવા જોઇએ. બીજા અર્થમાં શ્રીજીવણલાલજી મહારાજશ્રીનો મુખ્ય નિધિ શ્રીવલ્લભાખ્યાન છે, જે

આપશ્રીએ ઉંચા પ્રકારનાં ખજાના માફક ગંભીરપણે તેનાં રહસ્યને અર્થ સહિત ધારણ કર્યો છે. હવે ત્રીજા ચરણનું રહસ્ય સમજાવતા કવિ કહે છે કે ભગવાને શ્રીવિઠ્ઠલેશ સ્વરૂપે જીવો ઉપર કરુણા કરી, શ્રીગોપાળદાસજીનાં મુખદ્વારા આ કાવ્યમાં રહેલો ઉંડો ભાવ સમજાવ્યો છે, અથવા શ્રીજીવણલાલજી મહારાજશ્રીએ જીવો પર એટલે બીજાઓ ઉપર કરુણા કરી પોતાના હૃદયમાં રમી રહેલા શ્રીવલ્લભાખ્યાનના ઉંડા ભાવ ટીકા કરી સમજાવ્યા છે. હવે ચોથા ચરણનું રહસ્ય સમજાવે છે કે જીવોને માટે આ કાવ્ય ભગવાનનાં નામસ્વરૂપ છે, કારણકે તેનાંથી જીવોની બુદ્ધિ ભગવાનમાં સ્થિર થાય છે, જ્યારે બીજા અર્થમાં શ્રીજીવણલાલજી મહારાજશ્રીની બુદ્ધિ ભગવાનમાં ધીર એટલે અનન્યભાવવાળી છે. આમ એક કડી ઉપરથી પંડિતજીમાં ધીર એટલે અનન્યભાવવાળી છે. આમ એક કડી ઉપરથી પંડિતજીમાં દ્વિઅર્થી ભાવવાળું કેટલું ઉંડું રહસ્ય સમજાવવાની શક્તિ છે તે વાંચનાર સહજમાં સમજી શકશે આમ વલ્લભાખ્યાન વૈષ્ણવો માટે એક ઉત્તમ નિધિ છે. એમ ખજાનાથી પુષ્કળ દ્રવ્ય સંપત્તિ અને સુખની પ્રાપ્તિ થાય છે, તેમ આ કાવ્યનાં એક આખ્યાનરૂપ નિધિથી અનંતભગવદ્ભાવની સંપત્તિ અને અલૌકિક પરમાનંદ પ્રાપ્ત થાય છે. વળી સાતમા સ્કંધમાં નવધા ભક્તિનું વર્ણન આવે છે. તે નવધા ભક્તિ વલ્લભાખ્યાન દ્વારા કેવી રીતે સિદ્ધ થાય તેનું પંડિતજી પોતે સ્ફોટન કરે છે. શ્રીભાગવતમાં ભક્તિનાં નવ પ્રકાર વર્ણવતા કહે છે કેઃ

શ્રવણં કીર્તનં વિષ્ણોઃ સ્મરણં પાદસેવનમ્ ।
અર્ચનં વંદનં દાસ્યં સખ્યમાત્મનિવેદનમ્ ।

નવ પ્રકારની ભક્તિનો દરેક આખ્યાન સાથે કેવી રીતે મેળ ખાય છે તે બતાવે છે. પ્રથમ આખ્યાન સાંભળવાથી શ્રવણ ભક્તિ પ્રાપ્ત થાય છે. તે જ કારણથી આ આખ્યાનમાં અક્ષરબ્રહ્મ, પુરુષોત્તમ, સૃષ્ટિપ્રકાર, નિત્યલીલા એ બધી શ્રવણ કરવાની વસ્તુઓનું વર્ણન છે. તેવી રીતે બીજા આખ્યાનથી કીર્તન ભક્તિ પ્રાપ્ત થાય છે. તે માટે આ આખ્યાનમાં શ્રીગોપાલદાસજી ગાય છે ''યજ્ઞ પુરુષ હરિનાં શ્રુતિગુણ ગાય'' એમ કહી, શ્રીમહાપ્રભુજીનું જીવનવૃત્તનું કીર્તન કરે છે. તૃતીય આખ્યાનમાં સ્મરણભક્તિની મુખ્યતા છે. આ ભક્તિ શ્રીગોપાલદાસભાઈને સિદ્ધ થએલી હોવાથી શ્રીપ્રભુચરણનાં પ્રાકટ્ય ઉત્સવનું વર્ણન ગાયું છે. જે ભગવદીયોને ભગવદ્સાક્ષાત્કારની ઈચ્છા હોય તેમણે આ આખ્યાનનું પરિશીલન કરવું. ચોથા આખ્યાનમાં પાદસેવન ભક્તિનું વર્ણન છે. તેથી આરંભમાં ''તે પદ વંદુ શ્રીવલ્લભનંદજી, ત્રિભુવન મંગલ પરમાનંદજી'' એમ ચરણમાં મહાત્મ્ય ગણાવ્યું છે. પાંચમા આખ્યાનમાં ભગવદ્નામ માત્રથી નિષ્પાપ થવાય તે ભક્તિપક્ષની મુખ્યતા, વેદવિરોધી મતનો નિરાસ અને ભગવદ્ધામનું સ્વરૂપ ઈત્યાદિ સમજાવી તે બધાથી અર્ચન ભક્તિ પ્રાપ્ત થાય છે તે સમજાવ્યું છે. છઠ્ઠા આખ્યાનમાં પ્રભુનું નિત્યચરિત્ર વર્ણવ્યું છે. ભક્તે ભગવાનનાં વિરહનો તાપ રાખવો. કિમાસનં તે ગરુડાસનાય, નમોસ્તુ તે દેવવર પ્રસીદ ઈત્યાદિ વચનથી રૂપવિયોગ નિવારણ માટે હંમેશ વંદન ભક્તિ કરવી, તે આ આખ્યાનથી સિદ્ધ થાય છે.

સાતમા આખ્યાનમાં જીવને શિક્ષા આપવા માટે શ્રીપ્રભુચરણ શ્રીનાથજીની સેવા કરે છે, તે વર્ણવ્યું છે. તે એવું બતાવે છે કે જીવે દાસભાવથી સેવા કરવી. તેથી દાસ્ય ભક્તિનું સ્વરૂપ સ્પષ્ટ સમજાવ્યું છે. આઠમા આખ્યાનમાં નંદનંદનને જઈ મળે એ વાક્ય સખ્ય ભક્તિનો પ્રકાર બતાવે છે. નવમા આખ્યાનમાં શ્રીમહાપ્રભુજીનાં પરિવારનો આશ્રય ભક્તકવિએ પોતાની રસનાદ્વારા કર્યો છે, તે ઉપલક્ષણ રીતે પ્રમાણ કર્યો છે. આ ઉપરથી એમ સિદ્ધ થાય છે કે નેત્રાદિક તથા બીજી ઈંદ્રિયોદ્વારા ભગવદ્ દર્શનાદિ કરવાનો ઉપદેશ છે, તે આત્મનિવેદન ભક્તિ સ્પષ્ટ બતાવે છે અને જીવને આત્મનિવેદન કરાવવા માટે શ્રીમહાપ્રભુજીનો વંશ જગતમાં છે, એમ સૂચવે છે. આમ સૂક્ષ્મ દ્રષ્ટિથી જોતા એક એક આખ્યાનમાં એક ભક્તિની મુખ્યતા સ્પષ્ટ સિદ્ધ કરે છે, અને વાસ્તવિક રીતે બધા આખ્યાન બધા પ્રકારની ભક્તિ માટે છે.

નવાખ્યાન હોવાનું બીજું કારણ આપતા જણાવે છે કે, શ્રીમહાપ્રભુજીનાં પ્રબળ પ્રતાપરૂપ શ્રીગોપીનાથજી, શ્રીગુંસાઈજી અને સપ્ત બાલકો એક કુલ નવરૂપે ભૂતલ ઉપર આપશ્રી બિરાજ્યા. આથી શ્રીમહાપ્રભુજીનાં પ્રતાપરૂપ નવ આખ્યાન શ્રીગોપાલભાઈએ બનાવ્યા.

વળી આ ગ્રંથની નવની સંખ્યા વિષે વધુ પ્રમાણ આપતા પંડિતજી કહે છે કે બધા આંકડામાં નવનો આંકડો પરિપૂર્ણ છે. તેથી આગળ બીજો કોઈ આંકડો નથી. આથી શ્રીરામચંદ્રજી, નંદાલયમાં શ્રીપુરુષોત્તમ અને શ્રીગુંસાઈજી એ બધા નવમીનાં દિવસે પ્રાદુર્ભાવ પામ્યા છે, કારણકે આ બધા અવતારો પૂર્ણ બ્રહ્મનાં પૂર્ણ અવતાર છે. તેવી રીતે આ આખ્યાન પણ અલૌકિક પરિપૂર્ણ સ્વરૂપ છે. આ બતાવવા માટે નવાખ્યાન શ્રીગોપાલદાસજીએ ગાયા છે.

આવું જ બીજું ટિપ્પણ ‘‘સ્કંધ સંખ્યાએ કહ્યા પદ, શ્રીભાગવત રસરાજ’’ એ ઉપર છે. આ ચોથા આખ્યાનમાં બાર કડી છે ને શ્રીભાગવતનાં બાર સ્કંધ છે. આ બન્નેમાં કેવી જાતનું સામ્ય છે તે પંડિતજી નીચે પ્રમાણે બતાવે છે.

પ્રથમ સ્કંધ ભગવદ્ ચરણરૂપ છે. અને તેમાં બધા પ્રકારનાં અધિકારીનાં કાર્ય સિદ્ધ કહી છે. વળી શ્રીભાગવતની જગતમાં પ્રવૃત્તિ આ સ્કંધથી છે. તેથી તે પદવંદુ એ કડીમાં ચરણનું વર્ણન કરેલું છે. બધા જીવોનાં દ્વંદ્વની નિવૃત્તિ કહી છે. (દ્વંદ્વ એટલે સુખદુઃખનાં ભાવો, અથવા પ્રભુ જગત ને જીવમાં જુદાપણું માનવું-જે દ્વૈતભાવ તે.) અને જગતમાં મુખમકરંદનો ફેલાવો વર્ણવ્યો છે. આ કડી પ્રથમ સ્કંધનું તાત્પર્ય બતાવે છે.

બીજો સ્કંધ પણ ચરણરૂપ છે. તેમાં વિમર્શાદિ પ્રકરણથી જ્ઞાનનું નિરૂપણ કર્યું છે અને તે ઉપનિષદનાં નિયમ અનુસાર છે. વળી મનુષ્ય માત્રને શ્રવણ કીર્તનાદિ ભગવદ્ભક્તિ અને મોક્ષનો અધિકાર છે. તેનું વર્ણન પણ તે સ્કંધમાં છે. તેવી રીતે બીજી કડીમાં મોક્ષાદિ સુખનાં દાતા તરીકે ચરણનું વર્ણન છે અને બધા જીવોનાં ઉદ્ધાર માટે વેદનાં તત્ત્વનું રહસ્ય શ્રીગુંસાઈજીએ વિચાર્યું એમ જણાવ્યું છે.

તૃતીય સ્કંધમાં સર્ગનું વર્ણન આવે છે. સર્ગનું લક્ષણ શ્રીમહાપ્રભુજીએ ‘‘અશરીરસ્ય વિષ્ણોઃ પુરુષશરીર સ્વીકારઃ સર્ગઃ’’-વિષ્ણુ ખરેખર શરીરવાળા નથી. છતા જગત ઉત્પત્તિ માટે ભગવાન શરીરનો સ્વીકાર કરે છે તે સર્ગલીલા છે. આ લીલા થવામાં ગુણક્ષોભ વડે બ્રહ્મ વિષમતા પામે છે. તે વાત આ સ્કંધમાં જણાવી છે તેવી રીતે ત્રીજી કડીમાં ‘‘બ્રહ્મકુલ હરિ અવતર્યા’’ એમ જણાવી બધાનું કારણ ભગવાન (શ્રીગુંસાઈજી) છે, એમ શ્રીગોપાલદાસજી જણાવે છે.

ચોથા સ્કંધનો અર્થ છે વિસર્ગ, એટલે બધા નિત્ય કાર્ય પ્રકટ દેખાય તે. જેમાં ભગવાનની અમોઘ લીલાને અદ્ભુત કર્મનું વર્ણન હોય છે. તેવી રીતે ચોથી કડીમાં શ્રીગુંસાઈજીનાં ગુણ તથા પ્રગટ વિવિધ વિહારનું વર્ણન છે.

પંચમ સ્કંધનો અર્થ સ્થાન છે. સ્થાન એટલે આધાર. ભગવાનની સ્થિતિ બધા જગતમાં છે. વળી પ્રભુ તેમાં વસી દરેકની મર્યાદા સ્થાપે છે. તેવી રીતે પાંચમી કડીમાં શ્રીગુંસાઈજી ત્રિભુવનમાં તત્ત્વનું તત્ત્વ ને સર્વનું સારમાં સાર છે. વળી ત્રિભુવન ને ભક્તનાં આધાર એટલે મર્યાદાનાં સ્થાપક છે. આમ પંચમ સ્કંધના લક્ષણ સાથે મળે રાખે છે.

ષષ્ઠ સ્કંધનો અર્થ પોષણ છે. પોષણ એટલે અનુગ્રહ. તેવી રીતે છઠ્ઠી ટૂંકમાં ચલણ વલણે બોધવ્યા વગેરેથી ભક્તિ ઉપર અનુગ્રહ કરી ભક્તનાં હૃદયમાં દાખલ થયા.

સપ્ત સ્કંધમાં ઊતિ લીલા બતાવે છે. ઊતિ એટલે વાસના. તેવી રીતે સાતમી કડીમાં ‘મોહ્યા અલિસકલ’ માં ભ્રમરનાં વર્ણદ્વારા અલૌકિક વાસના તથા વિલાસનું વર્ણન કર્યું છે. ખરેખર નહીં જે ભ્રમર છે તે પરમ ભક્ત છે. તેથી શ્રીમહાપ્રભુજી ઊતિનો અર્થ સમજાવતા લખે છે કે ‘‘બ્રહ્મજ્ઞાનિનઃ પ્રતીતિસિદ્ધ્યર્થ તત્રતાદ્રશલીલાપ્રદર્શનં ઊતિઃ’’ બ્રહ્મજ્ઞાનીને બ્રહ્મની પ્રતીતિ કરાવવા માટે તેવી લીલા બતાવવી તે ઊતિ લીલા છે. શ્રીગુંસાઈજીએ આવા જે જ્ઞાનીભક્તો આપશ્રીની સમીપ આવ્યા તેમને ભગવદ્લીલા દેખાડી, નિઃસંશય બનાવ્યા તેનું વર્ણન આ સાતમી કડીમાં છે.

અષ્ટમ સ્કંધ મન્વન્તર લીલા બતાવે છે. મન્વન્તર મોક્ષ ઉપયોગી ધર્મ છે. આઠમી કડીમાં નામસ્મરણ તાપહારક ગણાવ્યું છે. મોક્ષ પામ્યા વિના ભય કોઈ રીતે મટે નહિ. આ વસ્તુ બ્રહ્મવલ્લી બૃહદારણ્યકમાં સારી રીતે વર્ણવી છે.

નવમ સ્કંધ ઈશાનુકથા બતાવે છે. ઈશાનુકથા એટલે ભગવાન અને ભક્તનાં ચરિત્ર. આ ચરિત્રનું વર્ણન સાંભળવાથી જીવ ભગવન્મય બને છે. તેનો અહંતામમતારૂપ સંસાર નિવૃત્ત થાય છે. શ્રીમહાપ્રભુજી ઈશાનુકથાનો મર્મ કહે છે કે ''પ્રલયોપિ અહંતામમતારૂપસ્ય ઈશાનુકથયા'' જેવી રીતે નવમસ્કંધમાં ભગવદ્ ભક્ત રાજાઓ ભગવદ્ ઈચ્છાથી રાજ કારભારમાં જોડાયા તેમ શ્રીગુંસાઈજીએ ભક્તોને સ્વસ્વરૂપ અર્થે રાજકાજમાં જોડ્યા. જેમ ઘોડો રથમાં પોતાની ઈચ્છાથી જોડાતો નથી, પણ માલિકની પ્રસન્નતા ખાતર જોડાય છે. તેવી રીતે પ્રજા આસકરણ અને અંબરીષ વગેરે ભગવદ્ ઈચ્છાથી રાજ ચલાવતા હતા.

દશમ સ્કંધ નિરોધ લીલા બતાવે છે. પ્રભુએ પૂર્ણ અવતારી રૂપે અવતરી જગતમાં બાલલીલાથી માંડી અનેક ક્રીડાઓ કરી, બધા ભક્તોનો પ્રપંચ ભુલાવ્યો, અને પોતાનાં સ્વરૂપમાં આસક્તિ કરાવી આનું નામ નિરોધ. આ જ તાત્પર્ય દશમી કડીમાં છે.

એકાદશ સ્કંધ મુક્તિલીલા બતાવે છે. મુક્તિ એટલે જીવ પ્રાકૃત દેહ વગેરે સંબંધથી છૂટી, અલૌકિક સ્વરૂપની પ્રાપ્તિ કરી તે. અગ્યારમી કડીમાં શ્રીમહાપ્રભુજીએ ભક્તોને તેવું ફલ આપ્યું. આથી ભગવાન જે ભક્તવત્સલ છે તેનાં તાપનું નિવારણ કર્યું. આમ એકાદશ સ્કંધમાં પ્રભુનાં અનેક ધર્મ બતાવ્યા છે. તે આ કડીમાં સૂચવ્યું છે.

દ્વાદશ સ્કંધ આશ્રયલીલાનો છે. આશ્રય એટલે સર્વકર્તા પ્રભુ ભક્તને અખંડ અલૌકિક સુખ આપી, પોતામાં કેવલ સ્થિર રાખે છે. તેવી રીતે બારમી કડીમાં સર્વાંગ શોભા યુક્ત પ્રભુનું વર્ણન છે, જે ભક્તને સુખ આપનાર છે. આમ દ્વાદશ સ્કંધમાં ચાર પ્રકારનાં પ્રલયમાં પણ પ્રભુ આધાર છે, એમ ગુપ્ત રીતે સૂચવ્યું છે. અને પોતે શ્રીભાગવતરૂપ હોઈ આપની લીલા જગતમાં પ્રગટ કરે છે તેમ આ કડીમાં જણાવ્યું છે.

આમ બાર સ્કંધ સાથે ચોથા આખ્યાનની બાર કડીનું સામ્ય બતાવી, છેવટે પંડિતજી કહે છે કે આ વસ્તુનું મેં અંગુલિદર્શન માત્ર કરાવ્યું છે. પણ જેની વધુ ઈચ્છા હોય તેણે ભાગવતની બીજા સ્કંધમાં અધ્યાય ૧૦-નો શ્લોક પહેલો ''અત્ર સર્ગોવિસર્ગશ્ચ સ્થાન પોષણઊતયઃ''ઈત્યાદિ શ્લોકની શ્રીસુબોધિનીજી, (શ્રીગટ્ટુલાલજી સંસ્થાનું પહેલાનું તથા શ્રીશુદ્ધાદ્વૈત સંસદ તરફથી આ સાલમાં પ્રગટ થયેલ શ્રીભાગવત સાથે નિત્યલીલાસ્થ ગો.શ્રી જીવણલાલજી કૃત શ્રીવલ્લભાખ્યાનનું વ્યાખ્યાન જોવાથી અલભ્ય લાભ મળશે.) નિબંધ જોવા તથા મહાનુભાવ ભક્તનાં મુખથી જાણી લેવું. આથી વધુ લખવાનું મારું સામર્થ્ય નથી. છેવટે આ ચતુર્થ આખ્યાનનું તાત્પર્ય સમજાવતા પંડિતજી લખે છે કે

(દોહા)
ઈહ ચોથે આખ્યાન હરિ, કહે સ્કંધ અનુસાર।
નિજજન અનહિત ટારિ સબ નિત હિત અમિત ઉદાર।

આમ શ્રીવલ્લભાખ્યાન ઉપર તેમણે ટિપ્પણમાં અનેક વસ્તુઓનું અદ્ભુત રીતે સ્પષ્ટીકરણ કર્યું છે. બાકી આ લઘુ ગ્રંથમાં મીઠા સમુદ્રમાંથી ખોબા જલનાં પાનથી જેટલી તૃપ્તિ અનુભવીએ તેવી જ તૃપ્તિ થાય. માટે આ રસના રસિયાઓએ તો તે ગ્રંથનું અધ્યયન-મનન કરી લેવા જેવું છે.

(૧૧)શાસ્ત્રીજી કેશવજીનો મેળાપ

સંવત ૧૯૨૮માં પંડિતજી જામનગર પધાર્યા. જામનગરમાં ગો.શ્રીબાબુરાયજી મહારાજ બિરાજતા હતા. તેઓ પંડિતજીનાં નાના શ્રીવ્રજવલ્લભજીનાં ભાઈ થાય. આ વખતે જામનગરમાં શાંકરતત્ત્વજ્ઞાનનાં કેટલાક સમર્થ વિદ્વાનો વસતા હતા. તેમાં શાસ્ત્રીજી કેશવજી મોરારજી એક હતા. આ શાસ્ત્રીજીનો જન્મ સં.૧૮૭૬નાં આસો વદ ૮મે થયો હતો. તેમણે વ્યાકરણ, વેદાંત, ન્યાય, જ્યોતિષ શાસ્ત્રમાં અસાધારણ રીતે પ્રવેશ કર્યો હતો.

પ્રસંગ એવો બનેલો કે આ વખતે જામનગરમાં મહારાજા જામ શ્રીરણમલજી રાજ્ય કરતા હતા. તેમની કુંવરીનું સગપણ જોધપુર નરેશ સાથે કરેલું. વરપક્ષવાળા પોતાના રિવાજ પ્રમાણે હથેવાલે લગ્ન કરવા ઈચ્છતા હતા, તે પ્રમાણે તેની માંગણી કરી; જ્યારે જામશ્રીની ઈચ્છા કુળપરંપરા શસ્ત્રવિવાહની હતી. આ કામ આ જુવાન શાસ્ત્રીને સોંપ્યું. તેઓએ જોધપુર જઈ, ત્યાંનાં પંડિતો સાથે શાસ્ત્રાર્થ કરી, ક્ષત્રિયોએ પ્રથમ શસ્ત્રવિવાહ કરવો જોઈએ એવું સાબિત કરી આપ્યું. આ વાત જોધપુર નરેશે સ્વીકારી ને ખડ્ગ જામનગર મોકલ્યું. આ કાર્ય અપૂર્વ રીતે પાર પડવાથી જામશ્રીની આ શાસ્ત્રીજી ઉપર અનંતગણી કૃપા ઉતરી.

ત્યારબાદ જામશ્રી રણમલનો વિદેહ થતા શ્રીવિભાજી રાજ્યાસન ઉપર બેઠા. તેમણે પણ આ શાસ્ત્રીજીનો સારો સત્કાર કરવા માંડ્યો. આ શાસ્ત્રીજીનું મુખ્ય કાર્ય વિદ્યાર્થીઓને ભણાવવાનું હતું ને તેઓ એક સમર્થ શિક્ષાગુરુ તરીકે યશસ્વી નીવડ્યા હતા. તેમનાં હાથ નીચે ઘણા વિદ્યાર્થીઓ ભણી ગયા તેમાંથી કેટલાકે મોટા પંડિત ને કવિ તરીકે નામના મેળવી હતી.

આ શાસ્ત્રીજીએ વેદાંતનો અભ્યાસ તે વખતનાં પ્રખ્યાત સ્વામી ટોકરાનંદ ઉર્ફે પૂર્ણાનંદ પાસે કર્યો હતો. અહીં ભારતમાર્તંડ ગટ્ટુલાલાજી પધાર્યા છે એમ જાણી, તેમને તેમની સાથે શાસ્ત્રાર્થ કરવા ઈચ્છા થઈ. આથી જામશ્રી વિભાજી મહારાજ સમક્ષ હાટકેશ્વર મંદિરમાં એક સભા ભરાઈ ને ત્યાં શાસ્ત્રાર્થ કરવામાં આવ્યો. આ વખતે શાસ્ત્રીજીએ જગત સત્ય છે કે અસત્ય? એ પ્રશ્ન ઉઠાવ્યો. તેનાં ઉત્તરમાં પંડિતજી તરફથી વેદની શ્રુતિનું પ્રમાણ આપવામાં આવ્યું કે સર્વં ખલુ ઈદં બ્રહ્મ નેહ નાનાસ્તિ કિઞ્ચન (આ બધું જગત જરૂર બ્રહ્મ રૂપ છે. એટલે પરમેશ્વરરૂપ છે. આમાં બીજી કોઈ જાતિ કે વિભાગ છે નહિ.) અર્થાત્ પરમેશ્વરરૂપ આ જગત છે તેને ખોટું કેમ કહેવાય? આપ વયોવૃદ્ધ પંડિત વિદ્વાન છો વળી મહાભારત અન્તર્ગત ભગવદ્ ગીતામાં લખવામાં આવ્યું છે કે અસત્યં અપ્રતિષ્ઠં તે જગદાહુરનીશ્વરમ્ કોઈ આસુરી જીવો આ જગતને અસત્ય એટલે ખોટું છે અથવા નિરાધાર છે અથવા ઈશ્વર વિનાનું છે એમ કહે છે. માટે આપે આવા શબ્દો સ્વીકારવા નહિ જોઈએ. પંડિતજીનાં આ ઉત્તર ઉપર, પછીથી જગતનાં સત્યાસત્યની બાબતમાં મોટો શાસ્ત્રાર્થ ચાલ્યો. પણ આ વખતે મધ્યસ્થ તરીકે દ્રવિડ દેશનાં સન્યાસી માધવાનંદ અને જામનગરનાં દિવાન થાણાનિવાસી નારાયણરાવ સાહેબ કરીને હતા. આ બન્ને જણા શાસ્ત્રીજીનાં શંકરમત પ્રત્યેના દ્રઢાગ્રહ અને વૈષ્ણવ ધર્મ પ્રત્યેનાં તોછડા વર્તનથી વાકેફ હતા, એટલે શાસ્ત્રીજીને બીજા મુદ્દા ઉપર ચર્ચા કરવા પ્રેરણા આપી. આથી પ્રશ્નનું નિરાકરણ ન થતા, બ્રહ્મ સાકાર છે કે નિરાકાર છે એ પ્રશ્ન ઉપર એકબીજાનાં સવાલ જવાબ થવા લાગ્યા. તેમાં પંડિતજીનાં સબળ શાસ્ત્રાધારનાં પ્રબળ ઉત્તરો સાંભળી મધ્યસ્થો ખુશ થયા અને શાસ્ત્રીજીને શાસ્ત્રાર્થ પડતો મૂકવા માટે સમજાવ્યા અને પોતે મધ્યસ્થપણું છોડી દીધું. આમ આ શાસ્ત્રાર્થનો અંત આવ્યો.

આ પછી મુંબઈમાં સં.૧૯૨૯માં ફાગણ સુદ ૪ને વાર સોમવારે આર્યમિત્ર નામના પત્રમાં નવીન પંથ સ્વામીનારાયણ વિષે કેટલુંક અજુગતું છપાયું. આ ઉપરથી મુંબઈના કેટલાક સજ્જનોએ આર્યમિત્રનાં સંચાલકો, સ્વામીનારાયણનાં આચાર્ય તથા પંડિતો ને બીજા ધાર્મિક પુરુષોની એક સભા એમનો શાસ્ત્રાર્થ ને નીતિ સાંભળવા માટે રાખી. સભાનું સ્થળ ભીમકોટમાં રામમંદિરમાં હતું. સભાનો સમય થયે સ્વામીનારાયણનાં આચાર્યને તેડવા ગયા, પણ તે પહેલા આચાર્યને તેમનાં પંડિતો મુંબઈની હદ છોડી ચૂક્યા હતા. આમ આર્ય સમાજને સનાતન ધર્મ વચ્ચે તણખા ઉડવાનું શરૂ થઈ ચુક્યું. વળી લોકોમાં પણ જુના ને નવા ધર્મનું રહસ્ય જાણવાની જિજ્ઞાસા જાગી હતી, એટલે આવી સભાઓમાં લોકો રસ લેતા. પણ જ્યારે સભા મળવાનું જાહેર કરવા છતા તે ન મળતી ત્યારે લોકો પક્ષાપક્ષી કરી અનેક શંકાઓ ઉઠાવતા.

(૧૨) ચોથો હલ્લો

આમ મુંબઇનું ધાર્મિક ને સામાજિક વાતાવરણ ડહોળાઇ ગયેલું હતું, એવામાં પુષ્ટિમાર્ગ ઉપર ચોથો હલ્લો બહુ વિચિત્ર રીતે આવ્યો. તે હિંદુ ધર્મમાં હિંદુ જાતિમાં નવજ્યોત પ્રગટાવવાના નિમિત્તે આવ્યો. આ નવજ્યોત પ્રગટાવનાર મહર્ષિ દયાનંદ સરસ્વતી હતા. તેમનું મુખ પ્રતાપી ને પ્રતિભાશાળી હતું. તેમની નીતિ મંડનાત્મક કરતા ખંડનાત્મક વિશેષ હતી. ગમે તે વાદ સંપ્રદાયને ઉતારી પાડીને તે વેદોક્ત પ્રમાણ નથી, એમ સિદ્ધ કરવા મથતા. પુરાણો ને તેમાં ખાસ કરી શ્રીભાગવતનું ખંડન એ જ તેમના જીવનનું મુખ્ય ધ્યેય હતું. તેઓ વ્યાખ્યાન આપે ત્યારે મૂર્તિપૂજા વેદમાં નથી, પુરાણો અને સ્મૃતિઓ વગેરે ભ્રામક છે એમ જણાવતા, ને માત્ર વેદને સર્વોપરી ઠરાવતા, અને વેદ ઈશ્વરપ્રણીત છે તેવું મનાવવા માટે પ્રયત્ન કરતા. વળી ઈશ્વરનાં સ્વરૂપ સંબંધમાં તેમની માન્યતા બ્રહ્મસમાજ અને પ્રાર્થનાસમાજ કરતા જુદી ન હતી. પણ બ્રહ્મસમાજ વેદને ઈશ્વરપ્રણીત માનતો નથી, આથી આ સમાજ સાથે ભળી શક્યો નહિ.

વળી થીઓસોફીના સ્થાપક મેડમ બ્લેવેટ્સ્કીએ શરૂઆતમાં થીઓસોફી અને આર્યસમાજની પ્રવૃત્તિ ભેગી ભેળવી દીધી હતી પણ પાછળથી થીઓસોફીનું ધ્યેય બદલાયું; તેણે હિંદુ ધર્મની દરેક વાતો વિજ્ઞાનની દ્રષ્ટિએ કસવા માંડી. દયાનંદજી પુરાણો ને સ્મૃતિની વાતો ભ્રામક કહેતા, પણ તે વાતો વૈજ્ઞાનિક રીતે તપાસ કરતા ભ્રામક નહીં પણ સત્ય સાબિત થવા માંડી, આથી થીઓસોફી પણ આર્યસમાજથી છૂટી પડી.

આ મહર્ષી દયાનંદજીનો જન્મ સં.૧૮૮૧માં થયો હતો. તેમણે શરૂઆતનાં ચૌદ વર્ષમાં સંસારનાં ઠીકઠીક વાયરા અનુભવ્યા હતા. તેથી તેઓ સંસારને રોગ સમાન માનતા. જ્યારે તેમનાં પિતાએ તેમને પરણાવવા માટે ઈચ્છા કરી ત્યારે સત્યજ્ઞાનની પ્રાપ્તિ માટે ઘર છોડી તેઓ ચાલ્યા ગયા. અનેક દુઃખો વેઠી, અનેક સ્થળે સત્યજ્ઞાન મેળવવા માટે પ્રયત્ન કરતા, તેઓ ઘણો વખત ફર્યા. આખરે, આ સત્યજ્ઞાન તેમને મથુરામાં વિરજાનંદ નામનાં પર સન્યાસીએ આપ્યું. ગુરુઆજ્ઞા લઇ, એકતાલીસમા વરસે વેદધર્મનાં પ્રચાર માટે તેઓ નીકળી પડ્યા ને અનેક ઠેકાણે વેદ ઉપર વ્યાખ્યાન આપતા તે વખતે પ્રતિમાપૂજન તથા શ્રીભાગવતનું ખંડન કરતા. વળી આ સમયે પાદરીઓ હિંદુ ધર્મની નિંદા કરી ખ્રિસ્તી ધર્મનો પ્રચાર કરતા; આ વસ્તુ પણ સ્વામીજીની નજર બહાર ન હતી. તેમનો તેમણે વિરોધ કરવા માંડ્યો ને બાઈબલની કેટલીક વાતો સત્યથી વેગળી છે, એમ તેઓ છડે ચોકે કહેતા. તેવી જ રીતે જૈન મુસ્લિમ વગેરે ધર્મનાં દૂષણો પણ તેઓ બતાવવા લાગ્યા.

આમ ધાર્મિક પ્રચાર કરતા સં.૧૯૩૦માં સ્વામીજી મુંબઇ આવ્યા. અહીં આવ્યા પહેલા જ શ્રીવલ્લભમત વિષે સુધારકો તરફથી સારી રીતે કાન ભંભેરણી થઇ ચૂકી હતી. આથી તેમણે અહીં આવી મૂર્તિ જડ છે, અને ઈશ્વર માનશો તો ઈશ્વર પણ જડ સિદ્ધ થશે, આમ વ્યાખ્યાન આપી મૂર્તિપૂજા ઉપર સજ્જડ પ્રહારો કરવા માંડ્યા, તથા શ્રીવલ્લભ અને સ્વામિનારાયણ સંપ્રદાય ઉપર આક્ષેપ કરતા પુસ્તકો લખ્યા.

આ વખતે મુંબઈમાં પંડિતશ્રી ગટ્ટુલાલાજી ધાર્મિક પ્રચાર, સભા વ્યાખ્યાન અને કથાદ્વારા કરી રહ્યા હતા ને વખતનાં લગભગ બધા જ મોટા વિદ્વાનો, પંડિતો, શાસ્ત્રીઓનો તેમની ધર્મ સંબંધી નીતિ પરત્વે ટેકો હતો. પંડિતજીની નીતિ ખંડનાત્મક ન હતી પણ મંડનાત્મક હતી. બીજી તરફ સ્વામીજીનો સ્વભાવ એવો ન હતો. કોઈ પણ વસ્તુને તોડી ફોડી નાખી, તેનો વિનાશ કરી, તેને બદલે તદ્દન નવી વસ્તુ રજુ કરતા, તેઓ ગમે તે વસ્તુ હાથમાં લે તો તેનો વિવાદ ઉભો કરી, તે ખોટી છે એમ પુરવાર કરવા તનતોડ મહેનત કરતા અને તે ઠેકાણે બીજી વસ્તુ રજુ કરતા. આમ તેમનાંમાં જુનું બળાત્કારે ભુલાવી નવી વસ્તુની રચના કરવાની ટેવ હતી. આથી તેમનાં ઈશ્વર સંબંધી વિચાર વેદને મળતા હતા. તેનાં કરતા બ્રહ્મસમાજને વધુ મળતા હતા, એમ કહીએ તો ચાલી શકે તેમ છે. તેવી રીતે વેદની ચાતુવર્ણ્ય માનવા છતા વર્ણ, જાતિ જ્ઞાતિનાં ભેદમાં તેઓ માનતા ન હતા; આમાં પણ તેઓ બ્રહ્મસમાજનાં ટેકેદાર હતા.

સ્વામીજી મુંબઈમાં આવ્યા ત્યારની મુંબઈની સામાજિક સ્થિતિ પણ જોવા જેવી છે. મહાજન મંડળનાં કર્તા શ્રીમગનલાલ પટેલનાં શબ્દોમાં નવાજુના લોકો માટે કહીએ તોઃ-

‘‘સુધારાનો અર્થ બીજાઓ ગમે તેવું કરતા હોય, પરંતુ હું જે સુધારાની વાત કરું છું તેનો અર્થ તો એ છે કે જેટલું જુંનું તેટલું ખરાબ, માટે માનવું નહિ, અને જેટલું નવું તેટલું સારૂં માટે તે ગ્રહણ કરવું, પછી તે ગમે તેવું સારૂ હોય કે ખરાબ હોય તેની કાંઇ ફિકર નહિં. સુધારાનો અર્થ એટલી ટૂંકી વ્યાખ્યામાં જ પૂરો થતો નથી, પરંતુ એથી આગળ વધીને કહીશ કે, યુરોપિયન લોકોની રીતભાતો સારી કે ખોટી ગમે તેવી હોય, તોપણ માત્ર તેમની શાન જોઈને તેનું વગર વિચારે અનુકરણ કરવું, બ્રાહ્મણોની તથા ધર્મશાસ્ત્રોની નિંદા કરવી, અને વડીલો કરવા વધારે ડાહ્યા હોવાનો દાવો કરવો ઈત્યાદિ સુધારાનાં ઘણા પર્યાય થાય છે. આવા સુધારાએ આપણા દેશની જે ભારે હાનિ કરી છે તેની ગણના કરવી મુશ્કેલ છે.’’

‘‘વળી જુના વિચારનાં માણસોની બધી રીતભાત વખાણવા જેવી નથી. બાળલગ્ન, નાતવરા, રોવા કૂટવાનો રિવાજ, હોળી અને લગ્નનાં ફટાણાં, જાદૂમંત્રનાં નઠારા વહેમ, સ્ત્રીકેળવણીનો અભાવ અને પરદેશગમન પ્રતિબંધ ઈત્યાદિ અતિ હાનિકારક રિવાજો સામે સુધારાવાળાની લડાઈ ઘણી વ્યાજબી અને હિતકારક હતી.’’

આમ જુનાં વિચારવાળા અને નવા વિચારવાળા વચ્ચે જબ્બર ઘર્ષણ શરૂ થઈ ગયું હતું. તેમાં બન્ને પક્ષમાં ઓછા વત્તા અંશે અવળચંડાઈ હતી. તેવે વખતે સ્વામીજીનાં નામે એક જાહેર ખબર સંસ્કૃત, અંગ્રેજી, હિંદી, ગુજરાતી અને મરાઠીમાં છપાવી બહાર પડી; તે નીચે મુજબ છે.

‘‘જાહેર ખબર આપવામાં આવે છે કે જે હાલમાં એક દયાનંદ સરસ્વતી નામનાં પંડિત મુંબઈ મધ્યે આવ્યા છે અને તેમણે તેમનો ઉતારો શ્રીવાલકેશ્વર મધ્યે દરિયાકાઠે ઠા.જેરામજી મનજી મોતીવાલાની ધર્મશાળામાં કર્યો છે. ત્યાં તેઓ સવારનાં પહોરમાં સૂર્યોદયથી દિવસનાં દશ વાગ્યા સુધી અને ત્યારબાદ બપોરનાં એક વાગેથી રાતનાં દશ વાગ્યા સુધી જે કોઈ જશે તેમની મુલાકાત મોટા આનંદ સાથે લેશે અને તેમની સાથે સત્સંગ સંબંધી તથા શાસ્ત્ર ચર્ચા સંબંધી અને વેદાદિ સત્ય શાસ્ત્રોક્ત ધર્મ, વિધિનિષેધ, વિવેચન વિષય તેમજ બીજા દરેક વિદ્યાનાં વિષય ઉપર તેમની સાથે વાતચીત કરશે તથા સત્યાસત્ય વિષયનો યથાર્થ નિશ્ચય કરી તેમનાં મનનું સમાધાન કરશે. સં.૧૯30નાં આસો વદ ૯ વાર સોમે.

લિ.સ્વામિજી પૂર્ણાનંદ

આ મૂળ સંસ્કૃત જાહેર ખબર ઉપર પંડિતશ્રી ટીકા કરતા લખે છે કે,‘‘એ હેન્ડબિલ બહાર પડ્યું કે તરત લોકોમાં મોટો ઘોંઘાટ ઉઠ્યો. પ્રાચીન વૈદિક ધર્મો ઉપર ધાપ મારનારા લોકો મોટા આનંદથી ઉદ્‌ઘોષ કરવા લાગ્યા. હવે આ હેન્ડબિલમાં સંસ્કૃત લખાણની પ્રૌઢી અને શુદ્ધિ અશુદ્ધિ કેવી છે તે વ્યાકરણ વગેરેનાં ધર્મજ્ઞ વિદ્વાનો પોતાની મેળે સમજશે. દયાનંદ સરસ્વતીએ રચેલા પોતાનાં ગુણવર્ણનનાં શ્લોકમાં ચોથા ચરણમાં ‘સકેનેદમ્પત્રમ્’ એવો પાઠ રચેલો હતો. તે ઠેકાણે ‘અસત્યનેનેદમ્’ આ જરા સરસ પાઠ પ્રૂફ શોધનારા શાસ્ત્રીએ બનાવી આપેલો છે. અને તે (પ્રૂફ શોધનાર શાસ્ત્રી) તેનાં કહેવાથી જાણ્યું.’’

વિદ્વાન લોકો તો કાશીમાં દયાનંદ સરસ્વતી સ્વામી તરફથી છપાયેલા પુસ્તકો વાંચીને તેઓની વિદ્વત્તાથી વાકેફ થયાલે હતા. પણ અજાણ્યા લોકોને હેન્ડબિલ વાંચવાથી ઘણો ઉત્સાહ થયો. તેથી ઘણાએક લોકો તેનું ભાષણ સાંભળવા વાલકેશ્વર જવા લાગ્યા. તે લોકો આગળ મજકૂર સ્વામીએ મૂર્તિપૂજાદિ ધર્મોની નિંદા કરવી શરૂ કરી. ત્યારે શાસ્ત્રી પ્રશ્નોત્તર સાંભળવાના શોખી, ખરૂં તત્ત્વ જાણવાની ઈચ્છા ધરાવનાર કેટલાએક સદ્‌ગૃહસ્થોએ પંડિતોની સભા કરવાનો ઉત્સાહ ધર્યો. પરંતુ દિવાળીનાં તહેવાર સંબંધી તથા દેવદર્શનાદિ સંબંધી કામોને લીધે ગૃહસ્થોને એકઠા થઈ વિચાર કરવાનો અવકાશ ન મળ્યો. તેથી તહેવાર થયા પછી સં.૧૯૩૧નાં કારતક સુદ ૨ને દિવસે કેટલાએક શોખીન સદ્‌ગૃહસ્થોની ખાનગી મંડળી એકઠી થઈ, ત્યાં જે વિચાર કર્યો તે પ્રમાણે પંડ્યા ગોપાળજી નરભેરામ નામનાં પુરુષે ચોવીસ પ્રશ્નો લખી એક હેન્ડબિલ કારતક સુદ ૪ને દહાડે બહાર પાડ્યું.

આમ સ્વામીજી જોડે ચર્ચા કરતા પહેલા કેટલાક પ્રશ્નોનાં ખુલાસા સાદર હું પંડિતજી તરફથી માગવામાં આવ્યા તેનું કારણ એ હતું કે,‘‘કેટલાએક સુજ્ઞ મિત્રોની ઈચ્છા થઈ કે શાસ્ત્રીઓ તથા પંડિતો સમક્ષ ચર્ચા થાય તો ઘણું સારૂં. ત્યારે તેમાંથી એક મિત્ર બોલી ઉઠ્યો કે એવા છાપાનાં ડોળ ઉપર ફુલાઈ જઈ ફોકટ વિદ્વાનોને શ્રમ

આપવો ઠીક નથી. શાથી કે સં.૧૯૨૯નાં ફાગણ સુદ ૪ને વાર સોમનાં આર્યમિત્રમાં નવીનપંથી સ્વામીનારાયણ વિશે કેટલું ડોળ ભરેલું છાપ્યું હતું. તે માટે એક જાહેર સભા બોલાવી તેમાં સ્વામિનારાયણ વાળાને પણ નિમંત્રણ કર્યું છતા તેઓ ન આવ્યા. તેથી સભા મેળવનારનો શ્રમ વ્યર્થ ગયો. તેમ જ આ પ્રસંગે ન થાય વાસ્તે પ્રથમ નીચે લખેલા પ્રશ્નોનો ખુલાસો એઓ પાસેથી મળે તો પછી એક સારી જગામાં પંડિતો વગેરેની સભા બોલાવી, તેમની સમક્ષ હરેક વિષય ઉપર વાદવિવાદ કરવો.

આ ચોવીસ પ્રશ્નોમાં મુખ્ય પ્રશ્ન નીચે મુજબ છેઃ-

૧ થી ૬ પ્રશ્ન- તમો ચાર વેદ, તેનાં ભાગ સંહિતા બ્રાહ્મણ, આરણ્યક, ઉપનિષદ, વેદનાં અંગ, શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત, વગેરે વેદ તથા વેદાંગનાં ભાષ્યો વગેરેમાં જે પ્રમાણ અને અપ્રમાણ માનતા હોવ તે જણાવો.

૭ થી ૧૩ પ્રશ્ન-ધર્મ પ્રતિપાદક જૈમિનીસૂત્ર તથા બ્રહ્મ પ્રતિપાદક વ્યાસસૂત્ર તથા ચરણવ્યૂહ, સર્વે પુરાણો, મહાભારત, રામાયણ, ભગવદ્ગીતા, મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય વગેરે સ્મૃતિઓ, મિતાક્ષરાદિ, તેઓની ટીકાઓમાંથી શું પ્રમાણ અપ્રમાણ માનો છો, તે જણાવો.

૧૪ થી ૧૬ પ્રશ્નો-વિષ્ણુસ્વામી શંકર વગેરેનાં સંપ્રદાયમાંથી તમે કોના અનુયાયી છો કે સ્વતંત્ર? જો સ્વતંત્ર છો તો તમે જડ, જીવ, ઈશ્વર માયા બંધ અને મોક્ષ એ છ પદાર્થોનું સ્વરૂપ કેવી રીતે માનો છો?

૧૭ થી ૨૦-જગતની ઉત્પત્તિ વગેરે ક્યા પ્રકારે તથા કોણ કરે છે. સૃષ્ટિ થયે કેટલો કાળ થયો, યજ્ઞાદિ કર્મ કરવા કે નહિ, ને તે જે પ્રકારે ચાલે છે તેમજ માન્ય છે કે નહિ તે જણાવો.

૨૧ થી ૨૪-શાખા ભેદથી કર્મોનાં ફેરફાર કબૂલ રાખો છો? નૃસિંહ, રામકૃષ્ણનાં અવતારોને ઈશ્વર માનો છો? હાલ તો તમારો ક્યો આશ્રમ છે તથા કાશીમાંથી પ્રગટ થયેલું સદ્ધર્મ વિચાર નામનું પુસ્તક તમને માન્ય છે?

આ પ્રશ્નો પણ ગુજરાતી સંસ્કૃત ને મરાઠીમાં જુદા જુદા વિદ્વાનોએ છાપ્યા, ને જણાવ્યું કે જો તમે મ્હોડા મ્હોડ શાસ્ત્રવાદ કરવા ઈચ્છા ધરાવતા હો તો વેદશાસ્ત્ર સંપન્ન રા.આશુકવિ ગટ્ટુજી ઘનશ્યામ પંચનદીને કહી, તથા શ્રીવલ્લભાચાર્ય શંકરાચાર્ય મધ્વાર્ચા સંપ્રદાયનાં વિદ્વાનો વાદ કરવાને ખુશી છે અને આ વિષેની વિનંતિ પંડિત ગટ્ટુજીને કરીશ.

આવી રીતે સ્વામીજીના પ્રશ્નો પૂછવાનાં કારણ પણ અનેક હતા. કારણકે સ્વામીજીનાં ભાષણો સાંભળી અનેક જાતની વાતો સ્વામીજી માટે ચાલતી થઈ ગઈ હતી; તેમાં કોઈ કહેતું કે આર્ય લોકોનાં પ્રમાણ ગ્રંથો જે શ્રુતિ સ્મૃતિ પુરાણ વગેરે છે તે સર્વ પ્રમાણોને સ્વામીજી માનતા નથી, વળી સ્વામીજીનાં વર્ણાશ્રમ વગેરે ધર્મોનું શું મંતવ્ય છે તે પણ જાણવાની જરૂર હતી. વળી વાદીનો સિદ્ધાંત સમજ્યા વિના શાસ્ત્ર ચર્ચા સાંભળવામાં આનંદ આવે નહિ. તેથી આપ પ્રશ્નોનાં ઉત્તરથી પછી વાદી પ્રતિવાદીની ચર્ચા સહેલાઈથી થઈ શકે.

આનો ઉત્તર સ્વામીજીએ પોતાનાં સ્વભાવ પ્રમાણે ટીકા કરતા આપ્યો કે જેમ સ્વામીનારાયણ નાસી ગયા તેમ જ જયપુરમાંથી કોઈ એક ગોસ્વામી નાસી ગયા, તેમ અમે કરવાનાં નથી. આમ લખી સં.૧૯૩૧નાં કારતક સુદ ૭ને સોમવારનાં દિવસે તે પ્રશ્નોનો નીચે મુજબ ઉત્તર આપ્યો. જે મેં ટૂંકમાં નીચે લખ્યા છે.

૧ થી ૬ પ્રશ્નનાં ઉત્તર-પ્રત્યક્ષાદિ પ્રમાણો, ચાર વેદોનું પ્રમાણ ને તેની સંહિતાનું (પરિશિષ્ટ વગરની તથા બ્રાહ્મણાદિ મતોનાં પ્રમાણ વિના) પ્રમાણ માનું છું. શિક્ષાદિ વેદાંગ, ભાષ્યો ને વ્યાખ્યાનોનું માત્ર અવલોકન કરું છું.

૭ થી ૧૪-પૂર્વ તથા ઉત્તર મીમાંસા ચરણ વ્યૂહ મારે માન્ય નથી, પણ વિચારો જોઉં છું. પુરાણો, ઉપપુરાણો તથા તંત્રગ્રંથોનું અવલોકન કરતો નથી. તેમ જ મહાભારત, રામાયણને પ્રમાણ માનતો નથી. મનુસ્મૃતિ, યાજ્ઞવલ્ક્ય ને મિતાક્ષરીની ટીકા વગેરે અંગીકાર કરતો નથી.

૧૪ થી ૧૬-વિષ્ણુસ્વામીનાં સંપ્રદાયમાં હું માનતો નથી હું સ્વતંત્ર નથી, પણ વેદનો અનુયાયી છું અને જેમ વેદમાં જડાદિ પદાર્થો વિષે કહ્યું છે તેઓનું પ્રમાણ હું કબૂલ કરું છું.

૧૭ થી ૨૦-જગતની ઉત્પત્તિ વગેરે વેદમાં લખ્યું છે, તે અને તે કોણે કીધું છે, તે બધું હું વેદ પ્રમાણે માન્ય કરું છું. સૃષ્ટિની ઉત્પત્તિ કાળનાં વર્ષોની સંખ્યા નથી, વેદમાં કહેલા યજ્ઞાદિ કર્મો યથાશક્તિ પ્રમાણે કરવાને હું કબૂલ કરું છું. વેદોક્ત પ્રકાર સિવાય બીજાનો હું સ્વીકાર કરતો નથી.

૨૧ થી ૨૪-વેદની શાખામાં કહેલા જે કર્મો તેનો વેદમાં મૂલ ગ્રંથોની સાથે અનુસરતા હોય તો જ માન્ય કરું છું. ઈશ્વરને જન્મ મરણ છે નહિ. (રામકૃષ્ણની બાબતમાં) અને જેનું જન્મમરણ થાય, તે ઈશ્વર જ નહિ. કારણકે ઈશ્વર સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપક ને ન્યાયકારી છે. હું સન્યાસ આશ્રમમાં છું, સદ્ધર્મ ભાસ્કર મને માન્ય નથી.

આમ પ્રશ્નોનાં ઉત્તર આપી તેમણે લખ્યું કે મારા વિચાર પ્રમાણે તો દરરોજ સભા થવી જોઈએ. પણ પછી પ્રતિવાદી ગોપાળનાં પ્રશ્નોને પુનરોક્તિ દોષવાળા કહી કડક ટીકા કરતા લખે છે કે, આ પ્રશ્ન કરનારની બુદ્ધિનો નાશ કેમ થયો છે! અને જો બધા એવા જ બુદ્ધિહીન એવી સભામાં ભેળા થાય તો એવા અજ્ઞાનીઓનાં સમાગમથી યથાર્થ સત્ય વિચાર કેમ થશે? કેમકે ન્યાયમાં કહ્યું છે જ્યાં ખાવાને પૂરતું અન્ન પણ મળતું નથી ત્યાં ધન સંપાદન કરવાની ઈચ્છા કેવી રાખવી? આમ સ્વામીજીએ પોતાની ઉગ્રતા પ્રથમ ઉત્તરપત્રમાં જ દેખાડી.

સ્વામીજીનું ઉત્તરપત્ર ઉદ્દંડતા ભરેલું જોઇ, તેનું ખંડપ પંડિતજીનાં શિષ્યો રામજી અને મૂલશંકરે વિસ્તારથી લખી, મંડલીની સહાયથી છપાવ્યા. આ લખાણ લગભગ બે ફર્મા જેટલું છે. પછી તો પરસ્પર એકબીજા ઉપર ચર્ચાની ઝડીઓ વરસાવા લાગ્યા. ચર્ચા પણ ઠીકઠીક મહિનાઓ લગી ચાલી. આ ચર્ચા ભેગા શ્રીવલ્લભ સંપ્રદાય અને સ્વામીનારાયણ સંપ્રદાય ઉપર પણ સજ્જડ પ્રહાર કરવાનું સ્વામીજી ચૂકતા નહિ. આની અસર જનસમાજ ઉપર થતી, અને પુષ્ટિમાર્ગની હીનતાનો આભાસ જણાતો. આ વખતે ગો.શ્રીજીવણલાલજી મહારાજ પુષ્ટિમાર્ગમાં આગળ પડતા હતા. તેઓ વિદ્વાન તથા બહુશ્રુત હતા. તેમને પણ આ ઝંઝાવાતનો ભય લાગ્યો. આથી એક દિવસ પંડિતજીને બોલાવી દયાનંદજીનાં અવળા વર્તન વિશે વાત કરી, અને કોઇ પણ રીતે તે પ્રચાર અટકે તેવી ઈચ્છા દર્શાવી. ત્યારથી પંડિતજીએ સ્વામીજીનાં સિદ્ધાંતોની શાસ્ત્રીય રીતે ચર્ચા કરવા માંડી અને તેમનાં અવળા પ્રચારને શાસ્ત્રનાં આધારે અટકાવવા પ્રયત્ન કરવા માંડ્યો. ત્યારબાદ મુંબઇનાં બધા જ શાસ્ત્રીઓ પંડિતો પૌરાણિકો વિદ્વાનો અને ધર્મ જિજ્ઞાસુઓની એક મોટી સભા ભરી અને તેમાં મૂર્તિપૂજા ઉપર એક અદ્ભુત વ્યાખ્યાન આપ્યું. સ્વામીજીનાં કેટલાક શિષ્યો આ સભામાં આવ્યા હતા. તેઓ પંડિતજીને સાંભળતા તેમની અગાધ શક્તિ માટે પ્રશંસા કરવા લાગ્યા અને તેમનાં શાસ્ત્રીય જ્ઞાન આગળ પોતાનું શિર ઝુકાવા લાગ્યા.

હવે બીજી સભા એકલા વિદ્વાનોની બોલાવવામાં આવી હતી. તેમાં પંડિતજી વેદમાં મૂર્તિપૂજા છે તેનાં શાસ્ત્રીય પ્રમાણો આપવા તૈયાર થયા.

આ સભાનાં સરપંચ તરીકે દાક્ષિણાત્ય પંડિત ભીમાચાર્ય ઝળકીકરને નીમવામાં આવ્યા હતા. તેઓ ન્યાયશાસ્ત્રમાં પારંગત હતા. વળી એલ્ફિન્સ્ટન કોલેજમાં ન્યાય, વૈશેષિક, વેદાંત વગેરે ષડ્ દર્શન વગેરેનાં ઘણા વર્ષોથી પ્રોફેસર હતા. સરકારે પણ તેમને મહામહોપાધ્યાયનું બહુમાન આપ્યું હતું.

આ વાદમાં પંડિતજીની શાસ્ત્રીય પ્રમાણો આપવાની અદ્ભુત શક્તિ, વેદોનો અભ્યાસ તથા વેદાંતર્ગત તત્ત્વજ્ઞાનની પુષ્કળ માહિતથીથી મૂર્તિપૂજા વેદમાં નથી એમ કહેનારા ઝંખવાણા પડી ગયા, ને મૂર્તિપૂજાનાં વાદમાં શિકસ્ત મેળવી. જ્યારે પંડિતજીએ વેદમાંથી તેનાં પ્રમાણ બતાવ્યા ત્યારે કેટલાકે તેને પ્રક્ષિપ્ત છે, પાછળથી ઘૂસી ગયેલા છે એમ કહેવા માંડ્યા. ત્યાં પણ પંડિતજીએ યુરોપાદિ દેશોમાં છપાયેલા વેદનાં ગ્રંથોમાંથી તે વાક્યો બતાવતા તે બધા ઠંડા પડ્યા. આનું પરિણામ આવ્યું કે, સ્વામીજીએ પ્રમાણ વ્યવસ્થા બદલવી પડી કે વેદનો અમુક ભાગ માન્ય અને અમુક ભાગ અમાન્ય. તેમાં પણ સ્વામીજીનો સ્વભાવ જ કંઇક કરી નાખવાની વૃત્તિવાળો હતો. તેમનાં દેહનાં સજીવ કણો મંડનાત્મક કરતા ખંડનાત્મક પ્રવૃત્તિ કરવા ટેવાયેલા હતા. એટલે આ બધું થવા છતા તેમણે તો પોતે જે કહેતા હતા તે એક કે બીજી રીતે ચલાવ્યે રાખ્યું. પણ આ સભાનાં સરપંચ મહાપહોપાધ્યાય ભીમાચાર્ય ઉપર પંડિતજીની અસર જબ્બર પડી. પંડિતજીને ચારે વેદ, ન્યાય, મીમાંસા, તર્ક,

સાંખ્ય, યોગ, વ્યાકરણ, સાહિત્ય, અને જ્યોતિષાદિ શાસ્ત્રોનો ઉપયોગ બુદ્ધિ પૂર્વક સમન્વય કરતા નિહાળી તેમણે પણ પંડિતજીની વાતને પુષ્ટિ આપી એટલું જ નહિ પણ પોતે જ ન્યાયાધીશ હતા તે એક પક્ષકાર બની મૂર્તિ પૂજા મંડન અથવા વેદાર્થોદ્ધાર નામે ગ્રંથ રચ્યો ને સ્વામીજીનાં મતનું ખંડન કર્યું.

આમ મુંબઈમાં સ્વામીજીને જોઈએ તેટલી સફળતા ન મળી. આપણા મુંબઈ પ્રાંતમાં આર્યસમાજનું બળ મૂળથી નથી તેનું કારણ આપણા વિદ્વાન ભારતમાર્તંડ ગટ્ટુલાલાજીના આભારી છે. જોકે આર્યસમાજની રીતે સંગઠન ને શુદ્ધિનાં સવાલોમાં કેળવાએલા વર્ગ રસ લેવા માંડ્યો હતો.

મૂર્તિપૂજાની ચર્ચા અંગે સ્વામીજીનો પંડિતજીને અનુભવ થયો, તે તેમણે આર્ય સમુદય નામનાં તેમનાં પત્રમાં જણાવ્યો છે. જોકે આ આખી ચર્ચા અહીં લંબાવવાનો અર્થ નથી, પણ આ વિષયમાં પંડિતજી સ્વામીજી વિષે શું માને છે, તે લખી આખો વિષય સમેટી લઈશું. આ વિષયમાં તે વખતની આપણી સમાજ મર્યાદાનો ખ્યાલ પણ ઠીકઠીક આવે છે.

‘‘આર્ય લોકોની સર્વ પ્રાચીન ચાલને બાલપણાથી માલરહિત જ માની બેઠેલા અભિમાની પંડિતમાની નવા જુવાનિયાઓ વેદશાસ્ત્રસિદ્ધ મૂર્તિપૂજા વગેરે ધર્મ રીતિઓને પ્રથમથી જ ખોટી સમજતા હતા. તેઓ વેદશાસ્ત્રને જ ગપ્પા સમજે છે તેમાં શું આશ્ચર્ય! પરંતુ આ નવીન નાસ્તિકો નરરત્નો, માતા પિતા વગેરેનાં દબાણથી તથા નાતજાતનાં સગાસોઈઓનાં ભયથી વેદશાસ્ત્રોને ખુલ્લી રીતે ખોટા કહી શકતી નથી. તેથી તેઓને વેદશાસ્ત્રોનાં પોતાનાં પરંપરા પ્રાપ્ત ધર્મો પણ પરાણે પાડવા પડે છે. આ જ કારણથી આજ સુધી નવા સુધરેલા છોકારાઓ મૂર્તિપૂજાને મનમાંથી રમત જેવી જાણતે છતે, પણ મ્હોંડેથી નિંદી શકતા ન હતા. તેઓ એ શોધતા હતા કે જે વાત પોતે ધારતા હતા તે વાતને વેદ શાસ્ત્રોક્ત ઠેરવી આપનારો કોઈ એમને મળે, તો એમને લાગ ફાવે. ઘણા વખતથી આ વાત સારૂ તેઓ ફાંફા મારતા હતા. તેટલામાં દયાનંદ સરસ્વતી નામનાં સંન્યાસી તેઓને મળી આવ્યા. તે એવું કહે છે કે મૂર્તિપૂજા વેદમાં તથા વેદનાં અંગોમાં છે જ નહિ. મૂર્તિપૂજા એ આર્ય લોકોનો ધર્મ જ નથી. આ વાત નવીન લોકોને મન ગમતી થઈ પડી, કહેવત છે કે ભાવતું હતું અને વૈદ્યે કહ્યું.

વૈદિક ધર્મનો ખરો નિશ્ચય કરવા સારૂ સર્વ વેદનો અર્થ સમજવો તો એક તરફ રહ્યો પણ સંન્યાસીને સાધારણ સંસ્કૃત ભાષાનું જ્ઞાન કેટલું છે, તે સારી રીતે સંસ્કૃત સમજનારા સર્વ લોકો સમજે છે તથા નવીન લોકોએ, તે સ્વપથગામી સ્વામીનું નામી વજન સ્વજન વર્ગમાં વધારીને પોતાની ગમતી સવડ સિદ્ધ કરી લીધી. હવે તેઓ ખુલ્લી રીતે મૂર્તિપૂજા, વગેરે પ્રાચીન ધર્મને નિંદી શકે છે. માબાપ વગેરે સંબંધીઓને તથા નાતજાતને કહે છે કે આપણે આર્ય લોકો છીએ, તેથી પ્રાચીન શાસ્ત્રસિદ્ધ જે આર્યોનાં ધર્મ હોય તે આપણે પાળવા ઉચિત છે. પણ મૂર્તિપૂજા વગેરે તો આર્યોનાં ધર્મ જ નથી. એ સાંગવેદરૂપ પ્રાચીન આર્ય શાસ્ત્રમાં જ કહેલ નથી, લોભી લાલચુ લોકોએ લાખોની લક્ષ્મી લેવા સારૂ લવાન? જેવા લેખો લખીને તમને ભમાવી મૂકયા છે.

સં.૧૯૩૦નાં આશ્વિન માસમાં તે સન્યાસી આવ્યા. ત્યાર પછી આ બાબતની ઘણી તકરાર ઉઠી હતી. તે વખતે અમોએ સર્વ સાધારણ આર્ય ધર્માભિમાનથી કેટલીએક સભાઓમાં વિલાયત, કલકત્તા વગેરેનાં છાપેલા વેદાદિ પુસ્તકો પાસે રાખી, અનેક પંડિતો તથા ચારે વેદવાળા વૈદિકો સમક્ષ એ સિદ્ધ કરેલું છે કે મૂર્તિપૂજા વેદસિદ્ધ-વેદાંગ શાસ્ત્રસિદ્ધ આર્યધર્મ છે.

તેથી મુંબઈનાં નિવાસી ઘણા એક સુજ્ઞ લોકો તો એ વિષયમાં નિઃસંશય થયા જ છે.

મૂર્તિપૂજા વેદમાં ક્યાં છે એ શંકા સમાધાન માટે પંડિતજીનું વેદવિદ્યા નામનું એક કાવ્ય નીચે આપ્યું છે તે વાંચવાથી શંકાનું સમાધાન થઈ જશે.

પ્રભુ કરો વેદ વિસ્તાર, કરો વેદ વિસ્તાર,
વેદાભ્યાસ વિલાસ લહી જન, પામે ભવ નિસ્તાર. (૧)
મલી મંત્ર બ્રાહ્મણ એ બેઉ, એક જ વેદ વિચાર,
સ્મૃતિપુરાણને અંગ જાણીને, કરે અર્થ નિરધાર. (૨)

તમે ધર્મ રક્ષણને કાજે, ધર્યા ધરણી અવતાર,
વેદ સંહિતા બ્રાહ્મણ ગાતા, નવ પામે તવ પાર. (૩)
વેદ તણી સંહિતા બતાવે, પ્રતિમા પૂજન સાર,
બ્રાહ્મણ અને સૂત્રમાં તેનો, વિધિ સ્પષ્ટ ઉચ્ચાર. (૪)
શ્રીગંગા તવ પદજળ નિરમળ, અઘહર અમૃતધાર,
વેદ શાસ્ત્રમાં તીર્થ વખાણ્યાં, બહુ ફળદાન ઉદાર. (૫)
વેદ ભણી તમ તણી કરે સહૂ, સેવ શુભ આચાર,
ચિંતા ચિત્ત તજે ગોવર્ધન તે જ બ્રહ્મ સાકાર. (૬)

પંડિતજી એક સારા કવિ હતા તેથી એક જ કાવ્યમાં વેદનાં અભ્યાસની જરૂર, વૈદિક સાહિત્ય કર્યું ક્યું, તે ભણવાથી શું ફળ મળે, પ્રતિમાપૂજન-મૂર્તિપૂજાનું મૂળ ક્યાં છે, તેનો વિધિ ક્યાં છે, ગંગાજીનું મહાત્મ્ય, તીર્થની શાસ્ત્રીયતા, વેદ ભણવાથી પ્રભુસેવા શુભ આચારથી થઇ શકે, સાકાર બ્રહ્મની ઉપાસના વગેરે પ્રશ્નોનાં ઉત્તર સહજ સમજાય તેવી રીતે આપી દે છે. વેદની સંહિતાઓમાં મૂર્તિપૂજાનો ઉલ્લેખ છે અને તે મૂર્તિપૂજા કેવી રીતે કરવી તેનો વિધિ બ્રાહ્મણ અને સૂત્ર વિભાગમાં બતાવ્યો છે.

આ વિષે સમાલોકનાં તંત્રીઓ શ્રીઉત્તમલાલ કેશવલાલ ત્રિવેદી તથા શ્રીમણીલાલ છબારામ ભટ્ટ લખે છે કેઃ

‘‘પંજાબ અને બ્રહ્માવર્તમાં પોતાના સિદ્ધાંતનો પ્રતિઘોષ પાડી જ્યારે આર્યસમાજનાં સંસ્થાપક દયાનંદ સ્વામી ઈ.સ.૧૮૭૫માં મુંબઇ આવ્યા ત્યારે ધર્મ જગતમાં મોટો સંક્ષોભ થઇ રહ્યો હતો. વૈષ્ણવ ધર્મ ઉપર ટીકાઓ અને મૂર્તિપૂજાનું ખંડન થતું હતું. વેદમાં મૂર્તિપૂજા નથી એમ સમાજવાળાઓ કહેતા હતા (આજ પણ કહે છે.). અને વિદ્વાન સ્વામીની સામે વૈષ્ણવો તરફથી વાદ કરવાને મેદાને પડે એવો બીજો વિદ્વાન ન હતો, તે વખતે પંડિતજીએ ‘‘વેદમાં મૂર્તિપૂજા છે, એમ સિદ્ધ કરી આપીશ.’’ એવું કહી જનમંડળની એક મોટી સભા બોલાવવાનાં આમંત્રણ-પત્ર કાઢવાની રજા આપી હતી. એ સભી મળી પરંતુ બ્રાહ્મણ વિદ્વાનોની સભાઓ જેમ કોઇ જાતનાં નિર્ણય વગર હોહા કરી વિસર્જન થાય છે તેમ થયું. કોઇ કારણને લીધે સ્વામી તેમાં હાજર થયા નહિ. અને સભાનું કામ લોકોની હોંસાતુંસીમાં સમાપ્ત થયું. પંડિતજીએ બીજો પ્રસંગ લઇ સ્વામી સાથે એ સંબંધે વાદ કર્યો હતો, અને યુક્તિથી મૂર્તિપૂજા સિદ્ધ કરી હતી, એમ કહેવાય છે. એ પ્રસંગે કેવી રીતે વાદ થયા હતા વગેરેનો હેવાલ લંબાણથી લખાવો જોઇએ, પરંતુ હાલ તેનો અવકાશ નથી, એટલે માત્ર એટલું જ કહીને વિરમીશું કે સ્વામીની સામે થવામાં વૈષ્ણવો તરફથી પંડિતજીએ એ સમય આગળ પડતો ભાગ લઇ, એ ધર્મવાળાઓની મહત્તા સાચવવાનો શુભ પ્રયત્ન કર્યો હતો, એમ તો સૌ કોઇ સ્વીકારશે.

(૧૩) આર્ય સુધર્મોદય સભા

સ્વામીજીની મુંબઇની પ્રવૃત્તિ દેખાવમાં વેદધર્મનાં પ્રચાર પ્રાચીન વૈદિક સનાતન ધર્મ ને પુષ્ટિમાર્ગે વગેરે સામે હતા. આ પ્રચાર તેઓ તેમની લાક્ષણિક રીતે કર્યે જતા હતા. તેમાં તેમને તે વખતનાં સમાજસુધારકો તથા બીજા સારા પ્રતિષ્ઠિત, હિંમતવાન, ઉદાર, એકનિશ્ચયવાળા ઘણા એક લોકોનો ટેકો હતો. એટલે સ્વામીજીનું કાર્ય કેટલેક અંશે મુંબઇમાં આગળ ધપવામાં પગલા માંડતું હતું. પણ આ પગલા સામે પ્રથમ સૂર પંડિતજીએ કાઢ્યો. પંડિતજી સ્વામીજી સાથેની મૂર્તિપૂજાની ચર્ચા વખતે તેમનામાં કેટલાક નબળા અંકોડા જોઇ ગયા હતા. જેમકે સંસ્કૃત ભાષાનું પરિમિત જ્ઞાન, પૂર્વાવાર સંબંધ વગરનો વેદનાં વ્યાખ્યાનનો અર્થ, વેદધર્મમાં જોઇતી સુજનતાનો અભાવ, વર્ણાધમ ધર્મ વિરુદ્ધ તેમનો પ્રચાર, તથા વેદધર્મનું પૂર્વાપર સંબંધવાળું સ્વારસ્ય સમજવાની નબળાઇ. આમ છતા નબળાઇઓ જોવા છતા, પંડિતજીએ સ્વામીજીનાં દેખીતા વેદધર્મનાં પ્રચારનાં ઉત્સાહ માટે અભિનંદન

આપ્યા. સાથે સાથે વેદાદિશાસ્ત્રનાં પ્રચાર સાથે સ્મૃતિ ઉપનિષદો પુરાણો ઈતિહાસ વગેરેનાં સમન્વયની આવશ્યકતા જણાવી; ને તે પ્રમાણે સમન્વય સ્વામીજી ન કરતા હોવાથી તે વિષે તેમણે ટીકા કરી.

આવો પંડિતજીનો સ્વામીજી વિરુદ્ધ સૂર નીકળતો સાંભળ્યો એટલે કેટલાએક શાસ્ત્રીય વિચારમાં સમર્થ, સદ્ગુણભૂષણ, સદાચરણ શરણ કુલીન વિદ્વાનો જેમને કોઈનો પક્ષ ન મળવાથી સ્વામીજી ઉચ્છૃંખલતાથી મનમાં દુઃખી થતા હતા, તેઓ પણ હવે સ્વામીજીનાં મતનો વિરોધ કરવા લાગ્યા. આનું પરિણામ એ આવ્યું કે સનાતન ધર્મનાં રક્ષણ અને પ્રચાર માટે કંઈ કાર્ય કરવું એવું બધાનાં મનમાં થયા કરતું હતું. આ માટે એક સભા સ્થાપવાનો વિચાર ગો.શ્રીનૃસિંહલાલજી મહારાજને આવ્યો ને તેમની પ્રેરણા નીચે આર્ય સુધર્મોદય સભાની સ્થાપના સં.૧૯૩૨માં કરવામાં આવી. આ સભાનો ઉદ્દેશ વેદ સ્મૃતિ પુરાણ અને આચાર્યોનાં ગ્રંથોને અનુસરીને ઉપદેશ કરાવવાનો હતો. આ કાર્યમાં શેઠ વરજીવનદાસ માધવલાલે સારી મદદ કરી. શેઠ વરજીવનદાસ તે વખતે મુંબઈમાં પ્રથમ કક્ષાનાં નાગરિક ગણાતા ને તેઓ મહાજનનાં નગરશેઠ હતા. તેમણે બી.એ. સુધી અભ્યાસ કર્યો હતો. છતા આપણ વેદાદિ પુરાણ વગેરે આર્યગ્રંથોનો પણ ઝીણવટથી અભ્યાસ કર્યો હતો. અને સનાતન ધર્મનાં કાર્યમાં ઉત્કટ રસ ધરાવતા હતા. તેઓ એક સદાચારી ધાર્મિક વ્યવહારકુશળ નરરત્ન હતા. તેમણે સં.૧૯30માં કાસવજી પટેલ તળાવ પાસે ખુલી જગા મોટા વિસ્તારવાળી ખરીદી તેમાં ભવ્ય મંદિર બંધાવ્યું અને વૈશાખ સુદિ ૧૨ને રવિવારે કચ્છ માંડવીવાળા ગો.શ્રીપન્નાલાલજી મહારાજ હસ્તે શ્રીલક્ષ્મીનારાયણની પ્રતિષ્ઠા કરાવી. આ મંદિર તે મુંબઈનો હાલનો માધવબાગ જ્યાં ધર્મનાં અનેક કામો ને પ્રવૃત્તિ થાય છે.

આ આર્યસુધર્મોદય સભાનું સ્થળ પણ માધવબાગમાં રાખવામાં આવ્યું. અહીંયા હજારો શ્રોતાઓ કથા વ્યાખ્યાનમાં સારી રીતે ભાગ લઈ શકે તેવી સગવડવાળો એક વિશાળ મંડપ બાંધવામાં આવ્યો છે.

આ સભાની શરૂઆતમાં ગો.શ્રીનૃસિંહલાલજી ઠીકઠીક ઉત્સાહ દેખાડતા હતા. એકાદ વખત આપશ્રી સભામાં પણ પધારેલા, પણ જેમ સામાન્ય સનાતની માનસ છે તેમ અહીં પણ ધાર્મિક ઉત્સાહમાં ઓટ આવવા લાગી. સામાન્ય રીતે સનાતની વિચારનાં ધર્મપ્રેમીઓ તથા વૈષ્ણવો સંખ્યામાં વિશેષ હોય છે, તેઓ શરૂઆતમાં બોલવે શૂરા પણ આચારમાં આળસુ તથા ડરપોક હોય છે. સનાતન ધર્મ માટે કોઈ પ્રચાર કરે તે તેમને ગમે છે પણ જાતે નીડર બની આવી સંસ્થાઓમાં ઉલટભેર ભાગ લેવો, સંસ્થાનાં કાર્યને પ્રગતિશીલ બનાવવા માટે શ્રમ કરવો, પોતે યથાશક્તિ આવા કાર્યમાં ફાળો આપવો, ને બીજા પાસેથી મેળવી આપવો, આવી સભા તરફ નવયુવાનોને આકર્ષવા માટે વિશાળ હૃદય રાખવું, બીજા તરફ લઘુતા ભાવ ન રાખવો. આ બધુ તેમનાં સ્વભાવમાં નહિ જેવું દેખાય છે. આ લોકોની ગમે તે પ્રવૃત્તિ તરફ દ્રષ્ટિ નાખશો તો સહજ માલૂમ પડશે કે તેઓની પ્રવૃત્તિ ક્ષણભંગુર હશે. થોડું કાર્ય ઊપાડ્યું પછી થોડા વર્ષમા તે અદ્રશ્ય થવાનું. વળી પાછું તેમની ઉપર આક્રમણ થાય એટલે થોડા જાગ્રત થવાના ને પાછા હતા તેવાને તેવા. એટલે આ લોકોની કોઈ પણ પ્રવૃત્તિ આરંભમાં વિશાળ લાગે પણ પાછળથી તે સંકુચિત થઈ જવાની.

અહીં પણ આ સભા સ્થાપવા વખતે ઉત્સાહ સારો હતો, પણ સભા સ્થપાઈ ત્યારે ફક્ત 30 સભાસદો નોંધાયા. પંડિતજીનો સ્વભાવ બાહ્યપ્રવૃત્તિમાંથી નિવૃત્તિશીલ હતો તો પણ, જે કામ ઉપાડે તેમાં તેઓ તન મન અને ધનથી રસ લેતા. પંડિતજી આવડી ત્રીસ જેટલી સંખ્યાથી નિરાશ ન થયા. તેઓ સમજતા હતા કે તે વખતનાં સમાજમાં ભણેલા ગણેલા ધર્મજિજ્ઞાસુઓ ઘણા જ ઓછા માણસો હતા. તેથી આ પ્રવૃત્તિનો સત્કાર જોઈએ તેવો ન થાય, છતા કોઈ પણ કાર્ય તેનાં કર્તાની રીતભાત સાથે સંબંધ ધરાવે છે. પંડિતજી પોતાનાં દરેક કાર્યમાં નિયમિત હતા, તેમનાં હૃદયમાં નિરાશા ન હતી, વળી તેઓ ૩૨ વર્ષનાં ઉછળતા નવજુવાન હોવાથી તેમનું કાર્ય થોડા વખતમાં બીજમાંથી છોડ થઈ પુષ્ટ વૃક્ષરૂપે પરિણમ્યું. અહીં પણ આ સભામાં નિયમિત દર અઠવાડિયે વ્યાખ્યાન આપી પંડિતજીએ લોકોમાં જાગૃતી લાવવા માટે પ્રયત્ન કરવા માંડ્યો. આથી તેમનાં અંગત કાર્યમાં અવ્યવસ્થા થવા માંડી. પણ એ અવ્યવસ્થા રાત્રીનાં સમયમાંથી કાઢી આ સંસ્થાને પગભર કરવા માટે અજબ પુરુષાર્થ કરવા લાગ્યા. પંડિતજીનાં વ્યાખ્યાનમાં મીઠાશ અદ્ભુત હતી ને જ્ઞાન તલસ્પર્શી તથા વિષય ને સમયને

અનુકૂળ થતું. આથી આ સભામાં વ્યાખ્યાન સાંભળવા સેંકડો ને કેટલીક વખત હજારો શ્રોતાઓ આવતા. તેઓ પંડિતજીનાં વ્યાખ્યાનો સાંભળી, શાસ્ત્રીય જ્ઞાન લોક ભાષામાં સમજાવવાની તેમની અદ્ભુત શક્તિ નિહાળી વિસ્મય પામતા અને તેમનાં ઋષિજીવન માટે ધન્યવાદ દેતા. પંડિતજીનાં આ પરિશ્રમથી હવે સભાની કાર્યશક્તિ વધી ને તે સભાનાં સભાસદો ૩૦ મટી ૧૩૦ થયા.

૧૩/અ સર્વોપરી શીઘ્ર કવિ

જાણીતા સુધારક ને ગુજરાતી સાહિત્યનાં આદ્ય વિવેચક શ્રી.નવલરામ લક્ષ્મીરામ પંડ્યાએ પંડિત ગટ્ટુલાલાજીને સર્વોપરી શીઘ્રકવિનું બિરુદ આપ્યું છે. આ પંડ્યાજીનો જન્મ સં.૧૮૯૨ (ઈ.સ.૧૮૩૬) માં થયો હતો. તેઓ કવિ નર્મદાશંકર કરતા ત્રણ વર્ષ નાના હતા, અને પંડિતજી કરતા નવ વર્ષે મોટા હતા. તેમણે ગુજરાતી સાહિત્યમાં વિવિધ પ્રકારનાં ચોક્કસ નિબંધો, કાવ્યો, નાટકો, ભાષાંતરો સફળતા પૂર્વક લખ્યા છે. તેમનાંમાં વસ્તુનું મૂલ્યાંકર કરવાની મોટી શક્તિ હતી. આથી જ્યારે તેઓ કોઈપણ ગ્રંથની કે બનાવની સમીક્ષા કરતા ત્યારે તેમાં ક્યા ગુણ દોષ છે તે શોધી કાઢીને યથાર્થ સમજાવતા. તેઓ સૂરતનાં વતનીને શિક્ષકોની ટ્રેનિંગ કોલેજનાં પ્રિન્સિપાલ હતા. વળી ગુજરાત શાળાપત્ર માસિકનાં તેઓ તંત્ર હતા. તે પત્રમાં કેળવણી ઈતિહાસ ને સાહિત્યને લગતા અનેક લેખો આવતા, તથા કોઈ સાહિત્ય અંગેનો વિશિષ્ટ પ્રસંગ બનતો તેની નોંધ લઈ આવતા, તેનાં ઉપર પોતે સમર્થ વિવેચન કરતા. તેમનામાં વિવેચનની શક્તિ સ્વાભાવિક હતી. તેમની ભાષા શિષ્ટ કોટીની હતી. વળી વિષય નિરૂપણની કળા પદ્ધતિસરની હતી, તથા સમતોલ ને સચોટ હતી. તેઓ સાક્ષર હોવાથી વસ્તુનું વિવેચન એક વિદ્વાનને શોભે તેવી અદાથી ગંભીર ભાવે ને ચીવટપૂર્વક કરતા. સં.૧૯૩૪માં પંડિતજીનો તેમને સમાગમ થયો હતો. તે વિષેની નોંધ ગુજરાત-શાળપત્ર પુસ્તક ૧૭માં નાં અંકમાં સને ૧૮૭૮નાં ફેબ્રુઆરી માસનાં અંકમાં લખી છે. તે વખતે તેઓ નર્મદનાં સુધારક મિત્ર હતા, ને સ્વામી દયાનંદ સરસ્વતીનાં પ્રશંસક હતા. છતા તેમનામાં રહેલી સમતોલ બુદ્ધિશક્તિને લીધે કોઈને પણ અન્યાય ન થાય તેવી રીતે દરેક વસ્તુની કાળજી રાખીને લખતા.

સને ૧૮૮૨નાં અંક ૧૧માં પુસ્તક ૨૧માં પા.૨૪૯માં તેઓ અષ્ટાવધાન વિષે લખતા પંડિતજી વિષે લખે છે, કે ''અવધાનમાં શીઘ્ર કવિતા જોડવાનો પણ વિષય જોડે રાખેલો હોય છે, ત્યારે તે ચમત્કાર ખરેખર રસિક થઈ પડે છે, અને તેમ કરનાર અષ્ટાવધાની કવિ કહેવાય છે. આ ઈલાકામાં અષ્ટાવધાની કવિ દાખલ મુંબઈવાળા ગટ્ટુલાલ ભટ્ટજીની કીર્તિ સર્વોપરી છે અને તે વાજબી જ છે કેમકે એમનાં શિષ્ટ કવનમાં ખરેખરૂં કવિત્વ રહેલું છે.''

સં.૧૯૩૪નાં માગસર-પોષમાં પંડિતજી અમદાવાદ પધારેલા. તેઓ શ્રીરણછોડજીનાં મંદિરમાં (સારંગપુર) ઉતરેલા. અહીં હજારો વૈષ્ણવો, ધર્મપ્રેમીઓ તથા સાહિત્યરસિકો તેમની સભામાં આવતા. તેઓ પંડિતજીની શાસ્ત્રીય વાતો, કવિત્વશક્તિ, અવધાનનાં પ્રયોગો ને વ્યાખ્યાન શૈલીથી ખુશખુશ થઈ જતા. આ દરમિયાન નવલરામભાઈ અમદાવાદ આવેલા હતા. તેમણે પંડિતજી વિષે ઘણું સાંભળ્યું હતું, તેથી રાત રોકાઈ પંડિતજીનાં વ્યાખ્યાનમાં ગયા. તે વખતે તેમની સામે કવિ શ્રીદલપતરામભાઈ, હિતેચ્છુપત્રનાં તંત્રી મિ.પીતાંબરદાસ, સ્મોલ કોઝ કોર્ટનાં શિરસ્તેદાર મિ.ચુનીલાલ ને ભોળનાથભાઈનાં ચિરંજીવી ભાઈ ભીમરાવ વગેરે કેટલાક મિત્રો હતા. તેઓ બધા પંડિતજીને સભામાં મળ્યા અને સાધારણ વાતચીત કર્યા પછી તેમનામાં રહેલી અસાધારણ શક્તિ જોવા માટે ઈચ્છા દર્શાવી.

(અહીંથી શરૂ થતો આખો લેખ શ્રીનવલરામભાઈનાં શબ્દોમાં છે.) ગટ્ટુલાલજી જેટલા વિદ્વાન છે તેટલા જ વિવેકી છે અને તેથી અમારી વિનંતી તૂર્તજ કબૂલ કરવા જતા હતા, પણ એટલામાં ભગતોનાં મન એમ કરવાથી દુભાય છષ, એ જોઈ અમે ખુશીથી ભાષણ પૂરૂં થતા સુધી થોભવાનું કબૂલ કર્યું. ભાષણ પૂરું થઈ રહ્યા

પછી અમે નીચેનાં ત્રણ ચરણ ચંડીપાઠ, ગણપતિ સ્તોત્ર વગેરેમાંનાં આડા અવળા આપ્યા અને કહ્યું કે એમણે ચરણનાં અર્થ બંધ બેસે એવું એક ચોથું ચરણ કરી આપવું.

''નમો દેવીમહાદેવિ''
''કપિલો ગજકર્ણકઃ''
''યદ્ ગુહ્યં પરમં લોકે''

આ પ્રશ્ન પૂછતા જ ગટ્ટુલાલે કહ્યું કે કહો તમારી જે રસમાં ઈચ્છા હોય તે રસને અનુસરતું ચરણ રચું. માગેલા રસમાં પણ કરી શકશે એમ અમે ધાર્યું નહોતું. પણ એમની જ જ્યારે એવી ઈચ્છા દીઠી ત્યારે શૃંગાર રસ કહ્યો. શૃંગાર રસ કહેવાની અમારી મતલબ અલબત વિષય અઘરો કરવાની જ હતી, કેમકે અમે વિચાર્યું કે જેમાં માતૃભાવનું ચરણ રહેલું છે તે શૃંગાર રસમાં શી રીતે ઉતરશે. પણ એમણે તો ઠીક કહીને વિચારવા માંડ્યું અને પાંચ સેકંડ પણ નહિ ગઈ હોય એટલામાં એમને પૂછ્યું કે 'લોકે'માંથી 'અ' કાઢીને ચોથા ચરણમાં લઉં તો તમને કંઈ હરકત છે? અમે કહ્યું કે સંસ્કૃત ભાષાનાં સંધિ નિયમ પ્રમાણે એમ થઈ શકે છે તો અમને કંઈ હરકત નથી એવો જવાબ મળતા તૂર્તજ ચોથા ચરણનો અર્ધભાગ અને પછી બે સેકંડ પછી બાકીનો ભાગ તો જેમ પૂર્યો તેમ ઠીક છે, એવા બેપરવાહીપણાથી પૂરીને નીચે પ્રમાણેનું ચરણ બોલ્યા. અમે પૂછ્યું અને એમણે ચરણ રચી આપ્યું એ બધાને એક મિનિટ કરતા તો વધારે વખત નહિ જ ગયો હોય, એમ અમને નિશ્ચય લાગે છે. એમણે જે ચરણ મેળવી આપ્યું તેની સાથે તે શ્લોક આ પ્રમાણે થયો.

''નમોદેવી મહાદેવિ કપિલો ગજકર્ણકઃ।''
''યદ્ ગુહ્યં પરમં લોકેડવિઘ્નંકુર્યાત્ પ્રિયં ભજ॥''

એનો અર્થ-સખી વચન નાયકા પ્રતિ, ''હે દેવિ (રાણી વગેરે કુલિન સ્ત્રીઓને દેવી કહેવાનો સંપ્રદાય સાધારણ છે. તને નમસ્કાર ! હે મોટી દેવિ, આ જગતમાં પરમ ગુહ્ય (જે તારી પ્રીતિ) તેને કપિલ વર્ણનાં અને હાથીનાં જેવા કાનવાળા ગણપતિ વિઘ્ન રહિત કરો અને તું તારા પ્રિયને ભજ.''

આ પ્રમાણે સાંભળતા જ ''શાબાશ, શાબાશ'' એવા બોલ અમારા મોંમાંથી આપોઆપ નીકળ્યા. પછી આગગાડી ને કલમ એ બંને વિષે એક કવિતા કરવાનું કહ્યું. જ્યારે અમે માલિની છંદ આપ્યો ત્યારે એ છંદ કઠિન છે એમ કહ્યું. પણ એમનું મન કચવાય છે, એમ જાણી અમે છંદ ફેરવવાની ઈચ્છા બતાવી, ત્યારે તે છૂટનો લાભ લેવાની ના પાડી, તેમ જ રસમાં જ્યારે અમે વીરરસ કહ્યો ત્યારે બોલ્યા, કે આવા વર્ણનમાં વીરરસ લાવવો મુશ્કેલ છે. પણ એવું બોલતાની સાથે કહ્યું કે તમે ઉત્સાહ લક્ષણે વીરરસ માની લેશો, એટલે મને કંઈ અડચણ નથી. એમ કહીને આ વેળા તો સ્પષ્ટ છંદ રચવા લાગ્યા. એ વેળા અમને લાગ્યું કે, છંદાનુસાર શબ્દ તો એમનાં જિહ્વાગ્રે જ વસેલા છે. ગદ્ય લખતા વાર લાગે છે. તેટલી પણ એમને માલિની જેવા વિકટ છંદનાં અક્ષર મેળવતા વાર લાગતી નહિ. એ છંદનાં ચરણ ઉપર ઉપરી એટલી ઝડપથી રચાયા કે અમે ઝીલી શક્યા નહિ, અને ફરીથી બોલો કહેવાની અમને જરૂર પડી. ગટ્ટુલાલાજીએ કહ્યું, એ તો મારાથી નહીં બને, કેમકે હું ઝડપથી બનાવું છું , તે મને યાદ રહેતું નથી. જો યાદ રાખવાનું ધાર્યું જ હોત તો યાદ રહેત. ત્યારે અમે કહ્યું કે હવે એ યાદ નથી તો એ જ વિષય ઉપર બીજો છંદ બનાવો. ત્યારે એમણે હા કહી; અને એ વિચારમાં રહ્યા. એટલામાં અમે માંહે માંહે અરધું અરધું ચરણ યાદ રાખવાની ગોઠવણ કરી લીધી. પછીથી થોડીવારમાં એમની ત્વરિત વાણીને અમે પરસ્પર સહાયતાથી ઘણી મહેનતે નીચે પ્રમાણે ઉતારી લીધી.

'જગાતિ સુવિદિતા યા કૃષ્ણવર્ત્માશ્રયત્વાત્।
વ્યવહ્રિતમપિ દૂરાત્ સન્નિધિં પ્રાપયંતી।
સરણિ તરણિ હૈતોશ્ચક્રકર્મપ્રસક્તા।
શિખિમિવ શકટીયં લેખનીવદ્ વિભાતિ॥'

અર્થઃ- કાળા માર્ગનાં આ શ્રમથી જે જગતમાં ઘણી વિખ્યાત થયેલી છે, જે અંતરાયવાળાને પણ દૂરથી પાસે આણનારી છે, જે માર્ગ કાપવા અર્થે ચક્રકર્મમાં બહુ જ લાગેલી છે, એવી આ ગાડી લેખણ પેઠે શોભે છે. ચક્રકર્મનાં એમાં બે અર્થ થાય છે, આગગાડીની બાબતમાં પૈડાનું ફરવું અને લેખિની પેઠે લશ્કરની ટુકડીઓનો ફેરફાર. આ ઠેકાણે સેનાધિકારી (મિલિટરી કે સેક્રેટરી) કલમધારી છે, આટલો વિશેષ સંકેત વીરરસ લાવવા માટે રાખવો પડ્યો છે.

આ પ્રમાણે શીઘ્ર કવિત્વનાં બે નમૂના જોઈ અમારા મન સંતોષ પામ્યા, અને વૈષ્ણવોનું જંગલી (આ ટીકા આજે પણ આપણા માટે સાચી છે.) શોર બકોર એટલો બધો કરી રહ્યું હતું કે વધારે તસ્દી ન આપતા અમે ઉઠવાનો વિચાર કર્યો. ગટ્ટુલાલાજીની બુદ્ધિ સ્વસાધ્ય હતી કે આટલા શોર બકોરની કે ત્રણેક કલાક થયા મોટા અવાજથી પોતે વિવિધ વિષયો ઉપર વેદ પુરાણનાં પ્રમાણો વારંવાર આપીને સારૂ સંકલિત ભાષણ આપતા હતા, તે તરફનાં થાકની અસર એમનાં મન ઉપર જરા જેટલી થએલી જણાતી નહોતી. અને એમને કેવળ સ્વસ્થ ચિત્તથી ઉપલી બે કવિતા દેખ દેખતા કરી આપી હતી. ઉઠવાનાં વિચારમાં હતા એવામાં અમારા એક સાથીની ગુજરાતીમાં કવિતા કરાવવાની ઈચ્છા થઈ. અમે સાંભળ્યું હતું, કે સંસ્કૃત જેટલી પ્રાકૃતમાં સરસ કવિતા ગટ્ટુલાલ કરતા નથી. તોપણ ઘણા શ્રોતાને ઉપલા સંસ્કૃત કવનમાં ગમત નહિ લાગી હોય એમ ધારી અમે એ ઈચ્છાને અનુસરતા વિનંતી કરી. છંદ-ગીતિ અને વિષય જે શોર બકોર ચાલતો હતો, તે જ અમે આપ્યો. એ ફરમાઈશ ઉપરથી નીચેનો છંદ બન્યો.

''કોલાહલ કરવાથી મળશે શો અધિક લાભ જનમાંથી.
પરિતાપ એક મનને એથી થાય જ કલા ભજનમાંથી.''

અર્થઃ- શોર બકોર કરવાથી દુનિયામાં શો વધારે લાભ મળવાનો છે! વધારામાં માત્ર કલા (એટલે વિદ્યાભ્યાસ) અને ભજનને મંથન કરનારો (દુઃખ દેનારો પરિતાપ મનને (એથી) થાય છે, એમાં માંથી શબ્દ પ્રાકૃતમાં ક્લિષ્ટ દીસે છે, અને અર્થ રસનો કંઈ ઝાઝો ચમત્કાર નથી. પણ એ ગીતિમાં દક્ષણી મોરો પંથની પેઠે અંતઃપ્રાસ સાત અક્ષરની આણી, એ અદ્ભુત છે.

પછીથી અમે સર્વ આજ્ઞા લઈ ઉઠ્યા. દલપતરામ કવિને ઘણા આગ્રહથી અને વિવેકથી બે રૂપિયા ગટ્ટુલાલે દક્ષિણા આપી.

આગલે દહાડે જાહેર સભામાં જે કવિતાઓ બનાવી હતી તેમાંનો એક ગુજરાતી વિક્રીડિત છંદ અમને મળ્યો છે. તેને પણ અહીંયા નોંધી રાખીએ છીએ.

''વિદ્યાસાર વધારવા જગતમાં સદ્‌બુદ્ધિને વધારવા,
નાના શાસ્ત્ર વિચારવા, નહીં ફરી બીજા થકી હારવા.
પાપોનો ગણ વારવા, કરિ કૃપા દુર્બુદ્ધિ સંહારવા;
દીનોને ઝટ તારવા, જન બને સંસારનાં ખારવા.''

એનો અર્થ સ્પષ્ટ, યમકવાળા દેખીતી અને ભાષા કેવળ અક્લિષ્ટ હતી. પદબંધને સારૂ પણ શબ્દ જોડણી મચડવી નથી પડી. એ વાત ઘણાનાં અવલોકનમાં નહિ આવે એમ ધારી, અમે માત્ર સૂચવીએ છીએ.

પંડિતજીનાં અવધાન, શીઘ્રકવિત્વ, વેદાંત શાસ્ત્રો વિષેનું તેમનું જ્ઞાન, ગુજરાતી કાવ્ય રચના વગેરે વિષયો ઉપરનાં લખાણ ઉપરથી આપેલ નવલરામભાઈનો અભિપ્રાય આપણે જોઈ ગયા. કવિકુલગુરુ કાલિદાસનો દાખલો આપીને પંડિતજી વિષે તેઓશ્રી લખે છે તે શબ્દે શબ્દ નીચે ઉતારીએ છીએ.

''જે ક્ષણે કહ્યું તે જ ક્ષણે જે કવિતા કરી આપે તેને શીઘ્રકવિ કહે છે. જો સરસ કવિતા રચવી એ જ ઈશ્વર પ્રાસાદિક વસ્તુ છે, તો તે તત્કાળ કરી શકવી એ તો બહુ દુર્લભ હોય, એમાં કાંઈ આશ્ચર્ય નથી. શીઘ્રકવિનું ડોળ ધરાવનારામાંના ઘણાખરા કાં તો દંભી હોય છે, અથવા તો જડને જડતા અક્ષર જોડી જાણનારા હોય છે. તેમાં કાંઈ પણ અર્થ રસની વિચિત્રતા રહેલી નથી. એથી શીઘ્રકવિતાને રસિકજનો ધિક્કારે છે, અને ચતુર પરીક્ષકો તો તેને

કવિતા જ કહેતા નથી. ઘણા શીઘ્રકવિની કવિતા આવી જ માલ વગરની હોય છે, અને તેથી કેટલાક વિદ્વાનો શીઘ્ર કવિનું નામ સાંભળી કંટાળે છે. તે છતા ઈશ્વરી પ્રસાદ અકળ છે. અને કોઈ કોઈ વખત સાચા પણ શીઘ્ર કવિ નીકળી આવે છે. આ બાબતમાં કાલિદાસનું નામ જગતમાં જાહેર છે અને કાલિદાસને નામે ભોજપ્રબંધમાં જે શીઘ્ર કવિતા આપી છે, તે તો પાછળનાં બીજા કોઈ કવિએ નિરાંતે બનાવી તેને નામે ચઢાવી દીધી છે, એમ માનવાનાં ઘણા કારણ છે. તોપણ કાલિદાસમાં અપૂર્વ શીઘ્ર કવિતા રચવાની શક્તિ હતી, એમાં કાંઈ પણ સંદેહ રહેતો નથી. અલબત એવા શીઘ્રકવિ કાળાંતરે જ ઉત્પન્ન થાય છે. તેઓ કાંઈ દરેક ઠેકાણે, દરેક જમાનામાં નજરે પડતા નથી.

આ મુંબઈ ઈલાકામાં હાલમાં એ કામમાં ગટ્ટુલાલાજી એક જ કહેવાય છે. એ તાત્કાલિક કવિતા કરે છે, અને તેમાં રસાલંકાર પણ ઠીક આણી શકે છે. જાતે અંધ છે, તથાપિ વિદ્વાન પિતાને પ્રતાપે સારો વિદ્યાભ્યાસ કર્યો છે. સંસ્કૃત ભાષાનું જ્ઞાન ઉત્કૃષ્ટ છે, અને સઘળા શાસ્ત્રમાં ઘણી નિપુણતા છે. (સન ૧૮૭૮ ફેબ્રુઆરી માસ પુસ્તક ૧૭ અંક-૨જાનાં પાના ૨૨૯માંથી) (ન.લ.)

(૧૪) ઈશ્વર

આ સાથે પંડિતજીએ બાળકોને સમજાય તેવી ભાષામાં ઈશ્વર છે કે નહિ તેવા વ્યાખ્યાન હિંદુ ધર્મની પદ્ધતિએ આપવા માંડ્યા. એ વાત તો સાચી છે કે તેમનો નવીન વૈજ્ઞાનિક પદ્ધતિનો અભ્યાસ ન હતો. એટલે પશ્ચિમનાં વૈજ્ઞાનિકોની પદ્ધતિએ તેઓ પોતાનાં મતનું સમર્થન કરી શકતા નહિ, પણ હિંદુ ધર્મનું તેમનું જ્ઞાન અસાધારણ હતું. અને કદાચ તે વખતનાં ભારતવર્ષમાં તેઓ એક અને અજોડ પણ હશે. સ્વામી દયાનંદ, પંડિતજી કરતા મહાન ખરા પણ તે બીજી રીતે. તેમનામાં પ્રગટ ઉષ્ણ તાપ જે હિંદુ જાતિની નિર્બલતા ને ઘોર અજ્ઞાનતા માટે પ્રગટ્યો હતો, તેનો નાશ યેનકેન ઉપાયથી કરવો એ તેમનાં જીવનનું સ્વારસ્ય હતું. તે દ્રષ્ટિએ સ્વામીજી પંડિતજી કરતા મહાન ગણાય, પણ શાસ્ત્રીય જ્ઞાનમાં તો પંડિતજીનાં વિચારો ઘણા જ પ્રામાણિક હતા, અને તેમનાં પ્રગટ ગ્રંથો વાંચનાર આજ પણ કહી શકશે.

તે સમયમાં ઈશ્વર છે કે નહિ તે વાત વિષે ઘણા નવશિક્ષિતો શંકા ઉઠાવતા. આ શંકા નિવારવા માટે તેમણે ઈશ્વરસિદ્ધિ નામે એક લાંબો લેખ તેમનાં આર્યસમુદાય માસિકમાં શરૂ કર્યો. આ લેખ હિંદુ શાસ્ત્રનાં અભ્યાસનાં નિચોડ રૂપ હતો. તેમાં ઈશ્વરનાં અસ્તિત્વ માટે પંડિત ઉદયનાચાર્ય રચિત કુસુમાંજલીનાં પાંચમા વિભાગમાંથી નવ પ્રબળ અનુમાનો આપ્યા છે. તે નવ અનુમાનોમાંથી એક એક અનુમાન ઉપર વિસ્તારથી વિવેચન કરી ઈશ્વર છે કે નહિ તે વાત તેમણે ચર્ચી. આ વિષયનો એક બાળ નિબંધ પણ બાળકો સમજે તેવી રીતે તેમણે લખ્યો, જેનો સારાંશ નીચે મુજબ છે.

''વેદ, સ્મૃતિ, પુરાણ શાસ્ત્ર એ સર્વ મુખ્યતાએ ઈશ્વરનું વર્ણન કરે છે, અને ધર્મનો આધાર ઈશ્વર છે. કારણકે ધર્મ અધર્મનું સારૂ નરસું ફલ આપવું એ ઈશ્વરને હાથ છે. માટે સૌથી પહેલા ઈશ્વર છે કે નહીં એ વાત સૌએ જાણવી જોઈએ.

(ભુજંગી છંદ) ''અનાયાસથી વિશ્વ આ, જે કરે છે
સ્વઈચ્છા પ્રમાણે સહૂને ભરે છે,
હરિ સર્વ એક ક્ષણે સંહરે છે,
સદા તે પદે ચિત્ત મારૂં ફરે છે.''

''આ સ્તુતિ સાંભળતા જ નાસ્તિક માણસનાં મનમાં એવો સવાલ ઉઠશે કે જે ઈશ્વરની આ સ્તુતિ કરે છે, અને વળી કહે છે કે તેનાં પદમાં મારૂ મન ફરે છે, તે ઈશ્વર જ ક્યાં છે? આખા જગતમાં જોતા કોઈ ઠેકાણે પણ આપણે તેને દીઠો નથી. ત્યારે એ છે કે હશે તેની શી સાબિતી! જો ન જ હોય તો એની મિથ્યા સ્તુતિ કરવાથી શો

લાભ ! પરંતુ સ્તુતિ ખોટી છે, એમ તો કહી શકાતું નથી. કેમકે જો તે ન હોય તો કાંઈપણ ચીજ જોયા જાણ્યા વગર તેમાં મનુષ્યનું મન શી રીતે ફરી શકે! ત્યારે જો આ સ્તુતિ સાચી હોય તો તેનાં ચરણમાં મારું મન ફરે છે, એમ કહેનારે જ 'ઈશ્વર છે' એ વાત પ્રથમથી સિદ્ધ કરી આપવી જોઈએ.''

''આ સવાલનો જવાબ ઘણો જ સહેલો છે. તે એટલે સુધી કે એ સવાલ કરનાર પોતે જ જો પોતાનાં મન સાથે એ વાતનો લગાર પણ વિચાર કરશે તો તેને પોતાને પણ એ પ્રશ્ન નબળો લાગ્યા વિના નહીં રહે કેમકે ઈશ્વર છે અને તેનું હોવાપણું અનેક પ્રકારે સાબિત થાય છે. તે સર્વ પ્રકારો થોડા અવકાશમાં સમજાવી શકાય તેમ નથી, માટે તેમાંનો એક જ પ્રકાર થોડા પ્રકારે હાલ તો કહી લઈએ.''

''જગતમાં ઘણી ચીજો છે કે જે આપણી સાધારણ નજરથી આપણને જોઈ શકાતી નથી. પણ તેથી શું તે ચીજો જ નથી એમ કેમ કહેવાય? આ પૃથ્વી ઉપર જ યૂરોપ, આફ્રિકા, અમેરિકા વગેરે મોટા મોટા ખંડો છે, કે જે ઘણા જણોએ જોયા નથી, અને મુસાફરીએ જનારા ઘણા જણો તેને જુએ છે. એટલે જેમણે અમેરિકા વગેરે દેશ જોયા નથી તેઓ તે દેશો નથી એમ કહી શકશે નહીં. કારણકે ભૂગોળ વાંચીને આપણે જાણી શકીએ છીએ કે તે તે દેશો તેમને સ્થાને છે. અરે એટલે બધે દૂર જવાની પણ શી જરૂર છે? આપણી પાસે જ જુઓની વાયુ આપણી ચારે બાજુએ ફેલાઈ રહ્યો છે અને વારંવાર આપણાં શરીરને લાગે છે, તથા આપણી નજર આગળ પડેલ પદાર્થોને ગમે તેમ ઉડાડે છે, તેને પણ આપણે ક્યાં જોઈ શકીએ છીએ? તે પણ આંખે દેખાતો નથી. માટે ન દેખાવા માત્રથી ઈશ્વર નથી એમ બોલવું કેવળ જડબુદ્ધિનું પરિણામ જણાય છે.''

કદાચિત્ શંકા કરનાર કહે કે પવન દેખાતો નથી તેમાં શું થયું? તેથી થા કામો તો આપણને દેખાય છે ને? જો એમ વિચારો તો પછી ઈશ્વરનાં કરેલા કામો ક્યાં દેખાતા નથી? આ આખું જગત જ તેણે બનાવેલું છે!''

''કોઈપણ કાર્ય કારણ વિના બનતું નથી. તો આ જગત રૂપી કાર્યનું કારણ શું તે જાણવું જોઈએ. તે સમજવા માટે પ્રથમ આપણે કારણ અને કાર્યનું ટૂંકું સ્વરૂપ જાણવું જરૂરનું છે, ને તે એ છે કે-

ગીતિઃ- જેથી કાર્ય બને તે, કારણ છે જેમ મૃત્તિકા ઘટનું,
ઉપજે તે કાર્ય ગણો, અંગરખું જેમ થાય છે પટનું.

જે પદાર્થ પહેલેથી જ હોય અને તે કોઈપણ વસ્તુ ઉત્પન્ન થવામાં જરૂરી-ઉપયોગી હોય, તે પદાર્થ ઉત્પન્ન થનાર વસ્તુનું કારણ જાણવું, જેમ ઘટ એટલે ઘડા વગેરેનું કારણ છે; અને તેથી થતા ઘડા કોડિયાં વગેરે તેનું કાર્ય છે. માટી એ ઘટ વગેરે પદાર્થની પૂર્વચીજ છે, અને ઘડા વગેરે બનાવવા માટે અવશ્ય ઉપયોગી છે, કેમકે માટી વગર માટીનાં ઘડા વગેરે બની શકે જ નહિ. હવે જે વસ્તુ બને તેને કાર્ય જાણવું. જેમ પટ કારણ છે. વસ્ત્રનું અંગરખું એ કાર્ય છે જેમ માટી વિના ઘડો ન બને તેમ પટ વસ્ત્ર વિના અંગરખું વગેરે પણ ન બને, માટે પટ એ અંગરખાનું કારણ છે. તેમ જ સોનું એ કારણ અને તેમાંથી થતા કડા કંઠી વગેરે કાર્ય કહેવાય. આ રીતે સર્વ પદાર્થમાં કાર્ય કારણનો સંબંધ સમજવો. કારણ પણ બે પ્રકારનાં હોય છે. (૧)ઉપાદાન, અને (૨)નિમિત્ત.''

ગીતિઃ-''જે કાર્ય રૂપ પોતે, થાય ઉપાદાન તે યથા માટી,
અલગ નિમિત્ત રહે છે, સુતાર ઓજાર જે ઘડે પાટી.

જે પદાર્થ પોતે કારણમાં હોય અને કાર્ય રૂપ થાય છે, તે ઉપાદાન-જેમ માટી, અને જે પોતે અલગ રહીને કાર્ય ઉપજાવે તે નિમિત્ત કારણ કહેવાય. જેમ પાટી એ કાર્યનાં સુતાર ઓજાર નિમિત્ત કારણ છે, કેમકે તે કંઈ પોતે કાર્યરૂપ થતા નથી,, માત્ર લાકડું કાર્યરૂપ થાય છે. માટે પાટીનું ઉપાદાન કારણ લાકડું છે. સુતાર ઓજાર વગેરે અલગ રહીને પાટી તૈયાર કરનાર નિમિત્ત કારણ છે. તેમ જ કુંભાર ચાકડો વગેરે માટીથી જુદા રહીને ઘડાને ઉત્પન્ન કરે છે. તે સર્વ ઘડાનાં નિમિત્ત કારણ જાણવા. નિમિત્તકારણનાં પણ બે ભેદ છે.

(૧).સ્વતંત્ર નિમિત્ત અને (૨).પરતંત્ર નિમિત્ત. સુતાર સ્વતંત્ર નિમિત્ત છે. કેમકે તે પોતાની મરજીથી જ પાટી વગેરે બનાવે છે. પરંતુ વાંસલો, ફરસી, રંદો વગેરે ઓજારો પરતંત્ર નિમિત્ત છે. કેમકે તે સુતાર વિના એકલા પાટી પૈદા કરી શકતા નથી. ઉપાદાન કારણને કેટલાક સમવાયી (નિરંતર કાર્યમાં ફેલાઈ રહેતા) કારણ પણ કહે છે.

આ પ્રમાણે વિચાર કરી જોતા કોઈપણ ચીજ કારણ વિના બની દેખાતી નથી. ત્યારે આ આવડું મોટું જગત કોઈ બનાવનાર કારણ વિના કેમ બની શકે!

ઉપજાતિઃ-‘‘બધા ઉગે બીજ થકી જ વૃક્ષ
ઘરો બને કારૂ થકી સમક્ષ,
જણો ખરૂં કારણ ઈશ ભાવે
કો તે વિના વિશ્વ બધું બનાવે?

આ જગત જોતા જ એ નક્કી થાય છે કે કોઈ પણ આ જગતને બનાવનાર કર્તા હોવો જોઈએ, આ જગતનો જ કર્તા તેનું નામ ઈશ્વર કહેવાય છે. લાકડાઓમાં નક્સી વગેરે કામોની સારી કારીગરી બતાવનાર બારી બારણ વગેરેવાળું, ચિત્તમાં ચમત્કાર ચોંટાડનાર, વિચિત્ર આકાર ધરનાર, થાંભલાનાં આધાર પર ભાર દઈ રહેલું, કોઈ બી સુંદર મંદિર અંદર બહારથી ફરીને જોતા સાધારણ માણસ પણ સહજમાં સમજી શકે કે કોઈપણ ચતુર કારીગરે આ ઘર બનાવેલું છે. કોઈ બી બુદ્ધિમાન એમ કહિ કે આ ઘર કારીગરની ગરજ ન ધરતા આફરડું આકાશમાંથી આવી પડેલું છે અને એમ પણ નહિ કહે કે આ ઘર અનાદિ કાળથી આવું જ છે. એમ પણ ન કહેવાય કે આ ઘર પોતાની મેળે સ્વભાવથી બનેલું છે. જો કોઈ એ ઘર વિષે ઉપર લખેલી ત્રણ વાતમાંની એકાદ પણ પકડી વૃથા માથાકૂટ કરે તો તેને વિદ્વાન લોકો નાદાન પદવીનાં સન્માનનું દાન કર્યા વિના નહીં રહે.

વાંચનારો વિચાર કરો કે, જ્યારે સહજનું એક ઘર પણ કારીગરની ગરજ ધરાવે છે. ત્યારે અતિ આશ્ચર્યકારી અનેક પર્વતો વનસ્પતિઓ નદીઓ સાગર વગેરે વૈભવવાળું, આ વિશ્વ કોઈ બી કર્તા વિના કેમ બની શકે? ઘર જોતા ચતુર કારીગરની માફક, અત્યંત આશ્ચર્યકારી જગત જોતા તેનો કર્તા સર્વજ્ઞસર્વશક્તિમાન ઈશ્વર નક્કી જણાય છે, કોઈ પૂછે કે ઈશ્વર સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે એમ કેમ જણાય? તેનો ઉત્તર તો એ જ છે કે, જે સર્વ કર્તા હોય તે સર્વજ્ઞ અને સર્વ શક્તિમાન હોવો જોઈએ. કેમ કે-

ભુજંગી- ઉપાદાનને સાધનો સર્વ જાણે,
બનાવા તણી તેમ ઈચ્છા જ આણે,
પ્રયત્નો કરી જે શકે તે પ્રમાણે
સહુ શાસ્ત્ર તેને જ કર્તા વખાણે

ઉપાદાન એટલે અમુક બનાવવાની ચીજ અમુક પદાર્થમાંથી અમુક રીતે બની શકે છે એનું પદાર્થજ્ઞાન, તે બનાવવાની ઈચ્છા, તથા ઈચ્છા પ્રમાણે પ્રયત્ન, એ જ ધરાવતો હોય તેને જ સર્વ શાસ્ત્ર કર્તા કહે છે,

બનાવવાનાં પદાર્થ વિષે જે સર્વ રીતનું જ્ઞાન અને શક્તિ ધરાવતો હોય તે જ તે પદાર્થનો કર્તા થઈ શકે. જેમ સોનાનાં ઘરેણાનો કર્તા જે પુરુષ હોય છે, તે પુરુષ તે ઘરેણા કચી ચીજમાંથી, ક્યા સાધનોની સહાયતાથી, કેવી રીતે બને છે એ સર્વ જ્ઞાન ધરાવે છે તથા તે બનાવવાની શક્તિ પણ ધરાવે છે. જો શક્તિ હોય પણ ઉપર લખ્યા પ્રમાણે જ્ઞાન ન હોય તો તે ચીજ બનાવી શકાય નહિ. તેમ જ ફક્ત જ્ઞાન હોય પણ બનાવવાની શક્તિ શરીરમાં ન હોય તો પણ ચીજ બનાવી શકાય નહિ, માટે સર્વ જગતનાં નિયંતા ઈશ્વર સર્વજ્ઞ એટલે સર્વ પદાર્થ સંબંધી જ્ઞાનવાન અને સર્વશક્તિ એટલે સર્વ જાતનાં સામર્થ્યવાળા હોવા જોઈએ.

કોઈ કહે કે ઘડાનું ઉપાદાન કારણ માટી, સ્વતંત્ર નિમિત્ત કારણ કુંભાર, અને પરતંત્ર નિમિત્તકારણ લાકડી ચાકડો વગેરે છે. તેમ આ જગતનાં ઉપાદાન કારણ ક્યાં છે? તો તેનો ઉત્તર એ કે આ જગતનું ઉપાદાન કારણ, સ્વતંત્ર નિમિત્ત કારણ, તથા પરતંત્ર નિમિત્ત કારણ સર્વ ઈશ્વર જ છે. જેમ કરોળિયો પોતાનાં મુખમાંથી લાળનું જાળ બનાવે છે, તેનું ઉપાદાન તેમ જ બંને પ્રકારનું નિમિત્ત કારણ પોતે જ હોય છે. તેમ ઈશ્વર પોતાની મેળે પોતાનાં સ્વરૂપમાંથી આ સર્વ જગત પૈદા કરે છે. તેથી જગતનું સર્વ પ્રકારનું કારણ કેવળ ઈશ્વર જ છે. એવા સર્વજ્ઞ અને સર્વ સમર્થ પરમેશ્વર આ જગતને રચ્યા પછી હાથ જોડીને બેસી રહ્યા હશે કે શું? એવી શંકા કોઈને ઉઠે તો તેને ઉત્તર એ જ છે કે તેઓ આ આપણે જોઈએ છીએ તેટલું એક જ બ્રહ્માંડ રચીને બેસી રહેતા નથી,

પરંતુ એવા અનેક બ્રહ્માંડો નિરંતર ક્ષણે ક્ષણે નિર્માણ કરે છે, અને તે જ પ્રમાણે પાછો તેનો નાશ પણ ક્ષણક્ષણમાં કરતા રહે છે. એ રીતે પ્રત્યેક પળમાં કોઈ બ્રહ્માંડનું નિર્માણ અને કોઈનો પ્રલય પ્રવૃત્ત હોય જ છે. અને તે સઘળું ઈશ્વર વિના પ્રયાસે સ્વાભાવિક કરે છે.

ભુજંગી-બનાવે બધું વિશ્વ કારીગરીથી,
ક્ષણે સંહરે ને કરે તે ફરીથી,
જનોને ધનો જ્ઞાન ને કીર્તિ આપો,
તમારા સહુ ક્લેશ સર્વેશ કાપો.

જે આ બધું વિશ્વ વિચિત્ર કારીગરીથી ક્ષણમાં બનાવે છે અને ક્ષણમાં સંહરે છે, અને વળી ક્ષણમાં તે ફરીથી કરે છે એવા અદ્ભુત અને અકલિત સામર્થ્યવાળા સર્વેશ્વર અમોને ધનો, જ્ઞાન ને કીર્તિ આપો તથા અમારા સંપૂર્ણ ક્લેશને કાપી નાખો.

ઉપજાતિ- સર્વજ્ઞ સર્વેશ્વર સર્વશક્તિ,
જેની કરે દેવ સમસ્ત ભક્તિ,
જે સચ્ચિદાનંદ અનંદ આદિ,
અખંડ જાણે જન તત્ત્વવાદ.

એ સર્વેશ્વર, સર્વજ્ઞ અને સર્વશક્તિમાન છે, જેની સઘળા દેવો ભક્તિ કરે છે. વળી તે સચ્ચિદાંનદ એટલે સર્વત્ર સત્તાવાન, પ્રકાશવાન અને આનંદરૂપ છે. વળી તે આદિ અને અંત વગરનું અખંડ છે. આવું એનું સ્વરૂપ તત્ત્વજ્ઞાની જનો જાણે છે. શાથી જાણે છે? વેદ અને શાસ્ત્રથી. વેદ શાસ્ત્ર એ જ સર્વેશ્વરનું સ્વરૂપ સમજવાનાં સારા સાધન છે, કેમકે વેદ એ ઈશ્વરની વાણી છે. તેથી સર્વેશ્વરને સમજી તેનું નિરંતર ભજન કરવું એ જ મનુષ્યને સુખી થવાનો માર્ગ છે. માટે બાલકો,

ચોપાઈ- મૂળ પિતા ઈશ્વરને ભજો, રમતગમતમાં મમત જ તજો;
વેદશાસ્ત્રની સમજી મજો, તત્ત્વ બોધનાં શોધક થજો.

જે આ આખા જગતનો જનક, મૂળ પિતા છે તે ઈશ્વરને ભજો, નકામી રમતગમતમાંથી મમતા તજો તથા વેદશાસ્ત્રની ખૂબી સમજો અને તત્ત્વબોધનાં શોધનારા થજો, તેથી તમે સુખી થશો.

આ એક કાર્યકારણની નાનકડી વાત પરથી જ તમોને ઈશ્વરની સિદ્ધિ સાફ સમજાઈ હશે. એ સિવાય પણ (નવ અનુમાનો) અનેક કારણોથી ઈશ્વરનું અસ્તિત્વ સિદ્ધ થાય છે. પરંતુ તે અનવકાશને લીધે લખ્યું નથી.

આ ઈશ્વરસિદ્ધિ સારી રીતે સમજી જે કુમારો તેનું વારંવાર મનમાં મનન કરશે તે કદી પણ નાસ્તિક લોકોના ભમાવ્યાથી ભમશે નહિ. એટલું જ નહિ, પણ તે સર્વેશ્વરનું સર્વદા સ્મરણ કરી સુખી થશે. એવી સંપૂર્ણ આશ આ ''આર્ય સુધર્મોદય સભા'' ધરાવે છે અને કહે છે કે-

તેની સિદ્ધિ મને ધરો, જે જગનો કરનાર,
તેથી લહે સમૃદ્ધિ ને બુદ્ધિ નરનાર.

આમ આ સભામાં પંડિતજીએ ઈશ્વરસિદ્ધિ, જીવનું સત્યત્વ પુનર્જન્મ, વેદસિદ્ધિ, વર્ણભેદ, આશ્રમભેદ ધર્મનું સ્વરૂપ, પાપ (અધર્મનું) સ્વરૂપ, કથા, ભજન, કીર્તન, ઈશ્વર ભક્તિ કોણે કરવી, ભક્તિમહિમા વગેરે ઉપર વ્યાખ્યાનો દર રવિવારે આપવા માંડ્યા ને વેદધર્મનો પ્રચાર પોતાની રીતે કરવા લાગ્યા. આ જ અરસામાં પુનામાં વેદશાસ્ત્રોત્તેજક નામની સભા સ્થપાઈ તેનાં તરફથી વેદ ને શાસ્ત્રોની પરીક્ષાઓ લેવામાં આવતી અને જે તે પરીક્ષાઓમાં પાસ થાય તેને સારૂ ઈનામ આપવામાં આવતું. આ સંસ્થાના પંડિતજી પરીક્ષક નીમાયા હતા ને તેમની દોરવણીથી આ સંસ્થા દિન પ્રતિદિન વિકાસ પામવા લાગી.

(૧૫) આર્ય સમુદય

આમ સભા સ્થપાવાથી પંડિતજી વેદાદિ ધર્મનો પ્રચાર મુંબઈમાં તો સારી રીતે કરી શકતા, પણ મુંબઈ પ્રાંતમાં હિંદુધર્મનાં પ્રચારની ખાસ આવશ્યકતા હતી. કારણકે આ સમયમાં મોટા ભાગનાં માણસો ધર્મ સંબંધમાં અજ્ઞાની હતા. આથી તેમણે સભાની સાથે સાથે સ.૧૯૩૨માં આર્ય સમુદય માસિક પત્ર કાઢ્યું. આ માસિક પ્રગટ કરવાનું કારણ આપતા પંડિતજી લખે છે કે,''સર્વ મનુષ્યોને પોતપોતાનો ધર્મ સમજવાની ઘણી જ જરૂર છે, કારણકે ધર્મથી જ આ લોકમાં અને પરલોકમાં સુખ મળે છે. તે એવી રીતે કે સુખનાં સાધન પૈસો, બાગબગીચા, વૈભવ યશ એ સર્વ ધર્મથી જ મળે છે. કેવળ ઉદ્યોગથી જ મળતા નથી. જો તેમ ન હોય તો બુદ્ધિમાન અને વિદ્વાન એવા કેટલાક પુરુષો ઉદ્યમ કરતા છતા પણ તેમાં નિષ્ફળ ન થવા જોઈએ. કેટલાયેક બુદ્ધિ અને વિદ્યા વિનાનાં ઉદ્યોગરહિત પુરુષોને રાજવૈભવ મળવામાં કોઈ પણ કારણ હોવું જોઈએ અને તેનું કારણ ફક્ત ઈશ્વરેચ્છા માનીએ તો અપક્ષપાત ઈશ્વરને વગર કારણે તેમ ઈચ્છવું છાજતું નથી. માટે તેવી રીતે વૈભવો મળવા ન મળવામાં મુખ્ય કારણ ધર્મ તથા અધર્મ હોવા જોઈએ.

હવે બીજું કારણ ઉદ્યોગ, કેમકે કોઈ પણ ઉદ્યોગ ન કરતા કેવળ ધર્મને ભરોસે બેસી રહેનારાં લોકોને તેટલું ફળ તરત જ મળી શકતું નથી. સ્મૃતિમાં કહેલું છે કેઃ

યથા હ્યેકેન ચક્રેણ ન રથસ્ય ગતિર્ભવેત્।
એવં પુરુષકારેણ વિના દૈવં ન સિધ્યતિ ॥

જેમ એક જ પૈડાનાં આધારથી રથ ચાલી શકતો નથી તેમ કોઈ પણ ઉદ્યમ વિના દૈવ ફલ આપતું નથી.

ધર્મ અધર્મ અને ઉદ્યોગ એ ફલ આપવામાં કેટલો ફરક ધરાવે છે એ વાત વધારે લખવાની હાલ જરૂર નથી, અને ઈશ્વરેચ્છા તો સર્વનું મૂળ કારણ છે એ વાતનો વધારે ખુલાસો પ્રસંગે આપીશું. હવે ધર્મ અધર્મનું ખરૂં સ્વરૂપ જાણવાનાં સાધનો અનાદિ કાલનાં શાસ્ત્રો, એટલે વેદ, સ્મૃતિઓ, પુરાણો, પ્રાચીન આચાર્યોનાં ગ્રંથો વગેરે છે. તેમ જ ઉદ્યોગોની ખરી રીત જાણવાનાં સાધનો વેદ, સ્મૃતિઓ, પુરાણમાંના કેટલાક ભાગો, મહાભારત, મહિલા રાજનીતિ, વિદુરનીતિ વગેરે ભાગો, બ્રહ્માનો રચેલો દંડનીતિ એવા નામનો લાખ અધ્યાયનો ગ્રંથ, બૃહસ્પતિનીતિ, શુક્રનીતિ, કૌટિલ્યભાષ્ય, કામંદકીયનીતિસાર વગેરે ગ્રંથો છે. પણ ઘણો કાલ જવાથી, તથા નવા આર્ય લોકોની આળસૂ પ્રકૃતિથી તથા બૌદ્ધલોકો મુસલમાન લોકો વગેરેનાં મોટા ઉપદ્રવોથી આર્ય લોકોનાં ધર્મસંબંધી તથા નીતિસંબંધી ગ્રંથોનો નાશ થયો અને થોડા એક ભાગ રહ્યો. તેમાંથી પણ જ્ઞાનનો લાભ હાલ આર્ય લોકોને સંસ્કૃત જ્ઞાન થોડું હોવાથી, સર્વ લોકોએ લેવાઈ શકાતો નથી. તેથી ધર્મ તથા નીતિ એ બે આર્ય લોકોમાંથી ઘટી ગયા છે. એ બેઉનાં ઘટાડાથી આર્ય લોકોની ઘણી જ પડતી દશા આવી છે અને સર્વ સત્તા હાથમાંથી નીકળી ગઈ છે. માટે ધર્મશાસ્ત્રનાં અને નીતિશાસ્ત્રનાં ગ્રંથોનો અભિપ્રાય પ્રાકૃતમાં મળવાથી આસ્તે આસ્તે સર્વ લોકોને મુખ્ય પોતાનાં ધર્મનો બોધ તથા નીતિશાસ્ત્રનું જ્ઞાન તથા કવિતા સંગીત વગેરે કલા કૌશલ્ય થાય એ માટે, આ પુસ્તક દર માસે કાઢવા ધારીએ છીએ.''

વળી આર્યસમુદય માસિકનાં જન્મ વિષે લખતા પંડિતજી સરસ રીતે સમજાવે છે કે, ''ઈશ્વરકૃપાથી આ શુભ સમય આર્યસમુદય પુસ્તકને પ્રસાર કરવા લાયક મળી આવ્યો છે. હાલ મહાત્માનાં યશ જેવી ઉજળી ચંદ્રમાની ચાંદની આખા વિશ્વને ઉજ્જ્વળ કરે છે. મેઘનાં અંધકારરૂપી કારાગૃહમાંથી છૂટેલ તારાઓનાં સારા સારા પ્રકાશો નેત્રને આનંદ આપે છે, ચોતરફ એટલા તો દીવા જોડાયા છે કે જેઓનાં પ્રકાશે જ્યાં ત્યાંથી મારી કાઢી મૂકેલો અંધકાર ક્યાંય પણ ઠેકાણું ન મળતા અંતે દુર્જનોનાં હૃદયને શરણે જાય છે.

આ આર્યસમુદય પુસ્તકનો પ્રસાર થવાથી શ્રીકૃષ્ણચંદ્રની ભક્તિરૂપ ચાંદનીથી જગત સઘળું ઉજળું થશે. મેઘની માફક આડા પડી વેદધર્મમાં અંધકાર કરનારા લોકો ફીકા પડવાથી વિદ્વાનરૂપી તારા સારા દેખાઈ આવશે. અનેક આર્યગ્રંથો રૂપી દીવાઓનો એટલો પ્રકાશ ફેલાશે કે જેથી અજ્ઞાનરૂપ અંધકારને રહેવા માટે દુરાગ્રહી નાસ્તિકોનાં મન સિવાય વાસ ભવન નહીં મળે. નાસ્તિક લોકોની વાણીનાં આડંબરથી ભરાયેલો સંશયરૂપી કાદર

દૂર થવાથી નિર્મલ થયેલા અને ભક્તિરસથી સંપૂર્ણ એવા સજ્જનોનાં હૃદયરૂપી તળાવોમાં ભગવચ્ચરણકમળનાં વિકાસથી ઘણી શોભા દેખાશે. તે ચરણકમળમાં ભમરાઓની પેઠે આસક્ત ભક્તજનોએ કરેલું પરમેશ્વરનું મધુર ગુણગાન કાનને આનંદદાન દેશે. સર્વ લોકોપકારક આવા શુભ કાર્ય માટે આર્ય લોકો ઔદાર્ય યથાર્થ દેખાડી પોતે નિર્મળ થઈ હિંદુસ્તાનને નિર્મળતાની શોભા આપશે.

આ માસિકમાં ઈશ્વરભક્તિ વધે તેવી અદ્ભુત ચમત્કૃતિવાળી કવિતાઓ, ઈશ્વરતત્ત્વ ઉપર શાસ્ત્રીય પ્રમાણ પુરઃસર એક નિબંધ, રાજકર્તવ્ય, કામંદકીયનીતિસાર વગેરેને વિસ્તારથી સમજાવતું ભાષાંતર, દરેક માસનાં તહેવારોનું શાસ્ત્રીય પ્રમાણ સાથે રહસ્ય, આધુનિક સામાજિક સ્થિતિ, સ્મૃતિઓમાં જાણવા જેવી બાબતો, ધર્મનું પગથિયું, નાચકલા, મૂર્તિપૂજા વિષયક તકરાર વગેરે અનેક વિષયો આપેલા છે.

થોડા માસમાં આ માસિકની પ્રવૃત્તિથી હિંદુ સમાજમાં સારી જાગૃતિ આવી. લોકોનું મન ધાર્મિક શિક્ષણ લેવા પ્રેરાયું, તથા જુના રીતરિવાજો રૂઢિઓ કેવી છે તથા તેનું સત્ રહસ્ય શું છે તે પણ જાણવા લલચાયું. પંડિતજી પોતે આ પત્રની સમાજમાં શી અસર થઈ તે વિષે લખે છે કે, ‘‘ઈશ્વરકૃપાથી સર્વે સારી સંપત્તિઓ સિદ્ધ થાય છે. ધર્મનું ધોરણ ધરનારી આર્ય સુધર્મોદય સભા કેટલા એક કમલાકાંત (ભગવાનની દયા કટાક્ષની ઈચ્છા રાખનાર) કરુણા કટાક્ષ સકાંક્ષ સદ્‌ગૃહસ્થોએ સંપની સંપત્તિથી શરૂ કરી છે. બીજી તરફ આ અમારું આર્ય-સમુદય ચોપાનિયું ચંદ્રિકાપક્ષનાં ચંદ્રની માફક પ્રતિદિન વૃદ્ધિ પામી, ચાહનારા ચતુર ચકોરોનાં ચિત્તમાં ચમત્કાર ચઢાવે છે. દયોદધિ દામોદરની દયાદ્રષ્ટિથી આ પુસ્તક ત્રણ માસનું થયું.

હવે આ પુસ્તક ત્રણ માસનું થયું એટલામાં ઉપરથી વૃથા વેદશાસ્ત્રનું અભિમાન દર્શાવનાર અધર્મી લોકોનું સિદ્ધાંતરૂપ ગાડું, પુસ્તકની લાતથી લળી જવા તૈયાર દેખાય છે. લોકોનાં મનમાંથી આસુરાવેશ નાશોન્મુખ થયું લાગે છે, કેમકે જ્યારે શ્રીકૃષ્ણચંદ્ર ત્રણ માસનાં થયા ત્યારે જેમાં દૈત્યાવેશ કરી રહેલો હતો, એવું ગાડું તેઓનાં ચરણની લાતથી તરત ઉલટી પડ્યું હતું.’’

આમ આ માસિક સાતમાસ બરાબર ચાલ્યું. આર્ય સુધર્મોદય સભા તો નિયમિત ચાલતી હતી અને પંડિતજી પણ નિયમ પ્રમાણે વ્યાખ્યાનો આપતા હતા. પણ માસિક ચલાવવું તેમનાં માટે મુશ્કેલ હતું. કારણકે તેઓ નેત્રથી દેખી શકતા ન હતા. વળી તેમનો જે વિશ્વાસપાત્ર માણસ જે આ પુસ્તક લખવા છપાવવાનાં કામમાં નીમેલો તે પણ દગો દઈ અકસ્માત નીકળી ગયો. વળી આ સમયે ચૈત્ર માસમાં અક્ષિબાગવાલા રાજમાન્ય રાજેશ્રી ધુંડી રાજ વિનાયકને (ભાઉ સાહેબને) ત્યાં સોમયજ્ઞ થયો. તેમાં પંડિતજીને ખાસ આગ્રહથી પધરાવ્યા. આ યજ્ઞસમારંભમાં સેંકડો દાક્ષિણાત્ય વૈદિકો તથા શાસ્ત્રીઓને નિમંત્ર્યા હતા. (તેમાં પંડિતજીને અગ્રેસર બનાવી પ્રથમ પૂજન કરવામાં આવ્યું, તથા માણિક્ય માલા તેમને ભેટ કરવામાં આવી.) સોમયજ્ઞ તે કાલમાં ક્વચિત્ થતો હતો ને આવા ધર્મકાર્યમાં પંડિતજીની જ્ઞાનક્રિયાશક્તિ વિશિષ્ટ પ્રકારની હતી. અહીં આગળ પંડિતજીને સારૂ રોકાવું પડ્યું. આવી રીતે બીજા ધર્મકાર્ય અંગે તેમને એક બે ઠેકાણે જવું પડ્યું. વળી ચોમાસાનાં દિવસમાં ધર્મકૃત્યોમાં અધિક સમય જતો હતો. વળી આપણા લોકોમાં હાલ આ ચાલ ચાલૂ છે કે જો કોઈપણ જરાતરા જગતમાં સારો કહેવાય તો પ્રથમ તો તેનાં વર્ગનાં જ લોકો તેની સાથે શત્રુતા વાપરે. આવા કારણોથી આર્ય સમુદય તરત નીકળતું બંધ થયું.

(૧૬) મદ્રાસનો ભયંકર દુષ્કાળ

આમ પ્રથમ વર્ષે આર્યસમુદય સાત અંકો નીકળી બંધ થયું, પણ પંડિતજીએ હિંમત ન હારતા બીજા વર્ષે તેને કારતકમાં ફરીથી શરૂ કર્યું, ને ધાર્મિક સામાજિક ચર્ચા વિશેષરૂપે કરવા માંડી. આ વખતે દક્ષિણ દિશા તરફ એવો દુકાળ પડ્યો કે જેનું વર્ણન કરતા અને સાંભળતા રૂંવાડા ઉભા થઈ જાય. આગલા વર્ષમાં તે પ્રાંતમાં વૃષ્ટિ સાધારણ થઈ હતી અને આ વર્ષમાં તો તે તરફ મેઘોએ વૃષ્ટિની દ્રષ્ટિ કરી ન હતી. આના પરિણામે જળાશયોમાં

પાણી ઘણું જ થોડું હતું. રસ્તાઓમાં કેટકેલેક ઠેકાણે પાંચ પાંચ સાત સાત કોશ સુધી બિલકુલ પાણી મળતું નહિ. ગરીબ લોકો અન્ન સારું પોતાનાં છોકરા વેચી દેતા, કેટલાક ભૂખથી રાડો પાડી પ્રાણ છોડી દેતા. ગાય, ભેંસ, બળદ એક એક આને વેચાવા લાગ્યા અને જ્યારે એક આનો પણ આપનાર ન રહ્યા ત્યારે ઢોરનાં ગળામાં ચીઠી બાંધીને તેમને છૂટા છોડી મૂકવામાં આવ્યા. આમ અનાજ ને પાણીનાં ત્રાસથી ઢોરો અને માણસો મરવા પડ્યા. જો કે સરકારે કેટલુંક કામ તે પ્રદેશમાં કાઢી દુકાળ નિવારવા પ્રયત્ન કર્યા હતા, પણ તેનો લાભ ઘણા જ ઓછા માણસોને મળતો. સરકારી આંકડા પ્રમાણે બે કરોડને સીત્તેર લાખ માણસ ભૂખે મરતું હતું. તેમાંથી સરકારે પંદર લાખ માણસને કામ આપ્યું. એટલે બે કરોડ ને પંચાવન લાખ માણસ અન્ન ને પાણી વિના તરફડતું હતું. એકલા મદ્રાસમાં લાખો માણસો ભૂખથી રિબાતા હતા. આ બધી વાત વર્તમાન પત્રોમાંથી પંડિતજીએ જાણી ત્યારે તેમના કુમળા હૃદયમાં આ ભયંકર દુઃખનો કારી ઘા થયો. અને આવો લોકોપકારક કાર્યમાં યથાશક્ય સેવા કરવા મનથી વિચાર્યું. આથી આર્ય સુધર્મોદય સભા દ્વારા આ પ્રદેશનાં લોકોને મદદ કરવા માટે વ્યાખ્યાન ગોઠવવામાં આવ્યા. આમાં પંડિતજીને સભાનાં સરનશીન શેઠ ત્રિભોવનદાસ વરજીવનદાસ તથા દ્વારકાદાસ ઉદ્ધવજીએ સારી મદદ કરી, ને એક મોટું ફંડ કર્યું. પંડિતજીએ વ્યાખ્યાનોમાં લોકોની દાનવૃત્તિ કેળવાય તે વિષે કહેવા માંડ્યું. કેટલાક વ્યાખ્યાનો પંડિતજીએ કર્યા હતા, તેનો સાર ટૂંકમાં નીચે મુજબ છે.

‘‘મનુષ્યોએ પોતાનાં શરીર ઉપરથી પારકા સુખ દુઃખનું અનુમાન કરવું જોઈએ. જ્યારે આપણને ભૂખ લાગે છે ત્યારે જેમ આપણા હાથ પગ શિથિલ થાય છે, ઉદરમાં વ્યથા થાય છે, બીજું કોઇ ન ગમતા કેવળ અન્ન તરફ આપણું લક્ષ્ય લાગ્યું રહે છે, તેવું તે સર્વ બીજાને પણ થાય. જો આપણી પાસે અન્ન ન હોય તો જેવી મનમાં દીનતા અને ઉદાસીનતા થાય, તેવી જ બીજાને થાય. તરસ લાગવાથી આપણું ગળું મ્હોઢું જેવું સુકાય, કાયામાં જેવો સંતાપ થાય, તેવો બીજાને પણ તરસ વખતે થાય, અન્નજળ મળવાથી તેવું જ થાય. તેથી ભગવાન ગીતાજીમાં કહે છે કે અર્જુન જે પુરુષ પોતાનાં શરીરનાં દ્રષ્ટાંતથી સર્વ પ્રાણીઓનાં સુખદુઃખ સમજે તે પરમયોગી. તેથી બુદ્ધિમાન પુરુષે પારકું દુઃખ મટાડવાની ઈચ્છા જરૂર રાખવી જોઈએ. (આત્મૌપમ્યેન સર્વત્ર સમં પશ્યતિ યોઙર્જુન। સુખં વા યદિ વા દુઃખં સ યોગી પરમો મતઃ।।) જેનાથી કોઈપણ પરોપકાર ન થાય તે મનુષ્યનાં જીવવાને ધિક્કાર છે, કારણકે મનુષ્યશરીર મરણ થયા પછી કાંઇ પણ ઉપયોગી થતો નથી. પરોપકાર રહિત પુરુષ કરતા પશુઓને પુણ્યવાન ગણવા જોઈએ. કારણકે તેઓ કેવળ પેટવડીઆ રહીને, ખેતી વગેરે અનેક લોકોકપકારી કામો સિદ્ધ કરી આપે છે ને અંતે તેનું ચામડું પણ ઉપયોગી થાય છે. (પરોપકારશૂન્ય ધિઙ્ મનુષ્યસ્ય જીવિતમ્। યાવન્તઃ પશવસ્તેષાં ચર્માપ્યુપકરિષ્યતિ।।)

માટે મનુષ્યોએ પરમેશ્વરની પૂર્ણ કૃપાનું પાત્ર થવા પરોપકારનાં કામમાં કમ્મર બાંધવી જોઈએ. સર્વ વેદશાસ્ત્રનો એ સિદ્ધાંત છે કે, જેમ કરોળિયો પોતાનાં શરીરમાં જાળું ઉત્પન્ન કરે છે તેમ ઈશ્વર પોતાની ઈચ્છા પ્રમાણે પોતાનાં સ્વરૂપમાંથી સમ્પૂર્ણ જગત પ્રગટ કરે છે. જેમ તણખાઓ અગ્નિનાં અંશો હોય છે, તેમ જીવ માત્ર ઈશ્વરનાં અંશ છે. સર્વ પદાર્થને મૂળથી ઉત્પન્ન કરનાર કેવળ ઈશ્વર જ છે; તેથી ઈશ્વરે ઉત્પન્ન કરેલા દ્રવ્ય વગેરે પદાર્થો લોકમાં અને શાસ્ત્રમાં બતાવેલા બ્યાનો પ્રમાણે ઈશ્વરાંશ સર્વ જીવોનાં ઉપયોગમાં લાવવા ઉચિત છે. સત્પુરુષો સંપત્તિનું મુખ્ય ફળ પરોપકાર ગણે છે. જેમકે નદીઓ પોતે પાણી પીતી નથી છતા, પ્રાણી માત્ર માટે પાણી વહે છે. વૃક્ષો પોતે ફળ ખાતા નથી છતા તેથી લોકોની ભૂખ ભાંગે છે. વાદળા પોતે અન્નનો એક પણ દાણો ખાતા નથી પરંતુ જગત માટે જળ વૃષ્ટિ કરી, સર્વેને જીવાડે છે. આથી સત્પુરુષની સમૃદ્ધિ સમય અનુસાર પરોપકાર સારૂ છે.

અંહી જન્મ થયા પછી ઈશ્વરી નિયમ પ્રમાણે સર્વને દ્રવ્ય વગેરે મળે છે. પરંતુ મનુષ્ય માયા મોહથી મ્હારું મ્હારું માની બેસે છે. ખરું વિચારી જોતા, ઈશ્વરે જ ઉત્પન્ન કરેલા, તેણે જ આપેલા દ્રવ્ય વગેરે પદાર્થો ઈશ્વરનાં પુત્ર એવા સર્વ પ્રાણીઓનાં ઉપયોગમાં આણવા જોઈએ. જે મનુષ્ય જેટલું પોતાનાં પેટમાં ખાય તેટલું તેનું સમજવું, બાહર ઘરમાં હજાર મણ દાણો અને લાખ રૂપિયા પડ્યા હોય તો પણ તે એકદમ ખાઇ જવાય નહિ,

અને અંત વખતે સાથે પણ લઈ જવાય નહિ. શ્રીભાગવતમાં કહ્યું છે કે, જેટલાથી પેટ ભરાય તેટલા ઉપર તે મનુષ્યની સત્તા છે. અધિક વસ્તુ ઉપર જે વૃથા અભિમાન બાંધે છે તે ચોર દંડને પાત્ર થાય. વળી કોઈ કવિએ કહ્યું છે કે ધન તથા જરૂર પડે પોતાનું જીવન પણ અનેક લોકોનાં ઉદ્ધાર માટે બુદ્ધિમાન છોડે, કારણકે એક દિવસે શરીરનો અને દ્રવ્યનો નાશ તો જરૂર થશે એ નિશ્ચય છે. તો સર્વત્ર ઈશ્વરરૂપતા જોઈને પરોપકાર માટે દ્રવ્ય વગેરે વાપરવું તે ઉચિત છે.

આમ પંડિતજીએ લોકભાષામાં દુષ્કાળની દારુણતા અનેક સભાઓમાં સમજાવી, તેનાં પરિણામે અનેક લોકોએ તેનાં ફાળામાં સારો હિસ્સો આપવા માંડ્યો. આ બધા ફંડનાં પૈસા દક્ષિણનાં દુષ્કાળમાં મોકલી આપવામાં આવ્યા હતા.

સં.૧૯૩૩નાં જેઠ માસમાં જાણીતા વેદાન્તી સુજ્ઞ ગોકુલજી સંપત્તિરામ ઝાલા માંગરોલ રાજ્ય અંગેનાં અધિકાર માટેનાં કામ સારૂ મુંબઈ આવ્યા હતા. આ ઝાલાજી જુનાગઢ રાજ્યનાં દિવાન હતા. તેઓ વેદાંતનાં સાચા અભ્યાસી હતા. જ્યારે ઝાલાજી મુંબઈ આવ્યા ત્યારે તેમની સાથે જાણીતા સાહિત્યકાર મનસુખરામ સૂર્યરામ હતા. આ ઝાલાજી આપણા પંડિતજી કરતા વીસ વરસ મોટા હતા. છતા, તેમને પંડિતજીને મળવા માટે ખાસ ઈચ્છા હતી. તેમને પિષ્ટેષ્ટિ કરી સોમયાગ કરવાનો સંકલ્પ હતો. આ સંબંધી તેમને વાતચીત કરવી હતી. આથી શ્રી.મનસુખભાઈ સાથે ઝાલાજી પંડિતજીને મળ્યા. આ મુલાકાત વિષે પોતાનાં ગ્રંથમાં પા.૨૪૨માં તેઓ જણાવે છે કે:

‘‘સોમયાગનો વિધિ જાણવા વિસ્મય જનક સ્મરણ શક્તિમાન, સાર્થક પ્રજ્ઞાચક્ષુ, શ્રીમાન્ ગટ્ટુલાલાજી પાસે અમે ગયા હતા. ત્યાં અનેક શાસ્ત્રોનાં પ્રસંગો નીકળ્યા હતા. તેમાં સર્વમાં શ્રીગટ્ટુલાલાજીનું મુખ જોઈ તેમની અનુપમ શક્તિ વિષે બહુ ઉચ્ચ માન થયું હતું. વિદ્યા જ્યાં પૂર્ણ હોય છે ત્યાં વિનય પણ સ્વભાવે હોય છે જ. એ પ્રત્યક્ષ શ્રી.ગટ્ટુલાલાજીમાં જોયું. તેમનાં અનુપમ જ્ઞાન સાથેનો વિનય અને નમ્રતા પણ પ્રશંસનીય છે.’’

(૧૭) મુંબઈમાં અનાવૃષ્ટિ

સં.૧૯૩૩માં દક્ષિણમાં દુષ્કાળ પડ્યો, તે જ પ્રમાણે મુંબઈમાં સં.૧૯૩૪માં વરસાદ ન આવવાથી લોકોમાં દુકાળની ભીતિ ઉત્પન્ન થઈ અને બેચેની થવા લાગી. અનેક પ્રકારનાં ઉપાયો વરસાદ લાવવા માટે કરાવા લાગ્યા. આ વખતે મુંબઈનાં અગ્રગણ્ય નાગરિકો તથા મહાજનનાં શેઠિયાઓ શ્રી.મૂલજીદાસ જેઠા વગેરે પંડિતજી પાસે ગયા ને વરસાદ વરસાવવા કંઈક ક્રિયા કરવા માટે વિનંતી કરવા લાગ્યા. પંડિતજી ગઈ સાલનાં દક્ષિણનાં ભયંકર પરિણામોથી જાણીતા હતા, ને દુષ્કાળમાં જનસેવા ખાતર આર્થિક સહાય મેળવવા માટે તેમણે સારો શ્રમ ઉઠાવ્યો હતો. આથી એમણે શહેરનાં મુરબ્બીઓની વિનંતી માન્ય કરી, અને મારકીટમાં યજ્ઞ કરવાનું નક્કી કર્યું.

યજ્ઞાદ્ ભવતિ પર્જન્યઃ - એ ગીતાસૂત્ર અનુસાર તેમનાં દિલમાં વેદનાં વચનોમાં સંપૂર્ણ શ્રદ્ધા હતી. આથી પર્જન્યયજ્ઞ માટે પોતે શ્રુંગિઋષીનું પદ લઈ, યજ્ઞવિધિ કરી, મારકીટના કૂવામાં ઉતર્યા. તે વખતે તેમણે કાળા વસ્ત્રો પહેર્યા હતા અને કલાકો સુધી યજ્ઞની ક્રિયા માટે મંત્ર જપવા માંડ્યો, પણ વરસાદ ન આવ્યો, અને યજ્ઞને મંત્રની પૂર્ણાહૂતિ થવા આવી. પંડિતજી પણ કૂવાની બહાર આવ્યા.

આથી કેટલાક અર્ધદગ્ધોમાં શાસ્ત્રનાં વચનમાં અશ્રદ્ધા ઉત્પન્ન થઈ તથા આવી ક્રિયાઓ કરવાથી વરસાદ આવતો હશે! એમ અંદરોઅંદર વાતો કરવા લાગ્યા. પંડિતજીનાં ચકોર કાન આ બધુ સાંભળતા હતા. તેઓ તો દ્રઢ શ્રદ્ધાળુ હતા. તેમની દ્રઢ માન્યતા હતી કે આ કલિયુગમાં મુખ્યત્વે વર્ણાશ્રમ વગેરે ધર્મો નષ્ટપ્રાય થયા છે, છતા ક્વચિત્ ક્વચિત્ ધરતીમાંથી હીરા પ્રાપ્ત થાય છે, તેમ કેટલાક સાધુ આત્માઓ વૈદિક ક્રિયાઓનાં ફલ પ્રાપ્ત કરે છે અને સમાજને ચરણે ધરે છે. પણ આ સાચું કે આજે સમૂહગત વેદ અને વર્ણોશ્રમનાં ધર્મ પ્રજાથી પાળી શકાય તેવા રહ્યા નથી. આ વખતે ભક્તિમાર્ગ એ જ સર્વ જનતા માટે ધોરી માર્ગ છે.

કૂવામાંથી બહાર આવી અવભૃથ સ્નાન કરવા માટે પંડિતજી સમુદ્ર ઉપર જવા તૈયાર થયા. આ વખતે તેમની સાથે આવતા સમૂહને તેમણે કહ્યું કે છત્રીઓ રાખવી ઠીક પડશે, ત્યારે સમૂહમાંથી કેટલાક મશ્કરાઓ ધીમેથી ઠાવકા થઈના બોલ્યા કે તાપ સખ્ત પડે છે માટે છત્રીઓ સાથે લેવાની આપ આજ્ઞા કરો છો! આનો ઉત્તર પંડિતજીએ કૈં પણ આપ્યો નહિ, અને હજારો લોકો સાથે સાગરસ્નાન કરવા ઉપડ્યા. ત્યાં દરિયા ઉપર જઈ સાગરનું વિધિ પ્રમાણે પૂજન કરી સ્નાન કર્યું ને બહાર આવ્યા. કપડા બદલી ઘર તરફ જવા તૈયાર થયા. એટલામાં ઓચિંતા આકાશમાં વાદળ દેખાવા લાગ્યા ને થોડે છેટે ગયા ન ગયા ત્યાં તો વરસાદનાં ફોરા પડવા લાગ્યા. પછી તો જોરથી વરસાદ વરસવા માંડ્યો, મેઘગર્જના પણ થવા લાગી. આમ વર્ષા આવતા શંકાશીલ લોકોની શંકા નિવૃત્ત થઈ, ને જેમણે ઠાવકા થઈને પંડિતજીની મશ્કરી કરી હતી તેઓ શરમાઈ ગયા. આ વખતે હજારો લોકો પંડિતજીનાં દિવ્ય મુખ સામું જોઈ રહ્યા હતા. ખરેખર પંડિતજીનીની ધર્મશાસ્ત્રોમાં અચળ શ્રદ્ધા તથા બોલવા કરતા કર્તવ્ય કરી બતાવવાની શક્તિ આ બે અદ્ભુત બાબતો દરેકને શીખવા જેવી છે. ખરૂં કહીએ તો તેમનામાં દરેક સદ્ગુણ મૂર્તિરૂપે બિરાજે છે.

વળી આ વર્ષમાં ગાયોનાં સંરક્ષણ માટે મુંબઈમાં ગોરક્ષક મંડલી સ્થપાઈ. પંડિતજીને ગાયો પ્રિય હતી અને ગાયો તરફ સારો પૂજ્યભાવ રાખતા. પોતે પણ પોતાની શક્તિ પ્રમાણે ગોરક્ષક મંડલીમાં મદદ કરતા અને મંડલીનાં ઉત્કર્ષ માટે અનેક વ્યાખ્યાનો આપતા. સમાલોચનાનાં તંત્રી શ્રી.ઉત્તમલાલ ત્રિવેદી આ વિષે લખે છે કેઃ

‘‘ગૌરક્ષણ સંબંધમાં એકવાર હરગોવિંદ દેસાઈની વાડીમાં મુંબઈમાં ગૃહસ્થોની સભામાં તેમણે ગૌરક્ષણ માટે એવું તો છટાદાર અને ભદ્રતા ભરેલું ભાષણ આપ્યું હતું કે શ્રોતાઓ તેમનાં વીરરસખંડમાં વિસ્મિત થઈ જઈ છેવટમાં કરુણાનાં ખંડમાં આંખમાં પાણી ભરી ગળગળા થઈ ગયા હતા. તેમની આવી અજાયબ પ્રવચનશક્તિનાં પ્રભાવથી કેટલાક શેઠિયાઓ આ મંડલીનાં સભ્ય બની મદદ કરવા તત્પર થયા. તેનાં પરિણામે આ મંડલી પણ સારી પ્રગતિ કરવા માંડી હતી.

આમ પંડિતજીએ પોતાનું પૂરું જિવન મુંબઈનાં હિંદુ સમાજ માટે અર્પણ કરવા માંડ્યું હતું. ધાર્મિક પ્રચારમાં આર્યસુધર્મોદય સભામાં નિયમિત અઠવાડિક પ્રવચન કરતા, તથા આર્યસમુદય પત્ર કાઢતા હતા. તદુપરાંત અનેક સ્થળે ધાર્મિક ક્રિયા અને ચર્ચામાં પણ ભાગ લેતા. અહીં આગળ હજારો માણસો એક અથવા બીજી રીતે પંડિતજીનાં સંસર્ગમાં આવતા ને તેમનાં શાસ્ત્રીય અદ્ભુત જ્ઞાનથી આશ્ચર્ય પામતા. કેટલાકનાં હૃદયમાં પંડિતજી પાસે શાસ્ત્રીય જ્ઞાન મેળવવા માટે ઉત્સુકતા થવા લાગી, આથી અનેક વિદ્યાર્થીઓ તેમની પાસે વિદ્યાભ્યાસ માટે આવવા લાગ્યા. આ વિદ્યાર્થીઓનો અભ્યાસ ક્રમબદ્ધ થાય તથા તેમની શંકાવૃત્તિનું સમાધાન થાય તે માટે વિદ્યાલક્ષ્મી નામે એક પાઠશાલા પંડિતજીએ પોતાનાં મકાનમાં સ્થાપી. પંડિતજીનું ધાર્મિક જીવન નિયમિત, ને કડક શિસ્તવાળું હતું. આથી સેવાદિ કાર્યોથી પરવારી, બધા વિદ્યાર્થીઓને ભણાવી શકવા માટે અશક્ત હતા. આથી તેમણે શરૂઆતમાં વિદ્યાલક્ષ્મી પાઠશાળામાં પુનાવાળા પંડિત જનાર્દન આચાર્ય વૈયાકરણકેસરીનાં દીકરા માધ્વ સંપ્રદાયાચાર્ય વાસુદેવાચાર્યજી પંડિતને વિદ્યાર્થીઓને ભણાવવા માટે રાખ્યા. હવે પંડિતજી વિદ્યાર્થીઓને પૂરા પ્રેમથી ભણાવતા તથા ભણવાની સગવડ કરી આપતા, તથા તેમને ખાવા તથા કપડા પહેરવાની સગવડ પણ પોતે કરી આપવા લાગ્યા. આમ નિર્ધન કે ધન રામ માની, પંડિતજી જે કંઈ ઉપજ આવતી તે સેવા, પાઠશાળા, પુસ્તકાલય, ગાયો વગેરેમાં વાપરતા. આ વાસુદેવાચાર્યજીએ સં.૧૯૪૪ સુધી આ પાઠશાળામાં કામ કર્યું. ત્યારબાદ પં.વિષ્ણુશાસ્ત્રીને પાઠશાળામાં આચાર્ય તરીકે રાખ્યા. પણ આ શાસ્ત્રીજી પાઠશાળામાં મરાઠીમાં ભણાવતા હોવાથી, ગુજરાતી વિદ્યાર્થીઓ મુંઝાતા પણ સં.૧૯૩૪થી કેટલાક ગુજરાતી વિદ્યાર્થીઓ પંડિતજી પાસે ભણતા. તેમાં શાસ્ત્રીજી અને શ્યામજી નામના બે જામનગર નિવાસી બ્રાહ્મણો સારી વિદ્યા સંપાદન કરી, શાસ્ત્રી પદને પહોંચ્યા હતા. તેઓએ પાઠશાળાનું કામ ઉપાડી લીધું. આ બન્ને શાસ્ત્રીઓ થોડા વર્ષો ગો.શ્રીગોવર્ધનલાલજી તિલકાયતનાં શાસ્ત્રી તરીકે ગયા. તેથી વેદશાસ્ત્રી માધવજી ગોપાલજી તે પાઠશાળામાં ભણાવવા લાગ્યા. આ વેદશાસ્ત્રી પણ ગો.શ્રીનૃસિંહલાલજીનાં શાસ્ત્રી તરીકે ગયા. આ દરમિયાન

પં.વિષ્ણુશાસ્ત્રીએ ગુજરાતી બરાબર શીખી લીધું ને ગુજરાતી વિદ્યાર્થીઓને સરસ ભણાવવા માંડ્યું. આ પાઠશાળા શરૂઆતમાં ચાલીસ વિદ્યાર્થીઓથી શરૂ થઈ, પણ પાછળથી ત્રણ આંકડાની સંખ્યાનાં વિદ્યાર્થીઓ આ સંસ્થાનો લાભ લેવા લાગ્યા. આવું તો પંડિતજી વિદ્યમાન રહ્યા ત્યાંસુધી ચાલ્યું.

સભાપત્ર પાઠશાળા વગેરેની પ્રવૃત્તિ ઉપાડી તે અંગે એક સરસ પુસ્તકાલયની આવશ્યકતા પંડિતજીને જણાઈ. આમ તો પંડિતજી પાસે હજારો હસ્તલિખિત તથા છપાવેલા ગ્રંથો હતા, પણ તે બધાને ક્રમ તથા વિભાગ પ્રમાણે ગોઠવી, ખૂટતું સાહિત્ય મંગાવી, એક સુંદર પુસ્તકાલય સ્થાપવા માટે પંડિતજીએ પ્રયત્ન કરવા માંડ્યો. આમાં ઘણા ખરા સંસ્કૃત છપાવેલા ગ્રંથો દેશ પરદેશથી મંગાવી વસાવ્યા અને તે જમાનાને શોભારૂપ એક સુંદર પુસ્તકાલયની સ્થાપના કરવામાં આવી. આ પુસ્તકાલયનું નામ ''ધર્મપુસ્તકાલય'' પાડ્યું. પંડિતજીનું મન ઘણું મોટું હતું. નામ પાડવામાં પણ કોઈપણ ધર્મપ્રેમીનાં દિલમાં સંકુચિત ભાવ પૈદા ન થાય તે માટે તેઓ કાળજી રાખતા, ને દરેક સજ્જન પુરુષ તેમની પ્રવૃત્તિમાં પ્રેમથી ભાગ લે તેવી જાતનો વિનય રાખતા.

(૧૮) જીવનચર્યા માનપત્ર વગેરે

પંડિતજી મૂળથી બહુ સંયમી અને કડક નીયમી હતા. તેમનો આખો દિવસ એટલે અહોરાત્ર કામ કામ અને કામમાં જ જતો. એટલે તેમનાં જીવનમાં કામ સિવાય બીજો કોઈ મંત્ર હતો નહિ. પોતે એક મહાન વિદ્વાન હતા. તેમનું જીવન કેમ વ્યતીત થતું તે વિષે સમાલોચક પત્રમાં ઉલ્લેખ છે કે, ''સવાર સાંજ અને રાતનો ઘણો વખત અથવા આખી રાત તેઓ વિદ્યાભ્યાસમાં ગાળતા અથવા વધારે ખુલ્લા શબ્દોથી કહીએ તો તેમનો સઘળો વખત વિદ્યા સંબંધી વાતોમાં જતો. એક વિદ્યાર્થી અને ગુરુ તરીકે તેમણે જીવન ગાળ્યું છે. કાવ્ય, ન્યાય, વેદ, તત્ત્વજ્ઞાન અને બીજા અનેક વિષયો ઉપરનાં સંસ્કૃત, ગુજરાતી, મરાઠી, તેમ જ હિંદી અને વ્રજભાષાનાં પુસ્તકોનો તેઓ નિરંતર અભ્યાસ કરતા હતા. આવા વિદ્વાન છતા દરેક ધર્મકાર્ય પોતાનાં હાથે કરવામાં ચીવટ રાખતા, તથા તેથી જ તેમનો આત્મા પ્રસન્ન રહેતો. સેવા વિષયમાં એમની કુશળતા અદ્ભુત હતી. પોતે વિનયન હોવા છતા ભૌતિકરૂપે સેવામાં તેમની પ્રવીણતા ગમે તેવા વિચક્ષણ અને દક્ષ માણસને ભુલાવામાં નાખી દેતી. આ વિષે ''સદુપદેશમાર્તંડ''નાં લેખક લખે છે કે,''તેમને સેવા કરતા જોઈ કોઈને આશ્ચર્ય થયા વિના ન જ રહેતું કે, દેખતા માણસથી પણ ન થાય તેવા સર્વ કામ તે કેવી સ્ફૂર્તિ અને સ્વચ્છતાથી કરે છે. ઠાકોરજીને ધરાતા જુદા જુદા બારીક પ્રકારનાં શૃંગાર તેઓ પોતાને હાથે એવી તો સફાઈથી ધરાવતા કે તે જાણે નજરે જોઈને ખરા અનુભવીએ ધર્યા હોય! અને તેમ હોવું જોઈએ. કારણકે જેને સાક્ષાત્કાર હોય (તેને માટે) તેમાં આશ્ચર્ય નહિ. એવા પ્રસંગમાં ભક્તિ તરીકે ગવાતા મ્હોટા રાગરાગિણીઓનાં કીર્તનો તેઓ બરાબર તાલ સ્વરનાં નિયમાનુસાર ગાઈ શકતા અને તેનો બહુ વિભાગ તેમને કંઠસ્થ હતો અને કીર્તન પ્રસંગમાં પંડિતશ્રીને અનેક તાલ મૃદંગ વગાડતા અને ગાતા અમો પોતે નજરે જોયા છે. સ્વસંપ્રદાય પ્રમાણે તેઓ સેવ્ય સ્વરૂપ સાથે અભિન્ન હોય તેવી રીતે પરમાનંદનાં આવેશથી સવાર સાંજ નિયમાનુસાર સેવા કરતા હતા. આવા મહાત્માને નજરે જોયા હોય તે તેમને ઈશ્વરાવતાર માને તેમાં કશી નવાઈ નથી.''

શૌચ અને આચાર વિચાર તો પંડિતશ્રીને શરણે ગયા હતા. તેમનાં જેવા શૌચ પાળનાર ભારતવર્ષમાં ઓછા હશે. તેઓ બધું કાર્ય શાસ્ત્રીય નિયમથી કરતા; એમ ક્હેવામાં વાંધો નથી કે તેઓ સ્વાભાવિક શૌચ આચાર વિચાર પાળતા તેમાં શાસ્ત્રીય નિયમની રીત આવી જતી. એટલે તેમને પોતાનાં જીવનમાં સ્વયં સ્ફુરણા થતી તે પ્રમાણે તેઓ વર્તતા. પણ તે સ્ફુરણાનું કેન્દ્ર શાસ્ત્ર જ હતું.

સેવામાં બિરાજ્યા પછી તેઓ સેવાની સાથે સંધ્યા જપ પાઠાદિક પણ તદ્રૂપ થઈ કરે જતા હતા. તેમનાં આહ્નિક અને જપનાં પાઠનો વિભાગ ઘણો મોટો હતો. તેથી સેવાનો સમય થઈ રહ્યા છતા તેમનું આહ્નિક ખૂટતું જ નહિ. તેથી ઘણીવાર ભોજન કર્યા વગર તેઓ સાંજની સેવામાં ન્હાઈ, સેવા અને આહ્નિક કર્યા કરતા. અને રાત્રે

પણ બાર વાગ્યાથી પહેલા આહ્નિક પૂરૂ થયું હોય તો જ ભોજન કરતા, નહિ તો આહ્નિક સમાપ્ત કરી, થોડી નિદ્રા લઇ, વળી સવારમાં એ જ ક્રમ પ્રમાણે ધર્મકાર્યમાં લાગતા. આવી રીતે બબ્બે ત્રણ ત્રણ દિવસ સુધી દિવસ કે રાત્રીએ ભોજન લીધા વિના આહ્નિક કરતા અમે તથા તેમનાં પરિચિત લોકોએ અનેક વખત સકલ નેત્રે જોયા છે. છતા તેમની મુખાકૃતિ હંમેશા પ્રસન્ન જ દેખાતી હતી. બબ્બે ત્રણ ત્રણ દિવસનાં ઉપવાસ છતા, સિંહગર્જનાથી પંડિતશ્રીને સભામાં ગાજતા અનેકવાર જોયા છે. આ ઈશ્વર અવતાર નહિ તો બીજું શું? આ નિત્યકર્મ ઉપરાંત પર્વ સંક્રાન્તિ શ્રાદ્ધાદિનાં દિવસોમાં તેમને તે તે કાર્ય કરતા જેણે જોયા છે તેની તો પૂરી ખાત્રી જ થઇ છે કે સેવામાં સેવ્ય સ્વરૂપ પેઠે આમાં પણ દેવ પિતૃઓનો તેવો જ સાક્ષાત્કાર (તેમને) હતો.

પ્રસંગવશાત્ પંડિતશ્રીનું તીર્થો પર પધારવાનું થતું ત્યારે ત્યાંના ઉપવાસ, તીર્થશ્રાદ્ધ વગેરે તપશ્ચર્યામાં તેમને તદાકાર અને આનંદમાં લીન જોઈ લોકોને ખાત્રી થતી કે એમને સર્વત્ર સાક્ષાત્કાર હતો. કર્મ તો ફલાકાંક્ષા વગર માત્ર શરીરસ્વભાવથી થયા કરતા હતા. ગમે તેવી ટાઢ હોય તોપણ તીર્થમાં યથાર્થ નિમજ્જન કરતા અને વળી તેઓ અનેક પ્રસંગે પાણીમાં ઉંચેથી કૂદી, તરવાનાં પ્રયોગ પણ કરી બતાવતા હતા. તીર્થસ્નાન કર્યા પછી તેઓ શરીર પોંછતા ન હતા. કારણકે ધર્મશાસ્ત્રમાં તેમ કરવા નિષેધ બતાવ્યો છે. નિષ્કામ દાન, શ્રાદ્ધ, વ્રત, તપ વગેરે જે કાંઇ ધર્મશાસ્ત્ર વિહિત હોય તે સર્વ પંડિતશ્રી ભાવપૂર્વક કરતા, છતા પોતાથી કંઈપણ બનતું નથી એમ તેઓ અંતઃકરણ પૂર્વક માનતા હતા.

વળી પંડિતજી યજ્ઞયાગ, કર્મકાંડ વગેરે વૈદિક કાર્યવિભાગમાં પણ અદ્વિતીય જ હતા. તેઓ જન્મથી અપૂર્વ ધાર્મિકવૃત્તિનાં હતા અને તેમનો ઘણો સમય કર્મકાંડ, જપજાપ, યજ્ઞયાગ, ઈશ્વરસેવા ઇત્યાદિ પારલૌકિક કાર્યમાં પ્રવૃત્ત રહેવાથી તેમને અનવકાશ વધારે રહેતો ન હતો, તેથી અત્યાવશ્યક પ્રસંગે અથવા કોઈ જિજ્ઞાસુની પ્રાર્થનાથી જ બીજા કાર્યમાં તેઓ પ્રવૃત્ત થતા.

પંડિતજી ગૃહસ્થાશ્રમી જીવન ગાળતા હતા, તદુપરાંત ધર્મનાં પ્રચાર અંગે પાઠશાળા, પુસ્તકાલય, પત્ર તથા પરિષદ(સભા)ની સ્થાપના કરી હતી. વળી તેમનાં માતાજીનાં પિતાજી (નાનાજી) તરફથી શ્રીબાલકૃષ્ણ પ્રભુનું સ્વરૂપ પૂજ્ય માતાજી લાડુબાનાં માથે પધરાવેલું હતું. એટલે ઘરમંદિર પણ તેમનાં ત્યાં હતું. વળી પોતે ભારતમાર્તંડ હોવાથી દૂર દેશ પ્રદેશનાં વિદ્વાનો તેમનાં નામથી પરિચિત હતા. તેઓ ભારતમાર્તંડને એક મોટા ધનાઢ્ય વિદ્વાન પંડિત માનતા અને મદદ માટે વિનંતી કરવા ને કેટલાક તો તેમનાં ઘર આગળ આવી, આ પ્રકારની માગણીઓ કરતા. વળી તેમની હવેલી સહજ રીતે વિદ્વાનો અને ધર્મપ્રેમીઓની ધર્મશાળા બની ગઇ હતી. આવા બધા પ્રસંગોમાં પંડિત પોતે ગૃહસ્થાશ્રમી હોવાથી પોતાનો ધર્મ વિચારી, અતિથિસેવા ઘણા આનંદથી કરતા અને જે લોકો જેવી જેવી માગણી કરતા તે સર્વની યથાક્રમ માંગણીઓ પૂરી પાડી, તેમનો આત્મા પ્રસન્ન થાય તેમ વર્તતા. પંડિતજીને સમાજ તથા વૈષ્ણવો તરફથી જે આવક મળતી તે આવી અનેક જાતની ક્રિયાઓમાં ખર્ચાઇ જતી અને ઘણી વખત પંડિતજી કરજનો બોજ વહન કરતા. પંડિતજીની આવી આર્થિક સ્થિતિનું ભાન તેમનાં નજીકનાં હિતેચ્છુઓને સતત ચિંતાનો વિષય થઈ પડતું. આર્ય સુધર્મોદય સભાનાં પ્રમુખ શેઠ શ્રી.વરજીવનદાસ પંડિતજીનાં આર્થિક જીવન માટે સતત ચોકી પહેરો રાખતા. આ ચોકી રાખવામાં પંડિતજી પ્રત્યેનો તેમનો પ્રેમ હતો અને તે સકારણ હતો. તેઓ બરાબર જાણતા હતા કે ભારતવર્ષમાં ચાલતા જમાનામાં આંગળીનાં વેઢે ગણાય તેટલા જ સાધુ આત્માઓ હિંદુ ધર્મ અને હિંદુ સંસ્કૃતિ માટે જીવે છે; અને તેમાં પણ પંડિતજીનું સ્થાન અનોખું હતું. આથી તેમણે જાતે મહેનત કરી પંડિતજી માટે એક મોટું ફંડ ઉભું કરવા નિશ્ચય કર્યો અને આર્ય સુધર્મોદય સભા મારફત આ કામની શરૂઆત કરી. આ ફંડમાં ૧૮,૮૫૫ રૂપિયા ભરાયા. આ ફંડ પંડિતજીને આપતી વખતે એક ભવ્ય મેળાવડો માધવબાગમાં કર્યો, અને માનપત્ર સાથે સન્માનાર્થ આ રકમ નીચે મુજબ અર્પણ કરવામાં આવી. આ સભાના અધ્યક્ષ પણ તે શેઠ સાહેબ થયા; આ સભામાં મુંબઇનાં પ્રસિદ્ધ શહેરીઓ પણ પંડિતજીને સન્માનવા હાજર રહ્યા હતા.

‘‘શ્રીમાન પરમેશ્વર કૃપાળુ છે, મનુષ્યોની વાણી વગેરે ઇંદ્રિયો તેનાં સ્વરૂપમાં પહોંચી શકતી નથી, તો પણ તે પોતે જ જગતરૂપે પ્રકટ થયા છે. જીવોને તેમનાં પ્રારબ્ધ કર્મનું ફળ આપી તેઓનો અનુગ્રહ કરવા સારૂ તેમણે જગત સર્જ્યું છે; અને પોતાનાં નિઃશ્વાસરૂપ વેદ તે પરમેશ્વરે પ્રથમ બ્રહ્માને શીખવ્યા. ત્યારપછી તે વેદોનો અર્થ કેટલાક મંદબુદ્ધિ લોકો ન સમજવા લાગ્યા, ત્યારે તેવા લોકો પર અનુગ્રહની ઇચ્છાથી પોતે મનુ, વ્યાસ, જૈમિની ઇત્યાદિ ઋષિરૂપ ધરીને સ્મૃતિ પુરાણાદિક કર્યા ને પ્રથમ પોતે કહેલ વેદોનો જ અર્થ સ્મૃતિ પુરાણાદિકમાં સહેલી રીતે કરીને ધર્મનો પ્રકાશ કર્યો. આવી રીતે વેદ, પુરાણો, સ્મૃતિ પ્રગટ કર્યા; છતા પણ જ્યારે કલિયુગની મલિનતાથી લોકો જ્ઞાનશક્તિમાં અત્યંત દુર્બળ થઇ ગયા ત્યારે તેવા મનુષ્યોને જોઈને પરમેશ્વર પોતે આચાર્યરૂપ થયા અને સ્મૃતિ પુરાણ વગેરેથી દ્રઢ કરેલા પદાર્થ જ પાછા સ્ફુટ કરીને પ્રાણીઓ પર અનુગ્રહ કર્યો. એમ થયું છે તો પણ હાલ અતિઘોર કલિયુગનાં જોરથી નાના પ્રકારનાં કુતર્કો ઉઠે છે, જેથી તે આચાર્યોનાં ગ્રંથોમાં પણ લોકોને વિશ્વાસ રહેતો નથી. દુષ્ટ ગ્રંથોનાં અભ્યાસથી લોકોની બુદ્ધિ ફરી ગઈ છે. આવા વખતમાં ખરી રીતે વેદ, સ્મૃતિ, પુરાણનું અને આચાર્યોનાં ગ્રંથોનું તાત્પર્ય લોકોનાં મનમાં પ્રકાશ કરવા માટે આર્યસુધર્મોદય સભામાં પ્રત્યેક પખવાડિયા વિષે ધર્મતત્ત્વનો ઉપદેશ કરીને જિજ્ઞાસુ જનોની મતિની મલીનતા મટાડવા માટે પરમેશ્વરે ‘‘પંચનદી ગોવર્ધનલાલજી’’ને પ્રગટ કરેલા છે. જેમ કાશીમાં કિરણા ધૂતપાપા વગેરે પુરાણોક્ત પાંચ નદીઓ મનુષ્યોનાં ચિત્તને શુદ્ધ કરનારી છે, તેમ આ પંડિત પણ મનુષ્યોનાં મનને પવિત્ર કરે છે. તેથી એઓનું પંચનદી એ ઉપનામ સાર્થક છે. માટે એ પંડિત સભાસદોનાં મનનું રંજન કરી, તેઓની ઉપર અનુગ્રહ કરે છે. જેમ દેવતાઓ પોતાનાં અનર્થો દૂર કરવા શ્રીહરિની પ્રાર્થના કરે છે તેમ પોતપોતાનાં ધર્મનાં જિજ્ઞાસુ લોકો પોતાનાં અનર્થો દૂર કરવા પંડિતની પ્રાર્થના કરે છે. બ્રહ્માની પેઠે જે પંડિતની પાસે સરસ્વતી પોતાની મેળે આવી અવલંબન કરે છે. વિદ્યાઓમાં સૂર્ય જેવા પોતાનાં પિતાની પાસેથી જ પંડિત સર્વ વિદ્યાઓ શીખેલા છે. જેમ વાસુદેવે વસુદેવજી અને દેવકીજીને સંતુષ્ટ કર્યા હતા તેમ ઘણું તપ કરનાર શ્રીયુક્ત શ્રીલાડુબેટીજી તથા શ્રીઘનશ્યામજી ભટ્ટજી એ નામનાં પોતાનાં માતાપિતાને સંતુષ્ટ કર્યા છે. ધર્મજિજ્ઞાસુ લોકો પરમેશ્વરાર્પણ બુદ્ધિથી જ એ પંડિતને યથાશક્તિ દ્રવ્ય અર્પણ કરે છે. જેનાં મુખથી નીકળેલા વચનો સર્વ પ્રકારે સુજનોને સુખ આપે છે, સર્વ શાસ્ત્રોમાં જેઓની મર્મજ્ઞતા સર્વ પંડિતો વખાણે છે, જેઓમાં વક્તાપણું ઉદારપણું, સર્વ જનનાં મનને હરણ કરનારી શીઘ્રકવિતાશક્તિ, સૌજન્યની અને સદાચારની સમૃદ્ધિ એ સર્વ ગુણો શોભે છે. ઉપર કહેલા સર્વ ગુણયુક્ત આપને, આ સર્વ વાતનો અનુભવ લઈને અપરિમિત આનંદ પ્રાપ્ત થતા સર્વે અમે ઘણા સત્કાર સૂચક આ ‘‘માનપત્ર’’ અર્પણ કરીએ છીએ અને નિરંતર આપના સહવાસનો લાભ લેવા યથાશક્તિ દ્રવ્યનાં અર્પણથી સહાયતા કરવા સારૂ આજે થોડું એકઠું થયેલું દ્રવ્ય અર્પણ કરીએ છીએ. આ માનપત્ર આપના સર્વ ગુણનું સમર્થન કરવાને અસમર્થ છે. તોપણ અમારા ઉપર કૃપા કરી એનો આપ સ્વીકાર કરશો એવી અમારી અતિશય પ્રાર્થના છે.

સં.૧૯૩૫ ચૈત્ર વદ ૧૪ રવિવાર.

વરજીવનદાસ માધવદાસ-અધ્યક્ષ.

વંદરાવનદાસ પરશોત્તમદાસ
ત્રિભોવનદાસ વરજીવનદાસ
ચતુરભોજ મુરારજી
ગોકળદાસ જગમોહનદાસ
-ઓનેરરી સેક્રેટરીઓ.

આપણે શરૂઆતમાં જોઇ ગયા કે આર્ય સુધર્મોદય સભાનાં શરૂઆતનાં 30 સભ્યો હતા. તે સભા આજે થોડાક વર્ષ પછી એક નવપલ્લવિત કુસુમ ફલાન્વિત કલ્પતરૂ સમાન થઇ પડી હતી. આ વખતે પંડિતજી ફક્ત

પાંત્રીસ વર્ષનાં હતા. આવી જાતનું બહુમાન આટલી ટૂંક વયમાં ઘણા ઓછા માણસોને મળ્યું છે. વળી આવું જાહેર માન ને આવડી મોટી રકમ કદાચ આપણને આ યુગમાં નાની લાગે, પણ તે જમાનામાં દાનવૃત્તિનો પ્રવાહ સંકુચિત હતો, તથા લોકો પણ વિદ્યા તરફ મંદબુદ્ધિનાં હતા, તે જોતા પંડિતજીને મળેલું માન અપૂર્વ હતું તેમાં શંકાને સ્થાન નથી.

આ ફંડમાંથી પંડિતજીનું જે કંઇ કરજ હતું તે પ્રથમ આપી દેવામાં આવ્યું, ને બાકીની આઠથી નવ હજાર રૂપિયાની રકમની સરકારી લોનો લઇ, પંડિતજી માટે ટ્રસ્ટ કર્યું, જેનાં વ્યાજની વાર્ષિક રકમ ૩૦૦ થી ૪૦૦ રૂપિયાની થતી હતી. આ આખા પ્રસંગ અંગે વાસ્તે ગોફતાર નામનાં પારસી પત્રમાં ૨૭-૪-૧૮૭૯ ના માર્ચમાં લખે છે કેઃ-

‘‘અજાયબ જેવી કુશળતા અને પ્રભુતાવાળા આ પ્રખ્યાત અને માન પામેલા પંડિત માટે ઉભા કરેલા સન્માન રથ (ટેસ્ટિમો નિયલ) ફંડમાં રૂપિયા અઢાર હજાર એકસો ત્રીસની રકમ ભરાયા પછી, એ રકમ એક માનપત્ર સહિત એમને ભેટ આપવા માટે ગયા રવિવારને દિને માધવબાગમાં હિંદુઓની જે દબદબા ભરેલી સભા મળી હતી, તે જેટલી એ અપંગ આંખનાં પંડિતને તેટલી જ હિંદુ સભ્ય જનોને એક સરખી માન ભરેલી હતી. ગટ્ટુલાલાજી હિંદુ શાસ્ત્રમાં પ્રવીણ એક શાસ્ત્ર માત્ર નથી, પણ સરસ્વતીનાં સર્વ પ્રસન્નતા પામેલા એક પોતાનાં ગોસાની પ્રેરણાથી પંડિતાઇ પદવીને પહોંચેલા એઓ કુદરતનાં નવાજેલા એક વિદ્વાન કવિ છે. તેમનાં કરુણાજનક અંધાપાનો ખંગ તેમનાં મનનાં ચમત્કાર વાળી આપે છે. અને એમનું આખું જનમચરિત્ર આપણને અચરજ કરે છે. ૧૮૪૫માં કોટા મધ્યે જન્મેલા, આજે માત્ર ૩૪ વરસની તરુણ વય છતા તેઓ પોતાનાં મનનાં ભંડારનાં ભારથી વાંકાવલી, જઈફીનાં બુજરગ દરજાએ પહોંચ્યા છે. આઠ વરસનાં બાળપણથી શીતલાનાં મરજે એમની આંખોનો પ્રકાશ છીનવી લેવા પછી એઓએ પોતાનો સઘળો અભ્યાસ અપંગ અવસ્થામાં ચલાવ્યો છે. પોતાનાં બાપથી સંસ્કૃત ભાષા સંપાદન કરતા ૧૧ વરસની ઉંમરમાં તેઓ શ્રેષ્ઠમાં શ્રેષ્ઠ ભાષાની કવિતાઓ મહોડા ઉપર ને મહોડા પર કરી જવા જેટલી એઓ પ્રવીણતા પામ્યા, ને પછી તામીલ પંડિતો હેઠળ વેદ પુરાણ આદીનો અભ્યાસ કરી ૧૮૫૫માં એઓ મુંબઈમાં આવ્યા. ૧૮૬૩માં કાશીની જાત્રાએથી રાજપુતાના કાઠીયાવાડને મારગયાત્રા કરતા પંડિતને બહુમાન મળ્યું હતું. અને અંગત કરીને એમની યાદદાસ્ત જે અષ્ટપદી (અષ્ટવિધાન) એટલે આઠપદની કવિતાઓ તરત ને તરત જોડી કહાડવાની ચમત્કારિક શક્તિ ધરાવે છે, તેથી સર્વે અચરજ રહ્યા હતા. રાજકોટમાં ગયે વરસે ૧૮૭૮માં સર રીચર્ડ ટેમ્પલ સાથે એમની મુલાકાત થઈ હતી, તેમ જ વડોદરામાં એમનાં માન માટે સર ટી.માધવરાવે પંડિત વિદ્વાનોની મોટી સભા ભરી હતી. એવી જ સભાઓ અમદાવાદ વગેરે બીજા ગુજરાતી શહેરોમાં પણ ભરાઇ છે, અને મુંબઈમાં પ્રો.મોનિયર વિલિયમ અને પ્રો.મોની ક્રાફ વગેરે નામાંકિત યુરોપીયનો આ પંડિતને એવું માન આપી ગયા છે.’’

સં.૧૯૩૫માં શ્રીનાથદ્વારામાં તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજ ગાદી ઉપર આવ્યા. તેમનાં પિતા શ્રીગિરિધરજી તિલકાયત કોઇ કારણસર શ્રીજીની સેવાથી વિમુખ થયા હતા. આથી શ્રીગોવધર્નલાલજી સગીર ઉંમરનાં હોવાથી શ્રીનાથદ્વારાનો વહીવટ ઉદયપુર નરેશ તરફથી એક પરિષદ, રાજકારભાર તથા દેવકારભારની વ્યવસ્થા કરતી હતી. આ મહારાજશ્રીએ પંડિતજીની સલાહ પ્રમાણે નાની વયમાં સારો અભ્યાસ કર્યો. જ્યારે એઓશ્રી સત્તર વર્ષનાં થયા ત્યારે પોતાનાં અને વૈષ્ણવોનાં હિત માટે આપશ્રીએ પંડિતજી પાસે બે શાસ્ત્રીઓની માંગણી કરી. પંડિતજી નિઃસ્વાર્થી હતા. તેમણે તરત જ પોતાની વિદ્યાલક્ષ્મી પાઠશાળામાં અધ્યાપક તરીકે કામ કરતા જામનગરનાં રહીશ શ્યામજીભાઈ અને રવજીભાઈ નામનાં બે વિદ્વાન શાસ્ત્રીઓને મહારાજશ્રીની સેવામાં રજુ કર્યા. આ શાસ્ત્રીજીઓ મહારાજશ્રી સાથે સતત ધર્મચર્ચા કરતા, અને તેમ કરીને મહારાજશ્રીનું જીવન શાસ્ત્રમય કરી નાખ્યું. તદુપરાંત આ શાસ્ત્રીઓએ ‘‘સદ્ધર્મભાસ્કર’’ નામે એક માસિક કાઢ્યું, જેમાં ષોડશગ્રંથો વિષે વિસ્તૃત વિવેચન આલેખવા માંડ્યું. મારા ધારવા મુજબ પ્રથમ પુષ્ટિમાર્ગીય પત્ર ગો.શ્રીયદુનાથજી સુરતવાળાએ સ્વધર્મ

સંરક્ષકને સંશયચ્છેદક પ્રકાશિત કર્યું હતું. પછી પંડિતજી તરફથી બીજું આર્ય સમુદય નીકળ્યું અને આ ત્રીજું પત્ર સદ્ધર્મ ભાસ્કર શ્રીનાથદ્વારા વિદ્યા વિભાગ તરફથી પ્રકટ કરવામાં આવ્યું.

સં.૧૯૩૬માં પંડિત રમાબાઈ નામે એક દક્ષિણી બ્રાહ્મણી વિદુષી મુંબઈમાં આવ્યા. તેમનું સંસ્કૃતનું જ્ઞાન અસાધારણ હતું. તે ગમે તેવા સંસ્કૃતના મહારથીને આશ્ચર્યમાં નાખી દે એવી શાસ્ત્રીય જ્ઞાનપ્રતિભા ધરાવતા હતા. પંડિતજી સાથે આ પંડિતા વિદુષીનો ઘણી વખત મુંબઈમાં મેળાપ થયેલો. પંડિતજી પણ તેમની જ્ઞાનશક્તિથી પ્રસન્ન થયેલા હતા. તેઓ વિધવા હતા. થોડા વર્ષ બાદ વિલાયત ગયા. ત્યાં આ વિદુષી બાઈએ ખ્રિસ્તીધર્મ સ્વીકાર્યો. તેમનું આ કાર્ય તેમનાં શાસ્ત્રીય જ્ઞાન સાથે અસંગત હતું, અને તેની અસર હિંદુ સમાજમાં અવળી પડી. જો કે તેમનામાં અસાધારણ જ્ઞાનશક્તિ, સેવાભાવી સ્વભાવ વગેરે પ્રશંસનીય હતું. છતા તે જ્ઞાનશક્તિનો ઉપયોગ જે રીતે જોઈએ તેવી રીતે ન થયો. તેમણે વિલાયતથી આવી પૂનામાં વિધવાશ્રમ સ્થાપ્યો.

આ જ અરસામાં મોટા મંદિરવાળા ગો.શ્રીજીવણલાલજી મહારાજ લીલામાં પધાર્યા. આથી પંડિતજીનાં ધર્મકાર્યમાં ભારે ફટકો પડ્યો. આ મહારાજશ્રી સ્વયં વિદ્વાન અને વિદ્યાવિલાસી હતા, અને વિદ્વાનોની કદર કરી જાણતા. વળી તેઓ સમયને પિછાની ચાલનાર હતા. તદુપરાંત સામાજિક સેવામાં પણ તેમને ઠીકઠીક રસ હતો. પંડિતજીને શરૂઆતથી આ મહારાજશ્રીની સારી હૂંફ હતી. તેઓ પંડિતજીનાં દરેક કાર્યને ભાવપૂર્વક પ્રોત્સાહન આપતા. પંડિતજીને મુંબઈમાં આવી એક વીશી થઈ ચૂકી હતી. આ દરમિયાન મુંબઈ તથા ઈતર પ્રદેશનાં દરેક ગોસ્વામી બાળક પંડિતજીથી સુપરિચિત થઈ ગયા હતા. તેઓ બધા સારી પેઠે જાણતા હતા કે પંડિતજીનું હાલનું કાર્ય એ મોટા સર સેનાપતિ જેવું છે. કારણકે શ્રીવલ્લભસંપ્રદાય ઉપર આ પચ્ચીસીમાં સખ્ત અને ભયંકર ધ્વંસ કરતા અનેક હુમલા થયા હતા. તે હુમલા પ્રતિભાપૂર્વક અટકાવી શકે તેવા જો કોઈ એક જ મહાપુરુષ હોય તો તે પંડિતજી શ્રીગટ્ટુલાલાજી હતા. તેમનાંથી સંપ્રદાય અને ગોસ્વામી બાળકોની કીર્તિ સંરક્ષણ પામી હતી. કારણ કે પંડિતજી પરમ નીતિમાન વિકારરહિત મહાપુરુષ હતા. સ્વાધ્યાય અને તપથી તેમણે ઈશ્વરને પ્રસન્ન કર્યા હતા. એટલે જે કંઈ પણ કાર્ય તેઓ ઉપાડે તેમાં સંપૂર્ણ રીતે નિઃસ્વાર્થી રહી, સેવાદ્રષ્ટિ રાખતા. જ્યારે સ્વામી દયાનંદ સરસ્વતીની ભયંકર ભમરીમાં મુંબઈ અટવાઈ ગયું હતું, ત્યારે સાચોસાચ શાસ્ત્ર અને ધર્મ પ્રણાલિકાથી પંડિતજીએ તે ભમરીનો આમળો ઉકેલી નાખ્યો હતો, અને મુંબઈનાં વિદ્વજ્જનોને શાસ્ત્રીય જ્ઞાનની ત્રીજી આંખનાં દર્શન કરાવ્યા હતા. અને આજ પ્રસંગથી મુંબઈમાં પંડિતજીની પ્રતિભા પૂર્ણ રીતે પડી હતી.

આમ છતા પંડિતજીનાં આવા શ્રમની કદર ઘણા ઓછા ગોસ્વામી બાળકોને હતી. સંપ્રદાય ઉપર કે ગોસ્વામી બાળક ઉપર અથવા હિંદુ ધર્મ ઉપર કંઈપણ હલ્લો થાય કે આવે એટલે તેનો ઉત્તર કોઈ આપે નહિ, અને સૌ પંડિતજી તરફ અનામિકા ધરે. પંડિતજી અનેક કામમાં દટાઈ ગયા હોય તોય સમય કાઢી હલ્લો કરનારને વિનયથી ઉત્તર આપે. આ ઉત્તર આપવા માટે તથા શાસ્ત્રીય ઉત્તર તૈયાર કરવા માટે શાસ્ત્રી તથા પ્રેસનાં બીલ પણ ઘણીવાર પોતાની પાસેથી ચૂકવતા. આવા કામમાં થોડી ઘણી સહાયતા હોય તો ગો.શ્રીજીવનલાલજી મહારાજશ્રીની હતી. તેઓ પોતે પણ પંડિતોને આશ્રય આપતા. તેવા એક શાસ્ત્રી વેદશાસ્ત્રસંપન્ન આત્મારામ નારાયણ જેઓ અપ્પા શાસ્ત્રી નામે ઓળખાતા, તેમને તેમણે પોતાનાં શાસ્ત્રી તરીકે રાખેલા. પંડિતજી આ શાસ્ત્રીજીને પોતાનાં મોટાભાઈ ગણતા અને ઘણી વખત શાસ્ત્રીય જ્ઞાનની ચર્ચા તેમની સાથે કરતા. આ શાસ્ત્રીએ મહારાજશ્રીનાં બાલકૃષ્ણચમ્પૂ નામનાં કાવ્ય ઉપર સંસ્કૃતમાં સુંદર ટીકા કરી છે, તથા કેટલાક બીજા હિંદુ ધર્મનાં ગ્રંથોનાં અનુવાદ કર્યા છે. હવે આ મહારાજશ્રી લીલામાં પધારવાથી પંડિતજી એકલા પડી ગયા.

(૧૯) પંડિતજીનું લગ્ન

પંડિતજીનાં લગ્ન સંબંધીનો ઈતિહાસ રસિક છે. તેમનાં લગ્ન અંગે અંદરનાં તથા બહારનાં આક્રમણ સારી રીતે થયા હતા. શરૂઆતનું તેમનું લગ્ન સં.૧૯૨૦માં થયેલું. આ પત્નીનું નામ પાર્વતીબાઈ હતું. આ બાઈ ઘણી સુશીલ, પતિપરાયણ તથા ધૈર્યશાળી હતી. પંડિતજી તેમની આ પત્નીથી અત્યંત ખુશ રહેતા. આ બાઈએ

પણ પોતાનું જીવન જેમ છાયા તરુને અનુસરે તેમ ઘડ્યું હતું. પણ તેમનો આ સંસાર અધૂરો રહ્યો. ભગવદ્ ઈચ્છાથી આ સતીબાઈ સં.૧૯૩૦માં પોતાનું પંચભૂતનું ખોડિયું તજી ભગવદ્ધામમાં ચાલી ગઈ.

પંડિતજી તો જ્ઞાન ને વૈરાગ્યનાં ઉત્પત્તિ સ્થાન હોવાથી આ પ્રસંગે તેઓ સામાન્ય મનુષ્ય પેઠે શોકમાં ગરકાવ ન થઈ ગયા, અને ફરીથી પરણવા માટે પણ નિરપેક્ષ વૃત્તિ રાખી. આ વૃત્તિથી તેમનાં પિતા ઘનશ્યામ ભટ્ટને અત્યંત દુઃખ થતું. વળી તેઓ અપંગ હોવાથી વ્યવહારમાં પણ ઘણી અડચણ પડતી. આથી પિતાનાં આગ્રહને માન આપી બીજો વિવાહ તેમની જ્ઞાતિમાં કર્યો. આ પત્નીનું નામ રુક્માવતી હતું. તેઓ પણ પ્રથમ પત્ની કરતા અધિક સેવાભાવી ને પતિપરાયણા નીકળ્યા. તેઓ પંડિતશ્રી તરફ ઈશ્વરવત્ ભાવ રાખતા, અને પંડિતજીની પરિચર્યા ઘણા પ્રેમથી અને પૂજ્ય બુદ્ધિથી ઉઠાવવા લાગ્યા. વળી પંડિતશ્રી ભોજન કરે ત્યારબાદ પોતે ભોજન કરે. કેટલીક વખત પંડિતશ્રીને નિત્યકર્મમાંથી પરવારતા રાત્રીનાં બાર વાગી જતા. આ વખતે તેઓ ભોજન લેતા નહિ, ને સૂઈ જતા. આ પત્ની પણ પંડિતજીનાં કાર્યમાં સહાય કરતા અને પોતે પણ પંડિતજી ભોજન ન લેતા ત્યારે ભોજન લીધા વગર સૂઈ જતા.

આમ પંડિતજીનો ગૃહસ્થાશ્રમ તો અતિ સુખી હતો, પણ જ્ઞાતિ તથા સુધારકો તરફથી બીજા લગ્ન દરમિયાન તેમની સામે વિચિત્ર વંટોળ ચઢી આવ્યો હતો. તેમની જ્ઞાતિમાં એવી વાત વહેતી મુકાઈ કે પંડિતજીએ જે કન્યા સાથે લગ્ન કર્યા છે તે કન્યા પરગોળની છે, અને ગટ્ટુલાલજી નું લગ્ન જ્ઞાતિનાં રિવાજ મુજબ થયું નથી. આ વાતનો પ્રચાર તેમની જ્ઞાતિમાં બહુ થવા લાગ્યો. તે વખતની જ્ઞાતિસંસ્થાઓ ઘણી પ્રબળ અને સરકાર કરતા વધુ સત્તાધારી હતી. પંડિતજીનાં કાને આ વહેતી વાત વિષે અનેક અફવાઓ આવવા માંડી, અને અનેક આક્ષેપો થવા લાગ્યા. પણ પંડિતજીનો આત્મા શાંત હતો, ને મન પણ શાંત હતું. તેઓ ગમે તે વાતથી ગભરાઈ જતા નહિ, અને શાંત ચિત્તે તે વાતનું તથ્ય જાણી, તેનો પ્રતિકાર કરતા. તેમણે પ્રથમ એક કાર્ય કર્યું. પોતે જે લગ્ન કર્યું છે તે લગ્ન જ્ઞાતિ ને શાસ્ત્રની મર્યાદાથી પ્રામાણિક છે, અને જ્ઞાતિની કન્યા સાથે કર્યું છે તેનાં દાખલા દલીલોનું એક પરિપત્ર છપાવી જ્ઞાતિમાં વહેંચાવ્યું.

સામાન્ય રીતે એવી શંકા થાય કે આવા નિર્મત્સર, ન્યાયી ભગવદ્ભક્ત પંડિતજી માટે જ્ઞાતિનાં કેટલાકને આવી જાતનો અવળો વંટોળ ઉભો કરવાની શી જરૂર! આ શંકા સ્વાભાવિક છે. શરૂઆતમાં મુંબઈનાં ગોસ્વામી બાળકો તરફથી પંડિતશ્રીને સારો ટેકો મળ્યો, અને પંડિતજીએ પણ પુષ્ટિમાર્ગ ઉપર થતા હલ્લાઓને પોતાની શક્તિ અનુસાર ખાળ્યા હતા. આ કાર્યમાં ગો.શ્રીજીવણલાલજી, શ્રીનૃસિંહલાલજી વગેરે મહારાજશ્રીઓની પંડિતજીને સહાય પણ સારી હતી. પણ પંડિતજીની આ સેવાને લીધે, ને મુંબઈ તથા દેશ પરદેશમાં પંડિતજીનાં અગાધજ્ઞાન અને નિર્મળ ચારિત્ર્યનાં કારણે દરેક ધર્મપ્રેમી સજ્જનમાં તેમનાં માટે માન ઉત્પન્ન થયું, અને હવે આ સજ્જનો ધાર્મિક અને સામાજિક કાર્યોમાં તેમની સલાહ સીધી લેવા લાગ્યા અને પંડિતજીની આંખે જોવા લાગ્યા. આમ થવાથી કેટલાકનાં મનમાં પંડિતજી માટે ઈર્ષ્યા ઉત્પન્ન થઈ. આમાં મુખ્યત્વે કેટલાક ગોસ્વામી મહારાજો, થોડા સુધારકો અને થોડા આર્યસમાજિસ્ટો હતા. પંડિતજી તો માન અપમાનથી પર હતા. તેઓ તો કોઈ પણ વ્યક્તિનું દિલ મન, વચન અને કર્મથી દુભવતા નહિ. તેમ જ સૌ સાથે મીઠી વાણીથી વાત કરતા. છતા માણસનું મન સ્વાભાવિક નિર્બળ છે, અને તે નિર્બળતાને કારણે કોઈની પણ અતિ ઉન્નતિ તે સહન કરી શકતો નથી. પંડિતજી પોતે આર્યસમુદય વર્ષ બીજાનાં પ્રથમ અંકમાં (સં.૧૯૩૫નાં કાર્તિક અંકમાં) લખે છે કે,'' વળી આર્ય લોકોમાં હાલ આ ચાલ ચાલૂજ છે કે જો કોઈપણ જરાતરા જગતમાં સારો કહેવાય તો, પ્રથમ તો તેનાં વર્ગનાં જ લોકો તેની સામે શત્રુતા વાપરે.''

આ જ દરમિયાન સં.૧૯૩૪માં પંડિતજીનું બીજું લગ્ન થયું, તેટલામાં ગો.શ્રીચીમનલાલજી મહારાજ ને ગો.શ્રીજીવણલાલજી મહારાજ વચ્ચે પક્ષ પડ્યા. આ પક્ષનું કારણ એ હતું કે કચ્છનાં તેમનાં એક સજાતીય ભટ્ટે અભક્ષ વસ્તુ વાપરેલી અને શ્રીચીમનલાલજીએ તેને શુદ્ધિ કરી અપનાવ્યો. આમાં ગો.શ્રીજીવણલાલજીએ ભટ્ટજીની શુદ્ધિની પદ્ધતિમાં વાંધો લીધો. આથી તે બન્ને પક્ષ પડ્યા. આ પક્ષ પડ્યા પછી થોડા સમયમાં ગો.શ્રીજીવણલાલજી લીલાવશ થયા. પણ પડેલા પક્ષો ભેગા કરવા માટે શ્રાવણ વદિ ૧ સં.૧૯૩૬માં કેટલાક ગોસ્વામીઓ અને ભટ્ટો મુંબઈમાં ભેગા થયા અને બન્ને પક્ષનાં માણસોને બોલાવ્યા. સભામાં પંડિતજી પોતાનાં

પિતાજી ઘનશ્યામ ભટ્ટ સાથે પધાર્યા અને જણાવ્યું કે,‘‘ શ્રીચીમનલાલજી મહારાજનાં તડમાં અમારું સગપણ વધારે હોવા છતા સત્ય ખાતર લીલાસ્થ જીવણજીનાં પક્ષમાં અમે છીએ, તેથી અમારે શોષવું પડે છે, માટે બન્ને પક્ષ ભેગા થયા તો સારું.’’

આ ઉપરથી ગોકુલથી આવેલા સજાતીય ભટ્ટોએ બન્ને પક્ષ વચ્ચે સમાધાન થાય માટે પ્રાયશ્ચિત્ત કરવા સૂચવ્યું. આ વાતનો ઈન્કાર શ્રીનાથદ્વારાનાં પદભ્રષ્ટ થએલ તિલકાયત શ્રીગિરિધરજીએ કર્યો. આનો પંડિતજીએ વિરોધ કર્યો. આ ઉપરથી શ્રીગિરિધરજી આવેશમાં આવી શ્રીજીવણજી મહારાજનું હલ્કું બોલ્યા. તે વખતે પંડિતજીએ નમ્રતાથી એઓશ્રીને કહ્યું કે, ‘‘જીવણજી મહારાજ જેવા આપણામાં ધરમ ગુરુ થોડા જ થશે અને અમે નથી ધારતા કે એઓ (જીવણજી) બીજા કોઈની ઈર્ષ્યા કરે. પણ ખરું જોતા તમે (ગિરિધરજી) એક પક્ષ મૂકી બીજામાં ગયા, ત્યાં તમારા ઉલ્ટા વિચારની મદદ શ્રીજીવણજી મહારાજે ન કરી માટે તમે ઈર્ષ્યા જાણતા હશો. પણ આ વલ્લભકુલમાં ચંદ્રરૂપી જીવણજી અસ્ત થયાથી હાલ અંધકાર જોવામાં આવે છે, તેમણે આપણા માર્ગમાં જે સારી નામાંકિત સેવા બજાવી છે, તેવી બીજા થોડા બજાવી શકશે. એવાની કીર્તિ પ્રત્યક્ષ સ્વમાર્ગીય તો શું પણ અન્યમાર્ગીય પણ કરશે, તેવી બીજાની થશે નહિ’’ પંડિતજી આ બોલ્યા એટલે શ્રીગિરિધરજી મહારાજ રિસાઈ ને ચાલ્યા ગયા અને સભા વિસર્જન થઈ.

આ સભાનું પરિણામ એ આવ્યું કે આ બન્ને પક્ષો વચ્ચે એક બીજાનાં દ્વેષનું વાતાવરણ જામ્યું. આ વાત દરમિયાન પંડિતજીનું લગ્ન થયું હતું. તે લગ્નને વંટોળનાં રૂપમાં ફેરવી નાખવા માટે સામા પક્ષે નિર્ણય કર્યો. પણ પંડિતજી સમજૂ હોવાથી તેમની સ્થિતિની ચોખવટ કરતો એક પત્ર છપાવી પ્રગટ કર્યો.

આ પત્ર ઉપરથી આ વસ્તુ નક્કી કરવા શ્રીગોકુલ, શ્રીમથુરા અને શ્રીનાથદ્વારાની તેમની જ્ઞાતિનું પંચ ભેગું થયું. તે વખતે ગોપાલભટ્ટ નામનાં એક જ્ઞાતિજને પંડિતજીનાં લગ્ન અંગે શંકા ઉઠાવી. ત્યારે પંડિતજીએ પોતાનો છપાવેલ પરિપત્ર રજુ કરી પોતાનું લગ્ન પ્રામાણિક છે, એમ કહ્યું. આથી જ્ઞાતિનાં માણસોએ ગોપાલભટ્ટને પંડિતજી વિરુદ્ધ શંકા કરવા માટે પુરાવા આપવા કહ્યું. ગોપાલભટ્ટ પાસે પુરાવા કંઈ હતા નહિ. તે તો ગો.શ્રીચીમનલાલજી મહારાજ તરફથી ઉભો થયો હતો, એટલે તે કંઈ ઉત્તર આપી શક્યો નહિ. આથી જ્ઞાતિએ ગોપાલભટ્ટને શિક્ષા કરવા નિર્ણય કર્યો. આ અંગે બહુમતિ તેને જ્ઞાતિ બહાર મૂકવાની હતી. પણ આ બાબત વિષે પંડિતજીનો વિચાર પૂછ્યો. પંડિતજી તો જાણતા હતા કે આ ગોપાલભટ્ટ બીજાની શિખવણીથી હોળીનું નાળિયર થયો છે. એટલે તેમણે તેની કમઅક્કલ ઉપર દયા લાવી, જ્ઞાતિ સમક્ષ કહ્યું કે એણે મને આટલો સતાવ્યો, તે બાબતનો મને એના ઉપર કંઈ દ્વેષ નથી, માટે એના ઉપર દયા કરો. જ્ઞાતિજનો પંડિતજીની મહાનુભાવતા નિહાળી, સાનંદાશ્ચર્ય પામ્યા અને પંડિતજીની ઈચ્છા મુજબ ગોપાલભટ્ટનો સવા રૂપિયો દંડ લઈ તેનો ગુનો માફ કર્યો, અને પંડિતજી નિર્વિઘ્ને જ્ઞાતિવંટોળમાંથી પાર થયા.

હવે સુધારકો પંડિતજીનાં આ લગ્નને વૃદ્ધલગ્ન કહી પંડિતજી ઉપર તેમનાં પત્રોમાં કડક ટીકાઓ કરવા માંડ્યા. આમાં શ્રીનર્મદાશંકર, કેટલાક સુધારકો ને પારસી પત્રકારો ભળ્યા. પંડિતજી જ્યારે આ કડક ટીકાઓ કોઈ પાસેથી સાંભળતા ત્યારે નવાઈ પામતા, ને કહેતા કે હું ૩૪ વર્ષે પરણ્યો તે આ સુધારકોને મન ઘરડો!!! છતા તેઓ શાંત રહ્યા અને જાહેર પત્રોમાં કંઈ ખુલાસો કર્યો નહિ. આવી ટીકાઓ કરવાનું કારણ ફક્ત એક જ હતું- તે હતું તેજોવધ. પંડિતજી સદાચારી અને સાક્ષર હતા, એટલે તેમનાં જીવન તથા સાહિત્યમાં ક્ષતિ નીકળવા સંભવ ન હતો, પણ આ લગ્ન પ્રસંગ એવો હતો કે જે અંગે પંડિતજી વિષે યદ્વાતદ્વા બોલી શકાય. કવિશ્રી નર્મદાશંકર આ પ્રસંગ ઉપર કટાક્ષ કરતા લખે છે કે,‘‘લાલાજી, કે જેને માટે મોનિયર વીલ્યમ્સ જેવા નામાંકિત નર અતિ ઘણા વખાણ કરે છે તેણે પોતાનો ધર્મબોધ પોતાનાં શિષ્યવર્ગને ઠીક આપ્યો છે!’’ આવા આવા કટાક્ષો તો જુદા જુદા પત્રોમાં ઠીક ઠીક આવતા. કોઈ ‘‘૪૦ વર્ષનાં થઈ લગ્ન કર્યું’’ તો કોઈ ‘‘૪૫માં વર્ષે લગ્ન કર્યું’’ એમ પણ આક્ષેપ કરતા.

એવામાં પંડિતજીને કવિતા ઉપર વ્યાખ્યાન આપવા માટે જ્ઞાન પ્રચારક મંડળી તરફથી આમંત્રણ આપવામાં આવ્યું. એ આમંત્રણ તેમણે સહર્ષ સ્વીકાર્યું. આ સભામાં સાહિત્યરસિકો સારા પ્રમાણમાં હાજર થયા હતા.

લગભગ બધા સુધારક પત્રકારો હાજર રહ્યા હતા. આ પ્રસંગનો લાભ લઈ પંડિતજીએ પોતાના ઉપર વૃદ્ધલગ્નનો આક્ષેપ શા માટે મૂકવામાં આવે છે તે વિષે ખુલાસો માંગ્યો, અને પોતે બીજું લગ્ન ચોત્રીસમાં વર્ષે કર્યું તેથી પરણનાર સ્ત્રીનો ભવ પોતે કેવી રીતે બગાડ્યો તે સમજાવવા માટે હાજર રહેલા ટીકાકારોને જણાવ્યું. તદુપરાંત પત્ર દ્વારા સમાજસેવા કરનારાને અંગત દ્વેષનાં કીચડમાં પડતા અટકવાની સલાહ આપી. પંડિતજીનું કવિતા વિષેનું વ્યાખ્યાન તો ભવ્ય હતું, પણ તેમને પોતાનાં ઉપર થતા આક્ષેપોનો નિખાલસતાથી ઉત્તર આપતા દેખી ઘણાઓનાં મન પંડિતજી તરફ માનથી જોવા લાગ્યા.

આ જ અરસામાં સં.૧૯૩૭માં વૈકુંઠવાસી સાક્ષર પત્રકાર શ્રીઈચ્છારામ સૂર્યરામ દેસાઈએ ગુજરાતી પત્ર પ્રકાશ કર્યું. શરૂઆતમાં આ પત્રમાં જાણીતા કવિશ્રી નર્મદાશંકર તંત્રી તરીકે કામ કરતા. આ પત્રની નીતિ એ હતી કે આર્યધર્મનું સંરક્ષણ કરી, ધર્મમાં જે સ્વચ્છંદ અનાચાર તથા વહેમો ઘૂસી ગયા છે તે ઉપર કડક ટીકાઓ કરવી. કવિ નર્મદાશંકર શરૂઆતમાં આર્યધર્મ અને વૈષ્ણવ ધર્મનાં કટ્ટર દુશ્મન હતા. તેમનું વલણ કેટલેક અંશે ખ્રિસ્તીધર્મ તથા બ્રહ્મસમાજ તરફ વળેલું હતું. પણ દયાનંદ સરસ્વતી મુંબઈમાં આવ્યા ત્યારે ધર્મ કલહ ઉભો થયો અને તે અંગે અનેક ચર્ચાઓ જાહેરપત્રોમાં આવવા માંડી હતી. આ ચર્ચામાં પંડિત ગટ્ટુલાલાજીનો મોટો હિસ્સો હતો. શરૂઆતમાં કવિશ્રી સ્વામીજીની તરફેણમાં રહ્યા. પણ ચર્ચા દરમિયાન જેમ જેમ તેમનો ધર્મસંબંધી અભ્યાસ વધુ થવા માંડ્યો તેમ તેમ તેમનાં વિચારો બદલાવા માંડ્યા હતા. તેમનાં હૃદયમાં પંડિતજીનાં જ્ઞાન અને નીતિમય જીવન માટે પ્રેમબીજ વવાયું હતું, છતાં તેમણે વૈષ્ણવ મહારાજો અને વલ્લભસંપ્રદાયને જડમૂળથી ઉખેડી નાખવા માટે યાહોમ કરીને જંગ માંડ્યો હતો. તે જંગ સામે પ્રતિવાદી તરીકે પંડિતજી હોવાથી તેમની લેખની કોઈ કોઈ વખત પંડિતજી ઉપર પણ કટાક્ષ કરતી. ખરૂં પૂછો તો પંડિતજીનું જીવન બીજનાં ચંદ્રની માફક પવિત્ર, નિષ્કલંક ને તપથી નીતરતું હતું. એટલે ટીકાકારોને તેમનાં ઉપર અંગત આક્ષેપ મૂકવાની તક જ મળતી નહિ, એટલે બીજી વખતનાં લગ્નને નિમિત્ત બનાવી તેમને ખોટી રીતે કનડવામાં આવ્યા. પણ તે વિષેનો પંડિતજીનો ખુલાસો આ સભામાં સાંભળી અનેક ટીકાકારો માફક કવિશ્રી નર્મદાશંકરને પંડિતજી માટે માન ઉત્પન્ન થયું અને તેમનાં મનથી તેઓ પંડિતજીને મુંબઈનું ગૌરવ માનવા માંડ્યા.

કવિતા વિષેનાં વ્યાખ્યાન પછી કવિશ્રીનાં હૃદયમાં ગુપ્ત રીતે વવાયેલા પ્રેમબીજે વધીને છોડનું રૂપ લીધું. તેમણે જોયું કે શ્રીગટ્ટુલાલાજીનું અંગત જીવન સ્ફટિકમણિ સમ પારદર્શી તથા તપાવેલા સુવર્ણ સમ નિર્મલ છે. તેઓ ખરેખર આર્યધર્મનાં એક મહાન પુરુષ છે. આર્યસુધર્મોદય સભા મારફત દર પખવાડિયે શ્રીગીતાજી ઉપર તથા બીજા ધાર્મિક પ્રસંગો ઉપર આજ દશદશ વર્ષથી તેમણે જે વ્યાખ્યાનો આપ્યા છે તે મહામૂલા ને જીવનને સ્પર્શ કરનાર છે, તેમ તેમને હવે લાગવા માંડ્યું. હવે તેઓ ગુજરાતી પત્રમાં પંડિતજી માટે વિવેક ને માનથી લખવા લાગ્યા અને કટાક્ષવાળા વાક્યોનો ઉપયોગ છોડી દીધો.

સં.૧૯૪૦નાં એટલે ૨૫-૫-૪૪નાં રવિવારનાં ગુજરાતી પત્રનાં અંકમાં તેમણે પંડિતજી માટે નિર્મત્સરભાવથી નોંધ લીધી છે-

‘‘પંડિત ગટ્ટુલાલાજીએ ૧૮-૫-૮૪નાં રવિવારે મૂલજી જેઠાવાલી કાપડ મારકીટનાં દિવાનખાનામાં કાશીનાં ગોસ્વામી મહારાજની આજ્ઞાથી અષ્ટાવધાનનાં અદ્ભુત ચમત્કાર કરી બતાવ્યા હતા. શીઘ્ર કવિતા શક્તિ, ને અષ્ટાવધાનની બાબતમાં પંડિત ગટ્ટુલાલાજીની બરાબરી કરી શકે એવો અમારા જોવામાં કોઈ આવ્યો નથી.*** અમે કહીએ છીએ કે પંડિત ગટ્ટુજીની શીઘ્ર કવિતા, અષ્ટાવધાન અને વિદ્વત્તા માટે મુંબઈવાસી આર્યજનોને મગરૂર રહેવાને કારણ છે.’’

જેમ જેમ કવિશ્રી પંડિતજીનાં આર્યધર્મ તરફ આકર્ષાતા ગયા તેમ તેમ વલ્લભસંપ્રદાયનાં મૂળ સ્થાપક શ્રીવલ્લભાચાર્યજી અંગેનાં તેમનાં વિચારો બદલાયા ને તે તરફ માનની દ્રષ્ટિએ તેઓ જોવા લાગ્યા હતા. આવી રીતે તેમનાં મનની ક્રાંતિ થતી હતી, એટલામાં દુર્દૈવે તેમને અહીંથી ઉપાડી લીધા.

(૨૦) વિદેશી સજ્જનોનો મેલાપ

પંડિતજીનાં શાસ્ત્રીય જ્ઞાન કરતા શતાવધાનની શક્તિની કીર્તિ ભારતવર્ષમાં તો ફેલાએલી હતી, તેવી જ રીતે યૂરોપ અમેરિકાનાં સુજ્ઞ પુરુષો પણ પંડિતજીની આ અસાધારણ શક્તિ વિષે સાંભળી આશ્ચર્યમાં ગરકાવ થતા. આ વિષે અનેક પરદેશી મહાનુભાવો તેમને મળેલા. તેઓ પંડિતજીને પ્રત્યક્ષ જોતા તેમની માનવતા, સદાચરણ, અસાધારણ સ્મરણશક્તિ, શાસ્ત્રીય જ્ઞાન અને વ્યાખ્યાનશક્તિ સાથે શતાવધાનનાં પ્રયોગો જોઈ તેમની શક્તિથી દિગ્મૂઢ થઈ જતા. સર મોનિયર વીલીયમ્સ સંસ્કૃત ભાષાનાં મોટા વિદ્વાન હતા. તેમણે સંસ્કૃત સાહિત્ય ઉપર અનેક ગ્રંથો લખ્યા છે, વળી સરકારે તેમને 'કંપેનિયન ઓફ ધી આર્ટ' નો ખિતાબ આપ્યો છે. તે સદ્‌ગૃહસ્થ પંડિતજી પાસે ઘણીક વખત આવતા અને પંડિતજીને જર્મની પધારવા અત્યંત આગ્રહ કરતા અને પંડિતજી પાસેથી એવું વચન મેળવ્યું હતું કે,''જ્યારે હું જર્મની આવીશ ત્યારે તમારા મકાનમાં મારો ઉતારો રાખીશ.'' જો કે પંડિતજીએ હિંદુસ્તાનમાં બધે જ ઠેકાણે પ્રવાસ કર્યો છે, પણ તેઓ સમુદ્રયાન કરવામાં ધર્મનો બાધ સંપૂર્ણ માનતા. આથી તેઓ હિંદ બહાર જવા માંગતા નહોતા. ખરેખર પંડિતજી હિંદ બહાર ગયા હોત તો આજે એમને માટે આપણા કરતા પશ્ચિમનાં વિદ્વાનો બહુ સંભારતા હોત. હિંદુસ્તાનમાં આવીને પણ કેટલાક પરદેશી સંસ્કૃતાભિલાષી વિદ્વાનો પંડિતજીને મળી યૂરોપ પધારવા આગ્રહ કરતા, પણ આવી જાતની મુસાફરી તેમનાં આદર્શોની વિરુદ્ધ હતી, નહિંતર દિગ્વિજયીઓનાં કરતા પણ તેમણે હિંદુધર્મ, શાસ્ત્રો અને સંસ્કૃત માટે ઘણું કર્યું છે.

એક વખતે સર મોનિયર વિલિયમ સાથે કેટલાક જર્મન સ્ત્રીપુરુષો જ સંસ્કૃત ભાષામાં રસ ધરાવતા હતા. તેઓ પંડિતજીના મંદિરે પધાર્યા અને પંડિતજીનાં દર્શનની અભિલાષા બતાવી. આ વખતે રા.જ્યેષ્ટારામ મુકુંદજી વગેરે પંડિતજીનાં શિષ્યો ત્યાં હતા. તેમણે તે બધાને માન પુરઃસર આસન આપી બેસાડ્યા. એટલામાં પંડિતજી પોતાનાં નિત્ય નિયમ સેવા વગેરે કાર્ય સંપન્ન કરી ત્યાં આવ્યા. તે વખતે એક રસિક જર્મન સ્ત્રી સંસ્કૃતમાં બોલી ઉઠીઃ-

''મક્ષિકાપાદઘાતેન કમ્પિતં ભુવનત્રમ્ ।।''

અર્થ-માંખનાં પગ વાગવાથી ત્રણ ભુવન-સ્વર્ગ, પૃથ્વી ને પાતાલ કમ્પ્યા છે, એમ વક્ર વાક્ય બોલી, જેનો ઉત્તર પંડિતજીએ આપ્યો.

''કૃષ્ણસ્ય પિબતઃ પાત્રે વદનાત્પ્રતિબિમ્બતઃ ।।''

અર્થ - આમ પાદપૂર્તિ કરતા કહ્યું કે ભગવાન કૃષ્ણ પ્યાલામાં પાણી પીતા હતા, તે વખતે ભગવાનનું મુખ જેમાં ત્રણ ભુવન રહેલા છે તેનું પ્રતિબિંબ તે પ્યાલાનાં પાણીમાં પડ્યું. આ વખતે એક માખે આવીને પ્યાલામાંના પાણીને પગ અડકાડ્યો, આથી પ્યાલાનું પાણી હાલ્યું. એટલે ભગવાનનાં મુખમાંના ત્રણ ભુવનનું પ્રતિબિંબ જે પીવાનાં પ્યાલાનાં પાણીમાં પડ્યું હતું તે હાલ્યું. આમ એક અર્ધા શ્લોકનો અધૂરો અર્થ બીજા અર્ધા શ્લોકથી પંડિતજીએ મેળવી આપ્યો. આ ઉત્તર સાંભળતા તે બધા ખુશ થઈ ગયા ને પંડિતજીનાં હાજર જવાબની પ્રશંસા કરવા લાગ્યા.

બીજા પ્રશંસક સર વિલિયમ વેડરબર્ન હતા. તેઓ મુંબઈ હાઈકોર્ટનાં લોકપ્રિય પ્રતિભાવંત જજ હતા. તેમનાં પ્રમુખપદે પંડિતજીએ ફરામજી કાબરાજી ઈન્સ્ટીટ્યૂટમાં જ્ઞાનવર્ધક સભાનાં આશ્રય નીચે શતાવધાનનાં પ્રયોગ કર્યા હતા. તેઓ પંડિતજીની શતાવધાનની અદ્ભુત શક્તિ દેખી ખુશખુશ થઈ ગયા હતા.

આ સર વિલિયમ વેડરબર્ન લોકપ્રિય જજ હતા, અને મુંબઈની પ્રજામાં તેમનું મોટું માન હતું. જ્યારે તેઓ પોતાના હોદ્દા ઉપરથી છુટા થયા ત્યારે મુંબઈની પ્રજાએ તેમને ભારે માન આપ્યું હતું. આ માન આપવામાં પંડિતજીએ મુખ્ય ભાગ લીધો હતો અને સંસ્કૃતમાં આશીર્વાદાત્મક શ્લોકોથી આ ભલા અધિકારીને પ્રસન્ન કર્યા હતા. આ વિષે પંડિતજીએ લીધેલા શ્રમનો હેવાલ તે વખતનાં અંગ્રેજી પત્રોમાં આવેલો, તેમાં પંડિતજીનાં જાહેર કામોમાં ઉત્સાહની બહુ પ્રશંસા કરી હતી અને તેમની હિંદુ ધર્મની ભક્તિની પ્રશંસા કરી હતી.

આવી રીતે પ્રો.મોનકાફ, પ્રો.પીટરસન, સર એડવીન આરનેલ, સર રીચર્ડ ટેમ્પલ વગેરે અને યુરોપીયન વિદ્વાનો તેમને મળેલા અને તેમની અસાધારણ શક્તિની પ્રશંસા તે વખતનાં સામયિકોમાં કરતા. વળી ઈંગ્લીશમેન, સ્ટેટ્સમેન વગેરે અંગ્રેજી પેપરો પણ પંડિતજીનાં પુષ્કળ વખાણ કરતા. કમભાગ્યે તે વાતે આજે લગભગ ત્રણ

વીશી થવા આવી પણ તે દરમિયાન પંડિતજીનું સ્મરણ સાચવવા માટે કોઈએ પ્રયત્ન કર્યો નથી. અરે! તેમનાં મૂળ લખાણો સાચવવા જેટલી પણ દરકાર કોઈ પણ તેમનાં શિષ્યે વૈષ્ણવે કે સંસ્થાએ લીધી નથી. સાચું કહીએ તો આ સંપ્રદાયમાં એક મોટી ખામી એ છે કે તેનાં પુણ્યશ્લોક પુરુષોની પુણ્ય યાદ કાયમ રાખવા માટે સ્મારક કરવા શરૂઆતમાં સહેજ ઉત્સાહ બતાવી પછી તરત જ તે વાતને વિસારી મૂકવામાં આવે છે. આ વાત જેટલી વૈષ્ણવોને લાગુ પડે છે તેટલી આ સંપ્રદાયનાં ગોસ્વામી બાળકો માટે પણ સાચી છે. છેલ્લા દાયકામાં ભક્તવર દયારામભાઈ, કવિ ગિરિધર, ગો.શ્રીજીવણલાલજી મહારાજ, શ્રીગટ્ટુલાલાજી, છગનલાલ શાસ્ત્રી, મૂળચંદ્ર તેલીવાલા, ગો.શ્રીગોકુલનાથજી વગેરેની સંપ્રદાય માટે અદ્ભુત સેવા છતા તેમનાં સ્મારક માટે કોઈ પણ વૈષ્ણવ કે ગોસ્વામી બાળકે સ્તુત્ય પ્રયત્ન કીધો નથી; સંપ્રદાયમાં જીવંત રસ લેનાર માટે આ એક લજ્જાનો વિષય છે.

(૨૧) ગો.શ્રી.દેવકીનંદનાચાર્યજી

ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી સં.૧૯૪૦માં મુંબઈ પધાર્યા, તે વખતે પૂર્વે કેટલાક વર્ષોથી પંડિતજીને અન્ય ગોસ્વામી બાળકોનો સહારો મળતો બંધ થઈ ગયો હતો. મુંબઈમાં મુખ્યત્વે તે વખતે ગો.શ્રીજીવણલાલજી, શ્રીનૃસિંહલાલજી, શ્રીચીમનલાલજી વગેરે આગેવાન મહારાજો હતા. તેમાં ગો.શ્રીજીવણલાલજીનો સહારો પોતે વિદ્યમાન હતા ત્યાં સુધી પંડિતજીને મળ્યો, પણ સં.૧૯૩૬માં એઓશ્રી લીલાવશ થયા ત્યારે પંડિતજી એકલા પડી ગયા. ગો.શ્રીનૃસિંહલાલજીએ સં.૧૯૩૦માં આર્યસુધર્મોદય સભા સ્થાપવામાં પંડિતજીને સાથ આપેલો ને એક વખત સભામાં આવેલા, પણ ત્યારબાદ તેમને પંડિતજી સાથે સંપ્રદાય વિષે વિચાર ભિન્નતા થઈ. આનાં પરિણામે મહારાજશ્રીએ સુબોધની સભા સં.૧૯૩૫માં સ્થાપી, ને તેમાં છગનલાલ અમરજી શાસ્ત્રી નામનાં એક વિદ્વાન પ્રશ્નોનાં નાગરને શાસ્ત્રી તરીતે નીમ્યા. આમ પંડિતજીથી જુદા પડી વિચાર ભિન્નતાથી એક વસ્તુનાં નિર્ણયમાં બે મત થવા માંડ્યા. આથી એક બીજા વચ્ચે પરસ્પર વિરોધી જીવનમાં મુકાયા જેવું થઈ ગયું. ગો.શ્રીચીમનલાલજી તથા શ્રીનાથદ્વારાનાં પદભ્રષ્ટ ગો.શ્રીગિરિધરજી પોતાનાં પંચનાં પક્ષીય વિભાગને લીધે પંડિતજીથી જુદા પડ્યા. આમ મુખ્યમુખ્ય ગોસ્વામી બાળકોથી પંડિતજી ઉપેક્ષા પામવા લાગ્યા. આ વસ્તુથી પંડિતજીને કોઈ સમય દુઃખ થતું, પણ આ વખતે તેમનાં પિતાજી ધનશ્યામભટ્ટની હયાતીથી, આ દુઃખ તેમને બહુ મૂંઝવતું નહીં.

જ્યારે મુંબઈ બહાર વિદ્યમાન ગોસ્વામી આચાર્યોમાં (૧)ગો.શ્રીગોવર્ધનલાલજી તિલકાયત શ્રીનાથદ્વારા, તથા (૨)ગો.શ્રીબાલકૃષ્ણલાલજી તિલકાયત શ્રીકાંકરોલી આ બન્ને આચાર્યોને પંડિતજી માટે અનહદ પૂજ્યભાવ હતો ને તેમને પોતાનાં ગુરુ તરીકે ગણતા હતા. જો કે જે સ્થાન ઉપર એઓશ્રી બિરાજતા હતા, તે સ્થાન ઘણું મોટું ને મોભાદાર હતું; વળી તેઓ બન્ને તે વખતે ઓગણીસ અને એકવીસ વર્ષનાં યુવાન આચાર્યો હતા તથા તેઓનો વસવાટ મુંબઈ ન હતો. એટલામાં સં.૧૯૪૦માં મુંબઈમાં ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી પધાર્યા. આ મહારાજશ્રી બહુ વિચક્ષણ અને સુધારક વૃત્તિનાં હતા. તેઓ વૈષ્ણવ ધર્મનાં પ્રચારમાં ઉત્કટ રસ લેતા. તેમની નીતિરીતિ બીજા મહારાજો કરતા જુદી તરી આવતી હતી. તેઓ ખુરસી કે કોચ ઉપર ન બેસતા, સિંહાસન ઉપર બેસતા, સૌને ચરણસ્પર્શ કરવાની મના કરતા પણ પોતાની પાદુકાનો સ્પર્શ કરવા દેતા. તેમની આગળ નેકી સંસ્કૃતમાં પોકારતી, આખો દિવસ ધર્મચર્ચા તેમની આગળ ચાલ્યા કરતી. તેમનાં ત્યાં ખાસ પડદાનો રિવાજ ન હતો. આ મહારાજશ્રીની પ્રકૃતિ જુદા પ્રકારની હતી. તેમાં તેમનાં પિતાશ્રી ગોવિન્દપ્રભુની ખાસ આજ્ઞા હતી કે,''શ્રીગટ્ટુલાલાજી જેમનું જ્ઞાન આપણા સંપ્રદાય માત્રનું જ નથી પરંતુ આપણા મહાન આર્યધર્મનું રહસ્ય જેટલું તેઓ જાણે છે તેટલું બીજો કોઈ જાણતો હોય એમ મારા જાણવામાં નથી, માટે તેમની પાસેથી સત્યધર્મ અવશ્ય સમજી લેજે, તેમનાં હ્રદયમાં શ્રીમદાચાર્યજીનો (શ્રીવલ્લભચાર્ય મહાપ્રભુજીનો) અંશ બિરાજે છે.''

આ વાતથી તેમનાં હ્રદયમાં પંડિતજી માટે અનહદ માન હતું. મહારાજશ્રી આચાર્ય તરીકે પ્રથમ સં.૧૯૪૧નાં વૈશાખ સુદિ ૧૫ને રવિવારે મુંબઈમાં પધાર્યા, તે વખતે જુદીજુદી કોમનાં પાંચસૌ વૈષ્ણવો તેમને તેડવા બોરીબંદર સ્ટેશન પર ગયા હતા. આપશ્રીએ મુંબઈમાં પધારી ચંદાવાડીમાં ઉતારો રાખ્યો હતો.

શરૂઆતમાં શાસ્ત્રી વાસુદેવાચાર્ય પાસે સંસ્કૃતમાં મહારાજશ્રી વ્યાખ્યાન કરાવતા ને તેની ગુજરાતીમાં સમજ પંડિતશ્રીનાં શિષ્ય શામજી વાલજી શાસ્ત્રી આપતા. આ વખતે કોઇ શંકા પૂછતું તેનો ઉત્તર મહારાજશ્રી શાસ્ત્રની રીતે મીઠાશથી આપતા. આમ થવાથી અનેક સુધારાવાળા તથા ભણેલા મહારાજશ્રીનાં શિષ્ય બન્યા.

મહારાજશ્રીની આવી ઉદાર નીતિથી આર્ય સુધર્મોદય સભાનાં કારોબારી સભ્યોને મહારાજશ્રીને સભામાં પધરાવવાની ઇચ્છા થઇ. પણ સામાન્ય રીતે બીજા મહારાજો આ સંસ્થાથી દૂર રહેતા હોવાથી આ મહારાજશ્રી પણ પધારશે કે કેમ એવી શંકા ઉદ્ભવી. આ સંકલ્પ વિકલ્પની વાત વૈષ્ણવે મહારાજશ્રીને આપી. આથી મહારાજશ્રીએ તે જ વૈષ્ણવને કહ્યું કે,''સ્વધર્મનાં રક્ષણ માટે આર્યધર્મનાં સ્તંભરૂપ પંડિતવર્ય ગટ્ટુલાલાજીનાં આશ્રય તળે આ સભા ચાલે છે, ને આર્યધર્મનો ઉપદેશ તેમાં અપાય છે, ત્યારે તેવી સભામાં અમ લોકોએ (ધર્મ ગુરુઓએ) શા માટે ન જવું જોઇએ? અરે, અમારા લોકોની કેવી ઊંધી સમજ છે કે જે કામમાં, તન, મન અને ધનથી મદદ કરવી જોઇએ એવા ધર્મવૃદ્ધિ થવાનાં સાધનને તોડી પાડવાને પ્રયત્ન કરે છે!'' આટલું કહી મહારાજશ્રીએ તે વૈષ્ણવને જણાવ્યું કે એ સભા જે દિવસે ભરાવાની હોય તે દિવસે મને જાણ કરવી, એટલે હું સભામાં જરૂર આવીશ. સભાવાળા મને આમંત્રણ નહિ કરે તોપણ, એક સાધારણ મનુષ્ય તરીકે, એવી ધર્મસભામાં આવવાની તો કોઇ હરકત નહિ લે'!

આ વાત સભાનાં આગેવાનો શેઠ ત્રિભોવનદાસ વગેરેનાં કાને આવી, તેથી સં.૧૯૪૧નાં વૈશાખ વદિ ૧૧ની પ્રથમ સભા માટે મહારાજશ્રીને નિમંત્રણ આપ્યું. આથી મહારાજશ્રી પધાર્યા. આ વખતે સભા વૈષ્ણવોથી ચિક્કાર ભરાઇ ગઇ હતી. તે વખતે શાસ્ત્રીજી શ્યામજીભાઇએ હરિભક્તિ ઉપર વ્યાખ્યાન આપ્યું ને મહારાજશ્રીએ પણ તે વિષયમાં પોતાના વિચાર જણાવ્યા.

ત્યારપછી તો મહારાજશ્રી દર વખતે સભાનાં દિવસે પધારતા ને જરૂર પડે વ્યાખ્યાન આપતા. હવે મહારાજશ્રીને બીજી સંસ્થાઓ તરફથી આમંત્રણ મળવા માંડ્યું. તે વખતે આર્યજ્ઞાનવર્ધક નામની સભા હતી, તેમાં પંડિતજીનું ધર્મનાં ત્યાગાત્યાગ વિચાર ઉપર વ્યાખ્યાન રાખવામાં આવ્યું હતું. આ સભા અધિક જેઠ સુદિ ૯ને શુક્રવારે સર મંગળદાસ નથુભાઇનાં મંગલ બાગમાં રાખવામાં આવી હતી. આ વખતે દિવાનખાનું શ્રોતાઓથી ખીચોખીચ ભરાઇ ગયું હતું. આ વખતનું પંડિતશ્રીનું વ્યાખ્યાન ગહન હતું. તેમણે આ વ્યાખ્યાનમાં શ્રુતિ સ્મૃતિ અને ભગવદ્ગીતાનાં વચનો તથા અનેક દ્રષ્ટાંતોથી પોતાનાં વિચાર એવી સરસ રીતે દર્શાવ્યા હતા કે શ્રોતાઓનાં મન પર તેની સરસ છાપ પડી હતી.

ધર્મનાં ત્યાગાત્યાગ વિચાર વિષેનું તેમનું ભાષણ પૂરું થયા બાદ જુદી જુદી તેર ભાષાઓનાં વાક્યો, વ્યક્તિક્રમથી કહેલા છુટા છુટા શબ્દો, તથા ઘંટડીનાં ટકોરા આદિ શતાવધાનનાં ચમત્કારી પ્રયોગો તેમ જ ગતાનુગતિકા, એક ચરણ અને ત્રિચરણ સમસ્યાપૂર્તિની માગેલા છંદ, રસ અને અલંકારમાં સંસ્કૃત શીઘ્ર કવિતા વગેરેનાં પંડિતશ્રીએ પ્રયોગો બતાવ્યા હતા. આ જોઇ સભામાં હાજર સર્વ-શ્રીમદ્ દેવકીનંદનાચાર્યજી સુદ્ધા-છક્ક થઇ ગયા અને એક બીજા સાથે પંડિતજીની અલૌકિક શક્તિની પ્રશંસા કરવા લાગ્યા. છેવટે એક સદ્ગૃહસ્થે એક વિચિત્ર લીટી શાર્દૂલવિક્રીડિત છંદમાં પંડિતજી પાસે મૂકી, તે લીટી નીચે લખી છે.

''અંબાડી ઉંટને સીંગડે જન જુઓ રાજે રવિ રાતમાં'

અર્થ-ઊંટને વળી સીંગડા હોય! અને તે ઉપર અંબાડી માણસો જુએ! તથા રાતમાં સૂર્ય પ્રકાશે!

આવી વિચિત્ર લીટીની પંડિતજીએ પોતાની પુણ્યતમ સરસ્વતીનાં બલે બહુ સુંદર રીતે પાદપૂર્તિ કરી.

'નીચા જે યવનો ભણી ગુણ ગણી તત્ત્વો લહે વેદના,
તેથી ચિત્ર ચળે, ચમત્કૃતિ ચઢે, મારી ઘણી વેદના;
આચાર્યો બહુ ધર્મ કર્મ કરવા, આવ્યા અહીં પાંતમાં,
અંબાડી ઊંટ સીંગડે જન જુએ, રાજે રવિ રાતમાં.

ભાવાર્થઃ- જેમણે વેદાદિ શાસ્ત્રો કોઇ દિવસ દીઠા નથી એવા નીચ યવનો તત્ત્વો ભણીને ગુણનો સમૂહ મેળવે છે, અને વેદનાં તત્ત્વો સ્વીકારે છે, આ જોવાથી મારૂં ચિત્ત ચળે છે, (કેમકે બ્રાહ્મણો જેમને વેદશાસ્ત્ર જાણવાની ખાસ આજ્ઞા છે તે ભણતા નથી) અને ચમત્કાર થયો એમ લાગે છે. તેથી ઘણું દુઃખ થાય છે. આ સભામાં

વિદ્વાનોની પંક્તિમાં આચાર્યો બહુ ધર્મ કાર્ય કરવા આવ્યા છે, તે બધુ જેમ ઊંટને શિંગડા ન હોય (જેમ યવનો ખરી રીતે વેદનાં તત્ત્વો સ્વીકારે નહિ છતા પણ તે લોકો વેદનાં તત્ત્વો સ્વીકારે છે,) છતા શિંગડા હોય તેમ લાગે છે, ને તે શિંગડા ઉપર અંબાડી મૂકી છે તેમ ભાસે છે. (કારણકે અંબાડી હાથી ઉપર હોવી જોઇએ, પણ હાથીરૂપી બ્રાહ્મણો કે જેમનાં મુખમાં વેદ બિરાજવો જોઇએ, તે ન બિરાજતા યવનોના મુખમાં બિરાજે છે, તે ઊંટનાં શિંગડા ઉપર અંબાડી જેવું લાગે છે) એવી રીતે આચાર્યો હાલ જે આળસુ અને ધર્મ કાર્યથી વિમુખ થઇ ગયા છે તે બધા અહીં ધર્મકાર્ય કરવા એક પંક્તિમાં આવી બેઠા છે. તે જાણે રાતે સૂરજ ન પ્રકાશતો હોય એમ લાગે છે.

ત્યાર બાદ જેઠ સુદિ ૧૧ તા ૨૪-૫-૮૫નાં રોજ વૈદિકધર્મની આવશ્યકતા ઉપર આર્યસુધર્મોદય સભામાં મહારાજશ્રીનું વ્યાખ્યાન થયું, તેમાં હજારો માણસો હાજર હતા. હવે દરેકને મહારાજશ્રી અને પંડિતજીમાં રસ પડવા માંડ્યો. બીજા જેઠ સુદિ બીજ રવિવારે શ્રીગટ્ટુલાલાજીએ જગતની બ્રહ્મરૂપતા ઉપર મહારાજશ્રીનાં પ્રમુખપદે વ્યાખ્યાન આપ્યું. ત્યારબાદ જેઠ સુદિ છઠનાં દિવસે મહારાજશ્રી સંસ્કારાદિ ધર્મો ઉપર વ્યાખ્યાન આપવાનાં હતા. પણ તેમની તબિયત બરાબર ન હોવાથી આપશ્રીએ સભામાં પધારી એક ટૂંકું ભાષણ આપ્યું. ત્યારબાદ પંડિતશ્રીએ સંસ્કારાદિ ધર્મો વિષે યથાર્થ વ્યાખ્યાન આપ્યું.

શરૂઆતમાં મંગલાચરણ કરી શ્રીભાગવતજીનો પ્રથમ શ્લોક મધુર સ્વરે ગાઇ, તેનો ભાવાર્થ સહેલી ભાષામાં સમજાવી, પંડિતજી કહેવા લાગ્યા કે હું ઊંચા હાથ કરી વારંવાર પોકારું છું પણ મારું સાંભળે છે કોણ! એ પ્રમાણે વ્યાસજીએ કાશીનાં લોકો પ્રત્યે કહ્યાની જે ઐતિહાસિક કથા આચાર્યચરણે (શ્રીદેવકીનંદનાચાર્યજીએ) શ્રવણ કરાવી, તેનું તાત્પર્ય એ જ કે ધર્માચરણ કરવાને વારંવાર ઉપદેશ કરવામાં આવે છે. પરંતુ લોકો બરાબર ધર્માચરણ કરતા નથી. એ ફરિયાદ આજ નવી નથી. હા, હાલ એ ફરિયાદનું વિશેષ કારણ છે ખરું. સુખનું કારણ ધર્માચરણ છે. એ વાત તો નિઃસંદેહ છે. કેટલાક એમ સમજે છે કે ઉદ્યોગથી દ્રવ્ય અને દ્રવ્યથી સુખ મળે છે. પરંતુ એકલા ઉદ્યોગથી દ્રવ્યપ્રાપ્તિ થતી નથી. તેમ એકલા દ્રવ્યથી સુખ પણ થતું નથી. જો ઉદ્યોગથી જ દ્રવ્યપ્રાપ્તિ થતી હોય તો બિચારા મજૂરો ઘણો જ ઉદ્યોગ કરે છે, પણ તેમને તેટલો દ્રવ્યલાભ કેમ નથી થતો? અને ઘણા ધનવંતો અનેક પ્રકારનાં દુઃખનો પોકાર કેમ કરે છે?

સૌ કોઈ સુખની ઈચ્છા તો રાખે જ છે. ત્યારે સર્વને સરખું સુખ કેમ નથી મળતું? અને સર્વ કોઈ દ્રવ્યપાત્ર હોતા નથી તેનું કારણ પણ શું? હું કહું છું કે સર્વ સુખનું કારણ ધર્મ છે-પછી તે ધર્મ હમણાનો વા જન્માન્તરનો. કેવલ ઉદ્યોગથી જ સુખ મળતું હોય તો એક ગરીબ મનુષ્યને ત્યાં છોકરો જન્મ્યો હોય, તેને તે જ વખતે રાજમહેલમાં ઉપાડી જઇ રાજાની રાણીને હવાલે કરવામાં આવે છે. અને તે રાણી તેને પોતાનો જ પુત્ર માની લે છે. ને પાછળથી તે જ છોકરાને રાજપાટ મળે છે. તેવું કેમ? આવા દાખલા અદ્યાપિ રજવાડામાં બને છે, ત્યારે આ બાળકે જન્મતાવેંત એવો શો ઉદ્યોગ કર્યો કે તેને રાજ્ય પ્રાપ્ત થાય! આ તેનાં પૂર્વ જન્મનાં ધર્મનો પ્રતાપ નહિ તો બીજું શું?

ત્યારે શું ઉદ્યોગ અને તેનું પરિણામ દ્રવ્ય એ સુખનું કારણ નથી? ના, ઉદ્યોગ સુખનું અવાંતર એટલે સાધનરૂપ કારણ તો ખરૂં-જેમ કડછી રસોઇ કરવામાં કામ આવે છે તે પ્રમાણે. આ દ્રષ્ટાંતમાં રસોઇનો પદાર્થ જેમ મુખ્ય અને કડછી તેનું સાધનરૂપ કારણ છે, તેમ કડછીને ઠેકાણે ઉદ્યોગ અને રસોઇનાં પદાર્થનાં ઠેકાણે ધર્મ જાણવો અને કડછીનો દાંડો પકડીને રાંધવાનાં પદાર્થને હલાવનાર, તેમ ધર્માચરણ કરીને સુખ મેળવનાર પુરુષ સમજવો.

મજકુર ઐતિહાસિક વાતમાં કાશીનાં લોકોએ વ્યાસજીને અભિમુખ કરી તેમનો સત્કાર કર્યો અને કહ્યું, આપનાં આવ્યાથી મોટું સુખ થશે. તેનો ઉત્તર વ્યાસજીએ ''માત્ર મારા આવવાથી તમને કેમ કરી સુખ થવાનું છે? તમે પોતે જ જો ધર્માચરણ કરશો તો આપોઆપ તમને સુખ મળશે'' વગેરે જે આપ્યો તે ઠીક જ આપ્યો. મહાપુરુષનાં આગમનથી બેશક સુખ થાય છે. પરંતુ તેઓ મોટેથી તેમ કહેતા નથી. તેઓ એમ જ સમજે છે કે લોકો સન્માર્ગથી પ્રવર્તે તો પોતાની મેળે સુખી થાય. મહાન પુરુષનાં આવવાથી પણ જો સુખ પ્રાપ્ત થતું હોય તો તે ધર્મદ્વારા જ. વાસ્તવિક રીતે સુખનું મુખ્ય કારણ તો ધર્મ જ છે. મહાત્માનાં આવ્યા વિના પણ લોકો ધર્મનું સેવન કરે તો તેનું રૂડું ફળ મળે જ મળે.

આજનો વિષય ‘‘સંસ્કારાદિ ધર્મ’’ નો હોવાથી પ્રથમ જ ધર્મનું લક્ષણ જે પૂર્વમીમાંસામાં કહ્યું છે, તે ભાષણકર્તા આચાર્યજીએ જણાવ્યું છે. તે પૂર્વમીમાંસાનાં બાર અધ્યાય છે. તેનાં પહેલા અધ્યાયમાં ધર્મનું લક્ષણ જણાવતા કહેલું છે કે, વિધિ તથા લક્ષણ છે પ્રમાણ જેનું તે ધર્મ. એ વિષે લિંગ લોટ વગેરે જે કહ્યું હતું તે વ્યાકરણને લગતી બાબત છે, જે સર્વને સહેલાઈથી સમાજય તેવી નથી. વિધિ એટલે પ્રેરણા. વેદ આમ બતાવે છે કે પ્રતિદિન સંધ્યા કરવી, બ્રાહ્મણને તરછોડવો નહિ. એ વગેરે વાંચેથી પ્રેરણાનો અર્થ સમજાય છે કે વેદે જે બાબતની પ્રેરણા કરી છે તે ધર્મ અને જેનાં અભાવની પ્રેરણા કરી છે તે અધર્મઃ. જે ‘‘વેદ પ્રણિહિતો ધર્મોહ્યધર્માસીદ્ વિપર્યયઃ’’એ શ્લોક આ સભામાં ઘણીવાર ચર્ચાઈ ગયો છે. એનો મુખ્ય સાર એટલો જ છે કે વેદમાં જેનું વિધાન હોય તે જ ધર્મ. પૃથ્વીપર જેટલા ધર્મો પ્રવર્તે છે તે બધા વેદમાંથી જ નીકળેલા છે. જે વેદની વિરુદ્ધનાં ધર્મો છે, તે વેદ પછી થએલા છે, કેમકે તેમાં વેદની નિંદા કરેલી હોય છે. જો તે વેદની અગાઉનાં હોય તો તેમાં વેદ અને વૈદિક ધર્મની નિંદા કેમ કરવામાં આવી હોય? આમ બોલવામાં મારો વિચાર બીજાનાં ધર્મની નિંદા કરવાનો બિલકુલ ન સમજવો. હમણા જે ધર્મમાર્ગો ચાલેલા છે તે કોઈદ્વારા ઈશ્વરે જ ચલાવ્યા હોય યા તો માણસોએ પોતપોતાની ઈચ્છા પ્રમાણે ચલાવ્યા હોય તે વિષે મારું કહેવું નથી. પરંતુ વેદ એ ઈશ્વરની વાણી છે એટલું જ નહિ પણ ઈશ્વરનું શબ્દરૂપ સ્વરૂપ છે એમ કહેવાને હરકત નથી. કૂર્મપુરાણમાં કહ્યું છે કે વેદ વિના બીજું કોઈ ખરા ધર્મને કહેનાર નથી. અને જે વેદવિરુદ્ધ આચરણ કરે તેને દ્વિજથી બહાર સમજવા. યાજ્ઞવલ્ક્ય સ્મૃતિમાં ધર્મનાં ઉપોદ્ઘાત કરીને તેનાં પ્રમાણ, ધર્માચરણ કરવાની જરૂરિયાત વગેરે બાબતો આરંભમાં દર્શાવેલી છે અને તે પછી સંસ્કારની બાબત લખેલી છે, જેનાં ૧-૭ શ્લોક ટીકા સહિત ભાષણ કર્તા તરફથી કહેવામાં આવ્યા છે.

આર્ય લોકોમાં ચાર વર્ણ છે. તેનું વિવેચન ટૂંકમાં આ ઠેકાણે કરવાની જરૂર છે. કારણકે સંસ્કારનો અધિકાર એ ચાર વર્ણોને છે. હવે વર્ણ વિભાગનું તત્ત્વ જણાવવું જોઈએ, કારણકે હાલમાં કેટલાક લોકો તરફથી એવી આશંકા ઉઠાવવામાં આવે છે કે બ્રાહ્મણ, ક્ષત્રિય ઈત્યાદિ જે વર્ણ વિભાગો છે તે પાછળથી પડેલા છે. કેમકે પ્રથમથી તેમ હોય તો જુદી જુદી જાતો જોતા વેંત જ ઓળખાવી જોઈએ. જેમ હાથી, ઘોડા, ગાય વગેરે જુદી જુદી જાતનાં ચોપગા પ્રાણી છતા તે દરેકને જુદે જુદે નામે ઓળખીએ છીએ; તેમ આ શંકા અસંભવિત નથી. પણ તેનો ખુલાસો આમ છે, કે આફ્રિકાનાં હબસી કે વિલાયતનાં ગોરા લોકોને જોઈને આપણે શું એટલું નહિ પારખી શકીએ કે તેઓ આપણાથી જુદી જાતનાં છે અને તેમાં પણ અમુક હબસી અને અમુક ટોપીવાળો? ત્યારે મનુષ્યમાં અવાંતર જાતિ ઓળખાતી નથી એમ તો કહેવાય જ કેમ? આકૃતિ અને ચામડીનાં રંગ ઉપરથી જે રીતે જુદા જુદા દેશનાં મનુષ્યોમાં અવાંતર ભેદો છે તે પારખી શકીએ તો બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય વગેરે જાતિ વિષે પણ તે જ પ્રમાણ કેમ ન સંભવે? ત્યારે કોઈ કહેશે કે હાલ કેમ એ પ્રમાણે બરાબર નથી ઓળખી શકતા? પણ તે ન ઓળખાવાનું કારણ આ જ વિષયનાં સંબંધમાં આગળ કહેવામાં આવશે. હાલ તો એટલું જ જાણવું બસ થશે કે એ ચારે વર્ણો પોતપોતાનાં લક્ષણ ઉપરથી એટલે કે, મુખનું તેજ, શરીરનો બાંધો ઈત્યાદિ જોતા જ ઓળખાવા જોઈએ.

વ્યાકરણ મહાભાષ્યનાં નમન પ્રકરણમાં આ બાબતનો વિચાર કરેલો છે. તેમ જ નવા મારુત્શક્તિ નામનાં ગ્રંથમાં પણ આ વિષે કેટલુંક લખવામાં આવ્યું છે. ચારે વર્ણ તેમની મુખચર્યા વગેરે પરથી આમ ઓળશી શકાયઃ- બ્રાહ્મણોની કાંતિ તેજસ્વી અને તેમનાં શરીરનો બાંધો દ્રઢ હોવો જોઈએ; ક્ષત્રિયોનાં શરીરનો બાંધો એ બંનેથી જુદા જ પ્રકારનો એટલે બ્રાહ્મણોથી સખત અને ક્ષત્રિયોથી પોચો; અને શૂદ્રનાં શરીરનો બાંધે કઠોર, ચામડીનો રંગ કાળો અને વિકૃત વેશ એમ વર્ણવેલું છે. આ પ્રમાણે બધાને માટે હોય જ એમ નહિ; પરંતુ વ્યભિચાર વગેરે દુરાચારો બંધ હતા તે કાળમાં દરેક વર્ણનાં ગુણો સ્પષ્ટ પારખાતા હતા. વિદ્યા, દયા, ક્ષમા, શમ, દમ, તપ, સહનશક્તિ, ઈત્યાદિ ગુણો જેનામાં મુખ્ય તે બ્રાહ્મણ; તેજસ્વીપણું, શૂરવીરતા, લડાઈને પ્રસંગે પાછા ન ફરવું, જેને હુકમ કરે તેનાંથી તે કામ કરવાની ના ન પડાય એટલો કરપ ઈત્યાદિ ગુણો જેનામાં હોય તે ક્ષત્રિય, વ્યાપારની કળા, દ્રવ્ય સંચય કરવાની બુદ્ધિ, દેશોપયોગી પદાર્થનો સંગ્રહ કરવાની અને સંગ્રહ કરેલા પદાર્થની ચતુરાઈથી સંભાળ રાખવાની ટેવ, ખેતી, ગાયોનું રક્ષણ વગેરે કરવાની કુશળતા ઈત્યાદિ ગુણો જેનામાં પ્રધાનપણે હોય તે

વૈશ્ય; અને યંત્રકળાની પ્રવૃત્તિ, શિલ્પ વિદ્યાનું જ્ઞાન, અનેક પ્રકારની કારીગરી તથા બધી જાતની કળામાં કુશળતા-ગાવું, નાચવું અને દ્વિજવર્ગની સેવા કરવી એ વગેરે ગુણો જેનામાં સ્વાભાવિક હોય તે શૂદ્ર-એમ વર્ણન છે. પ્રાચીન ગ્રંથોમાં શૂદ્ર ધર્મનાં પ્રસંગમાં સંચાઓનું વર્ણન છે. આ મારું બોલવું હાલ જેમ કેટલાક લોકો વેદમાંથી તાર, નળ, આગગાડી વગેરે કાઢી આપે છે તેવું નથી. આપણા શાસ્ત્રોમાં સંચાઓનું વર્ણન છે. પણ તે હાલ જેવા સંચા અંગ્રેજ વગેરે લોકો બતાવે છે, તેવાજ હોય કે જુદી જાતનાં હોય તે વિષે મારૂં ક્હેવું નથી. ત્યારે બધા માણસોમાં તે તે વર્ણનાં શાસ્ત્રોક્ત ગુણો કેમ માલુમ પડતા નથી? આ શંકાનો ઉત્તર મારે દેવાનો બાકી રહ્યો નથી. પણ કળિયુગનાં આરંભમાં જ એ વાતનો ઉત્તર દેવાઈ ગયો છે. મહાભારત વનપર્વમાં અજગર અને યુધિષ્ઠિરનો સંવાદ છે. તેમાં એવી જ એક શંકા ઉઠાવવામાં આવી છે કે, ''અગાઉ જાતિ ઓળખાતી હતી અને હાલ વર્તાતી નથી તેનું કારણ શું? તેનાં ઉત્તરમાં ભીમે કહ્યું કેઃ-

''હે મહાશય! વ્યભિચાર કર્મ વધવાથી જાતિમાં દૂષણ લાગ્યું છે. સર્વ માંહો માંહે (વ્યભિચારથી સંકર પ્રજાની ઉત્પત્તિ) ઉત્પન્ન કરે છે, પણ તેથી વર્ણ પદાર્થ છે જ નહિ એમ ન જાણવું.

વળી ચારે વર્ણનાં ચાર દેવતા છે. મનુષ્યમાં બ્રાહ્મણ ક્ષત્રિય વૈશ્યપણું બરાબર આવવા માટે તેમને યથાર્થ સંસ્કારો થએલા હોવા જોઈએ. તે બન્યું હોય તો જ તેમનામાં તે તે પણું ઉદ્ભૂત થાય છે. કહાણીરૂપે તો હજુ પણ કહેવાય છે કે બ્રાહ્મણ ભગવાનનાં મોમાંથી, ક્ષત્રિય બાહુમાંથી, વૈશ્ય ઉદરમાંથી અને શૂદ્ર પગમાંથી પૈદા થાય છે. આ વાત આજનાં વખતમાં માનશે કોણ? ક્યા બ્રાહ્મણને ભગવાનનાં મોઢામાંથી નીકળી પડેલો કોઈએ જોયો છે? અને ક્ષત્રી વૈશ્યોને પણ ભગવાનનાં શરીરમાંથી કોણે દીઠા છે? અને જ્યારે એમ જ છે ત્યારે બ્રાહ્મણો ભલે કહે કે અમે ભગવાનનાં મુખમાંથી નીકળ્યા છીએ પણ તેનું માનશે કોણ? જેવી રીતે બીજી વર્ણો માતાનાં ગર્ભમાંથી જન્મે છે, તેવી જ રીતે બ્રાહ્મણ વગેરે પણ માતાનાં ગર્ભમાંથી પ્રસવે છે, તે વાતની કોનાથી ના ભણાય તેમ છે? ત્યારે શું લોકોનું બોલવું કેવલ ખોટું અને નાપાયદાર છે? ના, એમ પણ નથી. ત્યારે છે શું? એ જ કે બ્રાહ્મણ નામના દેવતા ભગવાનનાં મોઢામાંથી, ક્ષત્રિય નામાના દેવતા બાહુમાંથી, વૈશ્ય નામના દેવતા ઉદરમાંથી, અને શૂદ્ર નામના દેવતા પગમાંથી નીકળેલ છે, અને તે દેવતાનાં અવતારનો તે તે વર્ણનાં શરીરમાં આવિર્ભાવ થાય છે તે પરંતુ આવિર્ભાવ ક્યારે થાય? યથાર્થ સંસ્કાર કરવામાં આવે ત્યારે જ! વળી આ ચારે વર્ણોનાં નામો પણ તે તે દેવતાનાં નામ ઉપરથી જ પડેલા છે. હાલ તેવા દેવતાઓનો આવિર્ભાવ ખુલ્લી રીતે માલુમ પડતો નથી, તેનું કારણ એ જ કે એક તો કુળશુદ્ધિ નથી!! અને બીજું સંસ્કારો બરાબર થતા નથી!! અને થાય છે તે પણ અપૂર્ણ થાય છે. ત્યારે હલ્કા સંસ્કારોનો આવિર્ભાવ પણ હલકો થાય. હાલ જો કોઈ બ્રાહ્મણ મુસલમાનનું ઉચ્છિષ્ટ ખાય તો તેને ન્યાત બહાર કરે છે, કે હવે તે બ્રાહ્મણ ફીટીને મુસલમાન થયો! પરંતુ જો તેનામાં ખરેખર બ્રાહ્મણપણાનો આવિર્ભાવ હોય તો તે એટલેથી જ મટે કેમ? જે પ્રત્યક્ષ સુવર્ણ તે કદી પણ કથિર થાય ખરુ? ઘોડા, ગાય મટીને હાથી કે શિયાળ ન જ બને-કેમ કે જાતિ હોય તે મટવાનો સંભવ જ નથી, તે જ પ્રમાણે કેવલ ન્યાત બહાર કરવાથી બ્રાહ્મણનું બ્રાહ્મણપણું, જો તે ખરો સંસ્કાર પામેલો બ્રાહ્મણ હોય તો જાય જ નહિ. હા, બ્રાહ્મણનું બ્રાહ્મણપણું તો ત્યારે મટે કે જ્યારે તેનાં શરીરમાં જે દેવતા વિશેષનું સંનિધાન થાય છે તે દેવતા તિરોહિત થાય-એટલે બ્રાહ્મણ નામના દેવતાનાં તિરોહિત થવાથી તેનું બ્રાહ્મણપણું મટી જાય અને મુસલમાન વગેરેનું ખાવા જેટલે દરજ્જે જો તેની મતિ ભ્રષ્ટ થઇ તો તે દેવતા તિરોહિત થાય જ થાય.

ચાર વર્ણમાં આદિ ત્રણ વર્ણ દ્વિજ કહેવાય છે. પરંતુ હાલ કેટલાક ક્ષત્રિય વૈશ્ય જેમણે ઉપનયનાદિ સંસ્કારો છોડી દીધા છે, તેમને એ સંજ્ઞા યોગ્ય નથી. દ્વિજ સંજ્ઞાનો અર્થ બે વખત જન્મ થવો એવો થાય છે. માતાનાં ગર્ભમાંથી જે પ્રત્યક્ષ જન્મ થાય છે તે એક, અને યજ્ઞોપવીત (જનોઇ) ધારણ કરવાથી તે વર્ણના દેવતાનો આવિર્ભાવ થવો તે બીજો. હાલ માત્ર માબાપ ઉપરથી જાતિ ઓળખાય છે. અમુક બ્રાહ્મણ, અમુક ક્ષત્રિય, અમુક વૈશ્ય એમ કહેવાનું કારણ હાલ માત્ર તે તે વર્ણનાં સ્ત્રી-પુરુષોથી ઉત્પન્ન થવું તે જ રહ્યું છે. પરંતુ ખરી રીતે તો તે જાતિનો આવિર્ભાવ ઉપનયન સંસ્કાર થવાથી થાય છે. માટે તેને બીજો જન્મ ગણ્યો છે.

ષોડશસંસ્કાર ચારે વર્ણનાં છે, શૂદ્રનાં સંસ્કારો મંત્ર રહિત અને ત્રણ વર્ણનાં વેદમંત્ર સહિત થાય છે. (ત્યારપછી ગર્ભાધાન, પુંસવન વગેરે ષોડશ સંસ્કારનું પંડિતજીએ વર્ણન કર્યું છે.)***

હાલ લોકમાં સંસ્કાર ઉચ્છિન્ન થએલ છે. જેવું બીજ તેવું ખાતર હોય તો જ ઉત્તમ પાક ઉતરે. હાલ સંસ્કારરૂપી ઉત્તમ રીતિનું ખાતર ન મળવાથી આપણા લોકોનું શૌર્ય, તેજ, સંપત્તિ, સત્તા વગેરે ક્ષીણ થએલ છે અને તેથીજ આપણી આ વિપરીત દશા થઇ છે. બૌદ્ધનાં વર્ગ વખતથી ક્ષત્રિય વૈશ્યોની જનોઇ ઉતરાવવામાં આવી. તે પછી મુસલમાની રાજ્યનું જોર વધી પડ્યું. તેથી ધીમે ધીમે લોકોનાં સંસ્કારો છૂટતા ગયા.***

માટે સૌ કોઇએ પોતપોતાનાં સંસ્કારો જે કંઇ છૂટ્યા હોય તે પાછા શરૂ કરવા જોઇએ અને શાસ્ત્ર પ્રમાણે યથાર્થ ધર્માચરણ કરવું જોઇએ.''

છેવટે ઇશ્વરપ્રાર્થના કરતા પણ અમે કહ્યું કે પ્રભો, આપે ધર્મ પુરુષાર્થ બનાવ્યો છે અને તેનો પાયો સંસ્કારો, તે લોકોમાં હાલ બરાબર રહ્યા નથી, તો મજબૂત પાયા વિના ઇમારત કેમ ટકી શકશે? માટે આપ જ અમને ધર્મમાં પ્રવર્તાવો અને ધર્મનો ઉદય કરો કે જેથી ધર્મ છૂટવાથી અમારી સત્તા, સંપિત્ત, બળ, યશ ઇત્યાદિ જે જતું રહ્યું છે તે પાછું પૂર્વવત્ પ્રાપ્ત થાય. એ જ આપનાં ચરણમાં પ્રણામ પૂર્વક પ્રાર્થના છે.''

પંડિતશ્રીનાં આ વ્યાખ્યાનની અસર આચાર્યશ્રી અને જનતા ઉપર બહુ સારી પડી. ઘણા લોકોનાં મુખથી આ શબ્દો નીસરવા માંડ્યા કે

''ઓ દોનો કહાં પાઇએ સોના ઔર સુગંધ''

યથાર્થ આચાર્યશ્રી અને પંડિતજીનો મેલાપ સુવર્ણ અને સુગંધિનાં મેલાપ સમાન છે. હવે મહારાજશ્રીએ પંડિતજીને તેમની સાથે બીજા વિદ્વાનોનો શાસ્ત્રીય ધાર્મિક પ્રવૃત્તિ વધે તે માટે સત્કાર કરવા વિચાર કર્યો. આથી બીજા જેઠ વદ ૨ને સોમવારે ચંદાવાડીમાં એક સભા ભરી તેમાં પંડિતશ્રી, અલ્ફીન્સ્ટન કોલેજનાં ન્યાયશાસ્ત્રી ભીમાચાર્ય, વ્યાકરણશાસ્ત્રી રાજારામ બોડસ, શાસ્ત્રી કાશીનાથ ગોલવલેકર, નારાયણ શાસ્ત્રી વાસુદેવાચાર્ય, કૃષ્ણ શાસ્ત્રી મહાબળ, ભાલચંદ્ર શાસ્ત્રી, શાસ્ત્રી રમેશજી, વગેરે મુંબઇનાં ઘણા સારા સારા શાસ્ત્રીઓ તેમ જ ઘણા એક પૌરાણિકો, વ્યાસજીઓ, જ્યોતિષીઓ વગેરે આસરે બસો સંસ્કૃતજ્ઞો હાજર હતા. સૌ સૌની શાસ્ત્રીય લાયકાત પ્રમાણે બધાનો સત્કાર કરવામાં આવ્યો. આ વખતે પાંચસો ઉપર લબ્ધપ્રતિષ્ઠને સાધારણ વૈષ્ણવ વર્ગ હાજર હતો. તેમની આગળ મહારાજશ્રીએ સ્પષ્ટ શબ્દોમાં કહ્યું કે, ''તમે લોકો જોઇએ તો મને બિલકુલ ભેટ ન ધરતા પણ સંપત્તિ પ્રમાણે બે ચાર શાસ્ત્રીઓને બોલાવી તેમનો યથાશક્તિ સત્કાર કરજો.''

આચાર્યશ્રીનાં શબ્દોની પણ ઠીકઠીક અસર થઇ. ઠક્કર ગોકુલદાસ કુરજી નામનાં વૈષ્ણવે હાલાઇ ભાટિયા મહાજનની વાડીમાં એક સભા મહારાજશ્રીની સૂચના પ્રમાણે કરી, પંડિતશ્રીને તેનાં અધ્યક્ષ બનાવ્યા. આ વખતે શ્રીમૂલજી જેઠા વગેરે અનેક ભાટિયા સદ્ગૃહસ્થો હાજર હતા. તેમણે પણ આચાર્યશ્રીની આવી પ્રેરણા માટે આનંદ ઉદ્ગાર કાઢ્યા અને શાસ્ત્રીઓનાં સત્કાર માટે ઉત્સુકતા બતાવવા લાગ્યા. શાસ્ત્રીય ચર્ચા પૂર્ણ થતા, પંડિતોનો યથાયોગ્ય સત્કાર કરવામાં આવ્યો.

ત્યાર પછી બીજા જેઠ વદ ૯નાં મહારાજશ્રીએ વૈષ્ણવોને ગંભીર ચેતવણી આપતું એક વ્યાખ્યાન આપ્યું. આ વખતે હજારો વૈષ્ણવો હાજર હતા. આમાં શ્રીનાથદ્વારાનાં શ્રીગિરિધરજી મહારાજ કેવા પતિત થઇ ગયા હતા, તેમને કૃષ્ણગઢ ને જોધપુર નરેશોએ સમય સૂચકતા વાપરી કેવી રીતે પાછા ભગવત્સેવા કરતા કર્યા તેનાં એક કડક પ્રસંગની યાદ આપી, અને સૌએ પોતપોતાની ફરજ અદા કરવા તત્પર થવું જોઇએ એમ સૂચવ્યું. પંડિતશ્રી માટે બોલતા કહ્યું કે પોતાનાં સંપ્રદાયનાં જ્ઞાતા પાસે બેસવું, તેમની પાસે તે સંબંધી ઉપદેશો સાંભળવા, વિદ્યાધ્યયન કરવું, સ્વમાર્ગીય ગ્રંથો વાંચી તે સંબંધી જ્ઞાન મેળવવું અને તેમાં જણાવ્યા પ્રમાણે ધર્માચરણ કરવું. વિદ્યા તો નીચની પાસે હોય તો તે પણ લેવી એવું શાસ્ત્રમાં કહેલ છે. તો આપણા પોતાનાં સંપ્રદાયનાં મહાન્ વિદ્વાન્ અર્થાત્ પંડિત ગટ્ટુલાલજી દ્વારા તે લેવામાં શી હરકત છે? આ પ્રસંગે મને મારા પિતૃચરણનું સ્મરણ આવે છે. મારા પિતાજી વારંવાર કહેતા કે આપણા સંપ્રદાયને વિષે ગટ્ટુલાલજીનાં હૃદયમાં શ્રીમદાચાર્યજીનો અંશ બિરાજે છે. હાલ કેટલાક એમનાં પર દ્વેષ કરે છે. તેમ ન જ થવું જોઇએ. આપણા સંપ્રદાયનું જ માત્ર નહિ પરંતુ આપણા મહાન

ખૂબીવાળા આર્યધર્મનું જેટલું એઓ જાણે છે તેટલું બીજો કોઇ જાણતો હોય તેમ મારા જાણવામાં નથી. માટે એમની પાસે સત્ય ધર્મ અવશ્ય સમજવો જોઇએ. અમે પોતે પણ કોઇ વાત ખોટી કહીએ તો તે ન માનવી. તે વખતે હંસનાં જેવા દૂધરૂપી સારગ્રાહી સ્વભાવ રાખવો, પણ કાગડાની પેઠે વિષ્ટા પર જઇ બેસવાનો સ્વભાવ કદી પણ નહિ જ રાખવો.

હાલ ધર્મનો એક પગ રહ્યો છે. તે પણ લંગડો છે. જે બળદનાં ત્રણ પગ ભાંગી ગયા હોય તે બાપડો એક લંગડાતે પગે કેવી રીતે ચાલી શકે? તેને તો બે ચાર જણા મળીને ગાડામાં ગોઠવીને લઇ જાય ત્યારે જ જઇ શકે. લઇ જઇને પણ તેને દાણા ખવડાવે, ચારો ચરાવે ને તેની બરાબર આગતા સ્વાગતા કરે તો જ જેટલું આયુષ્ય હોય તેટલું જ જીવે. તે જ પ્રમાણે ધાર્મિક લોકો આપણા ધર્મનું યોગ્ય સેવન કરશે તો ઠીક, નહિ તો આપણો ધર્મ મને ભય છે કે ડૂબી જશે.'

***

જો વૈષ્ણવ લોકો ઉદ્યોગ કરવા માંડી પડે, તો સંપ્રદાયનો સંહાર થવો તો એક બાજુએ રહે પણ તેની થોડા વખતમાં ઉન્નતિ થવા માંડે. એ ઉદ્યોગ એ જ કે કેટલાક ગુપ્ત ગ્રંથો છે, તે સિવાયનાં બીજા પ્રસિદ્ધ ગ્રંથો છપાવે, તેનાં ભાષાંતરો કરાવે, સ્વમાર્ગીય ગ્રંથોનું અધ્યયન કરે, ધર્મસભાઓ સ્થાપે, પાઠશાળાઓ ઉઘાડે ઇત્યાદિ. આ મોટા મુંબઇ શહેરમાં એક ધર્મસભા આર્યસુધર્મોદય માધવબાગમાં અને એક જ સંસ્કૃત પાઠશાળા વિદ્યાલક્ષ્મી ગટ્ટુલાલાજીનાં મંદિરમાં મેં જોઇ છે. આ શહેરની વૈષ્ણવોની વસ્તીનાં પ્રમાણમાં એ તે શી વીસાતમાં? ઓછામાં ઓછી ચાર પાંચ ધર્મસભાઓ તથા પાઠશાળાઓ તો જોઇએ. આ શહેરમાં ઘણા શ્રીમંત સારા ગૃહસ્થો છે, તેઓ જો આ વાત મન પર લે તો એ બનવું કાંઇ અશક્ય નથી.

રામાનુજ સંપ્રદાયમાં જોઇશું તો ૩૦૦-૪૦૦ વિદ્વાનો નીકળશે અને આપણા સંપ્રદાયમાં શોધીએ તો ત્રણ ચાર માંડ માંડ જડે! બાકી બધાએ અમારા સરખા નીકળશે. જો અમ લોકો એક એક શાસ્ત્રી રાખીએ તો બાગમાં ૨૦ માળીને બદલે ૧૦ માળી રખાય. એથી વધારે તો ખોટ જાય એમ નથી! અને સંપ્રદાયમાં વિદ્વાનો વધે. વળી ઘેર શાસ્ત્રી હોય તો અમને પણ કેટલુંક શાસ્ત્રજ્ઞાન મળે અને અમારા બાળકો પણ વિદ્યા શીખે તેમ ન થાય તો જ્યારે મોટા થાય ત્યારે કહેશે કે અમને અમારા માબાપે મૂર્ખા રાખ્યા, અમે શું કરીએ? માટે વિદ્વાનોને ઉત્તેજન તથા મદદ આપવી જોઇએ. તેને બદલે હમણા તો જે કોઇ ધર્મોપદેશ કરતો હોય તેનો એકદમ દ્વેષ કરે છે. જુઓની ગટ્ટુલાલાજી કોઇને બ્રહ્મસંબંધ આપતા નથી કે કંઠી બાંધતા નથી, પણ લોકોને સાચો ઉપદેશ કરે છે, અને કાંઇ પણ માર્ગ વિરુદ્ધ કરતા નથી. કેટલાક ગ્રંથોથી અને લખાણોથી તેમણે માર્ગનો ઉદય કર્યો છે અને પ્રાચીન ગ્રંથોમાં ઘણો શ્રમ કર્યો છે. તેમ છતા તેમનાં ઉપર એટલો બધો કોપ તેઓ કરે છે કે માત્ર દેહાંત દંડ કરવાનું બાકી રાખ્યું છે, જેમ કરવું તેમનાં હાથમાં નથી, નહિ તો તે પણ કરવાને ચૂકે નહિ. કેવો અનર્થ!

આ જ વર્ષમાં બીજા જેઠ વદ ૧૧ પછી મહારાજશ્રી મુંબઇથી વલસાડ જવાનાં હતા, પણ શેઠશ્રી ચતુર્ભુજ મોરાજી તથા બીજા ઘણા સંભાવિત વૈષ્ણવોનાં આગ્રહથી તેમનાં બંગલામાં અઠવાડિયા માટે રોકાઇ ગયા. અહીં પણ પંડિતો તથા શાસ્ત્રીઓનાં સત્કાર માટે મહારાજશ્રી સમક્ષ સમારંભ કરાવ્યો. તેમાં મહારાજશ્રીએ વૈષ્ણવોને સારો ઉપદેશ આપ્યો અને કહ્યું કે વૈષ્ણવ સંપ્રદાયને જે વડે મદદ મળે છે એવી પંડિતજી ગટ્ટુલાલાજીએ સ્થાપેલી વિદ્યાલક્ષ્મી પાઠશાળાને મદદ કરો તથા એક મોટું ફંડ ઉભું કરી નવી પાઠશાળા સ્થાપવા તથા ધર્મ સંબંધી પુસ્તકો પ્રગટ કરવાને ત્યાં બેઠેલા સર્વે શેઠિયાઓને સૂચના કરી.

આ જ અરસામાં શ્રીરામદાસ કાલીદાસ નામનાં એક વિદ્વાન વૈષ્ણવે આચાર્યશ્રી ને પંડિતજીની શક્તિ પરિચય કરાવતો એક લઘુ ગ્રંથ પ્રગટ કર્યો. તેમાં આચાર્યશ્રી તથા પંડિતજીનાં જીવન તથા વ્યાખ્યાનોનો સંગ્રહ હતો. આ પુસ્તક ઉપર નોંધ લેતા જાણીતા સાક્ષર શ્રી.મણીભાઇ નભુભાઇ લખે છે કે,''પંડિત શ્રી.ગટ્ટુલાલાજી જોકે આપણા આખા ભારતખંડમાં એક ધુરંધર પંડિત તથા શીઘ્રકવિ તરીકે પ્રસિદ્ધ છે. તેમની અદ્ભુત શક્તિ અને વૈષ્ણવ ધર્મનું યથાર્થ રહસ્ય બતાવી શુદ્ધ ઉપદેશ કરવાની બુદ્ધિ પણ આ પુસ્તકમાં સારી રીતે વિવેચન કરી છે. એવા સદુપદેશ

આપનારા શુદ્ધ મનનાં વિદ્વાનો ભૂખે મરે છે ને કેવલ કુમાર્ગે લઈ જાય તેવા ઉપદેશવાળા આનંદ કરે છે. એ પણ વૈષ્ણવોની બલિહારી છે ને માણસની ધર્મ સમજવાની શક્તિને પણ જેબ લગાડે તેવી વાત છે.''

(૨૨)સંપ

સંવત ૧૯૪૦નાં આસો વદ ૧૩ને દિવસે કાપડનાં દેશી વેપારીઓની મંડળીનો ત્રીજો મહોત્સવ હતો. આ વખતે પંડિતજીને પ્રમુખપદે સભા ભરવામાં આવી હતી. તેમાં પંડિતજીએ સંપ ઉપર એક સામાજિક વ્યાખ્યાનમાં વિવિધ દ્રષ્ટિથી સરસ રીતે સમજાવ્યું. તે વ્યાખ્યાનનો ઉપયોગી ભાગ નીચે મુજબ છે.

સંપ એટલે સમુદાય, ઐક્ય, એકતા. એક મનુષ્ય એકલો જે કામ દશ દિવસમાં પૂરૂં કરી શકે, તે જ કામ જો પાંચ માણસ સાથે મળીને કરે તો બે દિવસમાં તો થવું જ જોઇએ, પરંતુ સાથે મળી કરવાથી તે જ કામ એક દિવસમાં સહેલાઈથી પૂરૂં થાય છે. એટલું જ નહિ, પણ કેટલાક કાર્યો જે એકલાથી થવા કેવળ અશક્ય હોય છે, તેવા કામો પણ સમુદાય શક્તિથી સહજ શક્ય બને છે. કેટલાક કામોમાં અનેક પ્રકારની શક્તિ જોઇએ છે. તે સર્વ પ્રકારની શક્તિ એક વ્યક્તિમાં હોતી નથી, અને સમુદાય થતા જુદીજુદી વ્યક્તિની અનેક વિવિધ શક્તિ ભેળી થવાથી તે કામ તુરત પાર પડે છે. આ વાતમાં ઉદાહરણો આપણે શોધવા પડે તેમ નથી, આપણી આંખ સન્મુખ સર્વત્ર સદા દ્રશ્યમાન છે. રેલ્વે, સ્પિનિંગ (મીલ), સ્ટીમર, તળાવ, નહેર, કોટ, કિલ્લા, સડક, મહેલ, વાડી, વજીફા, વગેરે અનેક લોકોપયોગી સાર્વજનિક સુખકારક કાર્યોનો પુષ્કળ પ્રસાર જે આપણે પ્રત્યક્ષ જોઇએ છીએ તે સર્વમાં સંપનાં જ દાખલા છે.

પદ (મરાઠી ચાલનું)

સંપ ખરું સુખનું સાધન છે, દિન દિન સંપ વધારો,
સંપ વિના નહિ સંપત્તિ મુખથી, પણ કહેવાય વિચારો. ૧
થશે સંપથી લાભ વિષે, પ્રતિ દિવસ વધારો સારો,
સંપ વડે અવિકંપ જગતમાં, યશનો થાય વધારો. ૨

સુખનું ખરું સાધન સંપ છે, સંપથી સંપત્તિ મેળવાય છે. એટલું જ નહિ પણ સંપદા કે સંપત્તિ એ શબ્દો પણ ''સંપ'' બોલ બોલ્યા વિના બોલી શકાતા નથી. જેનો મુખે ઉચ્ચાર કરવામાં પણ સંપની જરૂર પડે છે તો તેને સાક્ષાત મેળવવામાં સંપ વિના કેમ ચાલે? ન જ ચાલે. જગતમાં પણ સંપ હોય તો પ્રતિદિન લાભ અને યશનો નિશ્ચલ સારો વધારો થાય છે માટે સદા સંપની સંવૃદ્ધિ કરવી.

કોઇ માણસ બહુ સુંદર અને રૂપાળો હોય, સારા વસ્ત્રો પહેર્યા હોય, ઉત્તમ આભરણો સજેલા હોય, સારા વાહન પર હોય, અને સાથે સારો પરિકર એટલે સીપાઇ સપરા હોય તો તે જ્યાં જાય ત્યાં તેને માન મળે છે. એટલું જ નહિ પણ આમાંની એકેક બાબતથી પણ મનુષ્ય માન મેળવે છે. પરંતુ કોઇ એકને એ સર્વ વસ્તુઓ હોય, પણ એક નાક ન હોય, તો તે વિના સર્વ શૂન્ય લાગે છે. જુઓ ત્યારે સુંદર રૂપ, સારા વસ્ત્ર, કીમતી આભૂષણો, ઉંચા વાહનો, અને સારા પરિકર એ સઘળું હોવા છતા એક નાનકડા નાક વિનાનો એ સર્વ ડોલ તેને બેડોલમાં ખપાવે. તેમ આપણા આર્ય લોકોમાં ઘણા ગુણો છે. ઉત્તમ ધૈર્ય છે, તેવું જ ધર્માભિમાન છે. ધર્મને નામે આપણે ઘણો જ ખરચ કરીએ છીએ. વળી પૃથ્વીમાં આપણે સર્વથી ચઢિયાતા છીએ, કેમ કે જે કોઇ વટલી જાય છે તે આપણામાંથી વટલીને બીજા ધર્મમાં મળે છે પણ પરધર્મી વટલીને આપણા ધર્મમાં આવી શકતો નથી. વળી આપણા હાથનું સર્વે ખાય છે પણ આપણે બીજાનાં હાથનું ખાઇ શકતા નથી. એવો ઉત્તમ ધર્મ, ઉંચી પંક્તિ, વળી વેદ જેવી વિદ્યા અને આર્ય સ્થાન જેવી ઉત્તમ રસાલ ભૂમિ આખી પૃથ્વીમાં ભાગ્યે જ હશે, એમ કહીએ તોપણ ચાલે. આર્યાવર્તમાં સર્વ પ્રકારનું ધાન્ય, ફળ, ફૂલ, વૃક્ષ નીપજે છે. જેમાં શ્રીકૃષ્ણ અને રામ જેવા ઇશ્વરાવતાર થયા, જેમાં વિક્રમ જેવા પરદુ:ખભંજન રાજા થયા, કાશી, પ્રયાગ, જગન્નાથ, દ્વારકા જેવા પવિત્ર તીર્થો, અને ગંગા યમુના જેવી પવિત્ર નદીઓ છે, અર્થાત્ આવી ભૂમિ બીજે જડશે જ નહિ. જેમાં એકાદ વસ્તુ નવાઇ જેવી

થતી હશે એવી કોઈ મળશે ખરી! એ પ્રમાણે આપણી પાસે સઘળું છે. પરંતુ એક સંપરૂપી નાક નથી! કુસંપથી આપણું નાક ગયું છે.!!

આ સ્થળે સંપ સાથે નાકનો મુકાબલો કરવાનું કારણ એ છે કે એમાં પરસ્પર મળતા ગુણો છે. જુઓ, નાકથી શ્વાસ લેવાય છે, અને શ્વાસ એ જીવવાનું સાધન છે. તેમ સંપથી પારકા દેશની સંપત્તિ આપણે ખેંચી લાવીએ છીએ, જે આપણા જીવનનું સાધન થઈ પડે છે. વળી નાસિકાથી સુગંધનો અનુભવ લેવાય છે, જેને નાક ન હોય તેની આગળ અત્તરનાં બાટલાઓ અને લકૂનાં ઢગલાઓ પડ્યા હોય તો પણ તે શું કામના? તેમજ સંપરૂપી નાકથી યશનો અનુભવ લેવાય છે. સુગંધને યશની ઉપમા આપવાનું કારણ એ કે જગતમાં જેની યશરૂપી કીર્તિ ફેલાઈ હોય છે, તેને વિષે લોકો કહે છે કે ફલાણાની કેવી સારી વાસના (સુવાસ) પ્રસરી રહી છે. કોઈ માણસને આપણે એકવાર ઠપકો આપતા તેની અસર ન થાય, તો બીજીવાર ઠપકો દેતા કહીએ છીએ કે શું તને નાક નથી? અને તેથી પણ અસર ન થાય તો ત્રીજીવાર તેને નકટો કહી ઠપકો આપીએ છીએ. આપણે તો ઘણા ઠપકા ખાધેલા છે. જુઓ પ્રથમ સંપ ત્યારે આ આર્યસ્થાનમાં, બ્રાહ્મણો સર્વને ઉપદેશ આપતા, ક્ષત્રિયો રાજ્ય કરી બ્રાહ્મણનું ભરણ પોષણ અને વૈશ્ય શૂદ્રોનું સંરક્ષણ કરતા, વૈશ્ય વ્યાપાર, ખેતી, ગોરક્ષા કરતા અને શૂદ્રો ત્રિવર્ણિકોનું દાસત્વ તથા કળાકૌશલ્યનો ઉદ્યોગ કરતા હતા. કુસંપથી એ વર્ણોનો ક્રમ તૂટ્યો. અગાઉ સર્વ લોકો પોતપોતાનાં વર્ણાનુસાર કાર્યો કરતા હતા. એ વ્યવહાર સત્યયુગમાં હતો એમ નહિ પણ આ કલિયુગનાં આરંભમાં પણ તેમ જ ચાલતું હતું. કલિયુગનાં ૧૫૦૦ વર્ષ વીત્યા પછી આપણું રાજ્ય કુસંપથી શૂદ્રનાં હાથમાં ગયું. ચંદ્રગુપ્ત રાજાનાં વખતમાં કુસંપથી આપણને ઘણા ગેરફાયદા થયા છે. આપણા રાજ્ય પર પરદેશનાં ૨૨ રાજાઓ આવ્યાનું વર્ણન તો ‘‘શ્રીભાગવત’’માં પણ છે.

‘‘તતોડષ્પદૌ યવના ભાવ્યાશ્ચતુદર્શતુષ્કકાઃ।
ભૂયો દશગુરંડાશ્ચ મૌના અણફા દશૈવતુ।। (૧૨-૯-૩૦)

ચૌદ તુરકી રાજાઓ અને આઠ યવન રાજાઓએ આપણા પર રાજ્ય કર્યું ત્યાર પછી તેઓમાં કુસંપ થવાથી વળી બીજા લોકો ફાવ્યા. એ પ્રમાણે કુસંપથી ઘણી જ ઠોકરો ખાધી છે. અને આજ સુધી ખાતા જ જઈએ છીએ. એ યવનોની ચઢાઈના ઘણા દાખલા ઈતિહાસમાં લખેલા છે. તેમાંનો એક ટૂંકમાં જણાવીએ.

આપણા એક હિંદુ રાજાએ મેવાને માટે બીજા દેશને વખાણ્યો હતો, તે એવી રીતે કે, તેણે એક યવન રાજાને પત્ર લખ્યો તેમાં એમ લખ્યું કે હિંદુસ્તાનમાં વડ, પીપળા, આકડા, થોરીઆ વગેરે વજ્રવૃક્ષો ઘણા છે અને આપનાં મુલકમાં દાડેમ, દ્રાક્ષ, અંજીર વગેરે ઉત્તમ પ્રકારનાં મેવા પાકે છે. માટે અમારા દેશ કરતા આપનો મુલક ઘણો સારો છે.

આ લખાણ ઘણું માર્મિક છે, તેમાં એવી મતલબ સમાવી છે કે અમારા દેશમાં જેવા વૃક્ષો વજ્ર જેવા થાય છે, તેવાં જ માણસો પણ વજ્ર સરખા છે અને તમારા દેશમાં દ્રાક્ષ વગેરે ચપટીમાં લેતા ફચ્ચ કરીને ફૂટી જાય છે એવો મેવો છે, તેવા તમે પણ ઘણા કોમળ છો. માટે જો હિન્દુસ્તાનમાં આવશો તો તમને આર્ય લોકો સહજમાં ફોડી નાખશે. પણ એ લખાણની મૂળ મતલબ સમજીને તે યવન રાજાએ જે જવાબ લખ્યો તે દરેક આર્યજને કાળજામાં કોતરી રાખવા યોગ્ય છે. તે એ કે અમારા દેશમાં ઘણા ઉત્તમ મેવા થાય છે એ વાત ખરી છે, પણ તમારા દેશમાં એક ફૂટ કરીને મેવો ઘણો સારો છે, તે અમારા દેશમાં નથી અને તેથી જ અમારું મન તમારા દેશ તરફ આવવાને ખેંચાય છે.

ફૂટ એ ખડબુચાનું નામ છે. તે અરબસ્તાન, અફગાનિસ્તાન વગેરે મુલકોમાં થતો નથી. એ ખાવાથી ઠંડક વળે છે. ગરમીનાં દિવસોમાં લોકો તે ખાય છે. ફુટ શબ્દનો બીજો અર્થ કુસંપ છે અર્થાત્ તમારામાં માંહો માંહે પરસાર ફૂટ છે, માટે અમને તમારા દેશ પર આવવાને કંઈ ધાસ્તી નથી. કુસંપનાં આવા કડવા ફળ છે. કુસંપથી શત્રુ નિર્ભય રહી સહેલથી સ્વહિત સાધે છે. માટે સ્વસરંક્ષણ કરવા અને શત્રુને ભય પમાડવા ઈચ્છતા હો તો સંપ સાધો.

(જોગીયા-ચાલતી લાવણી)

સલાહ સંપ સાધી સહુ સુજનો, સુખદ સભાનાં કામો

સિદ્ધ કર્યા સઘળા મેળવિયા, દેશ વિદેશ નામો. ૧
સંપ થકી મન એક કરીને, ધન સાધનમાં જામો
મુંબૈ વસ્ત્ર તણા વ્યાપારી, મંડળ સૌ સુખ પામો. ૨

હજુ સંપ વૃક્ષનો ફણગો પણ ફૂટ્યો નથી. માત્ર તેને માટે ક્યારો તૈયાર કરી સંપનું બીજ વાવવાનો વિચાર કર્યો. તેટલા માત્રથી પણ કાપડનાં દેશી વેપારીઓની મંડળીની નામના દેશ વિદેશે થઈ, અને વ્યાપારને ઉત્તેજન મળે એવા ઘણા લાભ થવાનાં સુચિન્હ જણાયા, તો એ સંપનું વૃક્ષ થએથી વાંછિત ફળની પ્રાપ્તિને શી વાર?

ઝિંઝોટી (તાલ ઠુમરી)

તેમ જ હવે પછી પણ સુખકર, સમજાશે જે કાજો
તે જ સિદ્ધ સઘળા કરવાને, કરો સંપની પાજો ૧
હૃદય ઉદય ઉદ્યમનો રાખો, કમર કસીને તાજો
ગોવર્ધન પ્રભુપદ સેવ નથી, સર્વોપરિ રહી ગાજો ૨

આજ પ્રમાણે હવે પછી પણ જે જે કાર્યો સુખકર સમજાય તે કામો સિદ્ધ કરવા માટે સંપની પાજો એટલે પુલો બાંધો. જેમ શ્રીરામચંદ્રજીએ એક સેતુ બાંધીને લંકા જીતવાનું કામ સિદ્ધ કર્યું હતું, તેમ આપણે જો પરસ્પર એટલો બધો સંપ વધારી દઈએ અને આપણા ઉદયનો ઉદ્યમ હૃદયમાં રાખી, ને કમર કસીને મંડી પડીએ તો જરૂર આપણે આપણું કાર્ય સિદ્ધ કરીએ જ. વળી કુસંપનું ફળ એક ધર્મ પર અનાસ્થા એ પણ છે. સર્વનું સાધન ધર્મ છે. માટે ધર્મથી એટલે પ્રભુપદનું સેવન કરી સર્વોપરી બની ગામેગામ તમારી ગર્જના ગજાવી મૂકો. આપણે ધર્મમાં નથી રહી શકતા તેથી આપણા બધા પદાર્થો બગડે છે. આપણે આર્ય લોકોનો બીજી કોમ સાથે મુકાબલો કરી તપાસી જોઈએ તો માંહોમાંહે વઢવાઢ અને તેથી પડેલા કટકા તે ન્યાતો, તેમ વળી કુસંપથી પડેલા અનેક તડો. એ બધું પોતપોતામાં જ. કોઈ પોતાની ન્યાત કે જાતનો બોલે કે તેની વિરુદ્ધ જઈ તેની સાથે મારપીટ ધમાચકડી કરવા મંડી પડે, પણ જો બીજી કોમનો નાનો સમુદાય આવે અને પોતે મોટા જથ્થામાં હોય તોપણ ત્યાંથી પોબારા ગણશે. પોતપોતામાં મફતની મારામારી, કડાકૂટ અને ઈર્ષ્યાદ્વેષ એટલા તો પેસી ગયા છે કે તેનું વર્ણન કરવા કરતા માત્ર કૂતરો કાશીએ જાય પણ જાતભાઈ જવા નહિ દીએ એ કલ્પિત પણ સુપ્રસિદ્ધ કહાણી જ યાદ અપાવી બસ થશે.

આપણને સ્વજાતિ તરફથી ઘણું સંકટ આવી પડે છે તેનો તો સર્વેને અનુભવ હશે. આપણામાં એક બીજાથી ઉલટા જવાની બૂરી ટેવે એવા તો મૂળિયા પેસાડી દીધા છે કે એક કહે કે દક્ષણ તરફ જવું તો બીજો કહેશે કે ઉત્તર તરફ અને ત્રીજો કહે કે નહિ બસ આપણે તો પૂર્વ તરફ સૂર્યનાં શિર પર થઈને ચાલ્યા જઈશું! પણ એમ ન કરતા સંપ રાખી એકબીજાને મદદ કરે તો ગમે એવા આપણે અશક્ત અને નિર્બળ છઈએ તો પણ જે ધારીએ તે કામ પાર પાડી શકીએ. માણસો કરે તેમાં તો શું નવાઈ? પણ આટલી ઝીણી કીડીયો પણ સંપ કરીને કાળા નાગનો પ્રાણ લે છે. અરે! જીવજંતુ તો શું પણ નિર્જીવ જડ પદાર્થો પણ સંપનાં જોરે જય પામે છે.

ગીતિ

સુખ સિદ્ધ થાય સહેજે, સર્વ મળી સંપ સંપદા સાધે,
દુર્બળ તૃણ ગણ વણતા, દોર બની મસ્ત હસ્તીને બાંધે. ૧
કિરણ તરુણ તરણિતણા, મણા ધરે નહિ ઘણાં તિમિર હણવા,
શુભ લાભ લક્ષ લેખી, સુજનો કરે સિદ્ધિ સંપ આદરવા. ૨

દુર્બળ ઝીણા તાંતણાનો પણ સમુદાય કરી વણતા દોરડું બને છે અને તે દોરડું મોટા મદોન્મત્ત હાથીને પણ બાંધી શકે છે. તેમ જ એક એક કિરણનું તેજ ઘણું જ જૂજ છે, પણ તે ઘણાં સાથે મળતા જરેજર અંધકારને હદપાર કરે છે. અર્થાત્ સર્વ મળીને સંપ સંપદા સાધ્ય કરે તો સુખ સહેજમાં સિદ્ધ થાય છે, માટે એવા શુભ લાભ ઉપર લક્ષ આપી, સુજનો સંપરૂપી સિદ્ધિને આદરવાનું કરો.

સંપ ઘટવાનું મુખ્ય કારણ હાલ સંસ્કૃત વિદ્યાનો ઘટાડો છે. દરેક માણસે સંસ્કૃત શીખવું જોઈએ. આથી સંપનું ખરું સ્વરૂપ સમજાય છે. હાલ આપણામાં કેવળ ક્હેવાનું અભિમાન દેખાય છે. મારા દાદાએ આમ કર્યું હતું અને મારા બાપે આમ કર્યું હતું. તેઓને આપણે પૂછીએ કે તેઓએ જે કરવાનું હતું તે કર્યું; પણ તમે કંઈ કરી શકો છો? તો તેનો સંગીન ઉત્તર દેવો જ તેમને ભારી થઈ પડે છે. આપણા લોકો પરદેશી પાસે માલ ખરીદ કરે તેમાં એક જણ જે ભાવથી માંગણી કરે, તેને ન વળગી રહેતા બીજો તેથી વધારે ભાવ આપીને ખરીદ કરે. આ બેઉનો ભાવ હાથ આવતા જ ત્રીજો તેથી ઓછે ભાવે લઈ, પહેલા બેઉ કરતા ઓછે વેચે, એટલે ચોથો ત્રીજેથી ઓછે લઈ તેનાંથી ઓછી કીમતે વેચવા લાગે. એમ ઉત્તરોત્તર એક એકનાં લાભમાં નુકસાન કરે. અને જે બિચારો એક ભાવ પકડી બેઠો હોય તે ભૂખે મરે. પરદેશીઓનો માલ વધારે વધારે ખપતો જાય, તેથી તેને ઓછે ઓછે ભાવે આપવો પરવડે છે, અને આપણા લોકો જ ખોટનાં ખાડામાં ઉતરતા જાય છે. જો પરદેશી માલ વધારે ભાવે કોઈ ન ખરીદે તો આપણામાં કુસંપને લીધે તરત જ બીજો તે ખરીદી લે. આથી પરદેશીઓનો માલ તો ધૂમ ખપે પણ આપણને જ પરસ્પર મોટું નુકસાન થાય. નદી મૂળમાંથી નીકળે છે ત્યારે એક નાનો સરખો ઝરો હોય છે, તેમાં બીજા નાના નાના ઝરા મળવાથી આખરે તે એટલી મોટી બને છે કે મોટા સફરી વહાણોને પણ તે ઓળંગવી ભારે થઈ પડે છે. સંપ એવી જ ચીજ છે. માટે જેમ બને તેમ સંપની વૃદ્ધિ કરો. તેથી આપણી ચઢતી દશા થશે.

પદ (રાગ કાફી)

સૌથી સમજી સાર, સુજનો સંપ જ સેવો. ટેક
સ્વારથ સઘળા સહેજે સરશે, કરશે સુજશ પસાર. ૧ સુજનો.
વિખ જેવો વિખવાદ વિસારી, વારો વૈર વિકાર. ૨ સુજનો.
વારંવાર વધારો વેગે, વિનય વિવેક વિચાર. ૩ સુજનો.
સંપ નાવ સેવેથી આવે, દુઃખ દરિયાનો પાર. ૪ સુજનો.
કરો ધરણિ નિજધામ ધીરજ ધરી, સગો સકલ સંસાર ૫ સુજનો.
સૌથી સરસ સંપ સંપત આ, સૌ સંપત આધાર. ૬ સુજનો.
કવિ ગોવર્ધન કહે સંપ ધન, સુખ સાધન નિરધાર ૭ સુજનો.

છેવટે ઈશ્વર ચરણમાં પણ મારી પ્રણામ પૂર્વક એ જ પ્રાર્થના છે કે સંપવૃક્ષની વૃદ્ધિ થઈ અમારા આર્ય ભાઈઓમાં અધિક અધિક સંપનો વધારો થાય એવી અમ પર કૃપા કરો.

જોગીઓ

અમ પર કરો કૃપા જગદીશ, સંપ વધારો હો, ટેક.
સાચો સંપ સકલ સુખરાશ, તેથી સંપ તણી મન આશ.
પામ્યા સંપ વિના બહુ નાશ, કરો પ્રકાશ સંપ તણો. ૧ અમપર.
વધે જો સુજનોમાં સંપ, તો સૌ બેસે વાળી જંપ,
ભાગે દુષ્ટ તણો ભય કંપ ચિત્તે સંપ સુજન દયા. ૨ અમપર...
પ્રભુજી પરમ પ્રજાનો પોષ, કરજો કરી સંપ સંતોષ,
હરજો દૂર દુરિત દુઃખ દોષ, કરીને શોષ રોષ તણો. ૩ અમપર...
રાખે સુજન સંપ નિરધાર, છોડી છલ કલહાદિ વિચાર,
કરે પરસ્પર પર ઉપકાર, બહુ અધિકાર મેળવતા. ૪ અમપર..

(૨૩) કાઠિયાવાડનો પ્રવાસ

પંડિતજી પ્રવાસ તો ઘણી વખત કરતા પણ તેનો સવિસ્તર હેવાલ આપણને પ્રાપ્ત થતો નથી. કાઠિયાવાડમાં તેમણે બાળપણ, કુમાર અને કિશોર અવસ્થા ગાળી હતી. તેમણે નેત્રનું સુખ કાઠિયાવાડમાં ભોગવ્યું હતું.

કાઠિયાવાડનો તેઓએ સં.૧૯૨૮માં પણ પ્રવાસ કરેલો કારણકે તેમનાં નાનાજીનું (માતાપિતા) ઘર જુનાગઢમાં હતું. વળી તેમનાં ત્રણ પુત્રોની ગાદી જુનાગઢ, પોરબંદર ને જામનગર હતી. આથી સામાજિક તથા ધાર્મિક કામ માટે તેમને ઘણી વખત અહીં આવવું પડતું.

સં.૧૯૪૧માં પંડિતજી જુનાગઢ ગયા. ત્યાં તેમનાં મામા તથા ભાઈઓને (ગોસ્વામી બાળકો) મળ્યા. અહીં આગળ જુનાગઢવાસીઓ તરફથી પંડિતજીને સારૂ માન મળ્યું ને તેમનાં પ્રેમને વશ થઈ શતાવધાનનાં પ્રયોગો કર્યા તથા ધાર્મિક વ્યાખ્યાનો સારા પ્રમાણમાં કર્યા. ત્યાંથી પંડિતજી ભાવનગર પધાર્યા. ત્યાં આગળ પંડિતજીનો અપૂર્વ સત્કાર કરવામાં આવ્યો. ભાવનગર નરેશ, દિવાન વિઠ્ઠલભાઈ, સુપ્રસિદ્ધ સાક્ષર મણિભાઈ નભુભાઈ, તથા ત્યાંની કોલેજનાં પ્રોફેસરો પંડિતજીનાં સમાગમમાં આવ્યા ને શાસ્ત્રનાં તેમનાં અગાધ જ્ઞાન માટે તથા શતાવધાનની અદ્ભુત શક્તિ માટે ભૂરિ ભૂરિ (ઘણી ઘણી) પ્રશંસા કરવા લાગ્યા.

ભાવનગરમાં નાગર કોમનું વર્ચસ્વ વધું પડતું છે. જોકે તે કોમ તેનાં પોતાનાં ખાસ વિશેષ સદ્ગુણોને લીધે ગુજરાત અને કાઠિયાવાડમાં અગ્રપદ ભોગવે છે. ભાવનગરમાં તે વખતે વિદ્વાન નાગરો વસતા હતા, તેમાં લલ્લુભાઈ શામળદાસ, વજેશંકર, ગૌરીશંકર વગેરે લબ્ધપ્રતિષ્ઠ હતા. તેઓ બધા પંડિતજીનાં સમાગમમાં આવેલા. જશોનાથ મહાદેવમાં પંડિતશ્રીનાં વ્યાખ્યાન તથા શતાવધાનનાં પ્રયોગ થએલા, જેમાં હજારો માણસો ભાગ લેતા, અને એકલા નાગરોનાં ચારસોથી પાંચસૌ માણસો તેવી સભામાં હાજર રહેતા. વળી કેવલાદ્વૈત સંપ્રદાયનાં ઘણા રૂઢ અનુયાયી શ્રીગૌરીશંકર ઉદયશંકર શાંકરમતનાં પરમજ્ઞાતા હતા, ને તે સંપ્રદાયની રૂઢિ પ્રમાણે જીવન ગાળતા. તેમણે ગૃહસ્થાશ્રમ ત્યાગી વાનપ્રસ્થ જીવન શરૂ કર્યું હતું. તેઓ પવિત્ર ને જ્ઞાની હોવાથી કોઈનાં સહવાસમાં આવતા નહિ. તેમ છતા તેમણે પંડિતજીને પોતાની વાડીએ ઘણા માનપુરઃસર પધરાવ્યા. અહીં આગળ આ પરમ પવિત્ર વાનપ્રસ્થ ગૌરીશંકર અન પંડિતજી વચ્ચે ધાર્મિક ચર્ચા અત્યંત છૂટથી થઈ, જે ચર્ચાથી ગૌરીશંકરભાઈ બહુ પ્રસન્ન થયા.

તા. ૨૫-૨-૮૬નાં રોજ દિવાન સાહેબ વિઠ્ઠલભાઈએ એક મોટી સભા બોલાવી, જેમાં નામદાર મહારાજા સાહેબ પધાર્યા હતા. અહીં શતાવધાનનાં પ્રયોગો તથા વ્યાખ્યાન કરવામાં આવ્યા. પંડિતજીનાં વ્યાખ્યાન તથા શતાવધાનથી મહારાજા સાહેબે અત્યંત ખુશ થઈ તા.૧૬મી એ પંડિતજીને પોતાનાં મહેલે પધરાવ્યા. અહીં બન્ને વચ્ચે પ્રારબ્ધ અને પુરુષાર્થ વિષે ઘણી રમુજી ચર્ચા થઈ. આ ચર્ચામાં પંડિતજીએ પોતે તે જ વખતે અનેક કવિતા રચી મહારાજા સાહેબને સંભળાવી. આથી ભાવનગર નરેશને પંડિતજી માટે માન પૈદા થયું અને શાલ પાઘડીનો યોગ્ય સરપાવ આપ્યો તથા ઘણી રોકડ રકમ ભેટ કરી.

થોડા દિવસ જતા ફરીથી વાનપ્રસ્થી શ્રીગૌરીશંકર ભાઈએ પંડિતજીને પોતાની વેદશાળામાં પધરાવ્યા અને સારો સત્કાર કર્યો. વળી શ્રી.લલ્લુભાઈ શામળદાસ, શેઠ તેણીશંકર લક્ષ્મીશંકર, રા.લક્ષ્મીદાસ હરિપ્રસાદ, શેઠ ભગવાનદાસ વગેરે મહાજન તરફથી પણ પંડિતજીનો સારો સત્કાર કરવામાં આવ્યો.

આમ થોડા માસ કાઠિયાવાડમાં રહી પંડિતજી વડોદરા પધાર્યા. વડોદરામાં શ્રીમંત સરકાર તથા બીજા મુખ્ય મુખ્ય અમલદારો તથા આગેવાન વ્યક્તિઓનાં સમાગમમાં પંડિતજી આવ્યા ને સૌને આનંદ પમાડતા પંડિતજી ૧૨-૩-૮૬માં પાછા મુંબઈ પધાર્યા.

(૨૪) જ્ઞાન પ્રસારક મંડલી

પંડિતજી પાસે અનેક કલાયુક્ત શક્તિઓ હતી. તેમાં શતાવધાન ને સ્મરણશક્તિ એ બે કળાઓમાં ભલભલા વિદ્વાનોને અજાયબ પમાડે તેવી શક્તિ પંડિતજી ધરાવતા હતા. આ શક્તિ પંડિતજીએ કેવી રીતે પ્રાપ્ત કરી, અને બીજાઓ તે શી રીતે પ્રાપ્ત કરી શકે તે વિષે ઘણા વિદ્વાનો પંડિતજીને પૂછતા. પંડિતજી તેમને તે શક્તિ વિષે મૌખિક ખ્યાલ આપતા પણ આ વિષય ઉપર રીતસરનું વ્યાખ્યાન આપવા માટે જ્ઞાન પ્રસારક મંડલી તરફથી પંડિતજીને નિમંત્રણ મળ્યું. આ સંસ્થા અંગ્રેજી ભાષાનાં કોવિદ પારસીઓએ સ્થાપેલી હતી, ને તેમાં મુખ્ય વક્તા પણ

પારસીઓ રહેતા. આમાં મુખ્યત્વે ભાષણો અંગ્રેજીમાં થતા અને આવી સભામાં ખાસ કરીને અંગ્રેજી ભાષાની ઢબછબ પિછાણતા શ્રોતાઓ ભાગ લેતા. આવી સભા આગળ પંડિતજીને મુદ્દાસર વ્યાખ્યાન આપવાનું હતું. આ સભાની જાહેરાત પણ સારી થએલી, એટલે ઘણા સુધરેલા તથા સાહિત્યમાં રસ લેતા સજ્જનો પણ સારી સંખ્યામાં હાજર થયા. આ સભામાં પંડિતજીએ બે કલાક ભાષણ કર્યું. તા.૧૮-૪-૮૬નાં ગુજરાતીમાં આ ભાષણ વિશે લખે છે,'' આ વખતે મોટી સભા હતી. વિષય પણ મહાન હતો. છતા સર્વે શ્રોતાઓએ કંટાળો પામ્યા વિના, ધ્યાન દઈને પંડિતજીનું વ્યાખ્યાન બે કલાક સુધી સાંભળ્યું અને પંડિતજીએ પણ વિષયસંકલતા એવી યોગ્યતાથી અને સમયસૂચકતાથી વાપરી. ભાષાનાં કઠિન અને નીરસ ભાગો સમજાવતા રમુજી પણ સારી સમજ આપનારા ઐતિહાસિક ઉદાહરણો આપ્યા કે જેથી ભાષણને સર્વે શ્રોતાજનો ઘણા ધ્યાનથી સાંભળતા હતા. ભાષણનો વિષય અવધાન હતો. અવધાન એટલે મનમાં કોઈ વસ્તુ સ્થિર કરી ઠસાવવાની શક્તિ. તે લંબાણ વિવેચન કરી અવધાનનાં જુદા જુદા પ્રકારો, અવધાનશક્તિનાં ફાયદા, ઈહલોક અને પરલોકમાં તથા ઈતિહાસમાંથી તેમનાં રમૂજી દ્રષ્ટાંતો આપ્યા હતા.'' ત્યારબાદ તે શક્તિ કેમ મેળવાય, કેમ કેળવાય, ઓછામાં ઓછી કેટલી ઉંમરે તે શક્તિ ગ્રહણ કરી શકાય, અને વધુમાં વધુ કેટલી ઉંમરે તે શક્તિ ક્ષીણ થવા માંડે અથવા મેળવવી મુશ્કેલ પડે, તે માટે શો અભ્યાસ કરવો પડે, તે વિષે તેમણે સમજ આપી અને શીઘ્ર કવિતા વિષે સંસ્કૃત અને ગુજરાતીમાં કવિતા રચી સમજણ આપવા માંડી. આ વખતે બાળલગ્ન વિષે પૂછતા બાલસ્ત્રીની દશાનું વર્ણન કવિશ્રીએ કર્યું કેઃ-

બાળકી ન જાણે વાત, જાય કેમ દિન રાત
કેમ દુર્જનોની ઘાત, યુક્તિ કરી ટાળવી
સાસુ સસરાની રજા, પતિ સુખ કેરી મઝા
નારી ગર્ભ તણી ધજા, કેમ વળી પાળવી

નાની ઉંમરમાં પરણેલી સ્ત્રી, દિવસ કોને કહે ને રાત કોને કહે તે બરાબર સમજે નહિ, વળી દુષ્ટ માણસોનાં સંસર્ગથી કેમ બચવું, સાસુ સસરાની ઈચ્છા મુજબ કેમ વર્તાય, તથા પતિ એ શું છે, તેનું સુખ તથા મઝા કેવી હોય, વળી ગર્ભાધાન એ એક ઉત્તમ સ્ત્રીધર્મ છે તે કેવી રીતે પાળવો એ બધું કંઇ તે સમજે નહિ.

પિતાગૃહ તણા સુખો, એકદમ છાંડી કેમ
સાસરાને ઘેર, સર્વ વખત જ ગાળવી
જાણે નહિ બાળા, ઓળખે ન વર્ણ કાળા
તોએ બાળલગ્ન, તાળા પુરી શકે જાળવી.

વળી પિતાનાં ઘરનું સુખ એકદમ તે શી રીતે છોડી શકે, અને સાસરાને ઘેર આખો દિવસ ત કેવી રીતે ગાળી શકે, વળી તે કંઇ ભણેલી તો હોતી નથી, છતા આવા બાળલગ્ન તાળામાં પુરીને જાળવી શકાય છે-એટલે વગર વિચારે બાળલગ્ન કરવામાં આવે છે. બાળલગ્ન પછી ચાલુ સભા વિષે કવિતા રચવા પંડિતજીને એક ભાઈએ વિનંતી કરી, આથી પંડિતજીએ લલિત છંદમાં તેનું વર્ણન કર્યું.

સુજન આઠસો હિન્દુ પારસી, અહીં મળ્યા ખરા શુદ્ધ આરસી ૧
(આરસી એટલે દર્પણ. દર્પણ પેઠે આબેહૂબ ભાષણનું સ્વરૂપ સમજનાર અથવા રસની ખૂબી જાણનાર.)
તરત બુદ્ધિ બોલ્યું સાંભળે, હ્રદય શુદ્ધથી સર્વ લાભ લે ૨
સુખદ સર્વદા આ સભા રહે, ગુણી તણા પુરો આસ ભાર હો. ૩
સુજન સાંભળે સર્વ કામને, તજી ઘર કહ્યું મે ન કામને. ૪

ખરે ખરા જણાય દેશ દેશનાં સુવૃત્ત જે,
(વર્તમાનપત્રની ઉપયોગિતા પૂછતા પંડિતજી ચામર છંદમાં બોલ્યા)
સમાધિ સાધિ આધિ તે થકી સ્વચિત્તની તજે.
જનો તણી ઘણી ભણી સુબુદ્ધિની મણી સજે,

વિલોકી વર્તમાન પત્રને ભલા સુખો ભજે.
(૧)સુવર્ત- ચાલતી બાબતો (૨)સમાધિ-સમાધાન (૩)આધિ-મનનું દુઃખ (૪)વિલોકી-વાંચી

સ્ત્રી કેળવણી ઉપર કાવ્ય રચવાનું કહેતા તેમણે ભુજંગી છંદમાં રચીને ગાયું.

વધુ શીખશે સર્વદા જો સુવિધા,
વધુ સર્વદા તે થશે નાથ-હધા.
સઉ સાધશે કામ સારા વિચારે,
ભણી કામિનીથી સરે અર્થ ચારે.

આમ શીઘ્ર કવિતાનાં પ્રયોગ થયા. આ વખતે આ સભાનાં પ્રમુખ શ્રી.ખુરશેદજી રૂશતમજી કામા હતા. આ વખતે અવધાનનાં પ્રયોગમાં નવ ભાષાનાં જાણકારોએ ભાગ લીધો. જંદ-જાણીતા જંદ સ્કોલર મી.આંટીઆએ, પેહેલવી મી.શેરીઆજી ભરૂચાએ, ગુજરાતી-કેખશરૂ નવરોજજી કાબરાજીએ, સંસ્કૃત-મી.પાનાચંદ, ફ્રેંચ-સેક્રેટરી મી.પટેલે, ફારસી-પારસી પ્રકાશના રચનાર મી.બમનજીએ, લેટિન-મી.જહાંગીરજી કાબરાજીએ, જરમન-એહમદ જીવણજી જમશેદજી વગેરેએ (એમ) આ અવધાનમાં જાણીતા ભાષા શાસ્ત્રીઓએ ભાગ લીધો.

આ બધાએ જુદી જુદી ભાષામાં જે વાક્યો, કાવ્યો બોલ્યા તે અક્ષરશઃ પંડિતજી ઉચ્ચારી બતાવ્યા. આમ રમુજ ને આનંદાનાં વાતાવરણમાં આ નવ કેળવાયેલાઓની સભા મોડી રાતે વિસર્જન થઇ. પંડિતજીનાં શતાવધાન વિષે સમાલોચકકાર લખે છે;‘‘એમનું શતાવધાન સમજાવ્યું સમજાવાય તેમ નથી, એતો જે જોતું તે જ જાણતું. એકંદરે એ શક્તિ માટે પંડિતજી મુંબઇ ગુજરાતમાં જ નહિ પરંતુ હિન્દુસ્તાનમાં સર્વોત્તમ હતા.’’

(૨૫) જ્યુબિલી ઉત્સવ

આ સાલમાં મુંબઈમાં મહારાણી વિક્ટોરિયાનો જ્યુબિલી ઉત્સવ મોટા પાયા પર ઉજવવામાં આવ્યો. જો કે આ ઉત્સવ આખા હિંદુસ્તાનમાં અનેરા ઉત્સાહથી પ્રજાએ ઉજવ્યો હતો પણ મુંબઈએ તો આખા ભારતવર્ષમાં ભાત પાડે એવી અનેરી રીતે એને ઉજવ્યો હતો. ભારતવર્ષનાં ૧૮૫૭ની અશાંતિ પછીનાં વર્ષ લોકોનાં શાંતિથી ગયેલા. સૌ પોતપોતાને ફાવે તે ધર્મ કર્મ સુધારો કરી શકતું. એટલે સરકાર તરફની લોકોની વૃત્તિ માનનીય હતી. આમાં વિક્ટોરિયા તેનાં સ્વભાવથી ઉમદા ને ગુલાબી સ્વભાવની હતી. તેનો પ્રેમાળ સ્વભાવ ને પ્રજાવત્સલતા લંડન બેઠે અહીંનાં લોકોમાં ઘર કરી બેઠો હતો, એટલે તેનાં ઉત્સવમાં સ્વાભાવિક ઊર્મિ હતી. મુંબઈની તસુ એ તસુ જમીન આ ઉત્સવ અંગે વપરાઇ હતી.

મુંબઈમાં આ ઉત્સવ અંગે અનેક સમારંભો થયેલા. આવો સમારંભ માધવબાગમાં રાવ બહાદુર ઝવેરીલાલ ઉમીયાશંકરનાં પ્રમુખપદે ઉજવાયો હતો. પ્રમુખનાં વ્યાખ્યાન બાદ પંડિતજીએ મહારાણી વિષે બે બોલ કહી તેમનાં માટે સ્તુતિનાં શ્લોકો કહ્યા.

અસ્માકં સકલં બલં સમવિતું ધર્મં ધનં જીવનમ્ ।
પ્રાગેવ પ્રણમાધ્યયા શુચિતયા વાણી પ્રમાણીકૃતા ।।

દયા સાગર સુખનિધિ શ્રીહરિએ મહારાણીને સુખરૂપી ફળ ઉત્પન્ન કરનાર લાંબુ આયુષ્ય, ઘણા પ્રકારનું બળ અને અનેક મોટી સમૃદ્ધિઓ, સર્વ બળ, ધન, ધર્મ અને જીવનનું સારી રીતે રક્ષણ કરવા માટે પવિત્ર નીતિવાળી વાણી પૂરા પ્રેમથી પ્રથમ (સન ૧૮૫૮માં) પ્રમાણરૂપ આપી છે.

એતાવત્સરસિ સરોરૂરસ્ય કૃત્યમ્
ભિત્વામ્ભઃ સપદિ બહિર્વિર્નિગત યત્
આમોદો વિકશનમિન્દિરાનિવાસ
તત્સર્વં દિનકરકૃતં મામજન્તિ ।।

રાજા અને પ્રજાનો પરસ્પર સંબંધ સૂર્યકમળ જેવો છે. જેમ સૂર્ય કમળનો પતિ કહેવાય છે, તેમ રાજા પ્રજાનો પતિ છે. કમળનું કાર્ય એ જ કે ગમે તેટલું ઊંડું પાણી હોય તો પણ તે સર્વ ઉલંઘી પોતાનો દેખાવ બહાર આપે છે, તેમ પ્રજાસમુદાયરૂપી અગાધ તળાવમાંથી ખરી રાજભક્તિ દેખાડવા બહાર પડે છે. કમળમાં આમોદ, વિકાસ અને લક્ષ્મીનો નિવાસ થવો એ સર્વ કામ સૂર્યનાં હાથમાં છે, તેમ પ્રજામાં આવું થવું રાજાનું કર્તવ્ય છે.

ત્યારબાદ આ સભામાં દલપતરામ કવિ, ત્ર્યંબકલાલ ત્રિભોવનદાસ, રાવબહાદુર ગોપાળરાવ, હરિ દેશમુખ વગેરેએ કવિતા તથા ભાષણ કર્યા. છેવટે પંડિતજી પાસે રાણીને આશીર્વાદનું સૂચવવાથી પંડિતજીએ નવો શ્લોક બનાવી આશીર્વાદ ઉચ્ચાર્યા.

ઈશઃ શ્રીવિક્ટોરિયાભિધનૃપાં પાયાદપાયાદિમામ્
માયા સંવિચરચ્ય સાધિકૃતિ ભાઙ્સમુચ્છેદિનમ્ ।
તન્વાના સમતાં પ્રજાસુ મમતાં સર્વાસ્વર્વા સદા
ભૂયો ભારતભૂમિભૂતિભરદા ભવ્યાય ભૂયાત્ ભૃશમ્ ।।

પરમેશ્વર આ શ્રીવિક્ટોરિયા રાણીને સર્વ વિઘ્નોથી બચાવી સુરક્ષિત રાખો. જેથી મહારાણી અધિકાર ભોગવનાર લોકોની માયા નિર્મૂલ કરી નાખે, એવો શ્રમ લઈને સર્વ પ્રજાઓમાં મોટી મમતા અને યથાર્થ સમતા ફેલાવનારી, વારંવાર ભારતભૂમિની સમૃદ્ધિની વૃદ્ધિ કરી, પ્રજાનાં ઘણા કલ્યાણ માટે નિરંતર રહો.

આ સાલમાં પંડિતજીનાં એકનાં એક આધાર તેમનાં પરમ પૂજ્ય પિતાજીનો ગોલોકવાસ થયો. પંડિતજીને તન, મન ને ધનથી જેનો આધાર હતો, તેઓમાંના ઘણાખરા ચાલતા થયા હતા. તેમાં તેમનાં પિતાજી જવાથી તેમના હૃદયની વાત ખોલીને, સાંભળનાર કોઈ રહ્યું નહિ, કારણકે એ યુગમાં એમની સમક્ષ જે ગૂંચવણો આવતી તેનાં નિકાલ માટે શાસ્ત્રીય ને તટસ્થ રીતે સલાહ આપનાર ઓછી વ્યક્તિ હતી. પંડિતજીનાં પિતાશ્રી પણ સમર્થ વિદ્વાન હતા. તેમનું શિષ્યમંડળ પણ ઠીકઠીક વિસ્તૃત હતું. આ આઘાતથી બચવા માટે પંડિતજીએ તિલકાયત શ્રીગોવર્ધનલાલજીએ શ્રીનાથદ્વારા તેડાવ્યા. અહીં થોડા માસ બિરાજી, ઉદયપુરનરેશનાં નિમંત્રણને માન આપી, ઉદયપુર પધાર્યા. અહીં પંડિતજીનાં સમાગમમાં મહારાણા તથા પોલિટિકલ એજન્ટ સાહેબ આવ્યા. આ બન્ને જણાએ પંડિતજીની અદ્ભુત સ્વધર્મપરાયણતા તથા વિસ્મયજનક તીવ્રબુદ્ધિથી ઘણું આશ્ચર્ય પામ્યા. મહારાણાએ પંડિતજીનાં ભારે વખાણ સાથે એક હજાર રૂપિયા તથા પોલિટિકલ એજન્ટ સાહેબે બે શાલ ભેટ આપી. ત્યાંથી પંડિતજી મુંબઈ પધાર્યા.

(૨૬) ભઠ્ઠી

મુંબઈમાં પંડિતજીનું સ્થાન એક સાચા ધર્મપાલક અને ધર્મજ્ઞ તરીકે વિશેષ પ્રસિદ્ધિ પામ્યું હતું. કોઈ પણ પ્રકારની ધાર્મિક બાબતમાં પંડિતજીની સલાહ આખરી મનાતી તથા કોઈ પણ સાર્વજનિક કે વ્યક્તિગત ધાર્મિક કાર્યમાં પંડિતજીની સલાહ મુજબ મુંબઈનો ધર્મપ્રેમી વર્ગ ચાલતો.

આ સાલ એટલે સંવત ૧૯૪૩માં મુંબઈ મ્યુનિસિપાલિટીએ મુડદા બાળવા માટે જુની રીત બદલી, નવી રીત દાખલ કરવા માટે વિચાર કર્યો. આ કાર્ય માટે મુંબઈ શહેરની મ્યુનિસિપાલિટીનાં કામ ચલાઉ કમીશનર મી.એફ એલ ચાર્લ્સે શબદહન અંગે ફેરફારની સમજૂતી આપતો એક પરિપત્ર કાઢી શહેરનાં આગેવાનો ઉપર મોકલ્યો.

આ શબદહન વિધિમાં સીમેન્ટનાં ચોકઠામાં લોઢાનાં થાંભલા રોપવાનાં હતા. અહીં આગળ મૃતદેહનાં સંબંધીઓ શબ મૂકે. પછી તે શબ ત્યાંના માણસો નવા સંચા દ્વારા બાળી નાખે. આવી રીતે એક સાથે અનેક શબ બાળવાની પદ્ધતિ દાખલ કરવાની હતી.

આ શબદહનની પદ્ધતિમાં આપણા આર્યધર્મનાં સંસ્કાર ને પદ્ધતિનો જરા સરખાએ વિચાર કરવામાં આવ્યો નહતો અને આપણા ધર્મ ને સમાજનાં આગેવાનો-જે કાં તો કુલપરંપરાથી કે ધનસંચયથી તેવા બની બેઠેલા હોય છે તેઓ-કોઇ પણ જાતની ધર્મ ને સમાજની વાતમાં ગંભીરતા ન રાખતા મનસ્વી વર્તન દાખવવા માંડે છે, અને તેઓ ધર્મજ્ઞ પુરુષોની આવી બાબતમાં ઉપેક્ષા કરે છે. તેમની આવી નીતિથી આપણો આર્યધર્મ દિનપ્રતિદિન ક્ષીણ-નબળો પડતો જાય છે, આ વસ્તુ ઉઘાડી આંખે જોવાથી સહજ સમજાય તેવી છે.

અહીં પણ એવું બન્યું. જુદા જુદા સમાજનાં આગેવાનોએ આવી જાતનાં કામ માટે પોતપોતાનો લેખિત ટેકો આપ્યો. આ દરમિયાન પંડિતજી ઉપર મી.ચાર્લ્સનો આ પરિપત્ર આવ્યો, ને તેમના અભિપ્રાય માટે માંગણી કરી. આ પરિપત્ર તેમણે બીજા પાસે વંચાવ્યો. પરિપત્રની વાત સાંભળતા જ તેમણે શબદહનની આવી રીત માટે વિરોધ કર્યો, અને તે માટે પોતાનો વિરોધમત જણાવતો નીચેનો એક પત્ર કમીશનર ઉપર મોકલ્યો.

મહેરબાન એફ.એમ.ચાર્લ્સ એસ્કવાયર,
મુંબઇ શહેરની મ્યુનિસિપાલિટીનાં કામચલાઉ કમીશનર જોગ.

સાહેબ;

તમારો તા.૨૯મી જુલાઇ ૧૮૮૭નો લખેલો અંગ્રેજી પત્ર મને છેક તા.૭મી ઓગસ્ટે મળ્યો. એ પત્રનો જવાબ ચાલતા માસની તા.૧૫મી પહેલા મોકલવા તેમાં જણાવેલું હોવાથી, તે લંબાણ ખુલાસાવાર લખવા જેટલો હાલ મને અવકાશ નથી, માટે તે તો જ્યારે બને ત્યારે ખરું. દરમ્યાન હાલ તમારા પત્ર સાથે મોકલેલા અઢાર પ્રશ્નોનો સાર જાણી લઈ તે સર્વનાં ટૂંકા ઉત્તરો આ સાથે ગુજરાતીમાં લખી મોકલ્યા છે, જેનું અંગ્રેજી કરાવી લેવા હું ધારું છું કે તમોને સહેજ બની શકશે.

(૧)મુડદા બાળવાની રીતિમાં એવો ફેરફાર કરવો કે જેથી ખર્ચમાં ઘટાડા થાય અને જગા ન રોકાય. આ તમારો ઉદ્દેશ પ્રજાનાં કલ્યાણ માટે છે, અને એ વિચારમાં જો ધર્મવિરોધ ન આવતો હોય તો સ્તુત્ય જણાય. પરંતુ આર્ય લોકોમાં ગર્ભાધાનથી આરંભી અંત્યેષ્ટિ (મરણ ક્રિયા) સુધીનાં સંસ્કારો કરવાને ધર્મશાસ્ત્રમાં લખ્યું છે અને તે સંસ્કારો કર્યાથી આ લોક અને પરલોકમાં ઉત્તમયોગ મળે છે-એમ આર્યશાસ્ત્રમાં નિર્વિવાદ રીતે માન્યું છે. તેમાં અંત્યેષ્ટિ સંસ્કાર અત્યંત આવશ્યક છે અને તેનો આરંભ મુખ્ય પ્રેતદહનથી જ થાય છે. માટે જો એ દહન જ ગેરરીતે થાય તો તેથી સંસ્કાર આખો બગડે. આ અંત્યેષ્ટિ સંસ્કાર યથાર્થ થવાથી મરનાર પ્રાણીની પરલોકમાં પૂરી સદ્ગતિ માનેલી છે અને પાછળથી ક્રિયા કરનાર પુત્રાદિકનું આ લોક પરલોક બંનેમાં મોટું કલ્યાણ માનેલું છે. માટે શાસ્ત્રમાં અને તથા લોકમાં પ્રસિદ્ધ દહન પ્રકારથી વિરુદ્ધ રીતે નવા સંચા વગેરે કરી તેમાં શબને બાળવું અને તે પણ કાષ્ઠથી જુદા સાધનો-કે જે કદાચિત્ત અપવિત્ર પણ હોય, તેવા સાધનોથી બાળવું એ તદ્દન અયોગ્ય છે.

(૨) આર્યશાસ્ત્રમાં બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને શૂદ્ર એ ચારે વર્ણો એકબીજાથી ઉતરતા ગણેલા છે, અને હાલ તો જ્ઞાતિ ભેદથી અગણિત ભેદ સુદ્રઢ માનવામાં આવે છે. તે વર્ણભેદ જાતિભેદ તોડી સર્વ શબોને સાથે બાળવા એ કેમ અયોગ્ય ન ગણાય? આર્યશાસ્ત્ર પ્રમાણે જોતા એક વર્ણમાં પણ એક શબનો બીજા શબને સંસર્ગ થવાથી ઘણી અપવિત્રતા ગણાય છે અને તેની શુદ્ધિ માટે અંત્યેષ્ટિ કરનારને શાસ્ત્રોક્ત ક્રિયા કરવી પડે છે. ઉત્તમ વર્ણ ને ઉતરતા વર્ણનો સંસર્ગ હોય તો ઘણી જ મોટી ક્રિયા કર્યા પછી જ તેનું દહન કરવું એમ શાસ્ત્રમાં આજ્ઞા છે. એક મુડદાને બીજા મુડદાનો સહજ પણ સંસર્ગ થયો હોય અને તે સંસર્ગની શાસ્ત્ર પ્રમાણે શુદ્ધિ કર્યા વિના જાણીને અથવા ભૂલથી તે શબનું કરવામાં આવેલું દહન વ્યર્થ ગણવામાં આવે છે; અને પછી હાડકા ઉપર તે શાસ્ત્રોક્ત ક્રિયા કર્યા પછી ફરીથી હાડકાનું દહન કરવું પડે છે. વળી કદાચિત્ સ્ત્રીઓનાં અને પુરુષોનાં મડદા સાથે બળે તો ઉપર લખેલા અનર્થ કરતા વધારે અનર્થ થાય. દંપતિ સિવાય અન્ય સ્ત્રી તથા પુરુષ સાથે બાળવાથી ઘણું જ મોટું પાપ થાય- અરે તે બન્ને નિરપરાધી પ્રાણીનો વૃથા વ્યભિચાર સિદ્ધ કરી

પરલોક ગતિમાં મોટી હાનિ પહોંચાડી, આમ બને. દંપતિમાં પણ બે જુદા જુદા મરણ પામ્યા હોય તો તે બંનેનાં મુડદા પણ સાથે બાળવાની વિધિ નથી.

(૩) શબ બાળવા માટે ઈંટ ચુનાથી વા ધાતુથી જો કોઈ પ્રકારનું બાંધકામ કરવામાં આવે તો તેમાં શબ લાવ્યા પછી બીજું બાળવા માટે તેની શુદ્ધિ કરવાની જરૂર છે, અને ચુનો ઈંટ ઉખેડ્યા વિના તે સ્થળ શુદ્ધ નથી. તથા ધાતુ ગાળ્યા વિના શુદ્ધ થાય નહિ. માટે તેવું બાંધકામ કરવામાં આવે તો તે પણ વ્યર્થ થઈ પડે.

(૪) મારા વિચાર પ્રમાણે મડદાને દાટવા કરવા બાળવા એ જ ઉત્તમ રીત છે. માટે હિંદુઓનાં મડદા દાટવામાં આવતા હોય તો તેનો અટકાવ થઈ તે બાળવાનો રિવાજ પડે એમ તો થવું જોઈએ. અને તેમ થવામાં બે લાભ દેખીતા છેઃ (૧) જમીનનું રોકાણ નહિ થાય અને, (૨) હિંદુ ધર્મથી શાસ્ત્રવિરુદ્ધ ચાલતા રિવાજનો અટકાવ થશે.

(૫) મુડદા બાળવા માટે સંચો કરવામાં આવે તો ખર્ચમાં ફાયદો પડે એવી જે દલીલ એ બાબતમાં બતાવવામાં આવે છે તે ઘણી ફાયદા યોગ્ય જણાતી નથી. કેમકે ખર્ચમાં બચાવ થવાનાં કારણમાં ધર્મશાસ્ત્રનાં નિયમો ઉલ્લંઘીને અધર્મથી વર્તવું એમ કોઈ પણ ધાર્મિક માણસ કબૂલશે નહિ એમ હું ધારું છું. કદાપિ ર્ખચમાં બચાવ થાય એમ માનીએ તો તે પણ માત્ર બાળવાનાં લાકડાની કીમતમાં સહેજસાજ બને, જે કંઈ મોટો લાભ ગણાય નહિ. વળી લાકડાનાં જંગલો હિંદુસ્તાનમાં ઘણા છે, પરંતુ તે મોંઘા મળવાનું કારણ તો સરકાર કહેવાય. અગર જો કોઈ રીતે સરકારને ભલામણ કરી આ કામને માટે વગર ફીએ બળતણ મેળવવા પ્રયત્ન થાય તો સ્તુત્ય ગણાશે.

(૧) દરેક શબને અવશ્ય જુદું જ બાળવું જોઈએ.

(૨) હિંદુધર્મ પ્રમાણે પાંજરુ કે ભઠ્ઠી બનાવી તેમાં પ્રેતદાહ કરી શકાય જ નહિ, કારણ ભૂમિ પર જ દાહ થવો જોઈએ. ઉત્તમ કે ઉતરતા વર્ણનાં શબ એક કે બીજા સાથે ન જ બળાય.

(૩) જ્યારે આ પ્રકાર જ ખોટો છે ત્યારે એક ભઠ્ઠીમાં જુદા જુદા ખાના પાડી પ્રેતદહન કેમ ન કરી શકાય?

(૪) મરનારનાં પુત્ર વગેરે અગ્નિસંસ્કાર કરનાર અધિકારીઓએ મરનારની ચિતા પાસે અવશ્ય જવું જોઈએ.

(૫) ચિતા ખડકતા પહેલા તથા તે ઉપર પ્રેત મૂક્યા પછી કેટલીક ધર્મક્રિયા કરવામાં આવે છે.

(૬) પ્રેત બળતું હોય તે અરસામાં પણ કપાલિક વગેરે ક્રિયા કરવામાં આવે છે.

(૭) પ્રેત બળી રહ્યા પછી તેનાં અસ્થિ-રાખોડી વગેરે હિંદુ ધર્મશાસ્ત્ર પ્રમાણે તીર્થમાં નાખવા જોઈએ. તીર્થ ન મળે તો દરિયા વગેરે જળાશયમાંય પધરાવવા જોઈએ.

(૮) ધર્મશાસ્ત્રમાં મુખ્યપક્ષ તો ત્રણ દિવસ પછી મરનારની ચિતા હોલવી (ફૂલ) અસ્થિ વીણી લેવાનો છે. પરંતુ તેટલા દિવસ તેને તે જ ઠેકાણે મુંબઈ જેવા ગીચ વસ્તીવાળા શહેરમાં તથા સંકોચિત સ્મશાનમાં ચિતા રાખવામાં બીજા મુડદા વગેરેનો અપવિત્ર સ્પર્શ થાય, માટે તુરત ચિતા હોલવી ફૂલ વીણી લઈ તે દરિયામાં પધરાવી દેવાનો રિવાજ પડ્યો હોવો જોઈએ.

(૯) અગ્નિસંસ્કાર થયા પછી પ્રેતને અથવા તે બળી રહ્યા પછી તેનાં અસ્થિ વગેરેને મરનારનાં વર્ણ સિવાય બીજી વર્ણનાએ અડકવું ન જોઈએ. ઉત્તમ વર્ણવાળો જો ઉતરતા વર્ણનાને અડકે તો અડકનારને શાસ્ત્રથી મોટું પ્રાયશ્ચિત્ત કરવું પડે છે અને મરનાર જો ઉત્તમ વર્ણનો હોય અને અડકનાર ઉતરતા વર્ણનો હોય તો મરનારની ગતિ ઉત્તમ લેખાતી નથી.

(૧૦) આ પ્રશ્નનો જવાબ નવમા પ્રશ્નનાં ઉત્તરમાં સમાઈ જાય છે.

(૧૧) મરનારની ચિતા ત્રણ દિવસ સુધી રાખવાનાં ધારામાં તેનાં શબને બળીને ખાખ થતા સુધી તેનાં સગાઓ ચિતા પાસે રહેતા ન હતા અને તેમને રહેવાની જરૂર ન હતી. પરંતુ હાલનાં રિવાજ પ્રમાણે તેટલા જ વખતમાં સર્વ ક્રિયા કરી લેવા માટે તેમને ચિતા પાસે રહેવાની અવશ્ય જરૂર છે.

(૧૨) લાકડા, છાણા, ઘાસ તથા તે સાથે ધર્મશાસ્ત્રમાં જેને અપવિત્ર ન ગણી હોય એવી વસ્તુથી મડદા બાળવા જોઇએ.

(૧૩) મુડદા બાળવાની જગા સાફસૂફ કરવા માટે કઇ જાતનો માણસ રાખવો તેનો ખુલાસો ધર્મશાસ્ત્ર જોતા ગૂંચવાડા ભરેલો છે, પરંતુ ચાર વર્ણથી બહારના મનુષ્યો તો ન જ ચાલે.

(૧૪) મુડદા બાળવાની જમીન ઉપરથી ખુલ્લીજ હોવી જોઇએ.

(૧૫) હિંદુઓનાં દોઢ અથવા બે વર્ષ સુધીની ઉંમરનાં મરનાર બાળકોને દાટવામાં આવે છે, તે પછીની ઉંમરનાને બાળવું મુખ્ય છે, અને ત્રણ વર્ષ પછીનાં મુડદાને બાળવું જ જોઇએ. પણ નાના બચ્ચા (બાર દિવસ ઉપરની ઉંમરના) ને પણ બાળવાની શાસ્ત્રમાં મનાઇ નથી.

(૧૬) કોઇ પણ જાતનાં રોગચાળાવાળાને બાળવાની ધર્મશાસ્ત્રમાં મના કરેલી નથી, પણ સંન્યાસી તથા બે વર્ષ સુધીનાં નાના બાળકો સિવાય સર્વ મનુષ્યોને બાળવાનો જ વિધિ છે.

(૧૭) પ્રેતને બાળવામાં બાધ લેખનારી એવી જાતો હિંદુઓમાં નહિં હોય, અને હોય તો મારા જાણવામાં નથી. ફક્ત સન્યાસ લીધો હોય તેનું મડદું ભૂમિમાં દટાય યા જળમાં વહેવરાવાય, પરંતુ બળાય નહિ.

(૧૮) ગૃહસ્થ એટલે સ્ત્રી પરણેલા હિંદુ લોકો અગાઉ પોતપોતાના ઘરમાં નિરંતર અગ્નિ રાખતા. જે મનુષ્યનો સેવેલો જે અગ્નિ હોય તે જ અગ્નિ વડે અર્થાત્ સ્માર્તાગ્નિ અથવા શ્રૌતાગ્નિ એટલે ધર્મક્રિયા પ્રમાણે ઘરમાં રાખેલો જે અગ્નિ, તે વડે જ અગ્નિસંસ્કાર કરવાનો વિધિ છે. માટે તેવો અગ્નિ ઘેરથી લઇ જવામાં આવતો હતો. તે પરથી હાલ તો બળતી તોલડી લઇ જવાનો રિવાજ પડી ગયો છે. મુડદાને સાંચામાં પ્રથમથી સળગાવી રાખેલા અગ્નિમાં બાળવા મૂકવા એ તો કેવળ ધર્મશાસ્ત્ર વિરુદ્ધ છે, એ કહેવાની તો જરૂર નથી કેમકે સંચા વગેરે પ્રકાર ઉપર જણાવ્યા પ્રમાણે ધર્મશાસ્ત્ર વિરુદ્ધ છે.

પં.ગટ્ટુલાલાજી ઘનશ્યામજીની આજ્ઞાથી વિઠલદાસ રાજારામ

ઉપલો પત્ર શ્રી.ચાર્લ્સનાં હાથમાં જતા, તેનો મર્મ સમજતા તે તો બહુ અકળાઇ ગયા. અત્યાર સુધી આવેલા ઘણાખરા ઉત્તરો તેમની સૂચનાને ટેકારૂપ હતા. આ જ પત્ર નવી ભઠ્ઠીની વિરુદ્ધમાં હતો. તેથી તેમણે અંગ્રેજી પત્રોમાં પંડિતજીનાં વિચારો સમગ્ર હિંદુ જનતાનાં નથી એમ જણાવી, મ્યુનિસિપાલિટી તો પોતાનાં નિર્ણય પ્રમાણે પોતાનું કામ કરશે એમ સમાચારપત્રોમાં લખવા માંડ્યું. વળી વધારામાં બોમ્બે ગેઝેટ, ટાઇમ્સ ઓફ ઈંડિયા, રાસ્તેગોફતાર વગેરે અંગ્રેજી, ગુજરાતી છાપાઓ પણ મી.ચાર્લ્સની વાતને ટેકો આપવા લાગ્યા. અધૂરામાં પૂરૂં તે વખતનાં નાગરિક નેતાઓમાનાં કેટલાક નેતાઓ મી.આરથર ક્રાફર્ડ, સર મંગળદાસ નથુભાઇ, મી.ડોસાભાઇ ફરામજીએ મી.ચાર્લ્સેની વાતને ટેકો આપતા હોય તેવા ઉત્તર આપ્યા પણ મી.ચાર્લ્સે પંડિતજીનાં પત્રનો સીધો ઉત્તર ન આપ્યો.

હવે આ કમીશનર સાહેબે ભઠ્ઠીનાં પ્રશ્ન અંગે વ્યૂહ બદલ્યો. પ્રથમ તેમણે એમ ક્હેવા માંડ્યુ કે એક સાથે ઘણા મડદા બાળી શકાય એવી સગવડ કરવા માટે કેટલાક ઉત્તર આવ્યા છે. તદુપરાંત સને ૧૮૮૫-૮૬માં મુંબઇમાં કુલ મરણ ૨૧,૮૫૦ છે. તેમાં હિન્દુઓમાં ૧૪,૫૫૮ મરણ છે. આમાંના ઘણાખરા શબ દાટવામાં આવે છે, જ્યારે બાકી માટે મ્યુનિસિપાલિટીને પચાસ થી સાઠ હજાર ખર્ચ નકામો વેઠવો પડ્યો છે. વળી ગરીબ હિંદુઓને બાળવામાં બહુ ખર્ચ થાય છે, માટે તેમની ખાતર પણ ભઠ્ઠી તૈયાર કરવી જોઇએ. ખરું જોતા તે વખતનાં સમયે રૂપિયા પંચોત્તેરસોનું ખર્ચ શબ બાળવા અંગેનું હતું, તેને બદલે મી.ચાર્લ્સે જનતામાં શબ બાળવા અંગેનાં ખર્ચની ખોટી ભ્રમણા ઉભી કરવા પચાસ હજારનો ખર્ચ બતાવ્યો. આથી શ્રી.ઈચ્છારામ સૂર્યરામ દેસાઇએ મી.ચાર્લ્સ વિરુદ્ધ પંડિતજીની વાતને ટેકો આપ્યો તથા તેઓ પોતાનાં સુપ્રસિદ્ધ ગુજરાતી પત્રમાં ભઠ્ઠીનાં પ્રશ્નને ચર્ચી, જાહેર પ્રજામત કેળવવા પ્રયત્ન કરવા લાગ્યા ને પંડિતજી ક્યા હેતુસર ભઠ્ઠી અંગે લડત આપવા માંગે છે, તે બરાબર ચર્ચવા લાગ્યા.

પંડિતજીએ પણ મી.ચાર્લ્સનાં પત્રનો હવે ઉત્તર આપ્યો કે, ‘‘ધર્માચરણમાં હાલ મુખ્ય ગર્ભાધાનથી અંત્યેષ્ટિ સુધી ૧૬ સંસ્કાર છે. તે સર્વ આવશ્યક છે. તેમાં પણ જનોઇ, વિવાહ અને અંત્યેષ્ટિ એ ત્રણ વિશેષ મુખ્ય છે. *** માટે કાળબળથી આપણા આર્યલોકોથી આર્ય શાસ્ત્રમાં કહ્યા પ્રમાણે બરાબર ચાલી શકાતું ન હોય, તોપણ છેલ્લી તેની અંત્યેષ્ટિ માત્ર તો ધર્મશાસ્ત્રથી વિરુદ્ધ ન જ થવી જોઇએ. શાસ્ત્રોક્ત વિધિ છોડી, અપવિત્ર પ્રકારે શબને બાળવામાં લોકો દ્રવ્ય અને કાળનો બચાવ, તથા પાછળનાં લોકોને ખાવા વગેરે શરીરનું સુખ એ ફાયદા સમજે છે, પણ તે કામ ઘણામાં ઘણા એક પ્રહરની અંદર ઘણું કરીને થાય છે. દ્રવ્ય પણ કંઇ વધારે પડતું નથી. તેમ શરીરશ્રમ પણ મોટો થતો નથી. આવા આપ્રદ્રવ્ય, કાળ કે શરીરસુખ માટે તે પ્રાણીને ઘણા કાળ સુધી વધારે દુ:ખમાં રાખવો એ નિર્દયતાનું કામ છે. વળી ગરીબ ને હલકા વર્ગનાં હિંદુઓ માટે એક ફંડ ઉભું કરી, વર્ણ પ્રમાણે દહન વિધિ થવી જોઇએ. એના માટે હિંદુ શ્રીમંતોને તૈયાર થવા જણાવ્યું. જો આવી જાતની હિલચાલ થશે તો મારી પોતાની દ્રવ્ય સંબંધી હાલ જોકે ઘણી અનુકૂળતા નથી અને તે જાણનારાઓને વિદિત છે, તેમ છતા આ બાબતમાં કંઇ પાકી હીલચાલ થાય તો મારી પોતાની તરફથી હું દરસાલ પચ્ચીસ શબોને બાળવા ખર્ચ આપવા તૈયાર છું. ત્યારબાદ યાજ્ઞવલ્ક્ય સ્મૃતિ, મનુસ્મૃતિ, જાબાલિ સ્મૃતિનાં પ્રમાણ આપી શબદહન વિધિ શાસ્ત્રોમાં શો છે તે જણાવ્યું.

આમ છતા ૪૦ ગૃહસ્થોએ ધર્મ વિરુદ્ધ પોતાના મત મી.ચાર્લ્સની યોજનાને આપ્યા. આથી મી.ચાર્લ્સ પંડિતજી ઉપર વક્રોક્તિ કરી ગરીબ હિંદુઓનાં ભલા માટે ભઠ્ઠી કરવાની દલીલ કરવા લાગ્યા. પણ હવે તો હિંદુમત જાગ્રત થઇ ગયો હતો, તેઓએ ભઠ્ઠી ન કરવા માટે એક વિરોધી અરજી કરી, તેમાં જણાવ્યું કે કોર્પોરેશનને ધર્મની વચ્ચે આવવાની તથા ‘‘ગરીબ હિંદુઓના ભલા માટે’’ એ શબ્દો બોલવાનો ખોટો ઉપયોગ કરવાની જરૂર નથી. ભઠ્ઠીની તરફેણમાં ખાસ કરીને સર મંગળદાસ નથુભાઇ તથા રઘુનાથ નારાયણ ખોટેનાં મુખ્ય નામ ગણાતા. સર મંગળદાસ સોનાપુર કમિટીનાં અધ્યક્ષ તથા હિંદુ કોમનાં આગેવાન હતા. જોકે તેમણે ચાર્લ્સનાં કાર્યને સંમતિ આપી ન હતી, પણ પ્રશ્નોનાં તેમણે આપેલા ઉત્તરનો ટાઇમ્સ ઓફ ઈંડિયાએ બીજો અર્થ કરી, સર મંગળદાસ મી.ચાર્લ્સની જોડે ભઠ્ઠીની બાબતમાં સંમત છે એવો પ્રચાર કરવા માંડ્યો. આથી સર મંગળદાસે ગુજરાતી પત્રમાં ધર્મ વિરુદ્ધ ભઠ્ઠીનું કાર્ય કરવા પોતાની સંમતિ નથી, ને આ બાબતમાં ચાર્લ્સ સાથે પોતે સહમત છે એ વાત ખોટી છે એ છપાવ્યું.

શરૂઆતમાં હિંદુ શબસંસ્કારનાં સંબંધમાં ૨૯ આગેવાનોએ ભઠ્ઠીમાં બાળવા સંમતિ આપી હતી, તેમાંના ઘણા ખરા જુના વિચારનાં કેળવાયેલા હતા જ્યારે (૧) વૈદ્ય પ્રભુરામ જીવનરામ (૨) ક્ષત્રીની આખી નાત (૩) ચતુર્ભુજ મોરારજી, (૪) પંડિત ગટ્ટુલાલાજી, (૫) ભગવાનલાલ ઈંદ્રજી (૬) જેરાજ મકનજી વગેરે તે બાબતમાં વિરુદ્ધ હતા, પણ જ્યારે પંડિતજીએ પોતાના વિચાર જાહેર પ્રજામાં વહેતા મૂક્યા ત્યારે પ્રથમ મત આપનારાઓનાં વિચારમાં પણ પલટો આવ્યો, ને તેમણે પણ મી.ચાર્લ્સની વાતને ટેકો આપવો બંધ કર્યો. આ જ દરમિયાન ૧૫-૯-૮૭નાં રોજ એક અસાધારણ મોટી સભા ભઠ્ઠીનો વિરોધ કરવા મળી. આ મહત્ત્વનાં કાર્યનાં પ્રમુખ માટે રાવ સાહેબ વિશ્વનાથ માંડલિકને ચૂંટવામાં આવ્યા ને શેઠ વરજીવનદાસે તેમને ટેકો આપ્યો. પ્રમુખે પંડિત ગટ્ટુલાલાજીનો આભાર માનતા જણાવ્યું કે શબદહન વિધિ શાસ્ત્રમાં કેવો છે તે બરાબર બતાવનાર આ પંડિતજી છે, ને સમગ્ર હિંદુ જનતાએ તેમનો આભાર માનવો જોઇએ. આ વખતે પંડિતજી દ્વારા ભઠ્ઠીના વિરોધ માટે એક સભા નીમવામાં આવી, જેમાં રા.બા.વિશ્વનાથ નારાયણ માંડલિક, શેઠ વરજીવનદાસ માધવ, પંડિત ગટ્ટુલાલાજી, ભગવાનલાલ ઈંદ્રજી વગેરે હતા.

આ દરમિયાન મી.બી.બી નગરકરે જેઓ બ્રહ્મસમાજી હતા, તેમણે ભઠ્ઠીની તરફેણમાં એક સભા વિલ્સન કોલેજમાં બોલાવી, પણ તેમને ટેકો નહિ જેવો મળ્યો. ત્યારબાદ ૧-૧૦-૮૭નાં રોજ હિંદુ મહાજનની એક બીજી મોટી સભા મળી. આ સભામાં એક વિરોધ અરજી તૈયાર કરી હજારો સહીઓ સાથે તે અરજી કોર્પોરેશનમાં મોકલી આપી.

હવે કોર્પોરેશનમાં આ કામ માટે છેવટનાં નિકાલ માટે સભા મળી. આ વખતે કર્નલ મેરી વેધરે ભઠ્ઠી દાખલ કરવા માટે દરખાસ્ત મૂકી. તે દરખાસ્તનો વિરોધ રા.વિશ્વનાથ નારાયણ માંડલિકે કર્યો. તેમાં તેમણે જણાવ્યું કે પંદર હજાર હિંદુ ગૃહસ્થોની અરજી આ કાર્યનાં વિરોધ માટે આવી છે. તદુરાંત ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી તથા પંડિતવર્ય ગટ્ટુલાલાજી તથા બીજા શાસ્ત્રીઓએ આ કાર્યને નાપસંદ કર્યું છે. તદુપરાંત આ શહેરનાં મુખ્ય શ્રીમંતોએ પણ આ કાર્ય માટે વિરોધ દર્શાવતી અરજી મોકલી છે. માટે ભઠ્ઠી આ રીતે ન બનાવવી જોઈએ એમ જણાવ્યું. વળી ભઠ્ઠીની તરફેણ કરનારી બસો માણસોની અરજી હોય તેમ જણાય છે. ત્યારબાદ આ દરખાસ્ત ઉપર બે ત્રણ સુધારા આવ્યા ને કેટલીક ચર્ચા થઈ, ત્યારબાદ સભા બીજા દિવસ પર મુલતવી રહી.

બીજા કોર્પોરેશનની મીટીંગમાં ડો.બ્લેનીએ જણાવ્યું કે ગમે તેટલા લાભ કે ફાયદો હોય પણ કોઈની ધર્મ સંબંધી લાગણી દુભાવવી ન જોઈએ, પછી મત લેતા ૧૭ વિરુદ્ધ ૧૧ મતે ભઠ્ઠીનો સવાલનો ભુક્કો થઈ ગયો. આમ પંડિતજીએ ઉપાડેલી લડતનો સફળ અંત આવ્યો.

આ ભઠ્ઠીનાં ભુક્કાની લડતનો ખ્યાલ આપણા હાલનાં સત્યાગ્રહની લડતનાં જમાને ન આવે તે સ્વાભાવિક છે. પણ તે કાલમાં મુખ્યત્વે ગોરા લોકોનાં મોઢા સામે જોઈને મોટા ભાગનાં લોકો મતની આપ લે કરતા. વળી આપણો કેળવાયેલો તથા શ્રીમંત વર્ગ પણ તેમની આંખે જોતો. તેવા સમયે ગોરા લોકોની વાતનો વિરોધ કરી, આવડો મોટો વિરોધ પ્રજામાં જગાવી, ટેકો મેળવવો એ કંઈ સહેલી વાત ન હતી. આમ પંડિતશ્રીએ ભઠ્ઠી વિરુદ્ધ ચળવળ કરી આપણી ધર્મભાવના સતેજ કરી, આપણા લોકોમાં ધર્માભિાન પૈદા કર્યું તે કાર્યનું મૂલ્ય ઓછું નથી.

ગુજરાતીકાર લખે છે. ''ભઠ્ઠીનો ભુકો કરવાનું પહેલું માન અમે પંડિતવર્ય ગટ્ટુલાલાજીને આપીશું. કેટલાક દેશી મેંબરો કે જેઓનાં વિચાર કંઈપણ શાસ્ત્રાધાર વગરનાં છે ને તેઓ કોઈ પણ રીતે ધર્મ કે શાસ્ત્રમાં સત્તાવાળા ગણાતા નથી તેઓએ વગર વિચારે ગમે તેમ મતો લખી મોકલ્યા હતા. આ મતો પર વિચાર કરી કમીશનરે તો તમામ હિંદુ કોમ ભઠ્ઠી પસંદ કરશે એમ ધારી સર્વ જ્ઞાતિને તે બાબતમાં પ્રશ્નો પૂછ્યા હતા. આ પ્રશ્નો એટલા બધા કઢંગા ને અવિવેકી હતા કે સર મંગળદાસ નથુભાઈએ પણ તેનાં અવિવેકીપણા સામા આ ગુજરાતી પત્રમાં પોતાના વિચાર પ્રગટ કીધા છે. પ્રજામાં કમીશનરનાં અવિવેક્ષિત પ્રશ્નોથી ખળભળાટ થાય, ને પ્રાચીન રીતરિવાજને માનનરી હિંદુ કોમ ગભરાય તેમાં કંઈ આશ્ચર્ય નહોતું. પરંતુ પંડિત ગટ્ટુલાલાજીએ પોતાનાં વિચારો આપ્યા પછી ઘણાક પ્રથમ વિચાર આપેલા હિંદુ મેમ્બરો પણ પાછા ફરી ગયા. પંડિતજી પર ઘણીક રીતનો કટાક્ષ કમીશનરે કીધો હતો, તેમ જ એક સુધરેલા પારસી પત્રે ફોકટમાં લવલવાટ કરીને હિંદુઓની લાગણીને ફોગટમાં દુખાવી છે. પણ આ બધા લવલવાટનો અંત આવ્યો છે. પં.ગટ્ટુલાલાજીનાં વિચાર આગળ તેઓનાં વિચાર તદ્દન ક્ષુલ્લક જણાય છે. પંડિતજી પર દોષ મૂકવામાં આવ્યા છે, તેમાં તેઓ તદ્દન ખોટા છે, તેનાં ઘણા મજબૂત કારણો છે. ***

પણ પંડિત ગટ્ટુલાલાજી હતા તો આ પ્રમાણેનો એક ધર્મને મોટો વિજય મળ્યો ને તે માટે આખા હિંદુ મંડળે તેમનો ઉપકાર માનવો જોઈએ, તથા રા.સા.મંડલીક, મુંબઈ સમાચાર, જામજમશેદ તથા ઠા.લીલાધર જાદવની સેવાની કદર કરવી જોઈએ.

(૨૬) વેદ

ભઠ્ઠીનાં પ્રશ્ન દરમિયાન વેદ ઈશ્વરપ્રણીત છે એ વિષે ચર્ચા ઉભી થઈ. શરૂઆત એવી રીતે થઈ કે પ્રો.શ્રીધરગણેશ જીનસીવાએ હેમંતોત્સવ વ્યાખ્યાન માળામાં વેદ વિષે વ્યાખ્યાન આપતા જણાવ્યું કે સામાન્ય રીતે વેદ ઈશ્વર પ્રણીત છે, એમ હિંદુઓની માન્યતા છે, પણ વસ્તુતઃ વેદ ઈશ્વરપ્રણીત નથી. આ વ્યાખ્યાનનાં વિરોધમાં જાણીતા વિશિષ્ટાદ્વૈતી વૈષ્ણવ શાસ્ત્રી રણછોડજી ઉદ્ધવજી શાસ્ત્રીએ વેદ ઈશ્વરપ્રણીત છે એમ એક

લેખ વર્તમાનપત્રમાં છપાવ્યો. આમ ચર્ચાની પરંપરા શરૂ થઈ. તેથી કંઈ નિર્ણય ન થયો. આપણા ત્યાં વેદનું સ્થાન ઘણું મોટું છે. કારણકે તેનાં ઉપર આપણા આર્યસ્થાનનાં સર્વ ધર્મનો, શાસ્ત્રનો, પુરાણનો, તત્ત્વજ્ઞાનનો, ભાષાનો અને ખરું કહીએ તો હિંદુઓનાં સર્વ પ્રાચીન આચારવિચારનો આધર રહ્યો છે. માટે આ સર્વાધાર વેદ વિષે નિર્ણયાત્મક વિચાર સિદ્ધાંત જણાવવા સારું વર્તમાનપત્રોમાં આવતી ચર્ચા પૂરતી ન હતી. આ વખતે પંડિતજી મુબંઈમાં ન હોવાથી, આ અગત્યની ચર્ચાનો યોગ્ય નિવેડો ન આવ્યો. પણ થોડા વખતમાં પંડિતજી મુંબઈ આવ્યા. તેમને આ સંબંધી વાત કરવામાં આવી આથી તેમણે વેદ વિષે પોતાનાં વિચાર જણાવવા માટે આર્યધર્મ સુધર્મોદય સભામાં વ્યાખ્યાન આપવા શરૂ કર્યા.
(૧)વેદ સાક્ષાત્ ઈશ્વરની વાણી અને શબ્દાત્મક ઈશ્વરસ્વરૂપ છે.
(૨)તે સર્વ શબ્દવિદ્યાનું મૂળ કારણ છે.
(૩) તે પરમ પ્રમાણ છે.

આવા ૩ વ્યાખ્યાન આ સભામાં તેમણે આપ્યા. એટલામાં ૬-૮-૮૭નાં રોજ આર્ય સમાજનાં ઉપદેશક સ્વામી ભાસ્કરાનંદ સરસ્વતિએ ''વૈષ્ણવ સંપ્રદાયની પ્રાચીન અવાર્ચીન સ્થિતિ'' એ નામની પત્રિકા પંડિતજીનાં ભાષણ વખતે વહેંચી. આ પત્રિકાનો ઉત્તર પંડિતજીએ એક હજાર શ્રોતા વચ્ચે સચોટ રીતે આપ્યો અને સ્વામીજીની પત્રિકામાંથી ઉભી થયેલી ગેરસમજ તથા કલ્પિત વાતોને સ્પષ્ટ રીતે ખુલ્લી પાડી આથી સ્વામીજી પંડિતજી ઉપર રોષે ભરાયા અને આર્યસમાજમાં પંડિતજીનાં વ્યાખ્યાનનું ખંડન કરવા વ્યાખ્યાન રાખ્યું. અહીં સ્વામીજી વ્યાખ્યાન ખંડનને બદલે મહારાજો ઉપર વ્યાખ્યાન આપવા મંડી પડ્યા. આથી જે વિદ્વાનો પંડિતજીનાં વ્યાખ્યાનનું ખંડન સાંભળવા ગયા હતા તે નિરાશ થયા. ત્યારબાદ પંડિતજીનાં શિષ્ય, વ્યાસ મૂળશંકર રામજીએ સ્વામીજીનાં વ્યાખ્યાન ઉપર ચર્ચા કરી. તેનાં અંગે ખંડન મંડન ચર્ચા માટે આહ્વાન આપ્યું. તે સ્વામીજીએ સ્વીકાર્યું નહિ. પરંતુ આર્ય સમાજનાં મંત્રી શ્રીસેવકલાલ કરસનદાસે શ્રી.ગટ્ટુલાલાજીને આ સંબંધમાં પત્રોમાં ચર્ચા કરવાનું તા.૨૪-૮-૮૭ને રોજ જણાવ્યું. આ વિષે લખતા શ્રીસેવકલાલ જણાવે છે કે ઉક્ત પંડિતજી (શ્રીગટ્ટુલાલાજી) જો સત્યની તલવાર લઈ બહાર પડશે તો આખા ભારતવર્ષને લાભ થશે, તેથી મેં આ માંગણી દેશોપકાર વાસ્તે કરી છે. તેથી તેઓ મને ક્ષમા કરશે. પણ પંડિતજીને આવી આક્ષેપાત્મક ચર્ચા માટે સમય ન હતો. એટલે તેમનાં શિષ્યો મૂલશંકર, ત્ર્યંબકલાલ મુનિ, શાસ્ત્રી રવિશંકર તથા સ્વામીજીને સેવકલાલ વચ્ચે ચર્ચાઓ થઈ જે ચર્ચા ''અતૃણે પતિતો વહ્નિઃ સ્વયમેવ પ્રશામ્યતિ'' એ ન્યાયે અધૂરી રહી.

(૨૮) કાશીની યાત્રા

સં.૧૯૪૩માં શ્રીનાથદ્વારાનાં તિલકાયત શ્રીગોવર્ધનલાલજી મહારાજ પ્રયાગ, કાશી વગેરે સ્થળે યાત્રા કરવા નીકળ્યા. તેમની સાથે ઘણાં પંડિતો, વિદ્વાનો અને શાસ્ત્રીઓ આ વખતે પ્રવાસમાં હતા. તે છતા તેમણે પંડિતજીને અત્યંત આગ્રહ કરી પોતાની સાથે લીધા. કાશી અસલથી વિદ્યાનું કેન્દ્ર છે. વળી શ્રીમહાપ્રભુજીનો શૈશવકાળ પણ કાશીમાં ગયો હતો. તેમણે વિદ્યાભ્યાસ પણ ત્યાં જ કર્યો હતો, તથા શુદ્ધાદ્વૈત બ્રહ્મવાદનું પ્રતિપાદન પણ પ્રથમ ત્યાંથી શરૂ કર્યુ હતું. વળી પત્રાવલંબન ગ્રંથ લખી શ્રીકાશીવિશ્વેશ્વરનાં મંદિરનાં દ્વારે ચોંટાડી માયાવાદી પંડિતોને શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાન સમજાવવા માટે આહ્વાન આપી કાશીમાં જ કેવલાદ્વૈત તત્ત્વજ્ઞાનને હાર આપી હતી અને આપશ્રીએ આસુરવ્યામોહલીલા પણ અહીં જ કરી હતી. આમ પહેલેથી છેલ્લે સુધી કાશીમાં રહી, ધર્મસંસ્થાપનનું યુગપ્રવર્તક કાર્ય કર્યુ હોય તો એક શ્રીમહાપ્રભુ વલ્લભાચાર્યજી છે. તેથી ભારતભૂષણ પંડિત શ્રી.મદનમોહન માલવીયાજી, શ્રીમહાપ્રભુજીને કાશીનાં પ્રથમ આચાર્ય તરીકેનું બિરદ આપે છે. વળી કાશીમાં પુષ્ટિસંપ્રદાયનું એક મોટું મંદિર ગોપાલ મંદિર છે, તથા શ્રીમહાપ્રભુજીની બેઠકો પણ છે. આમ પુષ્ટિ સંપ્રદાય સાથે કાશીનો સંબંધ મૂળનો છે અને કાશીમાં વિજયયાત્રા કરવા માટે જવું એ કાર્ય અસાધારણ ગણાતું. આથી મહારાજશ્રીએ કાશીની યાત્રા માટે વિચાર કર્યો. તેમનો ઈરાદો વિજયતિલક કરાવવાનો ન હતો,

પણ તેમની ઇચ્છા શ્રીમહાપ્રભુજીની બૈઠકોમાં જઇ, દર્શન કરવાની હતી. છતા તેઓ પુષ્ટિ સંપ્રદાયનાં એક મોટા આચાર્ય છે અને જે ઠેકાણે પધારવાનું થાય તે ઠેકાણે તેમનો તે જ પ્રકારે સત્કાર થાય છે. આ વાત મહારાજશ્રીની નજર બહાર ન હતી. આથી તેમણે પંડિતશ્રીને પોતાની સાથે લીધા. તે સાથે શાસ્ત્રીજી શ્યામજી ને રવજી જે પંડિતજીનાં શિષ્ય હતા, તે પણ મહારાજશ્રીનાં શાસ્ત્રી હોવાથી સાથે હતા. તેઓ પણ સારા વિદ્વાન હતા.

મહારાજશ્રી પુષ્કર, મથુરા, પ્રયાગ, અડેલ વગેરે સ્થળે પધાર્યા, જ્યાં અનેક વિદ્વાનો તેમની સાથે આવતા. તે સૌનો તેઓશ્રી સારી રીતે સત્કાર કરતા તથા દરેકનાં આત્માને સંતોષ આપતા. પંડિતજી પણ વ્યાખ્યાન તથા શતાવધાનનાં પ્રયોગ કરતા. અડેલ શ્રીમહાપ્રભુજીનું નિવાસસ્થાન હતું. પંડિતજીએ અહીં ઐતિહાસિક બાબતોની તપાસ કરી તો અડેલ અને આજુબાજુનાં ગામોમાં ૪૫૦ તૈલંગણ બ્રાહ્મણોનાં ઘર હતા. વળી મથુરાસ્થ ભટ્ટોનો ઇતિહાસ જણાવનાર ''કુલપ્રબંધ'' નામે સંસ્કૃત ગ્રંથ છે, તે વગેરેની તેમને અહીં ખબર પડી. ત્યાંથી મહારાજશ્રી ચરણાટ પધાર્યા. ચરણાટનું સ્થાન પુષ્ટિમાર્ગનાં ઇતિહાસમાં અનેરું છે. ત્યાં આગળ શ્રીવિઠ્ઠલનાથજી, શ્રીમહાપ્રભુજીનાં દ્વિતીય પુત્રનો પ્રાદુર્ભાવ થયો હતો. વળી શ્રીમહાપ્રભુજી પણ ચરણાટનાં રાજાનાં આગ્રહથી કેટલોક વખત ત્યાં રહેલા. એટલે શ્રીપ્રભુચરણની બૈઠક છે. આ બૈઠક કુદરતનાં બગીચામાં આવેલી છે. તેની રમણીયતા દેખી સારા સારા કવિઓએ તેની પ્રશંસા કરી છે. ચરણાટમાં આવેલા સરોવરની શોભા, તેમાં વિહરતા સારસો એ બધું સુવર્ણમાં સુગંધ ભળ્યા જેવું લાગતું. ત્યાંની વનરાજી પણ બહુ ભવ્ય તથા આહ્લાદજનક છે. આવા કુદરતનાં ધામમાં પંડિતજી ને મહારાજશ્રીનાં બત્રીસ દિવસ ચાલ્યા ગયા.

ત્યાંથી મહારાજશ્રી કાશી પધાર્યા. અહીંયાનાં વિદ્વાને તથા વૈષ્ણવોએ મહારાજશ્રીનો અદ્ભુત સત્કાર કર્યો. ગોપાળ મંદિરનાં આચાર્યશ્રી જીવનલાલજી, મહામહોપાધ્યાય દામોદર શાસ્ત્રી, રામ શાસ્ત્રી, જયરામ શાસ્ત્રી, ગૌરીનાથ દીક્ષિત, સપ્તર્ષિ રમાનાથ વગેરે પંડિતો, ભારતેન્દુ કવિકુલકૌસ્તુભ હરિશ્ચંદ્ર, રાજા મોતીચંદ, શેઠ શ્યામદાસ વગેરે વૈષ્ણવોએ મહારાજશ્રી તથા પંડિતજીનાં સત્કારમાં અપૂર્વ ભાગ લીધો. ભારતેન્દુ હરિશ્ચંદ્ર હિન્દી સાહિત્યનાં નવયુગ સર્જક સાહિત્યકાર કવિ હતા. તેમણે ભાષા સાહિત્યમાં ગદ્યની યોગ્ય શરૂઆત કરી હતી. તેઓ પુષ્ટિસંપ્રદાયમાં વંશપરંપરાથી વૈષ્ણવ હતા, એટલું જ નહિ પણ તે સંપ્રદાયમાં તેમનો અપૂર્વ ભાવ હતો, જે ઉત્કટ ભાવ તેમનાં સાહિત્યમાં પ્રસિદ્ધ છે. આ ભારતેન્દુ એટલે ભારતવર્ષનાં સુધાકર (ચંદ્ર) ને આપણા પંડિતજી ભારતમાર્તંડ એટલે ભારતવર્ષનાં પ્રભાકર (સૂર્ય) એ બંનેએ ઘણી રીતે કાલનાં ભારતવર્ષમાં આર્ય સંસ્કૃતિને પ્રકાશિત કરી છે. આ બન્ને મહાપુરુષનો મેળાપ પ્રથમ અહીં થયો. ઉત્તરભારતમાં પુષ્ટિસંપ્રદાયની ભાષામાં સેવા કરનાર પ્રથમ આ મહાનુભાવ હતા, જ્યારે પશ્ચિમ ભારતમાં આપણાં પંડિતજી હતા. આ બન્ને તે ભારતેન્દુ ને ભારતમાર્તંડની પદવી મળી છે તે કોઇ સંપ્રદાય કે જાતિ તરફથી મળી નથી, એટલે એકદેશીય નથી પણ હજારો લાખો લોકોનાં હૃદયમાંથી સ્વાભાવિક ઉઠેલી ઊર્મિદ્વારા સર્વસામાન્ય અસાધારણ સભાઓમાં મળી છે. આવી જાતનું માન ઘણા ઓછા સંપ્રદાયોને મળ્યું હશે.

અહીં પણ ઘણા દિવસ મહારાજશ્રી બિરાજ્યા. વસંત ઋતુ ચાલતી હતી. તે ઋતુનો ઉત્સવ એટલે ડોલોત્સવ-પુષ્ટિસંપ્રદાયમાં અનેરી રીતે ઉજવવામાં આવે છે. મહારાજશ્રીનાં પધારવાથી આ ઉત્સવમાં અનેરો ઉત્સાહ પ્રગટ્યો હતો.

વસંતઋતુનાં ઉત્સવ બાદ ગોપાલ મંદિરનાં ગોવર્ધન ચૌકમાં કાશીનાં પંડિતોની સભા મહારાજશ્રી અને પંડિતજીનાં સમાગમમાં આવવા મળી. અહીંનાં પંડિતો વિવિધ શાસ્ત્રોનાં અઠંગ અભ્યાસી તથા વાદવિદ્યામાં અત્યંત નિપુણ હોય છે, તેમાં શંકાને સ્થાન જ નથી. તદુપરાંત બહારનો પંડિત આવી, અહીંનાં પંડિતોને વાદમાં પરાજિત કરે તો કાશીનું ગૌરવ ખંડિત થયું ગણાય. આમ બને તો પોતાનો આ ભૂતલ ઉપરનો જન્મ એળે ગયો ગણાય. આથી કાશીનાં ગૌરવને સાચવવા માટે પોતાનો અવતાર છે એમ તેઓ ગર્વથી વર્તે છે. અહીં ગો.શ્રીગોવર્ધનલાલજી તથા જીવનલાલજી સભામાં સિંહાસન ઉપર બિરાજ્યા હતા. અનેક પંડિતો આ

સભામાં હાજર હતા, જેમાં શ્રીકૈલાસચંદ્ર ભટ્ટાચાર્ય, શિવકુમાર શાસ્ત્રી, ગંગાધર શાસ્ત્રી, દામોદર શાસ્ત્રીની મુખ્યતા હતી.

અહીં શ્રીગટ્ટુલાલજી પાસે શતાવધાનનો પ્રયોગ કરાવવામાં આવ્યો. આ પ્રયોગથી આખી પંડિત સભા પંડિતશ્રીની અદ્ભુત સ્મરણશક્તિથી આશ્ચર્ય પામી, ને તેમની શતાવધાન શક્તિની અત્યંત પ્રશંસા કરી.

પછી દર્શનશાસ્ત્રમાં આત્મા-અનાત્મ વિચાર વિષે પંડિતજીએ ચર્ચા ઉપાડી, જેનો ઉત્તર પંડિતજીએ બહુ કુશળતાથી આપ્યો. ત્યારબાદ વાદકથા ઉપર ચર્ચા ચાલી. તેમાં પંડિતજીએ કેટલાક પંડિતોને બે ત્રણ કોટીથી, કેટલાકને પાંચ, કેટલાક આઠ તો કેટલાકને દશ કોટિ પછી નિરુત્તર કર્યા. આમ થવાથી પંડિતોને લાગ્યું કે કાશીનું ગૌરવ ખંડિત થવા આવ્યું છે. આ વખતે સમયસૂચકતા વાપરી પંડિતજી બોલ્યા કે, કાશી તો અજેય છે. તે અહીં તો જે ચર્ચા ચાલે છે તે આત્માનંદ ખાતર છે. આમાં કંઇ મારી મોટાઇ બતાવવાની ઇચ્છા નથી. આવડા મોટા સમૂહનાં પંડિતોમાં બિરાજતી સરસ્વતીનાં વિવિધ રૂપનાં દર્શન કરી મને અતિ આહ્લાદ થાય છે. વળી મારો અહીં આવવાનો ઇરાદો ભગવદ્ દર્શન છે. વિજયપત્ર એ મારો ઇરાદો હતો નહિ, ને છે પણ નહિ. આમ કહી પંડિતજી ને પંડિતમંડલી વચ્ચે કાવ્યસાહિત્યની ચર્ચા ચાલી. ત્યારબાદ મહારાજશ્રીએ દરેક પંડિતનું પૂજન કરી સુવર્ણ, વસ્ત્ર તથા સો સો રૂપિયા દાન તરીકે આપ્યા. પછી પંડિતો મહારાજશ્રી તરફ સન્માન દર્શાવી, પંડિતશ્રીનાં વખાણ કરતા કરતા સૌ સૌનાં સ્થાને ગયા. અહીંથી મહારાજશ્રી પધાર્યા અને પંડિતજી શ્રીનાથદ્વારાથી મુંબઇ પધાર્યા.

સં.૧૯૪૩માં અપ્પા શાસ્ત્રી વિદેહ પામ્યા. આ અપ્પા શાસ્ત્રીનું આખું નામ આત્મારામ નારાયણ છે. તેમને પંડિતશ્રી પોતાનાં મોટાભાઇ તરીકે ગણતા. તેઓ કુશાગ્ર બુદ્ધિનાં હતા તથા ડો.ભાંડારકરનાં શિષ્ય હતા. તેમનો જન્મ સં.૧૮૭૪માં થયો હતો. આ પંડિતશ્રીની કદર ગો.શ્રીજીવણલાલજી મહારાજે કરી, પોતાની પાસે આજીવન રાખ્યા હતા. આથી મહારાજશ્રીને પણ લાભ થયો હતો. જોકે મહારાજશ્રી વિદ્વાન હતા ને તેથી બાલકૃષ્ણ વગેરે કાવ્ય રચ્યા છે, પણ તે કાવ્યો ઉપર સંસ્કૃત ટીકા કરી તેમનું ગૌરવ વધારનાર તથા વેદશાસ્ત્રસંપન્ન શાસ્ત્રીજી હતા. તેમણે આ મહાભારત, રામાયણ, યોગવાશિષ્ટ વગેરે ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે. પંડિતશ્રી ને આ શાસ્ત્રીજી વચ્ચે મીઠો નાતો હતો. સુવર્ણ સાથે સુગંધનો કેમ મેળ ન બને? ઘણા કુટિલ પ્રશ્નોમાં તેઓ એકબીજા વચ્ચે સહકાર મેળવતા. જો કે ઉંમરમાં સારો તફાવત હતો, છતા તેઓ એકબીજાનાં બની રહેતા.

સં.૧૯૪૪માં ગુજરાતી જ્ઞાન પ્રચારક મંડળીએ પંડિતશ્રીને કવિતા એ વિષય ઉપર વ્યાખ્યાન આપવા આમંત્રણ આપ્યું. પંડિતજીએ પહેલા પણ આ સભામાં વ્યાખ્યાન કરેલા, તેની કદર આ ભણેલા ગણેલા પારસી બંધુઓ તથા બીજાઓએ કરેલી, ને પંડિતજીની બુદ્ધિશક્તિ માટે તે સૌ સદા સારો ભાવ દેખાડતા. તેમની કવિતાનાં વ્યાખ્યાન ઉપર ચર્ચા કરતા શ્રીગુજરાતીકાર જણાવે છે કે કવિતા એ એક એવી આહ્લાદજનક વસ્તુ છે કે તે ગમે તેને – ગરીબ કે ધનિક, સુખી કે દુખી, આળસુ કે મહેનતુ ને, ગમગીની કે ખુશાલીવાળી સ્થિતિમાં સત્વર આનંદ ઉત્પન્ન કરે છે. માત્ર મોટા મનુષ્ય નહિ પણ નાનાં નાનાં બાળકોને તેમ જ તારુણ્યનાં મદમાં ચકચૂર બનેલા યુવાનોને પણ તે આનંદ આપે છે. કવિતા જેવા અગાધ અને ઉત્તમ વિષયને યોગ્ય ઇન્સાફ કવિ વિના બીજો કોઇ આપી શકે તે વાત અસંભવિત જ છે. વળી ગુજરાતી ભાષામાં સાહિત્ય માટે જોઇએ તેવા ગ્રંથો પણ નથી, કે તેને આધારે એ વિષય સારી પેઠે ચર્ચી શકાય. માટે તેનું યથાર્થ વિવેચન કરવા માટે તો ગુજરાતી જનતાને ગીરવાણ ગિરાનું જ સારી પેઠે જ્ઞાન ધરાવનાર તથા જાતે જ કવિ હોઇને કવિતાનો જીવ જે રસ, તે સમઝનાર પ્રેમી હૃદય મનુષ્ય જ જોઇએ અને એટલી શક્તિ ધરાવનારને હાથે એ વિષય પડેલો જોઇ, અમે ઘણો આનંદ પામ્યા છીએ. ગુજરાતી જ નહિં પણ સંસ્કૃતમાં અત્યુત્તમ કાવ્યશક્તિ આ પંડિતજી ધરાવે છે, એ શક્તિનાં અનુભવનો જેમણે એમની શીઘ્રકવિતાનાં પ્રયોગો લક્ષપૂર્વક જોયા હોય, કે એમની કવિતા વાંચી સાંભળી હોય, એવા સહૃદયી સંસ્કારી વિદ્વાનોને જ તેનો આનંદ મળે તેમ છે. ટૂંકમાં

એટલું જ જણાવીએ છીએ કે એમનાં જેવી સંસ્કૃતમાં અને તે વળી શીઘ્રતામાં કવિતા કરનાર આજને સમયે આ ભારતખંડમાં પણ વિરલ હશે, તો અન્યખંડની તો વાત જ શી?

જો કે ગમે તેવા કરડા અને ગંભીર વિષયને પણ તેઓ ઘણો જ સરળ કરીને સમજાવી શકે છે, અને તેથી જ તેમનાં મુખે સાંભળેલા ભાષણની છાપ શ્રોતાઓનાં હૃદયમાં અદ્ભુત પડે છે. વળી વધારે ચમત્કાર વ્યાખ્યાનમાં એ નજરે પડ્યો કે તેમણે જે થોડું ઘણું કવિતાનું સ્વરૂપ વર્ણવ્યું, તેમાં જોઇતા ઉદાહરણો તેમણે પોતાની કૃતિનાં જ વાપર્યા હતા, અને તે એટલા તો કર્ણપ્રિય તથા રસિક હતા, કે તે પ્રત્યેક ઉદાહરણની એકેક યા બે લીટી બોલતા તેની માધુર્યતા માટે શ્રોતાઓ તરફથી હર્ષનાદની તાળીઓની ગર્જના થતી રહેતી હતી. આ પંડિતજીનાં સ્વાશ્રયની કૃતિ જોતા અમને આપણા પ્રાચીન પંડિતરાજ જગન્નાથનાં રસગંગાધરનાં પહેલા આનનનો એક શ્લોક યાદ આવે છે કે, ''કાવ્યનાં જેવા જોઇએ તેવા નવા ઉદાહરણો રચીને મેં આ ગ્રંથમાં દાખલ કર્યા છે. બીજા કોઇનું એકે લીધું નથી. કસ્તૂરીને પૈદા કરવાની શક્તિ ધરાવનાર મૃગલું પુષ્પોનો સુગંધ મનથી પણ સેવે છે? આ પોતાની ગર્વોક્તિ તેમણે પોતાનાં ગ્રંથમાં સત્ય કરી દેખાડી. તેથી તે ગર્વોક્તિનાં દોષથી મુક્ત થાય છે. પરંતુ આપણા અર્વાચીન પંડિતરાજ તો નિરભિમાન રહીને પોતાનો સ્વાશ્રય સિદ્ધ કરે છે, એ તેમનામાં વિશેષતા અમે જોઇએ છીએ. તેમ આમ કરવાથી ગુજરાતી સાહિત્યમાં પણ એક ઉત્તમ પ્રતિનો વધારો થાય છે, એ કંઇ પંડિતજીનો આપણા ઉપર જેવો તેવો ઉપકાર નથી.

(૨૯) વિવિધ પ્રસંગો

(૧) શ્રીકાટવડેકરનો મિલાપ

પંડિતજીનાં શતાવધાન અને અસાધારણ સ્મરણશક્તિનાં અનેક પ્રસંગો બની ચૂક્યા હતા, ને તે વાત હવે જાહેર બની ગઇ હતી. તેમ છતા જુદા જુદા વિદ્વાનો જુદા જુદા હેતુ સાથે પંડિતજીને મળતા ને તેમની વિસ્મયજનક સ્મરણશક્તિનો પરિચય પ્રાપ્ત થાય તેવી ઈચ્છા રાખતા. મહારાષ્ટ્રમાં કાટવડેકર કરીને એક સુપ્રસિદ્ધ વિદ્વાન તે કાલમાં હતા. સં.૧૯૪૦ની આસપાસમાં તેઓ એક વખત પંડિતજીને મળવા માટે આવ્યા, ત્યારે વાતમાં ને વાતમાં કહ્યું કે આપની સ્મરણશક્તિ અસાધારણ છે એમ સાંભળ્યું છે. તો તે વિષે મને કંઇ પરિચય ન કરાવો! આપ કહો તો મારી પાસે એક મરાઠી પુસ્તક છે તે આપની આગળ વાંચી જાઉં, ને તે આપનાં સ્મરણમાં આવે તો આદ્યોપાંત મને સંભળાવવા કૃપા કરો. ત્યારે પંડિતજી હસીને કહેવા લાગ્યા, ''ભાઇ, હું કંઇ દેવ નથી, હું એક સાધારણ બ્રાહ્મણ મનુષ્ય છું. પણ તમારી ઈચ્છા છે તો ભલે વાંચો. ઈશ્વરકૃપા હશે તો આપ જે કંઇ વાંચશો તે હું મુખપાઠ કરીશ.'' પંડિતજીનો આવો ઉત્તર સાંભળતા શ્રીકાટવડેકરજી આનંદમાં આવી ગયા, ને ઘડિયાળનો સમય ટાંકીને તેમણે મરાઠી પુસ્તકમાંથી વાંચવા માંડ્યું. તે વાંચન લગભગ સાડીત્રીસ મિનિટ ચાલ્યું. આ પછી પંડિતજીએ તે મરાઠી ચોપડીનાં શબ્દે શબ્દનું પ્રતિશ્રવણ કાટવડેકરજીને કરાવ્યું. વળી વચ્ચે કોઇ માણસે છીંક ખાધી હોય તે, તથા ઘડિયાળનાં ટકોરા જે પાનાનાં વાંચન વખતે વાગ્યા હોય તે પણ પંડિતજીએ કહ્યું. ત્યારે મહારાષ્ટ્રનાં તે પરમ વિદ્વાન પંડિતજીને નમન કરીને ધન્યવાદ આપતા વિદાય થયા.

(૨) તત્ત્વચર્ચામાં મધ્યસ્થ

ભારતવર્ષમાં વાલ્મીકિ, મનુ, યાજ્ઞવલ્ક્ય, જૈમિની, પતંજલી, ગૌતમ, કણાદ, આ જુદા જુદા શાસ્ત્રોનાં રચનાર સમર્થ પંડિતો થઇ ગયા છે, ને બાણ કાલિદાસાદિ મહાકવિઓ તથા બીજા વિષયોનાં પ્રણેતા પણ મહાન પુરુષો થયા છે. આ બધા સમર્થ પુરુષોની બુદ્ધિશક્તિનો નિવાસ પંડિતજીમાં થયેલો હતો, તેમ કોઇ

કહે તો આજે પણ આપણને નવાઈ ઉત્પન્ન થાય. પણ જેઓ એમનાં સાક્ષાત્ પરિચયમાં આવ્યા છે, તથા તેમનાં તે તે વિષયનાં પ્રૌઢ વ્યાખ્યાનગ્રંથો, તથા લેખો વાંચ્યા છે તેમને તો એ વાતમાં નવાઈ નહિ લાગે. સામાન્ય રીતે વેદાંત, ન્યાય, ધર્મશાસ્ત્ર અને કાવ્ય - એમાંથી એકાદ વિષયમાં પારંગત હોય છે તે વિદ્વાન કહેવાય છે. પણ આપણા પંડિતજી વેદાંત, ધર્મશાસ્ત્ર, ને કાવ્ય દરેકમાં પૂર્ણ હતા, ને ન્યાયમાં મધ્યમ હતા. આમ ત્રણે શાસ્ત્રોનાં અભ્યાસી પંડિતો ઘણા જ થોડા હોય છે. વળી પંડિતજીએ ન્યાય શાસ્ત્રનો અભ્યાસ જાણીતા મહામહોપાધ્યાય પ્રોફેસર ભીમાચાર્ય પાસે કર્યો હતો. પોતે મહાન વિદ્વાન હોવા છતા પોતાને જે વિષય અજ્ઞાત હોય તે જાણી લેવા માટે તેઓ હંમેશ તત્પર રહેતા. આમ તેમનામાં સરસ્વતીદેવીએ બધી રીતે નિવાસ કર્યો હતો. આથી પંડિતજી વિદ્વાનો તેમ જ સામાન્ય માણસોની રેફરન્સબુક બની ગયા હતા. જે કોઈ વસ્તુ ન સમજાય કે શાસ્ત્રમાં ન જડે તે વસ્તુનાં પૂર્વાપર સંબંધ તથા રહસ્ય સમજવા માટે અનેક વિદ્વાનો તથા સામન્ય માણસો પણ તેમની પાસે આવતા. વળી વખતોવખત કેટલાક સમર્થ વિદ્વાનો તેમની સાથે તત્ત્વચર્ચા કરવા માટે માંગણી કરતા. આવો એક પ્રસંગ સં.૧૯૩૧માં બન્યો હતો.

મુંબઈમાં નારાયણવાડીમાં તાતાચાર્યજી સામે એક સુપ્રસિદ્ધ પંડિત રહેતા. તેઓ જાતે રામાનુજ પંડિત હતા. તેમણે એક વખતે વિનોદાર્થે શાસ્ત્રાર્થ કરવા માટે પંડિતજી પાસે માંગણી કરી. તેમાં તાતાચાર્યજીએ શાંકરમત લીધો ને પંડિતજીએ શુદ્ધાદ્વૈત મત લીધો. આ વાદવિવાદ સંસ્કૃત ભાષામાં શરૂ થયો ને તે પાંચ કલાક સુધી ચાલ્યો. તેમાં પંડિતજીએ શુદ્ધાદ્વૈત સિદ્ધાંતનો ઉત્કર્ષ સારી રીતે સિદ્ધ કરી તાતાચાર્યજીને નિરુત્તર કર્યા હતા.

આવી રીતે પુનાની શ્રીયદુનાથજી મહારાજની પાઠશાળામાં કાશી નિવાસી બાલશાસ્ત્રી અને ગ્વાલિયરનાં ધોંડશાસ્ત્રી વચ્ચે વ્યાકરણમાં મોટો શાસ્ત્રાર્થ થયો હતો. આ પ્રસંગે પંડિતજી મધ્યસ્થ નિમાયા હતા. તેમાં પંડિતશ્રીએ મધ્યસ્થ તરીકેની જવાબદારી બહુ સારી ને નિષ્પક્ષ રીતે બજાવી હતી. આમ પંડિતજીને કેટલાક ઠેકાણે શાસ્ત્રીય ચર્ચામાં પક્ષકાર તરીકે અથવા તો મધ્યસ્થ તરીકે કામ કરવું પડતું. આવા શાસ્ત્રાર્થ વર્ષમાં કેટલીક વખત થતા. આવો એક શાસ્ત્રાર્થ માધવબાગમાં તા.૧૪-૧૧-૧૮૮૫ એટલે સં.૧૯૪૧માં થયો હતો. તેમાં પંડિતજી મધ્યસ્થ નિમાયા હતા.

સં.૧૯૪૧નાં માગસર સુદ ૧૦ને શનિવારે વિશિષ્ટાદ્વૈત સિદ્ધાંતવાળા પંડિત વ્યંકટાચાર્યજી તથા અદ્વૈત સિદ્ધાંતવાળા પંડિત નાનુરામ શર્મા, એમની વચ્ચે રામાનુજ ને શાંકર સિદ્ધાંતને લગતો વાદ થવા માટે પ્રથમ સભા મળી. તે વખતે મધ્યસ્થ તરીકે પંડિત શ્રીગટ્ટુલાલાજી તથા પંડિત ભાસ્કરાચાર્યજી નિમાયા હતા. પ્રારંભમાં પંડિત શ્રીગટ્ટુલાલાજીએ સભાજનોને જણાવ્યું,‘‘વિશિષ્ટાદ્વૈત અને કેવલાદ્વૈત એ બન્ને મતનાં એટલા ગ્રંથો છે કે તેમનું પારાયણ કરતા ઘણો કાળ લાગે અને બન્ને મતમાં ધુરંધર પંડિતો થઈ ગયા છે, અને હાલ પણ છે. માટે આ વાદમાં જય પરાજય વ્યક્તિનો સમજવો, પણ કોઈપણ મતનો ન સમજવો. આ શાસ્ત્રાર્થ એક દિવસમાં પૂર્ણ થઈ શકે તો ઠીક, નહિ તો બે દિવસમાં તો અવશ્ય પૂરો કરવો; અને હાલ અમને બેને જ મધ્યસ્થ ઠેરવ્યા છે તેમ ન કરતા મધ્યસ્થની સંખ્યામાં બીજા ત્રણનો વધારો કરવો, કારણકે તેથી જે તરફ વિશેષ મત પડે તેનો જય અને તેમ ન બને તેનો પરાજય થયો એમ ગણવું સુગમ પડે. વાદીપ્રતિવાદીએ આ વાદ માત્ર વિનોદાર્થ સમજવો, પણ તેમાં પરસ્પર દ્વેષબુદ્ધિ રાખવી નહિ. શ્રુતિ અને સ્મૃતિ તથા તેને અવિરુદ્ધ તર્કથી શાસ્ત્રાર્થ કરવો, અને બન્નેએ પોતપોતાનાં મતનું સ્થાપન અને બીજા મતનું ખંડન કરવું.’’ આ પછી બીજા ત્રણ મધ્યસ્થો તરીકે રાજારામ શાસ્ત્રી, ગિરધારી શાસ્ત્રી અને ગૌડવાચાર્યને નીમવામાં આવ્યા. આ પછી આ શાસ્ત્રાર્થ માગસર વદ ૪નાં દિવસે વાદી, પ્રતિવાદી ને મધ્યસ્થો તથા શ્રોતાજનો સમક્ષ શરૂ થયો.

પ્રથમ પંડિત વ્યંકટાચાર્યે પૂર્વપક્ષ કર્યો કેઃ ‘‘અદ્વૈત મતમાં નિર્વિશેષત્વ, ચિન્માત્રત્વ અને જીવ-બ્રહ્મની એકતા જે કહેલી છે તે કઈ રીતે સિદ્ધ થઈ શકે છે? કારણકે ‘‘યઃ સર્વજ્ઞઃ સ સર્વવિત્’’ એ આદિ શ્રુતિઓએ સર્વજ્ઞત્વાદિ વિશેષ આત્માનાં કહેલા છે. માટે નિર્વિશેષત્વ સિદ્ધ થઈ શકતું નથી. કારણકે ‘‘વિજ્ઞાતરમેકેન વિજાનીયાત્’’ એ શ્રુતિએ જ્ઞાનનો આશ્રય આત્મા વર્ણવેલો છે, માટે ચિન્માત્રત્વ સિદ્ધ થઈ શકે નહિ. વળી

‘‘દ્વા સુપર્ણા સયુજા સખાયા સમાનં વૃક્ષં પરિષસ્વજાતે’’ એ શ્રુતિએ જીવ-બ્રહ્મનો ભેદ પ્રતિપાદિત કરેલો છે. માટે તે બેની એકતા થઈ શકે નહિ.’’

આનો ઉત્તર પંડિત નાનુશર્માએ આપ્યો કે, સવિશેષ બ્રહ્મવાદીનાં મતમાં વિશેષ શબ્દથી ગુણ લેવા, અવયવ લેવા કે ક્રિયા લેવી? જો આપ સગુણ બ્રહ્મ કહો તો તે ઠીક નથી, કારણકે ‘‘સાક્ષી ચેતા કેવલો નિર્ગુણશ્ચ’’ઇત્યાદિ શ્રુતિઓએ બ્રહ્મનાં નિત્ય ગુણનો નિષેધ કરેલો છે. અવયવ અને ક્રિયા પણ આત્મામાં નિત્ય રહી શકતા નથી. કારણકે ‘‘નિષ્કલં નિષ્ક્રિયં શાંતમ્’’ ઈત્યાદિ શ્રુતિઓએ અવયવ અને ક્રિયાનો નિષેધ કરેલો છે. માટે ત્રણે કલ્પ સવિશેષ કહી શકાતા નથી તેથી નિર્વિશેષ બ્રહ્મ સિદ્ધ થાય છે. જ્ઞાનાશ્રયતાથી ચિન્માત્રત્વ ન માનવું એવો જે આપનો પક્ષ છે તે પણ ઘટે નહિ. કારણકે ‘‘સત્યં જ્ઞાનમનંતંબ્રહ્મ, પ્રજ્ઞાનં બ્રહ્મ’’ ઈત્યાદિ શ્રુતિઓએ જ્ઞાનૈકરૂપ આત્માનું પ્રતિપાદન કરેલું છે. માટે જ્ઞાનાશ્રય આત્મા નથી પણ ચિન્માત્રરૂપ છે તે પણ ઘટે નહિ, કારણકે ‘‘અભયં વૈ જનક પ્રાપ્તોસિ યદ્વેદ બ્રહ્માહમસ્મિ તત્ત્વમસિ’’ ઈત્યાદિ શ્રુતિઓએ અભેદ પ્રતિપાદન કરેલું છે. માટે ભેદપક્ષ સિદ્ધ થઈ શકે નહિ.’’

એવી રીતે ત્રણ પક્ષ ચાલેલા હતા. તે પર કોટિક્રમ થતા થતા શનિવારનો દિવસ ગયો અને રવિવારને દિવસે પણ એકથી સાડાચાર સુધી શાસ્ત્રાર્થ ચાલ્યો. પછી જ્યારે અઢી કોટિ પંડિત વ્યંકટાચાર્યજી ઉપર રહી, અને અઢી કોટિ પંડિત નાનુરામ શર્મા ઉપર રહી, ત્યારે મધ્યસ્થોએ શાસ્ત્રાર્થ બંધ કરાવ્યો, અને બીજા મધ્યસ્થોની સંમતિથી પંડિત શ્રીગટ્ટુલાલાજીએ સર્વ સભાસદોને જણાવ્યું કે, ‘‘આ વાદમાં બન્ને પક્ષ બરાબર ઉતર્યા છે, કોઈનો જય પરાજય થયો નથી, કારણકે બેઉનાં ઉપર સરખી કોટિ રહેલી છે.’’ એમ કહી સભા વિર્સજન કરી.

(૩) વાંદરાનાં વધનો ન્યાય

આજથી સિત્તેર, એંસી વર્ષ પૂર્વે આપણી જ્ઞાતિ સંસ્થાઓ અત્યારનાં જેવી નિર્બળ ને નિષ્ક્રિય ન હતી. તેમની સત્તા કોઈ પણ સત્તાધીશ કરતા પણ વધુ હતી. ગમે તેવો અક્કડ ને ટેકીલો માણસ હોય છતા પણ સમગ્ર જ્ઞાતિની નીતિ વિરુદ્ધ કોઈ પણ કાર્ય કરવા ઈચ્છે તો જ્ઞાતિ તેના ઉપર પ્રત્યક્ષ ને પરોક્ષ રીતે દબાણ લાવી શકતી, ને તેનાં અક્કડ વલણમાં સારી રીતે મને કે કમને તેણે ફેરફાર કરવો પડતો. જો કે જ્ઞાતિસંસ્થાનાં આ જોહુકમીભર્યા વર્ચસ્વનાં ભોગ કોક કોક વખત સાચા દિલનાં સુધારક ને પવિત્ર પુરુષો પણ બનતા અને હાલ પણ બને છે. પણ તેવું ઘણું ઓછું બનતું. વળી સમગ્ર રીતે જોતા તે સંસ્થામાં વિવેક, ને કાલની મર્યાદાનું શાણપણ હતું અને છે. વળી આવી સંસ્થાઓમાં જે કંઈ કાર્ય થાય છે તે ઘણું કરીને સર્વાનુમતિથી થાય છે. આવો એક નોંધપાત્ર પ્રસંગ મુંબઈમાં દશાવીશાલાડ જ્ઞાતિનો બનેલો તે નીચે આપું છું.

સં.૧૯૪૨નાં ચૈત્ર સુદ ૮, દશ વીશાલાડ જ્ઞાતિનાં શેઠ ઉપર બે અરજી આવી. વિગત એવી હતી કે તા.૧૧-૪-૮૬નાં રોજ ઈન્સ્પેક્ટર ફ્રાઈડોએ ગોળી મારી એક નર વાનરને મારી નાખ્યો, તથા માદાને ઝેરી મિઠાઈ ખવડાવી મારી નાખી. આ કાર્યમાં ઝેર ભેળવવા પદાર્થ, બરફ, કેળા તથા બંદુક એ સઘળું સાહિત્ય મી.દામોદરદાસ નાનાભાઈ નામનાં લાડ વાણિયાએ આણી આપ્યું હતું. આ વિષેની એક અરજી શ્રી.ધનજી હીરાજી, તથા બીજી અરજી જોષી લાલજી કરસન તથા જ્ઞાતિજનોએ કરી હતી. આથી બે હજાર માણસની આ જ્ઞાતિનાં શેઠ શ્રી.નરોત્તમદાસ કરસનદાસે જ્ઞાતિનું પંચ બોલાવ્યું. પંચે પંડિતજીની સલાહ મુજબ આ વિષે ન્યાય કરવો તે નક્કી કર્યું, અને એક વિનંતીપત્ર પંડિતશ્રી ઉપર નીચે મુજબ મોકલ્યું.

વેદશાસ્ત્રસંપન્ન પ્રસિદ્ધ પંડિત ગટ્ટુલાલાજી ધનશ્યામજી મહારાજ, તથા તેમની પસંદગીનાં બીજા વિદ્વાનોની પવિત્ર સેવામાં.
મહારાજ,

મુંબઈવાસી લાડ વીસા તથા દશાની ન્યાતિસભા ચૈત્ર સુદ ૧૦ને વાર ભોમને દિને ન્યાતિનાં એક ગૃહસ્થ ઉપર વાંદરા ૨, તેમાં એક નર અને એક માદા એ પ્રમાણે બે, એ ગૃહસ્થની સૂચનાં ઉપરથી ખૂબ ઉપદ્રવ થવાનાં કારણથી પરહસ્તે માર્યા ગએલા, તેવું તપાસ કરતા સાબિત થયું. તેને માટે ન્યાતિ તરફથી તે ગૃહસ્થનું શું શાસન કરવું તેને માટે ઠરાવ કરવા જ્ઞાતિ મળી હતી. જે બાબતમાં ન્યાતિસભાએ કીધેલા ઠરાવની રૂએ આપની પાસે ધર્મશાસ્ત્રો પ્રમાણે પ્રાયશ્ચિત્ત કહાવડાવી, તે પ્રમાણે મજકુર ગૃહસ્થ પાસે અમલ કરાવવા ન્યાતિ સભાએ અમો નીચે સહી કરનારા જણ બેને આપની સાન્નિધ પ્રતિનિધિ દાખલ મોકલ્યા છે. માટે કૃપા કરીને આપ યોગ્ય લાગે તેવો રસ્તો કાઢી આપશો.

ઉપર લખેલા બે પ્રાણીઓમાં નર બંદુકની ગોળીએ ને માદા ઝેરથી મારવામાં આવેલા છે. તે માદા ગર્ભણી ન હતી. ઝેર ભેળવવાનો પદાર્થ, બરફી, કેળા તથા બંદુકની મદદ આરોપીએ આણી આપી હતી.

(સહી) લાલભાઈ વલ્લભભાઈ
ત્રિભોવનદાસ હરીવલ્લભદાસ

આ વિનંતી ઉપરથી પંડિતજીએ આ કામમાં પાંચ પંડિતોની સંમતિથી નીચે પ્રમાણે ચુકાદો આપ્યો. આ પંડિતોમાં શ્રી.કાશીનાથ શાસ્ત્રી ગોળવેળકર, વિષ્ણુશાસ્ત્રી મહાબલ, ભાલચંદ્ર શાસ્ત્રી પાધ્યે, ઈચ્છાશંકર શુક્લ તથા વિષ્ણુ શાસ્ત્રી હતા. વાનરનાં વધનું પ્રાયશ્ચિત્ત મનુસ્મૃતિ અધ્યાય ૧૧નાં શ્લોક ૩૫, યાજ્ઞવલ્ક્ય સ્મૃતિનાં ત્રીજા અધ્યાયનાં ઉપપાતક પ્રાયશ્ચિત્ત પ્રકરણનાં શ્લોકમાં છે તથા પ્રાયશ્ચિત્ત ઈંદુશેખરમાં પણ તેમ જ છે. આ ઉપરથી પંડિતજીએ નીચે મુજબ લેખિત ચુકાદો સં.૧૯૪૨નાં ચૈત્ર વદ ૩ને વાર બુધવારે જ્ઞાતિને આપ્યો.

(૧) જે મજકુર આરોપી દામોદરે પોતાની શક્તિ પ્રમાણે સોનાનાં શિંગડા, રૂપાની ખરી, મોતીનું પૂછડું અને તાંબાનો વાંસો ઈત્યાદિ સહિત બે ગાયો બ્રાહ્મણોને દાનમાં આપવી.

(૨) ઉપલો પક્ષ ન બને તો એકેકી ગાયનાં મૂલ તરીકે પોતાની શક્તિ પ્રમાણે ચાર તોલા, નહીં બને તો બે તોલા, નીકર છેવટે એક તોલો સોનું દાનમાં આપવું. શક્તિ તપાસવાનું કામ ન્યાતિલાઓને પંડિતજી સોંપે છે.

(૩) કોઈ પવિત્ર તળાવ ઉપર દાઢીમૂછ મુંડાવી એક ઉપવાસ કરી ઉપલું પ્રાયશ્ચિત્ત કરવું.

(૪) ગંગાજી ભાગીરથીમાં સ્નાન કરવું.

આમ આવા અનેક સામાજિક, રાજકીય, પ્રજાકીય, તેમ જ સાંપ્રદાયિક પ્રસંગોમાં પંડિતજીને મધ્યસ્થ, પક્ષકાર, સમાધાનકાર અગર બીજી રીતે અગ્રપણે ભાગ લેવો પડતો. અત્રે તો આવા અનેક પ્રસંગોમાંથી એકાદ દાખલો આપી સંતોષ માનવો પડે છે. આ પ્રસંગ ઉપરથી તે વખતનું આપણું સામાજિક ને ધાર્મિક વાતાવરણ, નવા લોકો તથા આપણા અગ્રગણ્ય નેતાઓનું વલણ વગેરેની કૈંક ઝાંકી થશે.

(૪) દિવ્ય અનુભવ

આપણે ઉપલા પ્રસંગોમાં પંડિતજીને દિવ્ય સ્મરણશક્તિવાળા, શાસ્ત્રાર્થમાં મધ્યસ્થ, તથા ન્યાયાધીશ તરીકે પવિત્ર ફરજ બજાવતા જોયા. આ પ્રસંગામાં તેમનું હૃદય કેવું પ્રેમાળ તથા પવિત્ર હતું, તથા તે ભોળા ને કુમળા હૃદયમાં પ્રભુનાં કેવા દિવ્ય અનુભવો થતા તે વિષેનું દર્શન કરીશું.

સં.૧૯૩૯-૪૦માં પોતાનાં મામાનાં દિકરા ગોસ્વામીશ્રી ગોકુલેશજી જામનગરની મદનમોહનલાલ (શ્રીબાબુરાયજી મહારાજશ્રી) ની ગાદી ઉપર પધારવાનાં હતા. આથી શ્રીબાબુરાયજી મહારાજનાં પુત્રવધુ શ્રીમાજી મહારાજે મુંબઈથી પંડિતજીને બોલાવ્યા. આ વખતે મુંબઈથી વઢવાણ સુધી રેલ્વે હતી, ને વઢવાણથી રાજકોટ સુધી સરકારી ટપાલ માટે ઘોડાનાં ટપ્પા ચાલતા હતા. પંડિતજી પોતાનાં શિષ્ય માધવજી ગોપાલજી

વૈદ્ય શાસ્ત્રીને લઈ રેલ્વેમાં વઢવાણ ગયા, ને ત્યાંથી સરકારી ટપ્પામાં બેસી પરધરી ઉતર્યા. (અહીં જામસાહેબનો મોટો મહેલ છે.) તે વખતે સવારનાં પાંચ વાગ્યા હતા. એટલામાં સખ્ત વરસાદ ને વાવાઝોડું થયું, પણ સદ્‌ભાગ્યે એક કલાકમાં તે બધુ શાંત પડ્યું. આ વખતે પંડિતજીએ માધવજી શાસ્ત્રીને નદી ઉપર પોતાને લઈ જવાની સૂચના કરી, આથી શાસ્ત્રીજીએ પંડિતજીને નદી ઉપર લઈ જઈ પૂર્વ દિશા તરફ બેસાડ્યા. પંડિતજીએ સૂર્યોદય થયો છે કે નહીં તે પૂછ્યું. ત્યારે શાસ્ત્રીજીએ અરુણોદય થયો છે એમ કહ્યું. આમ વાતચીત ચાલે છે, ત્યાં તો પંડિતજીની આંખમાંથી અશ્રુપ્રવાહ વહેવા માંડ્યા, તથા પંડિતજીએ ઉંચેથી શ્વોચ્છવાસ લેવા માંડ્યા. આમ પંડિતજી ને રડતા જોઈ, શાસ્ત્રીજી મનમાં દુઃખી થવા લાગ્યું, અને વિચારવા લાગ્યા કે પંડિતજીને અણજાણતા કંઈદ વાગ્યું હશે, પણ હું વગરપૈસાનો નૌકર એટલે ઠપકો દઈ શકતા નથી. આમ વિચારતા પોતે પંડિતજીને નમ્રતાથી વારંવાર પૂછવા લાગ્યા, કે આમ શા માટે રડો છો? આપને શું દુઃખ થયું તે જરા સ્પષ્ટ કરો તો ઠીક! પણ પંડિતજી તો પોતાનાં આત્મામાં લીન હતા. એક બાજુ અશ્રુપ્રવાહ ચાલતો હતો, બીજી બાજુ મુખમાંથી ‘‘શ્રીકૃષ્ણાય નમઃ શ્રીકૃષ્ણ ગોવિન્દ હે દયાલો પાહિ મામ્’’ એવા સ્વરો નીકળતા હતા. હવે શાસ્ત્રીજી વધુ મૂંઝાવા લાગ્યા. પહેલા તેમને લાગેલું કે કંઈ મારી ભૂલથી પંડિતજીને લાગી આવ્યું છે, માટે રડે છે; હવે એમ લાગવા માંડ્યું કે તેમને શ્રીકૃષ્ણ પરમાત્માનાં સાક્ષાત્ દર્શન થયા હશે. માટે ગુરુજી આમ કરે છે. આમ માધવજી શાસ્ત્રીની મૂંઝવણ વધવા માંડી.

આ તરફ પંડિતજી તો આર્તસ્વરો સાથે ભગવન્નામોચ્ચાર તથા અરે અરે એવા શબ્દોચ્ચાર કરે જતા હતા. આમ ઘડીકમાં પંડિતજીને ભગવન્નમોચ્ચાર કરતા તથા ઘડીકમાં અરે અરે શબ્દો બોલતા જોઈ, શાસ્ત્રીજી વધુ ગભરાવા લાગ્યા. તેઓ તો પંડિતજીનાં રડવાનું કારણ કંઈ સમજી શક્યા નહિ. તેથી તેઓ વિચારવા લાગ્યા કે શું તેમને પગમાં કાંટો વાગ્યો છે, પેટમાં દુઃખ છે, માથામાં વેદના થાય છે કે બીજી કંઈ આંતર પીડા છે! ને ગળગળે અવાજે પંડિતજીને વારંવાર તેમનાં દુઃખનું કારણ પૂછવા લાગ્યા. થોડીવાર પછી પંડિતજીએ પોતાની આંતર સમાધિમાંથી જાગતા શાસ્ત્રીજીનો ગળગળો અવાજ સાંભળ્યો. એટલે તેઓ બોલ્યા કે બેટા, કંઈ પણ વાગ્યું નથી, તેમ કંઈ દેહની પીડા નથી! એ તો મારો એવો સ્વભાવ છે. ત્યારે શાસ્ત્રીજીએ બહુ નમ્રભાવથી સાચી વાત જાણવા જિજ્ઞાસા કરી. આથી પંડિતજીનું હૈયું પાછું ભરાઈ આવ્યું ને બોલવા લાગ્યું કે, ‘‘ભગવન્ શ્રીકૃષ્ણ, અહો દેવાધિદેવ, ક્ષંતવ્યો મે અપરાધઃ’’ પછી થોડીવાર શાંત રહી, કહ્યું કે શ્રીઠાકુરજી પાસેનાં સિંહાસન ઉપરનાં ઝારીજી ઢોળાઈ ગયા છે ને સિંહાસન ઉપર જળ ઢોળાયું છે માટે જરા દુઃખ થઈ આવ્યું. પંડિતજીનાં આ શબ્દો સાંભળ્યા એટલે તેમણે પંડિતજીને કહ્યું કે શ્રીઠાકોરજી તો મુંબઈમાં બિરાજે છે અને આપણે તો પરધરીમાં છીએ! તો આપે તે શી રીતે જાણ્યું? પણ પંડિતજીએ તેનોં કંઈ ઉત્તર ના આપતા પ્રભુનું નામસ્મરણ ઘણા વખત સુધી ચાલુ રાખ્યું. આમ ને આમ એક બે કલાક ચાલ્યા ગયા પછી શાસ્ત્રીજીની વિનંતીથી પંડિતજી સ્નાનાદિ કરી મુકામ ઉપર પધાર્યા. હવે શાસ્ત્રીજીને પંડિતજીની વાતમાં ચટપટી લાગી. આથી મુકામ ઉપર જતા જ ૧૧ રૂપિયાનો અર્જન્ટ તાર મુંબઈ શેઠ શ્રીઈશ્વરલાલ ત્રિભોવનદાસને પંડિતજીએ કહેલી ઠાકોરજી સંબંધી બધી બીનાનો કરવામાં આવ્યો, ને મંગલા થતા પહેલા મંદિરમાં જઈ, મુખિયાજીને પૂછી, આ વાતનાં સમાચાર જામનગર આપવા જણાવ્યું. શેઠશ્રીને તાર મળતા મંદિરે ગયા. તે વખતે મુખિયાજી સ્નાન કરીને ઘંટનાદ કરતા હતા. તપાસ કરતા જણાવ્યું કે અગાઉ દિવસે તાલામંગલ થયા પછી જળની ઝારી ઢોળાઈ ગએલી, ને સિંહાસન ઉપર કેટલુંક જળ ઢોળાએલું હતું. આ બીના શેઠશ્રી તથા મુખિયાજીએ જોઈ તેથી તેઓ બહુ દિલગીર થયા.

હવે અહીં તાર કર્યા પછી પંડિતજી તથા શાસ્ત્રીજી પ્રસાદ લેવા બેઠા. ત્યારે પંડિતજીએ હંસતા હંસતા કહ્યું કે, ‘‘માધવજી, આનંદમાં છો ને? તપાસ કરવાથી દુનિયામાં બધી વસ્તુઓ નક્કી થાય છે!’’ ત્યારપછી તેઓ રાતનાં સરકારી ટપ્પામાં બેસી બીજે દિવસે જામનગર ગયા. ત્રીજે દિવસે શેઠશ્રી ઈશ્વરલાલ ભાઈનો પત્ર માધવજી શાસ્ત્રી ઉપર આવ્યો. તે આખો પત્ર શાસ્ત્રીજીએ પંડિતજી આગળ વાંચી બતાવ્યો. આ પત્ર વાંચ્યા પાછા પંડિતજીને પૂર્વવત્ ભગવદ્ દર્શનની તીવ્ર આર્તિ થઈ આવી. પંડિતજીનાં જીવનમાં આવા કેટલાક પ્રસંગો

બનતા જે વખતે ભગવદ્ વિરહમાં તેઓ ચોધાર અશ્રુ પાડતા. ખરેખર બહુશ્રુતતા સાથે નમ્રતા, મોટાઇ સાથે દીનતા, શાસ્ત્ર પાંરગતતા સાથે ભગવદ્ વિરહાનુભવ કોઇ વિરલા ભગવાનનાં કૃપાપાત્ર જનમાં જ હોય છે.

(૫) એક શ્લોકનો શબ્દાર્થ

ભારતવર્ષનાં જુદાજુદા વિભાગનાં મોટા મોટા વિદ્વાનો પંડિતો અને દેશનેતાઓ જ્યારે જ્યારે મુંબઇ પધારતા ત્યારે ત્યારે તેઓ પંડિતજીને મળ્યા વિના જતા નહિ. વળી આ વિદ્વાનો કેટલીક વખત પોતાની શંકાઓ પંડિતજી પાસે રજુ કરી, તેનું સમાધાન મેળવવા માટે અપેક્ષા રાખતા. આવા વિદ્વાનોમાં પ્રો.દેવસેન, પંડિત ભગવાનલાલ ઇંદ્રજી, કલકત્તા હાઇકોર્ટનાં ચીફજસ્ટિસ સર રમેશચંદ્ર મિત્ર વગેરે અનેક હતા. સર રમેશચંદ્ર મિત્રે પંડિતજીની એક વખતે દોઢ કલાક મુલાકાત લીધી. તે વખતે ધર્મ સંબંધી વાતચીત કર્યા પછી, તેમણે પૂછેલી શંકાઓનું પંડિતજીએ પૂર્ણ સમાધાન કર્યાથી પંડિતજી માટે તેમણે આ પ્રમાણે કહ્યું હતું, ‘‘પશ્ચિમનો સુધારો અને પશ્ચિમની પ્રજા આવા પુરુષો કદી પણ ઉત્પન્ન કરી શકે નહિ. ધર્મસંબંધી મારા હ્રદયમાં જન્મતી શંકા ને તેથી ખૂંચતો કાંટો નિર્મૂળ કરી, આપે જે મારા પર કૃપા દર્શાવી મને નિઃસંશય કીધો છે, તેમાં જ મારી મુંબઇની સફરનું સાફલ્ય સમજું છું.’’

વળી સં.૧૯૪૦માં આપણા જાણીતા તત્ત્વજ્ઞાની સાક્ષર કવિ શ્રીમણિભાઇ નભુભાઇ સિદ્ધાંતકૌમુદી ભણવા આવતા હતા. આ વખતે મહારાષ્ટ્રનાં જાણીતા વિદ્વાન ભાંડારકર પણ તે જ ગ્રંથ ભણવા માટે પંડિતજી પાસે આવતા. તેમણે ‘‘સંસ્કૃતમાર્ગોપદેશિકા’’ તથા ‘‘મંદિરાન્તઃપ્રવેશિકા’’ નામનાં બે પાઠ્ય-પુસ્તકો સંસ્કૃતભાષા શીખનાર વિદ્યાર્થીઓ માટે અંગ્રેજીમાં લખેલા છે. તેઓ પાછળથી યુનિવર્સિટીનાં એક મુખ્ય કાર્યકર, સંસ્કૃતનાં તજજ્ઞ તથા પુનાની ઓરિયેન્ટલ સંસ્થાનાં મુખ્ય કાર્યકર્તા હતા. વળી તે સમયમાં મુંબઇ હાઇકોર્ટનાં મોટા જજ રા.રા.તૈલંગ, જે પ્રથમ બેરિસ્ટર હતા તેઓ પણ પંડિતજી પાસે સંસ્કૃતનો અભ્યાસ કરતા હતા. ત્યારપછી કેટલાક વર્ષો બાદ તેઓશ્રી હાઇકોર્ટનાં જજ થયા હતા. બેરિસ્ટર તૈલંગને શાસ્ત્રીજી માધવજીનો અત્રે પરિચય થયો. તેમણે શાસ્ત્રીજીને એક આર્યાનાં શ્લોકનો અર્થ પૂછ્યો. આ આર્યા એક કૂટ શ્લોકની બનેલી છે, ને તેનો અર્થ પણ ઘણો કઠણ છે. ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે મને તેનો અર્થ નથી આવડતો. ત્યારે શ્રી.તૈલંગે કહ્યું કે આપ પંડિતજીને તેનો અર્થ ના પૂછો? ત્યારે શાસ્ત્રીજીએ કહ્યું કે પૂછી તો શકાય પણ બને તો આપણે અત્રેનાં બીજા વિદ્વાનોને પૂછીને પછી પંડિતજીને પૂછીએ. જ્યાં સુધી બીજા વિદ્વાનોથી આ કામ પતતું હોય ત્યાં સુધી પંડિતજીનો કિમતી સમય બચાવવો જોઇએ. ત્યારે રા.તૈલંગે કહ્યું, મેં આ શ્લોકનો અર્થ સમજવા ઠીક ઠીક શ્રમ લીધો છે. જેમ કે મહામહોપાધ્યાય પં.રાજારામ શાસ્ત્રી બોડસ, મહામહોપાધ્યાય ભીમાચાર્ય ઝલકીકર, શ્રી.કાશીનાથ શાસ્ત્રી ગોળવેલકર, મહામહોપાધ્યાય અપ્પાશાસ્ત્રી વગેરેને પૂછ્યું છે, પણ મારા મનનું સમાધાન નથી થયું. ત્યારે માધવજીભાઇએ પંડિતજીને તે શ્લોકનો અર્થ પૂછી લાવીશ તેમ કહ્યું. આથી એક દિવસે પંડિતજી સહજ આનંદમાં બેઠા હતા, ત્યારે માધવજીભાઇએ રા.તૈલંગે પૂછેલા શ્લોકનો અર્થ પૂછ્યોઃ

‘‘અધુના મધુકરપતિના ગલિતોપ્પકાર દમ્પતી યેન ।’’
‘‘ત્રાતઃ સ પાલયે ત્વાં વિગત વિકારો વિનાયકો લક્ષ્મ્યાઃ।’’

આ શ્લોક સાંભળતા પંડિતજી પ્રથમ વિચારમાં પડી ગયા, ને પૂછ્યું કે આ આર્યા તમે ક્યાંથી લાવ્યા? ત્યારે શાસ્ત્રીજીએ જણાવ્યું કે બેરિસ્ટર તૈલંગ સાહેબે મને અર્થ પૂછવા આપી છે. તેમણે આપણા નગરમાં વસતા સારા વિદ્વાનોને તેનો અર્થ પૂછતા, કોઇ બરાબર સમાધાન કરી શકતા નથી. તેથી આપશ્રીને પૂછવા માટે મને કહ્યું છે. આ આર્યાનાં અર્થ વિષે પંડિતજીને પણ ઠીકઠીક શ્રમ કરવો પડ્યો. પણ પાછળથી તેનો અર્થ સ્ફુર્યો. એટલે શાસ્ત્રીજીને બોલાવીને કહ્યું કે ભાઇ, આ આર્યાનો અર્થ આવો હોવો જોઇએ.

અધુના-એટલે હમણા વળી અધુ-મધુકરપતિના, ધુ-અક્ષર વિનાનો મકરપતિ એટલે ઝૂડ અથવા ગ્રાહ, તેનાં વળે ગળી જવાએલો અપકાર એટલે પ-અક્ષર વિનાનો દમ્પતિ એટલે દન્તી જે હાથી, જેનાંથી રક્ષાયો છે તે વિકાર વિનાનો વિઅક્ષર વિનાનો લક્ષ્મીનો વિનાયક-નાયક એટલે લક્ષ્મીનો પતિ શ્રીવિષ્ણુ ભગવાન તમારી રક્ષા કરો.

(અ ધુના અ એટલે નથી ધુઅક્ષર જેમાં એટલે ધુઅક્ષર વિનાનો, અ એટલે નથી પકાર જેમાં એટલે પ વિનાનો) આમ પંડિતજીએ તેનો અર્થ કર્યો. આ અર્થ જ્યારે શ્રી.તૈલંગ બેરિસ્ટરે સાંભળ્યો ત્યારે તેઓ પ્રસન્ન થયા ને પંડિતજી વિષે બહુમાન તો હતું, છતા તે માનમાં વિશેષ વધારો થયો. આ શ્લોક પાછળથી નિર્ણયસાગર પ્રેસમાં છપાએલા સુભાષિત રત્ન ભાંડાગાર નામનાં ગ્રંથમાં છે.

(૩૦) અધિકમાસની ચર્ચા

સં.૧૯૪૪માં અધિક માસ કહ્યો એ વિષે ચર્ચા ચાલી. કેટલાક જ્યોતિષીઓ ચૈત્ર માસને અધિક કહેતા હતા, જ્યારે કેટલાક ગુજરાત કાઠિયાવાડનાં જ્યોતિષીઓ વૈશાખ માસને અધિક માસ કહેતા હતા. આ ચર્ચા વર્તમાનપત્રોમાં છૂટથી આવવા લાગી. બન્ને પક્ષો તરફથી ભરપૂર પ્રમાણો આપવામાં આવતા, પણ ચર્ચાનો અંત આવતો નહિ. વળી ઘણાખરા જ્યોતિષીઓ પંડિતજી ઉપર પત્ર લખી તેમનો યથાર્થ મત શો છે તે જણાવવા વિનંતી કરવા લાગ્યા. વર્તમાનપત્રો પણ આ વિષે પંડિતજી પોતાનો નિર્ણય જણાવે એ વિનંતી પોતાનાં તંત્રીલેખોમાં કરવા લાગ્યા. આ વખતે પંડિતજી જોધપુર હતા. ત્યાં જાણીતા જ્યોતિષી વલ્લભરામ પુરુષોત્તમ અને જીવનરામ ઈચ્છારામ વગેરે પંડિતજી પાસે ગયા, અને અધિક માસ વિષેની ભ્રાંતિ ટાળવા વિનંતી કરી. કારણકે સાચો અધિક માસ કયો ને શુભાશુભ કર્મ ક્યારે કરવું તેની ચોખવટ થવાની જરૂર હતી. આથી પંડિતજી જોધપુરથી મુંબઈ આવ્યા ને માધવબાગમાં પં.જ્યેષ્ઠારામ મુકુંદજી તથા શાસ્ત્રીજી શ્યામજી વાલજીએ તા.૨૨-૨-૮૮નાં દિને સભાની ગોઠવણી કરી ને સભાનાં અધ્યક્ષ સ્થાને બધા જ્યોતિષીઓ ને વિદ્વાનોનાં આગ્રહથી પંડિતજી બિરાજ્યા. વળી આ સભાએ મહામહોપાધ્યાય રાજારામ શાસ્ત્રી બોડસ, શાસ્ત્રી ભીમાચાર્યજી, ભાલચંદ્ર શાસ્ત્રી પાધ્યે, તથા હરિકૃષ્ણ શાસ્ત્રીને અધ્યક્ષ તરીકે નીમ્યા. આ સભામાં રા.રા.ગોપાલ શાસ્ત્રી, શાસ્ત્રી રણછોડજી ઓધવજી, શાસ્ત્રી મોરારજી, શ્રીકૃષ્ણ શાસ્ત્રી પાધ્યે, જોષી મોતીરામ વગેરે પાંચસો શાસ્ત્રીઓએ ભાગ લીધો હતો, ને સભા બે દિવસ ચાલી હતી. વૈશાખ માસ અધિક છે, તે પ્રતિપાદન કરવા માટે બહાર ગામથી ઉમરેઠનાં જોષી ભવાનીશંકર, શુક્લતીર્થનાં જોષી ગણપતરામ તથા જોષી નરોત્તમશર્મા, જામનગરનાં જોષી શંભુ શિવશંકર અને ગોકળ મકનજી વગેરે જ્યોતિષીઓ આવ્યા હતા. જ્યારે ચૈત્ર માસ અધિક છે તે માટે ધ્રાંગધ્રા, જામનગર, પેટલાદ, ભરૂચ, ખેડા વગેરેથી પત્રો આવ્યા હતા. તેથી વડોદરા સરકારી શાળાનાં જ્યોતિષશાસ્ત્રી રા.અમૃતલાલ નારણને બોલાવ્યા હતા. સભાની શરૂઆતમાં પંડિતજીએ પ્રવચન કરતા કહ્યું કે,‘‘આ ઝગડામાં પડવાની મારી બિલકુલ ઈચ્છા ન હતી, તેનાં બે કારણો છેઃ
(૧) ચૈત્ર કે વૈશાખ બે માસમાંથી એક અધિક માસ થાય અને તેથી ગમે તે એક પક્ષવાળાઓનું હૃદય કચવાય, જે કરવાની મારી બિલકુલ મરજી નથી.
(૨) આ વિષય જ્યોતિષશાસ્ત્રનો છે કે જે શાસ્ત્રનાં સર્વ ગ્રંથોનું મેં અધ્યયન કરેલું નથી. જે ગ્રંથો મેં જોએલા છે તેનો અધ્યાપન વગેરે વ્યાસંગ નથી એટલું જ નહિ, પણ આ બાબતમાં મુખ્ય કામ ગણિતનું છે અને તે ચક્ષુર્ગમ્ય છે એટલે તે મારાથી બનવું અશક્ય છે.

ત્યારે એવી શંકા ઉઠવાનો સંભવ છે કે તમે આ બાબતમાં પડ્યા શા માટે! તેનો ખુલાસો એટલો જ કે મારા ઉપર બ્રાહ્મણો ઘણી જ પ્રીતિ રાખે છે તથા આ બાબતમાં મારો વિચાર મુંબઈનાં લોકોએ અને બહારગામવાળા ઘણા લોકોએ પત્રદ્વારા જાણવાની માંગણી કરી છે, માટે તેઓને મારો જે વિચાર હોય તે જણાવવો મને પ્રાપ્ત થયો છે. એટલું જ નહિ પણ, વર્તમાનપત્રોમાં જે બન્ને પક્ષો તરફનાં પત્રો છપાયા છે તેમાં

પણ કેટલાકોએ એ બાબતનો મારા તરફથી ખુલાસો મેળવવા ઈચ્છા અને આગ્રહ બતાવ્યો છે. આટલું બધું છતા જો તે પર કંઈ પણ લક્ષ આપવામાં ન આવે તો એક રીતે મારા તરફથી અભિમાન પૂર્વક અવિનય થયો ગણાય. આથી આ સભા ભાઈ જ્યેષ્ઠારામ ને શાસ્ત્રીજી શ્યામજી તરફથી યોજાઈ છે.

કોઈપણ વિષય સંપૂર્ણ સમજવો અને તેનાં ખરાખોટાપણાનું વિવેચન કરવુંય આ વાત ઈશ્વર જ જાણે છે. તથાપિ મનુષ્યની બુદ્ધિમાં જે જે યોગ્ય લાગે તે પણ કહેવું ને કરવું જોઈએ. માટે આ વિષયમાં મારી બુદ્ધિ અનુસાર જે કહેવામાં આવે તે ઉપરથી કોઈએ પણ પોતાનાં મનમાં માઠું લગાડવું જોઈએ નહિ, એવી સર્વેને પ્રાર્થના છે, કારણ હું ફરીથી જણાવું છું. કોઈનું પર હૃદય દુઃખવવાની મારી અન્તઃકરણપૂર્વક ઈચ્છા નથી.

ત્યારબાદ પંડિતજીએ અધિક માસ ઉપર પોતાનો મત વિસ્તારપૂર્વક દાખલા દલીલોથી સમજાવ્યો અને જણાવ્યું કે સાર્વદેશિક સદાચાર પ્રમાણે આવતો ચૈત્ર અધિક થશે. ત્યારબાદ વૈશાખવાદીઓએ આ બાબતમાં સારો શ્રમ કર્યો છે. તેઓ જ્યોતિષમાં સારા પ્રામાણિક અને હિંમતવાન છે, નહિ તો આટલું દેશાંતર સેવીને આટલો શ્રમ ઉઠાવવાનું શૌર્ય હોય નહિ. મતભેદ તો આપણા આર્યસ્થાનમાં પરંપરાથી ચાલ્યો આવ્યો છે. શૈવ વૈષ્ણવમાં પરસ્પર મતભેદ વગેરે.

પંડિતજીનાં ચૈત્ર અધિકમાં માધ્યસ્થો મળતા થયા ત્યારે સૌનું પૂજન વગેરે કરી, યોગ્ય દક્ષિણા આપી. આ સભાનો ખર્ચ શાસ્ત્રીજી વસનજી હીરજીએ ઉઠાવ્યો હતો. વળી અધિક માસમાં શું કર્તવ્ય એ વિષે પંડિતજીએ વ્યાખ્યાન અહીં આપ્યું હતું.

(૩૧) આર્ય સમુદય માસિકનું પુનઃ પ્રકાશન

પંડિતજીએ મુંબઈમાં તા.૯-૭-૮૮નાં રોજ આર્ય સુધર્મોદય સભામાં સોમવારે બ્રહ્મસંબંધ વિષે વ્યાખ્યાન આપ્યું હતું. તે વખતે ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીની તબિયત સારી ન હતી. તેથી તેઓશ્રી હાજર ન રહી શક્યા. પણ તે ભાષણનાં બીજા ભાગ વખતે મહારાજશ્રી તથા ગો.શ્રીરમણલાલજી મથુરાવાળા તે વ્યાખ્યાનમાં પધાર્યા હતા. આ સભામાં ઘણા વિદ્વાનો, સદ્‌ગૃહસ્થો અને સંભાવિતો આવ્યા હતા. શરૂઆતમા ગો.શ્રીરમણલાલજીએ બ્રહ્મસંબંધનો અર્થ ને ગુરુનાં લક્ષણ ઉપર છટાદાર વ્યાખ્યાન આપ્યું હતું. તે વ્યાખ્યાન પૂરું થયા બાદ ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીએ ગો.શ્રીરમણલાલજી મહારાજશ્રીને પૂછ્યું કે, ‘‘પંડિતજીનું વ્યાખ્યાન કેવું હતું, તે સદ્ધર્મથી કહી દેશો.’’ ત્યારે પૂ.રમણલાલજી મહારાજશ્રીએ ભર સભામાં પંડિતજીનાં નિર્મલ અને નિર્મત્સર ધર્મોપદેશ ઉપર શંકા રાખનારને ધુત્કારી કાઢતા કહ્યું કે પંડિતજીનું વ્યાખ્યાન યથાર્થ, શાસ્ત્રોક્ત અને સપ્રમાણ છે, એમના જેવા ધાર્મિક પુરુષ આજને સમયે મળવા અત્યંત દુર્લભ છે.

ત્યારપછી પંડિતજીને કોઈએ પૂછ્યું કે,‘‘મનુષ્ય જિંદગીનો મોટો ભાગ તત્ત્વજ્ઞાન ન મેળવતા વ્યર્થ ગયો હોય એવો ઘરડો માણસ તે જ્ઞાન મેળવી શકે કે નહિ? અને મેળવે તો શી રીતે? તેનો ઉત્તર આપતા પંડિતજીએ કહ્યું કે,‘‘જ્ઞાન તો માણસે નાનપણથી જ મેળવવું જોઈએ. કદાચિત તેમ ન બને તો પણ જ્યારથી ભૂલ સમજાય ત્યારથી તેને સુધારી લેવી જોઈએ. એ જ્ઞાન ‘‘સબ ત્યજ હરિ ભજ’’ એમ કરીને મેળવવા ધારે તો ગમે તેટલા ટૂંકા સમયમાં તે મેળવી શકાય તેમ છે. પરીક્ષિતે સાત દિવસમાં અને ખટ્વાંગે બે ઘડીમાં તત્ત્વજ્ઞાન મેળવી મોક્ષ મેળવ્યાની વાત ભાગવતમાં પ્રસિદ્ધ છે. પરંતુ તેમ ન કરે તો સો વર્ષ પણ તેનાં માટે પૂરતા નથી. તે મેળવવાનાં સાધન સત્પુરુષોનો સંગ તથા વેદ, વ્યાસસૂત્ર, ગીતા, ભાગવત વગેરે સત્શાસ્ત્રોનું શ્રવણ, મનન અને નિદિધ્યાસન એ છે. આજે એવા સત્પુરુષો દુર્લભ છે.’’ આ પ્રશ્નોત્તર પછી એક નીચેની સમસ્યા પૂછવામાં આવી.

‘‘કીડી કુંજર કાખમાં લઈ કરી આકાશ પંથે ઉડી.’’

તેનો ઉત્તર પંડિતજીએ નીચે મુજબ શાર્દૂલવિક્રીડિત છંદમાં આપ્યો.

ખોળામાં શિશુ ભૂરિભાર ભરણે, પામી પ્રવીડા સહી.

ભૂમિમાં જ મૂકી જરાક અળગી, માતા યશોદા રહી.
ચોર્યા તેમ જ વાયુરૂપ રિપુએ, હેવો તણી નૌ બુડી.
કીડી કુંજર કાખમાં લઈ કરી, આકાશ પંથે ઉડી.

તા. ૭-૧૦-૮૮નાં રોજ આર્ય સુધર્મોદય સભામાં પંડિતજીએ કાવ્ય વિષે વ્યાખ્યાન આપ્યું હતું. ત્યારે પંડિતજીનાં વિદ્વાન કવિ શિષ્ય શાસ્ત્રીજી નંદકિશોર તથા શાસ્ત્રીજી શ્યામજીને સભા તરફથી શીઘ્રકવિની પદવી આપવામાં આવી હતી. આ વખતે પંડિતજીએ કહ્યું હતું, ''આ બન્ને મારા શિષ્ય છે, માટે આ પદવી આપવામાં આવતી નથી, પણ પિતા અને ગુરુજીએ (ઘનશ્યામ ભટ્ટજીએ) સ્થાપેલી વિદ્યાલક્ષ્મી પાઠશાળા તરફથી તેમની પરીક્ષા અનેક વખત લેવાઇ છે, તેમાં યોગ્યતા જણાતા આજે પદવીદાન કરવામાં આવ્યું છે.''

સં.૧૯૩૨માં પંડિતજીએ આર્ય સમુદય માસિક સનાતન ધર્મનું રહસ્ય સમજાવવા માટે કાઢ્યું હતું, તે અમુક વર્ષોથી બંધ થયું હતું. પંડિતજીએ તે ફરીથી પાછું ચાલું કર્યું. આ પત્ર પ્રગટ કરવામાં તેમની સેવાવૃત્તિ જ હતી. આપણું પ્રાચીન સાહિત્ય કેટલું બધું મૂલ્યવાન છે તેનો ખ્યાલ આપવા માટે તેમણે તે શરૂ કર્યું હતું. જો કે તેમની આર્થિક સ્થિતિ દિન પ્રતિદિને નબળી પડતી હતી. વળી તેમનો ઉદારાત્મા સ્વભાવ હોવાથી જે કંઇ દ્રવ્ય આવતું તે અનેક પ્રકારની લોકસેવામાં વપરાઇ જતું. લોકોમાં પણ તેમની આર્થિક સ્થિતિ માટે બહુ સારો ખ્યાલ જામી ગએલો, એટલે દૂર દૂરનાં બ્રાહ્મણો તેમની પાસે સીધી કે આડકતરી રીતે આર્થિક સહાયતા ઇચ્છતા. પંડિતજી પણ સ્વભાવે દયાલુ હતા. તેથી જે કંઇ હોય તે આપી પોતે પ્રસન્ન રહેતા. પણ તેમની ખરી આર્થિક સ્થિતિ કેવી હતી તેનો ખ્યાલ ગુજરાતી પત્ર, તેનાં તા.૧૧-૧૧-૮૮નાં અંકમાં આ પ્રમાણે જણાવે છે.

''પંડિતજીની દ્રવ્યસંબંધી દરિદ્રતા કેવી છે તે દરેક પ્રેક્ષકને પ્રત્યક્ષ છે. કદાપિ મદાંધો ને ધનાંધોને તે નહિ દેખાતી હોય તો ભલે. કેમકે તેઓ દેખે તો આવા ઉપયોગી અનાશ્રિત મહાત્માનું દળદર ક્ષણમાં દૂર કાં ન થઇ શકે?...... દરિદ્રતાનું દુઃખ એવું તો અસહ્ય છે કે જે વેળા ''બાબા નાસ્તિ તૈલં ન ચ લવણં'' નો પોકાર પડે તે વેળાએ ગમે તેવી મહત્તા, વિદ્વત્તા, સહનશીલતા કે પંડિતાઇ સર્વે પોતાની મેળે પલાયનતા પામે છે. આ પંડિત પૂરી રીતે પરતંત્ર તેમાં વળી દરિદ્રતાનું દુઃખ.''

આ ટીકા ગુજરાતી પત્રે તેમણે આર્ય સમુદય સં.૧૯૪૪માં ફરી પ્રગટ કર્યું તે વખતે કરી હતી. આમ છતા પંડિતજીએ આર્યસમદુય પત્રનાં નવા નવા અંકો દર માસે પ્રગટ કરવા માંડ્યા, ને સામાજિક, ધાર્મિક ને રાજનીતિ અંગેનાં લેખો તેમાં પ્રગટ થવા માંડ્યા, અને જૂનું પ્રાચીન સંસ્કૃત તેમ જ થોડુંક ગુજરાતી સાહિત્ય તેમાં તેમણે પ્રગટ કર્યું. તા.૧૭-૩-૮૯માં વ્યાકરણાચાર્ય પાણિની ઉપર એક વિદ્વત્તા ભર્યો લેખ તે વર્ષનાં ગુજરાતીમાં ૨૬૭માં પ્રગટ કર્યો.

(૩૨) તિલકાયતશ્રીનું મુંબઇમાં આગમન

તા.૨-૪-૮૯નાં રોજ શ્રીનાથદ્વારાનાં મહારાજશ્રી તિલકાયત શ્રી.ગોવર્ધનલાલજી મુંબઇ પધાર્યા. તે વખતે મુંબઇની આમ પ્રજાએ આપશ્રીને ભારે માન આપ્યું. આવું માન ભલભલા રાજાઓ, દેશનેતાઓ તથા અન્ય ધાર્મિક પુરુષો તે કાલે ભાગ્યે જ પામ્યા હશે! આપશ્રીને સત્કારવા માટે ઠેઠ કાવસજી પટેલનાં તળાવથી ચંદરામજીની વાડી સુધી પુષ્કળ મનુષ્યો આવ્યા હતા. આપશ્રીએ મુંબઇ પધારતા પ્રથમ પંડિતજીને યાદ કર્યા, અને આર્યસુધર્મોદય સભા વિષે ખબર પૂછી. વળી આર્યસુધર્મોદય સભાએ બાળકોને જ્ઞાન આપનારી એક શાળા સ્થાપી હતી. તેમાં ચાલુ ભણતર સાથે સદાચાર ને સામાન્ય ધર્મનું જ્ઞાન આપવામાં આવતું હતું. ઉપરાંત દર રવિવારે બાળકોની સભા ભરી, ધર્મનું રહસ્ય સમજાય તેવો ઉપદેશ આપવામાં આવતો, ને તેમને ધાર્મિક ચોપડીઓ ભેટ તરીકે આપવામાં આવતી. આ પ્રવૃત્તિ ઉપાડવાનું કારણ એ હતું કે સરકારી શાળાઓમાં ધર્મનું સામાન્યજ્ઞાન અપાતું નહિ. મહારાજશ્રીનાં શબ્દોમાં કહીએ તો- ''હિંદુઓનાં છોકરાઓને ધર્મોપદેશ તદ્દન થતો

નથી એવી ચોતરફથી ચર્ચા ઉઠવાથી આ આર્યસુધર્મોદય સભાની અધિકારી મંડળીએ આ શાળા સ્થાપી છે, ને સારા વિદ્વાનો પાસે વ્યાખ્યાનરૂપે ઉપદેશ કરાવવા અજમાયશ તરીકે રવિવારનાં વ્યાખ્યાનનો પ્રયોગ ચાલુ કર્યો છે.''

શ્રીનાથદ્વારા હિંદુધર્મ ને તેમાં વળી પુષ્ટિસંપ્રદાયમાં એક મહત્ત્વનું તીર્થધામ છે. તેનાં વડા શ્રીમદ્‌વલ્લભાચાર્યજી મહાપ્રભુજીનાં વંશજ હોય છે. ગો.શ્રીગોવર્ધનલાલજી આ મહાસ્થાનનાં લાયક ને વિદ્યારસિક વડા ધર્મગુરુ હતા. તેમનો જન્મ સં.૧૯૧૭નાં શ્રવણ વદ ૧નાં થયો હતો. સં.૧૯૩૨ માં આપશ્રીનાં પિતાજી શ્રીનાથજીની ગાદી ઉપરથી પદભ્રષ્ટ થવાથી આપશ્રી તે ગાદી ઉપર પધાર્યા, ને તિલકાયત તરીકે યોગ્ય ફરજ બજાવવા માંડી. પોતે વિદ્યારસિક હતા, તેથી સદ્ધર્મ માસિક શાસ્ત્રીજી નંદકિશોર ને શ્યામજી પાસે પ્રગટ કરાવતા. તે માસિકમાં ષોડશગ્રંથનું વિવેચન કરી લોકો સમજે તેમ પ્રગટ કરાતું, વળી સુદર્શન પ્રેસ લાવી મંદિર અને સંપ્રદાયનાં સાહિત્યનું પ્રકાશન ચાલુ કર્યુ હતું. તદ્‌પરાંત એક વિશાળ પુસ્તકાલય, સંસ્કૃત પાઠશાળા, હિંદી પાઠશાળા, આયુર્વેદિક ઔષધાલય વગેરે સ્થાપ્યા હતા. આપશ્રીએ શ્રીજીનાં મંદિર તથા વૈષ્ણવ યાત્રાળુઓ માટે બહુ સારી વ્યવસ્થા કરી, તથા વૈષ્ણવ યાત્રાળુઓને કોઇ જાતની કનડગત ન થાય તે માટે નજર રાખવા માંડી. વળી પંડિતજીને તેડાવી વારંવાર વ્યાખ્યાન અપાવતા તથા પંડિતજીનાં શિષ્યોને પોતાની પાસે શાસ્ત્રી તરીકે રાખ્યા હતા.

હવે આ વિદ્યાપ્રેમી મહારાજશ્રીએ આ નગરમાં પધારી વિદ્યાસ્થળો ને વિદ્વાનોની કદર કરવા માંડી. ૧૫-૪-૮૯નાં રોજ વિદ્યાલક્ષ્મી પાઠશાળાનાં વિદ્યાર્થીઓનો મેળાવડો રાખ્યો હતો. તેમાં વિદ્યાર્થીઓની સંખ્યા પચાસની હતી. આ મેળાવડામાં આપશ્રી પ્રમુખ થયા ને વિદ્યા સંબંધી એક સરસ વ્યાખ્યાન આપ્યું. તે ભાષણનાં અંતમાં આપશ્રીએ જણાવ્યું કે, ''મુંબઇ જેવા નગરમાં આ પ્રમાણે વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે ને તેનું ઉપરીપદ ગટ્ટુલાલજી જેવા પંડિતજીનાં હાથમાં છે, તેથી આ નગર કંઇક રીતે કાશીની ઝળકી બતાવે છે.'' ત્યારબાદ દોઢસૌ રૂપિયાનાં સંસ્કૃત પુસ્તકો માંડવી બંદરનાં માવજી માધવજી તરફથી આ મેળાવડામાં વિદ્યાર્થીઓને ભેટ આપ્યા હતા.

વળી ૨૫-૫-૮૯નાં રોજ મહારાજશ્રીએ નગરનાં પંડિતોની એક સભા બોલાવી, તેમાં પંડિત ગટ્ટુલાલજી, મહામહોપાધ્યાય શાસ્ત્રીજી રાજારામ બોડસ, કૃષ્ણાશાસ્ત્રી મહાબલ, તથા પં.શ્યામજી કૃષ્ણ વગેરે દોઢસો શાસ્ત્રી, પુરાણી, વ્યાસ પંડિત હાજર હતા. તે વખતે વ્યાકરણ અને વેદાંત વિશે સંસ્કૃતમાં ચર્ચા ચાલી. ત્યારબાદ પંડિતજીએ આચાર્યોનું કર્તવ્ય એ વિષે એક મનોરમ વ્યાખ્યાન આપ્યું. પછી સર્વ પંડિતોને બક્ષિસ ને ફલાહાર થયા બાદ સભા વિસર્જન થઇ હતી.

આ સમય દરમિયાન (સં.૧૯૪૪) શેઠ મૂલજી જેઠા કાપડ મારકીટમાં વૈષ્ણવોની એક મોટી સભા ભરાઇ. તે વખતે મહારાજશ્રીએ પંડિતજીને ''વેદાંતભટ્ટાચાર્ય'' પદવી એનાયત કરી. ત્યારબાદ આપશ્રીએ વૈષ્ણવોને કીમતી બોધ આપ્યો. તેમાં પંડિતજીને બે પત્રો લખીને એક ખલીથામાં આપ્યા. તે પત્રો નીચે મુજબ છે. આ બન્ને પત્રો ઉપરથી આપશ્રીનો પંડિતજી ઉપરનો પ્રેમ જણાઇ આવે છે. મહારાજશ્રીએ વૈષ્ણવોપદેશ (મૂળ વ્યાખ્યાન વ્રજભાષામાં છે તેમાંથી થોડોક ઉપયોગી ભાગ અત્રે લીધો છે) કરતા જણાવ્યું કે, ''જે અનાદિ નહિ, તે સંપ્રદાય પણ નહિ. તે તો પંથ જાણવા. આજ કાલ કલિનાં પ્રભાવથી પંથો ઘણા થયા છે, તથા થતા જાય છે. જેમ ચોમાસામાં ઠેકઠેકાણે પાણીનાં પલ્વલ બને છે તથા છૂટા પડે છે, તે પ્રમાણે તેનું ફળ પણ સાદિ અને સાંત છે, કોઇનું અનાદિ કે અનંત નથી. પંથોમાં પ્રમાણ વગેરેની યોગ્ય વ્યવસ્થા કાંઇ હોતી નથી અને સંપ્રદાયમાં એ વ્યવસ્થા જરૂર હોય જ છે. આપણા સંપ્રદાયમાં પણ પ્રમાણ, પ્રમેય, સાધન અને ફલની વ્યવસ્થા આચાર્યચરણ શ્રીમદ્ વલ્લભાચાર્યજીએ ''તત્ત્વદીપનિબંધ'' વ્યાસસૂત્ર પર ''અણુભાષ્ય'' તથા ભાગવત પર ''સુબોધિની'' ટીકા વગેરે ગ્રંથમાં ઘણી સારી રીતે કહેલી છે. પરંતુ આજકાલ વૈષ્ણવોમાં પઠનપાઠન પદ્ધતિ લુપ્તપ્રાય થઇ ગઇ છે, તેથી ઘણા લોકો તે જાણી શકતા નથી. આટલા વૈષ્ણવો બેઠેલા છે તેમને પૂછીએ તો એટલું પણ નહિ કહી શકે કે શ્રીઆચાર્યજીએ રચેલા આટલા ગ્રંથો છે. વૈષ્ણવો આચાર્યજીનાં ગ્રંથોનાં નામ માત્ર પણ ન જાણે એ અત્યંત ખેદની વાત છે. અમારા (મહારાજોનાં) વર્ગમાં પણ ઘણે ભાગે એવી જ હાલત

છે. પઠનપાઠનનો વ્યવહાર તો ઘણે ઠેકાણેથી વિદાય થઈ ગયો છે! કહો, વૈષ્ણવ વિદ્વાનો પણ આજકાલ ક્યાં છે? અને પ્રભુની કૃપાથી ક્વચિત્ કોઈક છે તો તેમની પણ વૈષ્ણવો વૃથા ધૂળ ઉડાવે છે અને અમારા મહારાજવર્ગ તરફથી પણ કંઈ ઉત્તેજન તેમને મળતું નથી. અને કેટલાક અમારા મહારાજવર્ગનું લેતા પણ નથી, અને બીજા વૈષ્ણવો તેમને દેતા પણ નથી. કદાચિત્ કોઈ આપવા તૈયાર થાય તો અમારા મહારાજ વર્ગ તરફથી તેમને મના કરવામાં આવે છે. કહો, એવી ઘડભાંગમાં સંપ્રદાયની ઉન્નતિ કેમ થાય? પરંતુ એ વાત ઘણી જ અનુચિત છે. એથી સંપ્રદાયમાં ઘણી મોટી હાનિ થઈ રહી છે તથા થવાનો પણ સ્પષ્ટ સંભવ છે. એટલા માટે સાંપ્રદાયિક વિદ્વાનોને વૈષ્ણવોએ અવશ્ય ઉત્તેજન આપવું જોઈએ. મેં તો એવો વિચાર કર્યો છે કે, દેશ વિદેશ વૈષ્ણવોને ઉપદેશની સુલભતા થવા માટે ઉપદેશકોને પણ મોકલવા, જેઓ ત્યાં જઈ ઉપદેશ કરે. એ વાત બોલવાની એમનાં ગુણો મને ફરજ પાડે છે કે પંડિતશ્રી ગટ્ટુલાલાજીની વિદ્યા તથા અવધારણશક્તિ અત્યુત્તમ છે. આ સમયમાં આપણા સંપ્રદાયનાં ગ્રંથોનું પારંપરિક અધ્યયનપૂર્વક જો જ્ઞાન કોઈપણ ઠેકાણે હોય તો તે એમનામાં જ છે. એમનાં સમક્ષ આ કહેવું ઉચિત નથી, પરંતુ એમનાં જેવા વિદ્વાન આપણા સંપ્રદાયમાં બીજા નથી. પ્રભુ એમને દીર્ઘાયુ કરે. મેં એમને એક પત્ર આપ્યો છે.

।।શ્રીહરિઃ।।

।।શ્રીમત્પ્રભૂણામગ્રસ્મરામઃ।।

સ્વસ્તિ શ્રીમત્સકલગુણગુણાલંકૃત સૌજન્યસાગર પંચનદી શ્રીગટ્ટુલાલાજીને ગોસ્વામી ગોવર્ધનલાલનાં નમસ્કાર. શમત્ર નત્રાસ્તુ. અપરંચ, સમાચાર એ છે કે આપ પરદેશમાં ફરીને અમારી આજ્ઞાથી દુર્મતોનાં ખંડનપૂર્વક સ્વમાર્ગ વિષયક બોધ કરો અને આજકાલ ચાલતા જુદા જુદા પાખંડ મતોનાં પ્રચારવિશેષથી ઘણાખરા વૈષ્ણવજનો ભ્રાંત થઈ રહ્યા છે, તેઓનો સંદેહ દૂર કરી, સ્વમાર્ગમાં પ્રવૃત્ત થવાને ઉપદેશ કરો. એટલા માટે આપણા સંપ્રદાયનાં સર્વદેશીય સર્વ વૈષ્ણવોનાં નામથી એક ભલામણ પત્ર પણ, આ પત્રની સાથે મોકલ્યો છે. તેમાં અહીંથી કંઈ પણ દ્રવ્ય નહિં લેવું એવો આપનો અત્યાગ્રહ છે માટે આપની સહાયતાને સારૂ તેઓને ભલામણ પણ લખી છે. તે પત્ર પ્રસંગાનુસાર સર્વ વૈષ્ણવોને દેખાડશો. જેથી સ્વમાર્ગનાં અંતઃશત્રુનાં કહેવાથી તે વૈષ્ણવોને આપના વિષયમાં કોઈ રીતનો ભ્રમ હશે, તે આ પત્ર જોતા સહજ દૂર થશે, એમ જાણશો. આપનો સ્નેહ ક્ષણ પણ ભૂલતા નથી. સ્નેહ પ્રતિક્ષણ વર્ધમાન રાખશો. કુશલપત્ર લખશો. કિમધિકમ્.

મિતિ માઘ શુદ્ધ-૫ સં.૧૯૪૪.

સમસ્ત વૈષ્ણવોને પત્ર

શ્રીહરિઃ

શ્રીજી પાસે સુધિ કરીએ છીએ

શ્રીકૃષ્ણઃ

શ્રીવિઠ્ઠલેશો જયતિ

સ્વસ્તિ શ્રીમદ્ ગોસ્વામી શ્રીગોવર્ધનલાલજી મહારાજ શર્માના સ્વકીય પરમ વૈષ્ણવો એવા, શ્રીગુજરાત વગેરે પ્રાંત નિવાસી સમસ્ત વૈષ્ણવોને સપરિવાર શુભાશીષ. શ્રી સદા સેવ્યઃ અને સ્મર્તવ્યઃ, અપરંચ હાલ પંચનદી પંડિત શ્રીગટ્ટુલાલાજી આપણા સંપ્રદાયમાં અદ્વિતીય વિદ્વાન છે. આખા હિન્દુસ્તાનમાં પણ એવા દુર્લભ છે અને આપણા સંપ્રદાયમાં વર્તમાન સમયમાં સૂર્ય છે. આ સમયમાં કલિ પ્રભાવથી સુધારાવાળા તથા દયાનંદી વગેરેનાં અનેક ઉપદ્રવો ઉઠે છે. પરંતુ એમણે શાસ્ત્ર રીતિથી એ સર્વનું મુખ બંધ કરી સંપ્રદાયનું સંરક્ષણ કર્યું છે, અને હજુ પણ સંપ્રદાયનાં સંરક્ષણમાં એમનો પરિપૂર્ણ આગ્રહ છે. પરંતુ નિશ્ચિંતતા વિના કોઈપણ કાર્ય બની શકતું નથી, અને અમારા તરફથી તો કંઈપણ સર્વથા ન લેવું એવો એમનો અત્યાગ્રહ છે, તેથી જે બની શકે તે એમની સહાયતા કરવી, એ વૈષ્ણવ માત્રને આવશ્યક છે. અને એઓ જ્યારે જ્યારે તમારા તરફ આવે ત્યારે ત્યારે એમનાં મુખથી સ્વધર્મ સિદ્ધાંત આગ્રહ રાખીને જરૂર સાંભળવો. આ કાલમાં આપણા ગ્રંથોનાં જ્ઞાતા અને વક્તા એમનાં જેવા બીજા કોઈ નથી. માટે જે કંઈ સંપ્રદાય સંબંધી સંદેહ હોય તે એમને પૂછીને નિશ્ચય કરી લેશો. પરદેશ ફરવામાં એમના મનનો ઉદ્દેશ એ જ છે કે, સર્વ પ્રાન્તોમાં ચોતરફ સંપ્રદાયનો ઉદય થાય તથા પાખંડનુ ખંડન થાય. એઓ પરંપરાથી સિંહાડ કાંકરોલીનાં છે તેથી અમે

એઓને એ જ આજ્ઞા કરી છે કે આપ સર્વ પ્રાંતોમાં ફરી, આપણા પ્રાચીન સિદ્ધાંતોનો ઉદય કરો. માટે એઓ તમારા પ્રાંતમાં આવે ત્યારે એમને મુખે સ્વધર્મસિદ્ધાંત અવશ્ય શ્રવણ કરશો, એવી અમારી આજ્ઞા છે અને કોઇ પણ વૈષ્ણવ એમનો જે કંઇ યથાશક્તિ સત્કાર કરશે તે કેવલ એમનો જ નહિ થાય, પરંતુ સંપૂર્ણ સ્વસંપ્રદાયનાં વૃક્ષનાં મૂળમાં સિંચન કરવા જેવું થશે અને સ્વધર્મનું ઉત્તેજન કરવું એ તો મનુષ્ય માત્રને આવશ્યક છે. તેથી વધારે લખવાની જરૂર નથી.

કોઇ કોઇ લોક મત્સરાદિકથી એમનો વિદ્વેષ કરે છે. પરંતુ એઓ તો અંતઃકરણપૂર્વક સ્વસંપ્રદાયનાં અભ્યુદયમાં જ ઉત્સુક છે. એઓ કેટલીક વખત અમારી સાથે રહ્યા છે, તેથી અમને એમનો પૂર્ણ અનુભવ છે એમ જાણશો. આ સમયમાં તમો સર્વ વૈષ્ણવોએ સ્વધર્મનો આગ્રહપૂર્વક ઉદય કરવો એ આવશ્યક છે. વિશેષ શું લખીએ. તમારી સેવા ક્ષણ પણ ભૂલતા નથી અને સેવામાં ચિત્ત જેવું રાખો છો તેવું જ રાખશો.

મિતિ માઘ શુદ્ધ-૫ સં.૧૯૪૪નાં.

આ પત્રો આપીને એમને મેં કહ્યું છે તથા ફરી પણ કહું છું કે, આપણો સંપ્રદાય અનાદિ સિદ્ધ છે અને શ્રીમહાપ્રભુજીએ (શ્રીમદ્ વલ્લભાચાર્યજી) પરમ પરિશ્રમથી એનું પુનરુજ્જીવન કીધું છે. તે આજકાલ વૈષ્ણવોનાં પ્રમાદથી તથા અમારા (મહારાજ) વર્ગનાં આળસથી તથા કળિકાળનાં પ્રભાવથી વિદ્યાવિષયમાં શિથિલીભૂત થતો દેખાય છે. માટે પઠનપાઠનદ્વારા, ઉપયુક્ત ગ્રંથોદ્ધારા તથા દેશપરદેશ ઉપદેશ દ્વારા આપ શ્રમ લઇને તેને પુનરુત્તેજિત કરો. સંપ્રદાયનો વિદ્યાદ્વારે સેવા એ પણ શ્રીની એક મુખ્ય સેવા છે, તથા શ્રીમહાપ્રભુજીની સેવા પણ એ જ છે.

સાર્વત્રિક સર્વ વૈષ્ણવોને પણ મારી એ જ આજ્ઞા છે કે જેમ બને તેમ સંપ્રદાયની વિદ્યાવૃદ્ધિનાં ઉપાય તથા સાંપ્રદાયિક વિદ્વાનને ઉત્તેજન કરતા રહો. અને પંડિત શ્રી.ગટ્ટુલાલાજી જે અમારી આજ્ઞાથી ઉપદેશ આપે છે તે યથાર્થ સમજો. અને મારો તો સંપૂર્ણ ભરોસો છે કે, એમનાં ઉપેદશમાં શ્રીઆચાર્યજીનાં સિદ્ધાંતથી અણુમાત્ર પણ ફેર આવે એમ નથી. વળી સુજનોએ તો હંસ જેવો સ્વભાવ રાખવો, માંખી જેવો ન રાખવો. દુર્જનનો સ્વભાવ તો માંખી જેવો જ હોય છે. એ તો સિદ્ધ વાત છે કે ઇશ્વર વિના સર્વજ્ઞ બીજો કોઇ નથી. કાલ જગતનું ભક્ષણ કરે છે. દેહનો કંઇ ભરોસો નથી. માટે જે સારૂ કામ બની શકે તે જરૂર જલ્દી કરી લેવું.

ત્યાર પછી પ્રમાણ, પ્રમેય, સાધન, ભક્તિનાં પ્રકાર, શરણાગતિ, બ્રહ્મસંબંધ વિષે મહારાજશ્રીએ પોતાનાં પ્રવચનમાં સમજણ આપી, વૈદિક આચરણ વિષે બોલતા કહ્યું કે, ‘‘પ્રસંગોપાત એ પણ કહેવું જોઇએ કે, ગાયત્રીમંત્ર પણ સાક્ષાત્ પુરુષોત્તમ નિરૂપક છે. તેથી આપણા સંપ્રદાયમાં પણ વેદાધિકારી વૈષ્ણવોને ગાયત્રીનો જપ પણ અત્યાવશ્યક છે અને વૈષ્ણવ થયા એટલે વર્ણાશ્રમ ધર્મને તિલાંજલિ આપે, એમ થતું હોય તો તે તો બહુ જ બુરી વાત જાણવી. શ્રીમહાપ્રભુજીનો એવો સિદ્ધાંત જ નથી કે, વૈદિક ધર્મનો ત્યાગ કરવો. (પંડિતજીને સંબોધીને) ‘‘કેમ લાલાજી આપ કહો.’’

પંડિત ગટ્ટુલાલાજી – ‘‘શ્રીમદ્ આચાર્યચરણને તો વેદનો અને વૈદિક ધર્મનો અત્યંત આગ્રહ છે. ભાષ્ય વગેરે આકર ગ્રંથોમાં આપશ્રી આજ્ઞા કરે છે કે વેદમાં અણુ માત્ર પણ – અક્ષર માત્ર પણ અન્યથા સર્વથા નથી અને નિબંધ વગેરે ગ્રંથોમાં વૈદિક ધર્મ પાળવાનો અત્યંત આગ્રહ છે અને કર્મમાર્ગપ્રવર્તક એવું આપનું નામ છે. પ્રકરણ ગ્રંથમાં પણ

‘‘સ્વધર્મમનુનિષ્ઠન્ વૈ ભારદ્વૈગુણ્યમન્યથા ।।’’

સ્વધર્મનું અનુષ્ઠાન ઉત્તમ, તે નહિ થાય તો દ્વિગુણતાનો ભાર જ છે – ઇત્યાદિ સ્થળોમાં સ્વધર્માચરણની આવશ્યકતા બતાવી છે.’’ આ પછી માલા, તિલક, આંતરધર્મ, સેવાનાં પ્રકાર, સેવ્ય વિચાર અને ફલ વિષે પ્રવચન કરી, ઉપસંહાર કરતા મહારાજશ્રીએ કહ્યું હતું કે, ‘‘અહીંનાં વૈષ્ણવોની ધર્મનિષ્ઠા જોઇને ચિત્ત ઘણું પ્રસન્ન થયું છે. હવે એ જ કહેવું છે કે જેવી ધર્મમાં પ્રીતિ છે તેવી જ ઉત્તરોત્તર વધતી જાય અને શ્રીમદાચાર્યજીનાં ગ્રંથોનું રહસ્ય સમઝીને, પ્રભુની સેવા કરો, અને પ્રભુ દીનતા, અનન્યતા જોઇને સેવા સ્વીકારે અને સદા સેવામાં ચિત્ત રહ્યા કરે, અને આપણા સંપ્રદાયની વૃદ્ધિ થાય; ને વિદ્યાને માટે પાઠશાળા, પુસ્તકશાળા, પુસ્તક પ્રચાર માટે મુદ્રણ શાળા, ઉપદેશને માટે સભા, સમાજ, યોગ્ય મંડળી, સત્સંગ વગેરે થયા કરે. પાઠશાળાની અત્યાવશ્યકતા છે. તેમાં માત્ર પંડિતજી શ્રીગટ્ટુલાલાજી

વિદ્યાલક્ષ્મી પાઠશાળા સહજ દેખાય છે, પરંતુ તેને પણ દ્રઢ આશ્રય નથી.'' આમ અનેક પ્રકારની સૂચનાઓ કરી છેવટે પ્રભુપ્રાર્થનાદ્વારા પ્રવચન પૂરું કર્યુ હતું.

આ સાલમાં પંડિતજી તરફથી સાંપ્રદાયિક વર્ષોત્સવની ટિપ્પણી બહાર પડી. આ ટિપ્પણીમાં જન્માષ્ટમી, રામનવમી, શ્રાદ્ધપક્ષ વગેરે તિથિઓ સંબંધી ચર્ચા નિત્યલીલાસ્થ ગો.શ્રીનૃસિંહલાલજી તથા ગો.વા.શાસ્ત્રીજી છગનલાલ અમરજી શાસ્ત્રી તરફથી તથા બીજાઓ તરફથી થવા માંડી. આ ચર્ચા કેટલીક વખત બહુ ચાલતી ને પંડિતજીનો મોટો શિષ્યવર્ગ તેમાં ભાગ લેતો. આ બધી ચર્ચા મુંબઇ સમાચાર, મુંબઇ ગુજરાતી સાપ્તાહિકમાં ચાલતી. કેટલીકવાર આક્ષેપ પ્રતિ આક્ષેપ થતા વિષયાંતર ચર્ચા થતી. પણ ચર્ચામાં પંડિતજીએ કોઇ દિવસ પોતાની સાત્વિક પ્રકૃતિના અસ્વસ્થ બનાવી નથી, તેમ જ સામા પક્ષ સામે પ્રતિ-આક્ષેપ કર્યો નથી. પણ પોતે જે માનતા તેનાં પ્રમાણનાં વાક્યો મૂકી પોતાની વાતની પુષ્ટિ કરતા. ત્યારથી શરૂ થએલી ટિપ્પણી આજે પણ ૫૬ વર્ષથી પંડિતજીની સંસ્થા તરફથી પ્રગટ થાય છે.

આ સાલમાં એટલે સં. ૧૯૪૪-૪૫માં એક વખતે પંડિતજીનાં શિષ્ય માધવજી વૈદ્ય શાસ્ત્રીએ પંડિતજીને એક પ્રશ્ન પૂછ્યો, કે એકાદશીનાં મહાત્મ્યમાં એમ લખવામાં આવ્યું છે કે એકાદશીનું વ્રત કરનારને રાજસૂય યજ્ઞ, અશ્વમેધ યજ્ઞ, વાજપેય યજ્ઞ વગેરે યજ્ઞાદિનું પુણ્ય થાય છે. શું આ લખાણ અતિશયોક્તિવાળું નથી લાગતું? તે સાંભળી પંડિતજીએ ઉત્તર આપ્યો કે અરે ભાઇ, આપણા શાસ્ત્રોમાં કોઇ ઠેકાણે વેદવ્યાસજી જે ભગવતાર છે, તેમનાં મુખથી ખોટા શબ્દો અથવા જેને અતિશયોક્તિ કહો છો તેવા શબ્દો બોલાયા કે લખાયા નથી. તમે રાજસૂય વગેરે યજ્ઞોને એકાદશીનાં વ્રત કરતા મોટા ફલવાળા સમજો છો એ બરાબર નથી. એકાદશીનું વ્રત જે કરે છે તે વ્રત એટલું બધું પવિત્ર છે કે રજસ્વલા બાઇ કે પ્રસૂતા બાઇ પણ પોતાનાં અપવિત્ર દિવસોમાં પણ એકાદશીનું વ્રત કરવાનું ભૂલતાં નથી. એકાદશીનું વ્રત કરવાનો મુખ્ય હેતુ મોક્ષપ્રાપ્તિનો છે. મોક્ષ એટલે કર્મ બંધનમાંથી મુકાઇ જવું, છૂટી જવું. કર્મ બે પ્રકારનાં છેઃ (૧)શુભ (૨)અશુભ. શુભ કર્મ સુવર્ણબેડી છે જ્યારે અશુભ કર્મ લોહબેડી છે. એ બન્ને બેડીઓથી જીવને પ્રાણાન્ત કષ્ટ થઇ શકે. માટે શુભાશુભ કર્મનો નાથ થાય ત્યારે જ મોક્ષ થઇ શકે. એકાદશીનું વ્રત કર્મબંધનમાંથી મુક્ત કરે છે, ને મોક્ષ અપાવે છે. રાજસૂયાદિ યજ્ઞ કરવાથી મોક્ષ મળતો નથી. માટે એકાદશી કરતા ન્યૂન શક્તિવાળા તે યજ્ઞો છે. માટે એકાદશીનું વ્રત કરવા માટે જે કંઇ રાજસૂય યજ્ઞનું પુણ્ય વગેરે લખ્યું છે તે લખાણ ઘણું ઓછું છે.

સં.૧૯૪૫માં આર્યસુધર્મોદય સભાની વર્ષગાંઠનાં દિવસે પંડિતજીએ સભામાં નીચેનાં બે કાવ્યો ગાયા હતા.

''ઇશ્વર પ્રાર્થના - રાગ પીલુ બરવો.
સહુજન સુખી રાખો હરિરાય,
તનથી મનથી ધનથી જનથી, દુખિત કોઇ ન થાય. (૧) સહુ
નરમ નરમને પરમ ધરમનું કરમ જ વરમ ધરાય.
આર્યસુધર્મોદયનો દિન દિન, અધિક સુજશ પ્રસરાય. (૨) સહુ
શ્રુતિસંગત મંગળ ઉપદેશ, કુપથ સંગ વિસરાય
કાલ વિશાળ નિરર્થ ન ખોતા, અર્થ સમર્થ ભરાય. (૩) સહુ
થાય વિરામ નિકામ કામનો, કુશળ જ કામ કરાય
ગોવર્ધન પ્રભુ આપ કૃપાથી, ભક્તિદ મુક્તિ વરાય. (૪) સહુ

આર્યોને આશીર્વાદ
(છંદ ત્રોટક સાથે લેતા સવૈયા - રાગ - જંગલો સુર - પડદો)
નિજ કર્મ સુકર્મ સદા કરજો, બહુ તાપદ પાપ ન આચરજો,
દ્રઢ આશ્રય ઇશ્વરનો ધરજો, નહિ તુચ્છ તણી ધરવી ગરજો. (૧)
રહિ દૂર કુસંગ થકી ડરજો, ખલવાદ કદાપિ ન આદરજો,
નહિ વેદ વિરુદ્ધ પથ ગરજો, બહુ ગરત વિષે ન ફરી ફરજો. (૨)

પ્રભુનાં પદદાસ સદા ઠરજો, દ્રઢ ભક્તિ ખરી કરી ઉદ્ધરજો,
મુખથી હરિનાં ગુણ ઉચ્ચરજો, સુખથી ભવસાગર તરજો. (૩)
શુભ કીર્તિ સતી વનિતા વરજો, થઇ દીન દયાળ દુઃખો હરજો,
સ્થિર સંપદ સંપ તણી ભરજો, ઘનશ્યામ સુતોક્તિ ન વિસરજો. (૪)
દોહરો
ભયભવભંજન સુજન મન, રંજન ભજન ન જાણ
કરે રસિક વલ્લભ સદા, તે હરિ ભજન વખાણ.

(૩૩) ઉમરેઠનો પ્રવાસ

સં.૧૯૪૬માં ૨૩-૧૨-૮૯નાં દિને પંડિતજી પોતાનાં ધર્મપત્ની સાથે મુંબઇથી ડાકોર પધાર્યા. પ્રાતઃકર્મ કરી શ્રીરણછોડજીનાં દર્શન ચરણસ્પર્શાદિ કરી ૨૪-૧૨-૮૯નાં સાંજે પંડિતજી ઉમરેઠ પધારવાનાં હતા. આથી ત્યાંના પ્રખ્યાત શાસ્ત્રીજી રઘુરામભાઇ ગાડી, રથ, ઘોડેસવાર વગેરે સાધન લઇ તેડવા આવ્યા. વળી પંડિતજી પધારવાના છે, તેની જાહેર ખબરો આજુબાજુનાં ગામડામાં વહેંચાવડાવી હતી. આથી અનેક લોકો પંડિતજી પાસે શંકાસમાધાન માટે આવવા લાગ્યા. પંડિતજી પણ ઉમરેઠ આવી નિબંધ ઉપર વ્યાખ્યાન આપવા લાગ્યા. તે દરમિયાન તા.૨૯-૧૨-૮૯નાં દિને પંડિતજીનાં ત્યાં પુત્રી અવતરી, પણ તે તરત જ પંચત્વ પામી. આથી ગામમાં સર્વ લોકોનાં મન ગમગીન થયા. તેમણે ધાર્યું કે પંડતજી તરફથી મળતો લાભ થોડા દિવસ જરૂર બંધ રહેશે. પણ પંડિતજીએ તેઓની ધારણા ખોટી પાડી. જો કે તેમની પ્રથમ પત્નીને કંઇ સંતાન ન હતું. વળી બીજી પત્નીની આ પ્રથમ સંતતિ હતી. છતા, તેમણે આ વિષે ભગવાનની અકળ લીલા માની પોતાનું મન સહજ આનંદિત રાખ્યું, ને હંમેશ પ્રમાણે વ્યાખ્યાનાદિ ચાલુ રાખ્યા. આમ ગીતાજીમાં ''ગતાસૂનગતાસૂંશ્ચ નાનુશોચંતિ પંડિતાઃ'' - કહેલા વાક્ય પ્રમાણે પોતાનું જીવન આચરી બતાવ્યું. એટલું જ નહિ, પોતાની નિખાલસ પંડિતાઇનો અને નિરભિમાની વૃત્તિનો પર સર્વને અનુભવ કરાવ્યો.

ઉમરેઠમાં પંડિતજી નિત્ય મંદિરમાં સભા કરતા. અહીં વિદ્યાવિલાસી અને ધર્મજિજ્ઞાસુઓને પંડિતજીની હાજરી આનંદ ઉત્સવ જેવી થઇ રહી હતી, ને મંદિરમાં ઘણાં જ સંભાવિત સજ્જનો આવવાથી જગ્યા નાની પડવા લાગી. આથી શાસ્ત્રીજી રઘુરામભાઇએ સાત સ્વરૂપની હવેલી પાસે એક મોટો મંડપ સભાસ્થાન માટે બંધાવ્યો, ને ત્યાં આગળ સભા ભરાવા લાગી. અહીં શતાવધાનનાં પ્રયોગ માટે એક સભા નિશાળમાં રાખી હતી. તે વખતે પ્રમુખ સ્થાને અહીંનાં મુન્સફ રાવ સાહેબ ઝવેરીલાલ બિરાજ્યા હતા. અવધાન પ્રયોગમાં અરબી, સિંધી, તૈલંગી, સંસ્કૃત, ફારસી, ગુજરાતી, મરાઠી, અંગ્રેજી એ આઠ ભાષાનાં ૫ થી ૧૬ શબ્દો સુધીનાં વાક્યો રાખ્યા હતા. તેમાંનાં શબ્દો ગમે તેવા વ્યતિક્રમથી લોકો કહેતા હતા ને વાક્યની ને પ્રયોગની સમાપ્તિમાં પંડિતજી તેને યથાક્રમ ગોઠવી બરાબર કહી બતાવતા, તથા નષ્ટ ઉદ્દિષ્ઠ રીતે પણ તેનાં ઉત્તરો આપતા. વચ્ચે પ્રશ્નોત્તર, શીઘ્ર કવિતા કહી, પૂછનારની ઇચ્છા પૂરી પાડતા. વળી સાત વખત ઘંટનાં અને ૨૩ વખત બીજા ટકોરા પણ થતા, તે સર્વયર્થાથ પંડિતજી કહેતા. આ શક્તિ જોઇને પ્રમુખશ્રીએ પંડિતજીને ઇશ્વરની વિભૂતિ જણાવી, સદ્ધર્મનો લાભ લેવા સૌને વિનંતી કરી હતી. ત્યારે પંડિતજીએ તેનાં ઉત્તરમાં કહ્યું કે,'' આ પ્રયોગ નાટક તમાશારૂપ નથી, પણ આ પ્રમાણે મનને કેળવતા એક કાલમાં ઘણાં કામ થઇ શકે તથા લોકો ધર્મોપદેશ લેવા કેળવાય એ હેતુ છે. જેમ વૈદ્ય ખાંડ સાકરની સહાયતા લે છે, તેમ હું આ પ્રયોગની સહાયતા લઇ, ધર્મોપદેશ કરું છું.'' આ પછી સભામાં મળેલા સાહિત્યરસિકોએ પંડિતજીને જુદા જુદા વિષય ઉપર કાવ્ય રચી આપવા માટે વિનંતી કરી. તે સભામાંથી એક ભાઇએ લોકોએ સભામાં કેમ વર્તવું તે વિષે શાર્દૂલવિક્રીડિત વૃત્તમાં વર્ણન માંગ્યું. આથી પંડિતજીએ પોતાની શીઘ્ર કવિત્વશક્તિથી ઉત્તર આપતા કહ્યું કેઃ

(૧) જાણે સજ્જનનાં ગુણો શ્રવણમાં, લોકો જ ધીરા રહી,
વાર્તાલાપ વિશેષતા ફરિ કરે, સાચું વિચારે લહી,
સત્યાસત્ય વિવેચને જન મને, થાનાર આરામ છે,

લોકોને નિયમો વિષે જ ધરવા, સભ્યો તણું કામ છે.

બીજો પ્રશ્ન એ હતો કે દેવ ને મનુષ્યમાં ઉત્તમ કોણ?

પંડિતજી – કેટલીક દિવ્ય શક્તિઓ દેવતામાં રહેલી છે, તો પણ તેવા દેવતાઓનાં મસ્તક ઉપર પગ દઈ મુક્તિપદે જઈ શકાય એવી યોગ્યતા આ મનુષ્ય દેહમાં રહેલી છે, એટલી ઉત્તમતા મનુષ્યમાં છે.

ત્રીજો પ્રશ્ન એ હતો કે ''સભાએ ઘણો ઘોર આરંભ્યો છે એ ભુજંગી વૃત્તમાં વર્ણન કરો.

પંડિતજી – જનોએ મનોનાં ધરીને વિચારો, ખરો રાખવો બુદ્ધિ કેરો સુધારો.
મળ્યા આજ તો કેટલાક દંભિયો છે, સભાએ ઘણો ઘોર આરંભિયો છે.

ચોથો પ્રશ્ન :– ''ઈશ્વર કેમ મળે એ શિખરિણી વૃત્તમાં કહો.''

પંડિતજી – સદા સાચે ભાવે, પદશરણ આવે સુ હિત જે,
કદા તેને પોતે, સદય મતિ જો તે નહિ તજે,
સમસ્તોનો કર્તા, સકલ ભયહર્તા હરિ ભજે,
મળે મોક્ષોદ્યોગે, વિવિધ પથ યોગે મન સજે.

પાંચમો પ્રશ્નઃ– 'ગણપતિનું કવિરૂપે સંસ્કૃત આર્યામાં વર્ણન કરો.''

''પાખંડખંડપંડનપંડિતશુંડાખ્યદંડમંડનઃ ।।
લસદલિમંડલગંડો ગણેશ્વરઃ શુભકૃતોભૃત્ કવિર્જયતિ ।।''

અર્થ – પાખંડ સમૂહનાં ખંડનમાં પંડિત એવો જે શુંડાદંડ તેનાં ઉપર સિંદૂર આદિનું મંડન ધારણ કરનાર શુભકૃતિ કવિ ગણેશ્વરનો વિજય થાઓ.

છઠ્ઠો પ્રશ્ન :– સાધુ અસાધુનાં લક્ષણ નારાચ છંદમાં વર્ણવો.

જનો તણા ગુણો ઘણા, મને ધરે સ્વભાવથી,
કરે હરેક રીતનાં વિચાર સારભાવથી,
સદાય સાધુ જાણવા, સ્વધર્મથી પ્રમાણવા,
વિરુદ્ધ તે થકી રહે અસજ્જનો, વખાણવા.

સાતમો પ્રશ્ન :– જેમાં બધા જ લકાર હોય એવો દોહરો આપો.

પંડિતજી – આ પ્રશ્ન શીઘ્ર કવિતાનાં નિયમ બહારનો છે. એકાક્ષરી શ્લોકો સારા કવિઓ પણ બબ્બે ત્રણ ત્રણ દિવસે વિચાર કરી, ગોઠવી શકે છે. માઘ જેવા કવિઓનાં મોટા મોટા કાવ્યગ્રંથોમાં આવો એકાક્ષરી શ્લોક એકેકો જ ગણ્યોગાંઠ્યો મળે છે, તથાપિ હાલ તો એક તરફથી ઘંટનાં ટકોરા થાય છે તેની ગણતરી સાથે પણ દોઢ મિનિટમાં કરી આપું છું. પરંતુ હવે કોઈએ પણ શીઘ્ર કવિતામાં એકાક્ષરી શ્લોકની માંગણી કરવી નહિ.

લે લે લે લે લાલ લે, લાલો લાલા લાલ.
લાલી લીલા લીલ લૈ, લાલ લોલ લે લાલ.

અન્વય :– રે સખી! લે લે, લે લે, (ઉતાવળમાં વધારેવાર બોલાઈ જાય છે) લાલને (પુત્રને) લે, કેમકે લાલો (પુત્ર) લાળવાળો અને લાલ (રડવાથી લાલ) ચોળ થયો છે. માટે લાલી (પુત્રની) લીલા (રમતને) લીલ સમજી, હે લોલ (સ્ત્રી) આ ચંચલ લાલને લે, અથવા (લાલ ક્રિયાપદ ગણીને) તેનું લાલન કર. માતા પોતાની પુત્રીને લેવાનું કહે છે.

આ પછી સંસ્કૃતમાં સમસ્યા પૂર્તિ થઈ હતી. ત્યાંથી પંડિતજી પાછા મુંબઈ પધાર્યા. અહીં તેઓ સખ્ત માંદા પડી ગયા. તાવ ને ઉધરસ સારી રીતે સંતાપતા હોવા છતા, તેઓ હંમેશનું પોતાનું નિત્યકર્તવ્ય સંધ્યાસેવાદિ બિલકુલ છોડતા નહિ અને ધર્મોપદેશ પણ આપતા હતા. આ વખતે ડોક્ટર ભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકર મુંબઈમાં પ્રખ્યાત ડોક્ટર હતા. તેઓ અનેક ગંભીર દરદીઓની પ્રેમપૂર્વક સારવાર ને ચિકિત્સા કરતા, ને કેટલીક વખત મોટા મોટા યુરોપિયન ચિકિત્સકો તથા સર્જનો જે કાર્ય ન કરી શક્તા તેવા ગંભીર દર્દો તેઓ પોતાની કુદરતી બુધ્દિશક્તિથી મટાડતા. એક પ્રસૂતા સ્ત્રીને પ્રસૂતિ સમયે તેનાં ગર્ભનાં બાળકે પ્રથમ હાથ બહાર કાઢ્યો આથી પ્રસૂતિ થવામાં અડચણ ઊભી થઈ. આ હાથ કેવી રીતે પાછો અંદર જાય ને બાળક તથા માતાને નુકસાન ન થાય, તે માટે મુંબઈનાં સારા સારા ડોક્ટરોને બોલાવ્યા પણ કંઈ રસ્તો ન જડ્યો. પછી ડો.શ્રીભાલચંદ્રભાઈને બોલાવતા તેમણે સ્ટરિલાઈઝડ કરેલી સોય તે બાળતનાં હસ્તને અડાડતા બાળકે હાથ પાછો ખેંચી ગર્ભાશયમાં મૂળ સ્થિતિએ ગોઠવી દીધો. ત્યાર પછી કુદરતી રીતે પ્રસૂતિ થઈ. આવા આવા પ્રસંગોથી તથા સમાજ ઉપયોગી નિસ્વાર્થ સેવાથી ડો.ભાલચંદ્રભાઈનું નામ મુંબઈમાં સારી રીતે તે કાલે જાણીતું થયેલું હતું. તેમણે પંડિતજી માંદા છે એવું સાંભળ્યું એટલે જાતે આવીને પંડિતજીનું શરીર તપાસ્યું ને દવા આપવી શરૂ કરી. આથી પંડિતજીને ઠીક થવા માંડ્યું. આ વિષે ગુજરાતી પત્ર ૯-૨-૯૦માં નોંધ લે છે કે, ‘‘આ ભલા હ્રદયનાં અને સમર્થ ચિકિત્સકે ઘણી જ ચીવટ રાખી પંડિતજીની ઈચ્છા મુજબ દવા આપી. વળી તેમની દવા કરવામાં આ ડોક્ટર ઘણી ખામોશી રાખતા હતા, અને અનેક અગવડો વેઠતા હતા. કારણકે ધર્મચુસ્ત, આગ્રહી, સેવાપૂજાપ્રેમી, પંડિતજીને યોગ્ય ઔષધ, રુચતુ, લાભકારક ને ધર્મને શરણ રહી ને આપવું તે થોડું મુશ્કેલ હતું. પંડિતજીને સારૂ થતા મુંબઈનાં ધર્મપ્રેમી સમાજે ડોક્ટર શ્રી.ભાલચંદ્રભાઈનો ઉપકાર માન્યો હતો.

(૩૪) ઉપનયન તથા કલકત્તાનું માનપત્ર

આપણે ગયા પ્રકરણમાં ડો.શ્રીભાલચંદ્ર કૃષ્ણ ભાટવડેકરની પ્રજાકીય સાચા ડોક્ટર તરીકે સેવાભાવના જોઈ ગયા. તદુપરાંત તેઓ સંસ્કૃતનાં સારા જ્ઞાતા ને વિદ્વાન હતા. વળી વિનય અને વિવેકસંપન્ન હતા. તેમનાં ત્યાં તથા તેમના મોટાભાઈ ગજાનન કૃષ્ણ ભાટવડેકરનાં ત્યાં ઉપનયન સંસ્કાર હતો. ગજાનનભાઈ વડોદરામાં મોટા ઓફિસર હતા. આ ઉત્સવમાં તેમનાં બે બટુક ઉપરાંત એક ગરીબ બ્રાહ્મણનાં બટુકને પણ ઉપવીત દેવાનું હતું. આ પ્રસંગે ઘણા મોટા માણસો આવેલા તથા પંડિતજીને પણ ખાસ વિનંતી કરીને પધરાવ્યા હતા. આ વખતે બટુકોને બોલાવી, થોડોક ઉપદેશ કરી, ઉચિત ભિક્ષા દઈ, નીચે પ્રમાણે પંડિતજીએ બે બટુકોને આશીવાર્દ આપ્યા હતા.

હ્રદ્યાનવદ્યવિદ્યાવિદ્યોતિતવપુ રતવિગુણરાગી।
સજ્જનસૌહ્રદભાગી યો ભાટવડેકરોપહ્નઃ ।।
આયુર્વેદસ્યાગાદ્ગુરુતઃ પુરુતત્ત્વમુરૂપરિશ્રમતઃ।
આસીત્સ કૃષ્ણશર્મા ધર્માર્ચિતગણપતિભક્તિકૃતવર્મા ।।
તસ્યાદ્ય પુત્રપૌત્રાવુપનીતૌ વીક્ષ્ય કૃતકાલાલાપો।
હંસાવિવ શુચિપક્ષૌ સમેતિ મમ માનસો મહોલ્લાસમ્ ।।
સદૈવ સંપત્શાલી ભાલચંદ્રો ગજાનનઃ।
સંપોષ્ય સત્ક્રિયાતસ્તૌ ક્રિયાદ્દિશ્વા વિરાજિતૌ ।।

અર્થ - અત્યંત મનોહર, નિર્દોષ વિદ્યા વડે પ્રકાશિત વપુ, પારકા ગુણો ઉપર પ્રીતિ રાખનાર, સર્વ સજ્જનોનાં સખા, પૂરા પરિશ્રમથી ગુરુ પાસેથી આયુર્વેદનું તત્ત્વ જાણનાર એવા, જેને સ્વધર્મથી પૂજા કરી, પ્રસન્ન કરેલા ગણપતિની ભક્તિ સર્વ ઠેકાણે રક્ષા કરવાને કવચ જેવી થઈ હતી, તે ભાટવડેકર ઉપનામ વાળા કૃષ્ણશાસ્ત્રીનાં પુત્ર અને પૌત્ર હંસની પેઠે કૃતકલાપ (વિદ્યા કલા શીખવાનો આરંભ કરતા, હંસ પક્ષે મધુર આલાપ કરતા), શુચિપક્ષ (પવિત્ર સંબંધી) એ બન્ને ઉપવિત જોઈ, જેમ હંસને ઉપતમ એટલે પાસે આવેલા જોઈ, માનસ સરોવર ઉલ્લાસ પામે તેમ મારૂ માનસ મોટો ઉલ્લાસ પામે છે. દેવતાઈ સંપત્તિથી શોભનાર ભાલચંદ્ર ગજાનન તથા સદૈવ અખંડ મોક્ષસમૃદ્ધિને પામી,

શોભનાર ભાલચંદ્ર અને ગજાનન એ નામના કૃષ્ણશાસ્ત્રીનાં પુત્રો આ બન્ને બાળકોને સારી રીતે પોષણ આપી, સત્કર્મ અને સત્કારથી વિદ્યાવિરાજિત કરો.

તા. ૨૩-૫-૯૦નાં શુક્રવારે વીસથી પચ્ચીસ માણસો સાથે પંડિતજી શ્રીજગન્નાથરાયજીની યાત્રાએ પધાર્યા. આપણા ગુજરાતમાં ડાકોર, દ્વારિકા અને દક્ષિણમાં નાસિક, પંઢરપુરની યાત્રાનું જેવું મહત્વ છે તેવું જ જગન્નાથરાયજીની યાત્રાનું મહત્ત્વ સમગ્ર ભારતીયોનાં મનને છે. શ્રીમદ્ વલ્લભાચાર્યજી મહાપ્રભુજી તથા શ્રીવિઠ્ઠલેશ પ્રભુચરણ અનેક વખત શ્રીજગન્નાથપુરી પધારેલા. ત્યાં આપશ્રીની બેઠકો પણ છે. આ વખતે પંડિતજીને સ્ટેશને વળાવવા અનેક સંભાવિત શાસ્ત્રીઓ, પંડિતો, વિદ્વાનો વગેરે સ્ટેશન ઉપર સવારે આવ્યા હતા. મુંબઈથી પંડિતજી શ્રીજગન્નાથરાયજીનાં દર્શન કરી, પાછા વળતે કલકત્તા પધાર્યા. અહીં અનેક દેશી અંગ્રેજી પત્રકારો પંડિતજીનાં પરિચયમાં આવ્યા. તેઓ પંડિતજીની અલૌકિક શક્તિથી આશ્ચર્ય પામ્યા ને પોતાનાં પત્રોમાં પંડિતજીની શક્તિનાં બહુ ભારે વખાણ કરવા લાગ્યા. જાણીતું સ્ટેટ્સમેન પત્ર લખે છે કે, ''પંડિતજી જેવા વિદ્વાન અને તે સાથે તત્ત્વશાસ્ત્રમાં કુશળ એવા પુરુષો આ દેશમાં એટલા તો થોડા છે કે તેને સર્વ પ્રકારે આર્ય લોકો દેવતાઈ ગણે છે.'' જ્યારે ઈંગ્લિશમેન નામનું પત્ર લખે છે કે,''યુરોપમાં આવા પુરુષો જ્વલ્લે જ મળી આવશે ને મળશે તો તેનાં પર ત્યાંના લોકો અત્યંત ફિદા ફિદા થઈ જશે.'' આથી પંડિતજીનો સારી રીતે સત્કાર થવા માંડ્યો. પંડિતશ્રીનાં માનમાં એક સભા (મેળાવડો) સર રાજા રાધાકાંતદેવ બહાદુરનાં નિત્ય મંદિરમાં થઈ. ત્યાં આગળ પંડિતશ્રીએ સંસ્કૃત વિદ્યા અને ભાષાની મહત્તા ઉપર વ્યાખ્યાન કર્યું હતું. પછી અવધાન પ્રયોગો કર્યા હતા. બીજી સભા ટાઉનહોલમાં મળી હતી. તેમાં યુરોપિયનો જિજ્ઞાસુઓ વિદ્વાનો બધા જ હાજર હતા. અહીં આગળ પંડિતજીનાં શતાવધાનનાં પ્રયોગ થયા ત્યારે સર્વે સભાજનોને આ પ્રયોગો અદ્ભુત ચમત્કારરૂપ લાગ્યા. આથી સૌએ પંડિતજીને પુષ્પની વૃષ્ટિ કરી નવડાવી દીધા. વળી પંડિતજીની લોકોત્તર શક્તિ દેખી ત્યાંનાં ધર્મપ્રેમી સમાજે શ્રીમદ્ ભાગવત અષ્ટોત્તરશત પારાયણ કથા પંડિતજીનાં નેતૃત્વ નીચે બેસાડી. આવી ૧૦૮ શ્રીભાગવતજીની સપ્તાહ કલકત્તામાં આ પ્રથમ બેઠી હતી. વળી આ સમય દરમિયાન એક ધર્મસભા સ્થાપવામાં આવી. સં.૧૯૪૬નાં આસો સુદિ ૧૪નાં દિને પંડિતજીને કલકત્તાનગરી તરફથી બહુમાન કરતું એક માનપત્ર આપવામાં આવ્યું, તેમાં એક હજાર વિદ્વાનો, રાજાઓ, સી.એસ.આઈઓ, ગ્રેજ્યુએટો, વ્યાકરણ ને ન્યાયશાસ્ત્રીઓએ ભાગ લીધો હતો. તે માનપત્ર નીચે મુજબ છે.

કલકત્તાનું માનપત્ર

સઘળા મનુષ્યો જેની પ્રસિદ્ધ સુજનતા, ઉદારતા આદિ ગુણ રત્નનાં રત્નાકરની પ્રશંસા કરી છે, એવા તથા ભિન્નભિન્ન દેશનાં માણસો વારંવાર જેના યશઃપુંજનું ગાન કરે છે એવા, શ્રીમદ્વલ્લભાચાર્યે પ્રર્વતાએલા આચાર વિચારની ચતુરતામાં અગ્રસર એવા, આર્યજનનાં હૃદયકમળને પ્રફુલ્લ કરવામાં સૂર્ય, વેદાંતભટ્ટાચાર્ય, શીઘ્રકવીશ્વર ઈત્યાદિક અનેક પદવીથી અલંકૃત, પંડિતપણાનાં ગુણગણથી ગુંથાએલા, નિજ નિવાસથી ઉત્તમ એવી મુંબઈપુરીની શોભારૂપ એવા આપ શ્રીમાન્ પંચનદી શ્રીગટ્ટુલાલજી મહોદય શ્રીજગન્નાથજીની યાત્રા પ્રસંગે આ (કલકત્તા) નગરીમાં પધાર્યા. અત્રે આપે અસાધારણ સ્મરણશક્તિઓનો પરિચય કરાવીને, અપરિચિત એવી અનેક ભાષાઓનો જાત જાતનાં અવધાનો બતાવીને, બારીકીથી જોનાર (સમીક્ષક) મનુષ્યોનાં ઈચ્છિત વિષયો પ્રમાણે સમસ્યા પૂર્તિનું પાંડિત્યપણું બતાવીને, પંદર પળની અંદર જ પચ્ચીસ શ્લોકો રચવાની નિપુણતા વડે, છ અંગ સહિત વેદશાસ્ત્ર, ધર્મશાસ્ત્ર વ્યાકરણ આદિ વિવિધ વિદ્યાની વિવેચક શક્તિ સંપન્નપણાથી, વિવિધ અલંકારોથી અલંકૃત એવી કાવ્યરચનાઓથી અને વિનયાદિ ગુણગણની મહત્તાથી પોતાનાં શતાવધાનપણાને યથાર્થ કરી આપી, આપે આ નગરીનાં સંભાવિત ગૃહસ્થોને અને પંડિત પુરુષોને અત્યંત સંતોષ પમાડ્યા છે અને વિશેષમાં તમે બાલ્યાવસ્થાથી અંધ છો તેમની આવી અદ્ભુત શક્તિ અમને અત્યંત વિસ્મય કરે છે, અને કૌતુક ઉપજાવે છે. તે સર્વ કારણને લઈને અમે ઘણા જ માન સહિત આપનું અભિજ્ઞાન ધરાવનારૂં આ માનપત્ર આપને સમર્પણ કરીએ છીએ.

શુભમ્ સં.૧૯૪૭ સૌરાશ્વિન માસની ચોવીસમી તિથિ કલકત્તા રાજધાની
મહામહોપાધ્યાય વિદ્યારત્ન શ્રીભુવનમોહન શર્મા
મહામહોપાધ્યાય ન્યાયરત્ન શ્રીરાખાલદાસ દવે શર્મા

તર્કવાગીશ શ્રી.કામાખ્યાનાથ શર્મા
સ્મૃતિરત્ન શ્રી.મધુસૂદન શર્મા
ગોસ્વામી શ્રી.ઉપેન્દ્રમોહન શર્મા
મહામહોપાધ્યાય શ્રી.દીનબન્ધુ દેવ શર્મા
મહામહોપાધ્યાય ન્યાયરત્ન શ્રી.મહેશચંદ્ર શર્મા (સી.આય.ઇ)
શ્રી.ગોવિન્દ શાસ્ત્રી; શ્રીચન્દ્રકાંત શર્મા; શ્રીસદાનંદ શર્મા.
શ્રી.રામેન્દ્ર ન્યાયવાગીશ ભટ્ટ પલ્લિનિવાસી
મહારાજ બહાદુર ઠાકુર શ્રી.યતીન્દ્રમોહન શર્મા (કે.સી.એસ.ઇ)
રાજા શ્રી.પ્યારી મોહનમુખ (સી.એસ.આઇ)
રાજા સર શ્રી.સૌરીન્દ્ર મોહન ઠાકુર (સી.આઇ.ઇ)
મુખોપાધ્યાય શ્રી.શિવનારાયણ શર્મા
શ્રીવિધુભૂષણ મુખોપાધ્યાય શ્રી.રામવિહારી શર્મા
સ્મૃતિરત્ન શ્રી.મધુસૂદન શર્મા પલ્લિનિવાસી
શ્રી હૃષીકેશ શાસ્ત્રી;
વિદ્યારત્ન ગો.શ્રીમહેન્દ્રનાથ શર્મા
ન્યાયરત્ન શ્રીરાજકુમાર શર્મા
શ્રી.બાબૂ શ્રી.દામોદરદાસ વર્મા
રાજા શ્રી.રાજેન્દ્ર નારાયણ દેવ બહાદુર
રાજા.શ્રીરાજેન્દ્ર લાલમિત્ર સી.આઇ.ઇ.એસ; એલ.એલ.ડી.
બાબુ શ્રી.ગિરીન્દ્ર ઘોષ;
બાબુ શ્રી.રામનાથ ઘોષ;
બાબુ શ્રી.ગિરીન્દ્રદાસ રાવ બહાદુર
બાબુ શ્રી.નંદલાલ બસુ

(૩૫) ભારતમાર્તંડ એક બહુમાન

કલકત્તાથી પંડિતજી નદીયા તા.૩૧-૮-૯૦નાં પધાર્યા. આ સ્થળ સંસ્કૃત વિદ્યાનું ધામ ગણાય છે. અહીં પંડિતજીને વિદ્વાનોએ ઉત્તમ પ્રકારનું માન આપ્યું અને તેમની ભારે પ્રશંસા કરી. ત્યાંથી પંડિતજી ચંદ્રગુપ્તની પ્રાચીન રાજધાની પટના ગયા, ને ત્યાં પ્રાચીન ઐતિહાસિક સંશોધન થોડુંક કર્યું. ચંદ્રગુપ્ત તથા ચાણક્ય વગેરે ગુપ્તવંશનાં ઇતિહાસમાં પંડિતજીને સારો રસ હતો. પંડિતજી પટના હતા ત્યારે દિલ્હીમાં ‘‘ભારત-ધર્મ મહામંડળ’’ નામની અખિલ હિંદમાં ફેલાએલી, સનાતન ધર્મનાં દ્રષ્ટિબિંદુવાળી એક સંસ્થા તરફથી એક ધર્મસભા ભરવામાં આવી હતી. આ ધર્મસભામાં આખા ભારતવર્ષનાં પાંચ હજાર આચાર્યો, પંડિતો, વિદ્વાનો હાજર હતા. તેનાં પ્રમુખ તરીકે સુપ્રસિદ્ધ કામવન ને મુંબઇનાં વૈષ્ણવાચાર્ય ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી તથા કાશીનાં પંડિત મહામહોપાધ્યાય શ્રી.શિવકુમાર શાસ્ત્રી ચૂંટાયા હતા. પંડિતશ્રીને પણ આ સભામાં હાજર થવા માટે આગ્રહપૂર્વક નિમંત્રણ હતું. તેથી પટના વગેરેથી ફરતા તે સભાનાં અધિવેશન વખતે તેઓ દિલ્હી પધાર્યા. પ્રથમ આ મહામંડલે ધાર્મિક સુધારણાનું કાર્ય વગેરે હાથ ધર્યુ અને તેને અંગે સંસ્કાર, વિવાહ કાયદો, વિવાહમાં અપવ્યય વગેરે બાબતે ઠરાવો પસાર કર્યા. ચોથો ઠરાવ ધર્મ ઉન્નતિ વિષેનો હતો. તે ઠરાવ પંડિતજીએ મૂક્યો હતો, ને તેનાં ઉપર એક સુંદર વ્યાખ્યાન સંસ્કૃતમાં આપ્યું હતું. પાંચમો ઠરાવ પણ આપણા પંડિતજીએ મૂક્યો હતો. તેમાં સંસ્કૃત ભાષાની વૃદ્ધિ કરવા અંગે જુદી જુદી યોજનાઓ ને તેની ઉપયોગિતા વિષે વ્યાખ્યાન આપ્યું હતું. આનાં પરિણામે પંદર હજારનું ફંડ સંસ્કૃત પાઠશાલા સ્થાપવા માટે ભેગું થયું, ને સંસ્કૃત

ભાષામાં પંડિતજીની વાગ્છટા સાંભળી સઘળા વિદ્વાનો ખુશ થયા. વળી નેત્રહીન હોવા છતા કોઈપણ વસ્તુનું પૃથક્કરણ કરી સમજાવવાની તેમની શક્તિ તથા તેમનું આદર્શ ધાર્મિક જીવન સૌને આકર્ષણરૂપ થઈ પડ્યું. આના પરિણામે આ મહામંડળે પંડિતજીનો સત્કાર કરવા માટે એક મોટી સભા ભરી. આ વખતે પ્રમુખ તરીકે રાજા શશીશેખરેશ્વર બિરાજ્યા અને પંડિતજીનાં બહુ વખાણ કરી, તેમને ''**ભારતમાર્તંડ**''ની પદવી બહુ માન પુરઃસર આપી. સાથે એક હીરાની વીંટી જેની કિંમત બે હજારની હતી તે ભેટ આપી. આમ ભારતવર્ષમાં ધર્મની દ્રષ્ટિએ મોટા ગણાતા પુરુષોએ તેમને ભારતવર્ષનાં સૂર્ય એટલે ભારતવર્ષનાં અજ્ઞાનરૂપી અંધકારને મટાડી જ્ઞાનરૂપી તેજનાં પ્રકાશક સૂર્ય- એવી રીતે સત્કાર્યા. પંડિતજીએ પણ આખી સભાનો ઘણી જ લાગણીપૂર્વક આભાર માન્યો અને સભાનો પરિચય કરાવતું એક સંસ્કૃત અષ્ટક કાવ્યમાં રચીને ગાયું.

તા. ૧-૨-૯૧નાં અરસામાં મુંબઈ ધારાસભામાં સંયોગ કાલનાં વયસંબંધી એક બિલ આવ્યું હતું. આ બિલ વખતે પંડિતજી યાત્રામાં ગયા હતા. તેથી આ બિલ અંગે ધર્મશાસ્ત્રની દ્રષ્ટિએ કંઈ વિચારવાનું છે કે નહિ, તે વિષે કોઈને કશી સૂઝ પડી નહિ. આ સંબંધી પંડિતજીને પત્રો લખવામાં આવ્યા, પણ પંડિતજીને અવકાશ ન મળવાથી પોતાનો સ્પષ્ટ અભિપ્રાય મોકલી શક્યા નહિ. હરિદ્વારમાં મોટો મેળો ભરાયો હતો. ત્યાં પંડિતજી દિલ્હીથી ગયા. ત્યાં આગળ તેમનાં તંબૂને ૧૯-૪-૯૧નાં રોજ આગ લાગી તેથી લગભગ ૪૫ સો રૂપિયાનું નુકસાન થયું, તથા ઘણું સામાન તથા પુસ્તકોનો નાશ થયો.

(૩૬) આચાર્ય પરંપરા

ત્યાંથી પંડિતજી મથુરામાં પધાર્યા. આ વખતે અહીં પુષ્ટિમાર્ગની આચાર્ય પરંપરા માટે ભારે ખળભળાટ થઈ રહ્યો હતો. આ પરંપરામાં ''શ્રી શિવજી પુષ્ટિમાર્ગનાં પ્રથમ આચાર્ય છે'', એ વિષેની ચર્ચા મુખ્ય હતી. પંડિતશ્રી આ મતનાં હતા, ને તેમણે આ મત ઘણા જોરશોરથી પોતાનાં ગ્રંથોમાં જેવા કે સત્સિદ્ધાંતમાર્તંડ વગેરેમાં પ્રતિપાદન કર્યો. તેઓ એમ માનતા કે ''અનાદિ સિદ્ધ'' એવા વેદોક્ત સંપ્રદાયો અનાદિ છે. તેથી અમુક કાલની મર્યાદા સંપ્રદાયની લાગતી નથી. વળી સંપ્રદાયો હરિની ઈચ્છાથી જગત સાથે પ્રવર્તે છે, ને જગતનો ભગવત્સ્વરૂપમાં લય થાય ત્યારે તે પણ તિરોહિત થાય છે. તેઓ એમ પણ કહેતા કે તે વિષેનો પરંપરા સંગ્રહ શ્લોક નીચે મુજબ છે.

(૧) આદૌ શ્રીપુરુષોત્તમં પુરહરં નારદાખ્યં મુનિં ।
કૃષ્ણં વ્યાસગુરું શુકં તદનુ વિષ્ણુસ્વામિનં દ્રાવિડમ્ ।।
તચ્છિષ્યં કિલ બિલ્વમંગલમહં વન્દે મહાયોગિનં ।
શ્રીમદ્વલ્લભનામ ધામ ચ ભજેડસ્મત્સમ્પ્રદાયાધિપમ્ ।।

શરૂઆતમાં (૧) શ્રીપુરુષોત્તમ (૨) મહાદેવજી (૩) શ્રીનારદમુનિ (૪) કૃષ્ણ (૫) વ્યાસગુરુ (૬) શુકદેવજી (૭) દ્રાવિડ દેશનાં વિષ્ણુસ્વામી (૮) તેમનાં શિષ્ય મહાયોગી બિલ્વમંગલ અને (૯) શ્રીમદ્ વલ્લભાચાર્યજી જે અમારા સંપ્રદાયાધિપ છે તેમને હું ભજું છું. આ પરંપરા શાંડિલ્ય સંહિતાનાં ભક્તિખંડનાં પાંચમાં અધ્યાયમાં સ્પષ્ટ આપી છે. (સત્સિદ્ધાંત માર્તંડમાં પા.૧૨૩માં મૂળશ્લોક આપ્યા છે.) ત્યારબાદ શિવજી પુષ્ટિમાર્ગનાં આચાર્ય છે, તે વિષે ''ત્ર્યમ્બકં યજામહે સુગન્ધિં પુષ્ટિવર્ધનમ્'' વગેરે શ્રુતિ, ઉપનિષદ તથા ભાગવતનાં શ્લોક લખ્યા છે. તેવી રીતે નારદજી પુષ્ટિમાર્ગનાં આચાર્ય છે તેમ પ્રતિપાદન કરતા શ્રીભાગવત પ્રથમ સ્કંધ, પંચરાત્રનાં પ્રથમ રાત્રનાં શ્લોક આપ્યા છે. વળી આ પરંપરાની પુષ્ટિનાં નીચેનાં બીજા કારણો પણ આપવામાં આવતા.

(૧) શ્રીમદનમોહનજીનું સ્વરૂપ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટનાં સમયનું છે. તે સ્વરૂપ શ્રીગુસાંઈજીએ સપ્તમ પુત્ર શ્રીઘનશ્યામજીને માથે પધરાવ્યું. આ સ્વરૂપ શ્રીઆચાર્યશ્રીથી સેવાયેલું છે. આ ગોપાલજીનું સ્વરૂપ છે ને શ્રીઅંગ ઉપર ઉપનયન તથા શ્રીપાદુકા પણ છે. આથી વૈદિક તથા તાંત્રિક પદ્ધતિથી આ સ્વરૂપ શ્રીયજ્ઞનારાયણ ભટ્ટથી શ્રીલક્ષ્મણભટ્ટ સુધી પૂજાયેલ છે. આ પ્રકાર શ્રીવિષ્ણુ સ્વામીનો છે.

(૨) શ્રીમહાપ્રભુજીએ રચેલી શ્રીસુબોધિનીજીનાં મંગલાચરણ ઉપર શ્રીપુરુષોત્તમજીએ ‘‘શ્રીગોપીપતિવન્દિને’’ એ શ્લોકમાંના શબ્દ ઉપર ટીકા લખી છે કે ‘‘અત્ર શ્રીગોપીપતિવન્દિત ઇત્યનેન પરંપરયા વિષ્ણુસ્વામિમતાનુવર્તિ ગોપાલોપાસકતા સૂચિતા’’. આપશ્રીનો પ્રાદુર્ભાવ સં.૧૭૨૪માં છે.

(૩) સંપ્રદાયપ્રદીપ, ચરિત્રચિન્તામણિ, યદુનાથ દિગ્વિજય, ભગવદ્ તત્ત્વદીપિકા વગેરેમાં શ્રીવિષ્ણુસ્વામીનો મત શ્રીમહાપ્રભુજીને સંમત છે એમ પ્રતિપાદન કર્યું છે.

(૪) નાભાજી વગેરે પરસંપ્રદાયનાં ભક્તો આચાર્યશ્રીને વિષ્ણુ સ્વામીનાં મતનાં માને છે.

(૫) વિષ્ણુદાસ, હરજીવનદાસ વગેરે ભક્તકવિઓ કીર્તનોમાં શ્રીમહાપ્રભુજી વિષ્ણુસ્વામીનાં સંપ્રદાયનાં છે એમ જણાવે છે.

(૬) યોગી ગોપેશ્વરજી રશ્મિજીમાં નિબંધમાં પ્રતિપાદિત સિદ્ધાંતને આધ્યાત્મિક માને છે અને કારણ તરીકે વિષ્ણુસ્વામી મતાનુવર્તી એમ ઇતિશ્રી લખતી વખતે શ્રીમહાપ્રભુજી નિબંધ વગેરેમાં જણાવે છે. આ યોગી ગોપેશ્વરજીનો જન્મ સં.૧૮૩૬માં છે.

(૭) ‘‘વૈષ્ણવાનાં યથા શમ્ભુઃ’’ આ વાક્યથી શ્રીશિવજી પુષ્ટિમાર્ગીય પરંપરાનાં પ્રાચીન આચાર્ય છે એમ ગણવામાં આવે છે.

ઉપર જણાવ્યા મુજબ શિવજી વગેરેને પુષ્ટિમાર્ગીય આચાર્ય પરંપરામાં સ્થાન આપનારા ગોસ્વામી બાળકો, પંડિતજી તથા બીજા વિદ્વાનો ને શાસ્ત્રીઓ દલીલો કરતા. જ્યારે આ પરંપરા વિરુદ્ધનાં કેટલાક ગોસ્વામી બાળકો તથા શ્રી.છગનલાલ અમરજી શાસ્ત્રી ને બીજા વિદ્વાનો ને શાસ્ત્રીઓ પોતાનું દ્રષ્ટિબિંદુ નીચે મુજબ રજૂ કરતા.

(૧) ‘‘આદૌ શ્રીપુરુષોત્તમં પુરહરં’’ એ શ્લોકનો મૂળ કર્તા કોણ, અને તે પરંપરા કોણે લખી? શ્રીમહાપ્રભુજી પોતાના રચેલા કોઇ પણ ગ્રંથમાં આ પરંપરા સ્વીકારતા નથી, તથા આ પરંપરા અમારી છે એવું જણાવતા નથી, તો તમે તે પરંપરા માનવા કેમ લલચાઓ છો?

(૨) શું તમે એમ માનો છો કે બ્રહ્મસંબંધ મંત્ર અને અષ્ટાક્ષર મંત્ર પરંપરાથી પ્રાપ્ત થયેલા છે? એટલે વિષ્ણુસ્વામીની પરંપરા માનનાર બિલ્વમંગળ દ્વારા મહાપ્રભુજીને પ્રાપ્ત થયા છે?

(૩)‘‘એવો માર્ગ શ્રીવલ્લભવરનો, જ્યાં નહિ પ્રવેશ વિધિ હરનો.’’ - શ્રીગોપાલદાસભાઇ શ્રીવલ્લભાખ્યાનમાં શ્રીવલ્લભાચાર્યજીનાં માર્ગમાં શિવજીનો પ્રવેશ નથી એમ લખે છે. તો આચાર્ય પરંપરામાં શિવજીને કેવી રીતે સ્થાન અપાય?

(૪) જો શિવજી પુષ્ટિમાર્ગીય પરંપરાનાં આચાર્ય હોય તો તેમનું વ્રત જપ કરવામાં અન્યાશ્રય થાય કે નહિ? શ્રીમહાપ્રભુજીએ શિવજીનું વ્રત કરવાની મના કરી છે, તથા તેમના સ્થાનમાં સ્વઇચ્છાથી કે કોઇની પ્રેરણાથી પણ ન જવું એમ લખ્યું છે તેનું શું?

(૫) તૃતીય સ્કંધ શ્રીસુબોધિનીજીમાં રામાનુજનો માર્ગ સાત્ત્વિક, માધ્વનો રાજસ, વિષ્ણુસ્વામીનો તામસ ને અમારો નિર્ગુણ એમ માર્ગભિન્નતા બતાવી છે તેનું શું? છેવટમાં આ પક્ષવાળા પરંપરાની બાબતમાં નીચે મુજબ પોતાનો મત સૂચવતો શ્લોક આપતા.

‘‘પુરુષોત્તમસન્મૂલાં શ્રીવૈશ્વાનરમધ્યમામ્ ।
અસ્મદાચાર્યપર્યમાં વન્દે ગુરુપરંપરામ્ ।।’’

ગુરુપરંપરામાં અનાદિ શ્રીપુરુષોત્તમ છે, મધ્યમાં શ્રીમહાપ્રભુજી છે, ને અમારા ચાલુ આચાર્યને હું નમું છું. આ શ્લોક ઉપરની ટીકામાં જણાવ્યું છે, ‘‘શ્રાવણસ્યામલે પક્ષે’’ એ વાક્યથી સચ્ચિદાનંદઘન પુરુષોત્તમ ભગવાન પોતે આ માર્ગનાં મૂલ છે, તેથી આ માર્ગ આધુનિક કહેવામાં બુદ્ધિની જડતા છે. વળી બ્રહ્માજીનાં સો વર્ષ તે શિવજીનો એક દિવસ, શિવજીનાં સો વર્ષ તે વિષ્ણુનો એક નિમિષ. આમ હોવાથી ભગવાન આગળ શિવ વગેરે આધુનિક ગણાય. વળી શિવજી ગુણાવતાર ને આવેશાવતાર છે. જ્યારે ભગવાન જ્ઞાનશક્તિ ને ક્રિયાશક્તિયુક્ત પૂર્ણાવતાર છે. વળી ભગવાન જેવા પૂર્ણાવતાર છે તેવા જ મહાપ્રભુજી પણ પૂર્ણ ભગવદવતાર છે, ને તેનું પ્રમાણ શ્રીગુસાંઇજી

શ્રીવલ્લભાષ્ટકમાં ''વસ્તુતઃ કૃષ્ણ એવ'' એમ કહી આપે છે. માટે શિવજી ને વિષ્ણુસ્વામી પરંપરાનાં ન માનતા આ પરંપરા પુષ્ટિમાર્ગીય છે, ને તે સર્વેએ માનવી.

આમ બન્ને પક્ષો સામા સામી દલીલો કરતા અને એક બીજાનાં લખાણનાં ખંડનમંડન ચાલવા લાગ્યા. પંડિતજી ''આદૌ શ્રીપુરુષોત્તમં'' વાળી પરંપરામાં માનતા હતા, ને તે શ્લોક મૂળથી ચાલ્યો આવે છે, એમ કહેવામાં આવતું. વળી શ્રીસુબોધિનીજી વગેરેની ઈતિશ્રીમાં શ્રીમહાપ્રભુજી ''વિષ્ણુસ્વામીમતાનુવર્તી'' લખે છે તે પ્રમાણ તરીકે કહેવામાં આવતું. જ્યારે બીજી તરફથી શ્રીમહાપ્રભુજીએ મંગલાચરણ કે ગ્રંથ શરૂઆતમાં કોઈને પણ પોતાનાં ગુરુ તરીકે સ્વીકાર્યા નથી, વળી વિષ્ણુસ્વામીનો મત તામસ છે એમ સુબોધિનીજીમાં સ્પષ્ટ લખાણ છે, તેથી શ્રીમહાપ્રભુજીને આ પરંપરા માન્ય નથી, એમ કહેવામાં આવતું. વળી આ પક્ષ એમ પણ કહેતો કે ''આદૌ શ્રીપુરુષોત્તમં'' વાળો શ્લોક પુષ્ટિમાર્ગ અવાર્ચીન છે એમ ન મનાય તે માટે કોઈકે બતાવ્યો છે. આ ઉગ્ર ચર્ચામાં પંડિતજી ઉપર ઘણા આક્ષેપો કરવામાં આવતા, છતા તેઓ તો મૂળથી ક્ષમા ને વિનમ્રતાની મૂર્તિ હતા. તેમનાં ઉપર ગમે તે આક્ષેપ કરો પણ સત્ય વસ્તુ જણાવવા સિવાય પોતા ઉપર થતા નકામા આક્ષેપનો પરિહાર ભાગ્યે જ કરતા. તેમનો સ્વભાવ મૂળની પ્રાચીન પ્રણાલિકાનાં સંરક્ષણ તરફ હતો ને જૂના ગ્રંથોમાં આ મત જણાતા તેઓ તેનાં પક્ષકાર બન્યા હતા.

સને ૧૮૯૦માં આ વિષય ઉપર ઉગ્ર ચર્ચા ચાલી. તેમાં ભગવાન પછી શિવજી પ્રથમ આચાર્ય છે તે વિષય હતો. આ ચર્ચામાં ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી પંડિતજીનાં પક્ષમાં રહી, તેમની પરંપરા સત્ય છે, એમ જણાવવા લાગ્યા. પણ તેમની વિરુદ્ધ શાસ્ત્રીજી છગનલાલ અમરજી, દયાળજી મૂલજી ઠક્કર, રતનશી લાલજી, ભટ્ટ વલ્લભદાસ તથા વિઠ્ઠલદાસ રામદાસ વગેરેએ ચર્ચાપત્રો લખ્યા. આમાં પણ ''પંડિતજીની ઈચ્છા આચાર્ય થવાની છે.'' તેવા ઢંગધડા વગરનાં આક્ષેપો થતા. વળી આ બાબતમાં ગો.શ્રીવિઠ્ઠલેશરાયજીની જોડે પત્રવ્યવહાર કરતા શિવજી પુષ્ટિમાર્ગનાં આચાર્ય નથી અને શિવજીનું પૂજન કરવાથી અન્યાશ્રય દોષ થાય છે, એ જણાવ્યું. આ વખતે પંડિતજી તરફથી શાસ્ત્રીજી પ્રાણજીવન હરિહર વગેરે ઉત્તર આપવા લાગ્યા.

આ પ્રશ્નનું નિરાકરણ કરવા મથુરામાં એક મોટી સભા ભેગી કરવામાં આવી. આમાં શ્રીનાથદ્વારાધીશ તિલકાયત શ્રીગોવર્ધનલાલજી, કાંકરોલીવાળા શ્રીબાલકૃષ્ણલાલજી, ને ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી આ પરંપરાનાં પોષક તરીકે પધાર્યા. આ નિર્ણય અંગે પંડિતશ્રી ગટ્ટુલાલાજીએ પણ પધારી સારો ભાગ લેવા માંડ્યો. જ્યારે સામી બાજુ મુંબઈનાં ગો.શ્રી.નૃસિંહલાલજી, કોટાવાળા શ્રીકન્હૈયાલાલજીએ આ પરંપરા માન્ય ન કરી.

આ નિર્ણય માટે એક મોટો મંડપ ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીએ શ્રીગોકુળમાં બંધાવ્યો ને પ્રતિવાદીઓને આ પરંપરા સત્ય નથી તે સાબિત કરવા આહ્વાહન આપવામાં આવ્યું. ભરતપુરનરેશે આ મંડપ બંધાવીને તેની વ્યવસ્થા જાળવવા ઉપરાંત આ ચર્ચામાં રસપૂર્વક ભાગ લેવા માંડ્યો. જ્યાં આ પરંપરાનો પ્રશ્ન ચાલતો હતો, ત્યાં કેટલાક આર્યસમાજી ભાઈઓ શ્રીગટ્ટુલાલાજી ઉપર મથુરામાં આક્ષેપ કરવા લાગ્યા. તે આક્ષેપોનો પરિહાર કરવા ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીએ આર્યસમાજીસ્ટોને જાહેર રીતે પંડિતજી સાથે શાસ્ત્રાર્થ કરવા આહ્વાન કર્યું. તેમાં શ્રીસુદર્શનાચાર્યજી, મહામહોપદેશક મધુસૂદન કુંડલાચાર્યજી, નંદજી પંડિત, ચોબાનાં ગુરુ, જોશીલાલજી, રઘુનાથભટ્ટ મહારાષ્ટ્રી, વાસુદેવજી ચતુર્વેદી, દામોદર શાસ્ત્રી ચતુર્વેદી, મુક્તિનાથ ઓઝા વગેરે અઢીસો પંડિતો સભામાં હાજર થયા, ને આર્યસમાજનાં સિદ્ધાંતોની સમીક્ષા કરવામાં આવી.

આમ આર્યસમાજ ઉપર થોડી ચર્ચા ચાલ્યા પછી મૂળ પરંપરાની વાતની ચર્ચા ચલાવવા માંડી. આ સભામાં મહારાજશ્રી (ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી) નાં મહામંત્રી ભોગીલાલે વિદ્યા ઉપર ભાષણ આપ્યું. તેમાં ભાષાનાં ગ્રંથો ઉપર ટીકા કરી. આ ટીકા એક પ્રેમજીભાઈ ભટ્ટ કરીને વૈષ્ણવ હતા તેમને ન ગમી. આથી તેમણે આ ભાષણ અંગે અનેક ઠેકાણે ટીકા કરી. તેથી મહારાજશ્રીએ પ્રેમજીભાઈને બોલાવી આ સંબંધી ભોગીલાલ સાથે ચર્ચા કરી, નિર્ણવ લાવવા માટે કહ્યું. આ વાર્તાલાપમાં પ્રેમજીભાઈ બરાબર ઉત્તર આપી શક્યા નહિ.

પણ આ સમયમાં કૃષ્ણગઢમાં છપ્પનભોગ થયો. તે વખતે કોટાવાળા મહારાજશ્રી ત્યાં પધાર્યા હતા. તેમનાં આગળ આ પ્રેમજીભાઈ ભટ્ટે બધી વાત કરી. મહારાજશ્રીને આ વૈષ્ણવની વાતમાં તથ્ય જણાતા તેમણે તેમની વાતની પુષ્ટિ આપતો એક પત્ર લખી આપ્યો. આ પત્ર લઈ આ વૈષ્ણવ શ્રીગોકુલ-મથુરાનાં વૈષ્ણવોને વંચાવવા લાગ્યા, ને

મહારાજશ્રીનાં મંત્રી ભોગીલાલનું વ્યાખ્યાન સંપ્રદાય વિરુદ્ધ છે, એમ પ્રચાર કરવા લાગ્યા. એટલામાં મુંબઈથી ગો.શ્રી.નૃસિંહલાલજી મહારાજશ્રી ગોકુલ પધાર્યા. આ મહારાજશ્રી પણ કોટાવાળા મહારાજશ્રીનાં પક્ષકાર હતા. આ બન્ને મહારાજશ્રીઓએ પરંપરા માટે એક સભા બોલાવી. તેમાં કંઇ નિર્ણય ન થતા જેમ બધે પંડિતોની સભામાં થાય છે, તેમ કોઇ જાતનાં નિર્ણય વગર સભા ઉઠી ગઈ. આ સભામાં ત્રણસો પંડિતોએ ભાગ લીધો હતો.

ત્યારબાદ જેઠ સુદી ૪નાં ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીએ વિષ્ણુસ્વામીનો ત્રિદંડનો એક ગંજાવર વરઘોડો કાઢ્યો. તે વરઘોડો ફરતા ફરતા શેઠ લક્ષ્મણલાલજીનાં વાડામાં ગયો. ત્યાં પ્રથમ કરી રાખેલી વેદિકાનાં ઉપર વિજયદંડની પધરામણી કરી. તે વખતે ગો.શ્રીબાલકૃષ્ણલાલજી, શ્રીદેવકીનંદનાચાર્યજી, શ્રીગોપાલલાલજી, શ્રીગિરધરલાલજી મથુરાવાળા હાજર હતા. તદુપરાંત પંડિત ગટ્ટુલાલાજી, શ્રીકૃષ્ણલાલજી, શ્રીદામોદરલાલજી વગેરે અનેક ભટ્ટો, વૃન્દાવનવાળા શ્રીસુદર્શનાચાર્યજી, ગો.શ્રીમધુસૂદનલાલજી વગેરે અનેક પંડિતો, અને રાયકોશલકિશોર સાહેબ, રાજા ઉદિત નારાયણ સાહેબ, વગેરે અનેક સદ્ગૃહસ્થો હાજર હતા. સભામાં પંદરસોથી બે હજાર માણસ હતા. અહીં ગો.શ્રીનૃસિંહલાલજીને તેડવા જતા તેઓશ્રી ન પધાર્યા. આ વખતે ડો.પીટરસનનાં અધ્યાપક શાસ્ત્રીજી શ્યામજીએ સંસ્કૃતમાં શિવજી પુષ્ટિમાર્ગનાં આચાર્ય છે, એ તરફેણમાં સુંદર ભાષણ આપ્યું. ત્યારબાદ પંડિતજીએ સ્વમાર્ગીય ગ્રંથોમાંથી શિવજી પુષ્ટિમાર્ગીય આચાર્ય છે એમ સાબિત કર્યું. આ વ્યાખ્યાન સાંભળી આખી સભાએ આ મતને સંમતિ આપી. છેવટે ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીએ ઉપસંહાર કરતા જણાવ્યું કે,''પંડિત ગટ્ટુલાલાજી અમારા સંપ્રદાયનાં મહાન વિદ્વાન છે, માટે જેને સંદેહ હોય તેણે ખુશીથી પોતાના મનનું સમાધાન કરી લેવું''.

ત્યારપછી જેઠ સુદી ૭નાં ગો.શ્રીનૃસિંહલાલજીએ મથુરામાં રોશનગંજમાં સભા ભરીને પરંપરા વિષે પોતાનો મત પ્રદર્શિત કર્યો. આ સભા સુદી ૪ની સભાનાં પ્રમાણમાં નાની હતી. આ સભામાં ગોકુલવાળા ગો.શ્રીકન્હૈયાલાલજી પધાર્યા હતા. જ્યારે આ જ દિવસે ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીએ શેઠજીનાં વાડામાં એક સભા ભરી હતી. અહીં એક શૈવપંડિત આવ્યો. તેણે કહ્યું કે પુષ્ટિમાર્ગ પરંપરામાં પિશાચ ને જ શિવભક્ત ઠેરવ્યા છે, તે વાત સાચી છે? તેનો ઉત્તર પંડિતજીએ આપતા જણાવ્યું કે, ''પુષ્ટિમાર્ગમાં ક્યાંય પણ શિવજીની નિંદા કહી જ નથી. કેમકે પુષ્ટિમાર્ગમાં નિંદા વર્જ્ય છે. ખરો વૈષ્ણવ હશે તે નિંદા કરશે નહિ અથવા સાંભળશે નહિ. પણ શિવ જગત્ગુરુ છે. તેમણે તો પુષ્ટિમાર્ગ ચલાવ્યો છે. માટે તેમની નિંદા કરવી ઉચિત નથી. જેઓ શિરસાવંદનીય શિવની નિંદા કરે છે ને તે પ્રમાણે શિવ માટે લખે છે, તેઓ પુષ્ટિમાર્ગનાં રહસ્યથી તદ્દન અજાણ્યા છે. તેમ જ શ્રીવલ્લભાચાર્યજી કૃત નિબંધાદિ ગ્રંથો તેમનાં વાંચવામાં આવ્યા નથી, તેને લીધે તેઓ વગર સમજે નિંદા કરે છે, એમ સમજવું. માટે તમારે તેવા એકતરફી ગ્રંથો ઉપર રોષ કરવો ઉચિત નથી.'' આમ તે કાળમાં પુષ્ટિમાર્ગીય પરંપરા માટે વાદીપ્રતિવાદીઓની સભાઓ સામાસાચી થતી. પણ હાલ તો એ ચર્ચાઓ નિર્બલરૂપે બિરાજે છે. પંડિતજી તો આ ચર્ચાઓ દરમિયાન શ્રીનાથદ્વારા હતા. પણ તેમનું વિસ્તૃત શિષ્યમંડળ તથા પ્રશંસકો આ ચર્ચામાં રસ લેતા ને સામાસામી પ્રશ્નોત્તર થતા. પંડિતજી તરફથી વિષ્ણુઆચાર્ય વળે, શ્યામજી શાસ્ત્રી, માણેકલાલ દવે, શેઠ ખાનમહમદ હબીબભાઈ, એ.વ.સ્કૂલનાં મુખ્ય અધ્યાપક શાસ્ત્રીજી રામચંદ્ર વાસુદેવ, પંડિત રામકર્ણ શાસ્ત્રી-જોધપુર, પં.રામચંદ્ર દેવકીનંદન, શાસ્ત્રી અંબાલાલ કલ્યાણજી, શાસ્ત્રી મણિશંકર પ્રાણશંકર, શાસ્ત્રી નવલશંકર ધનજી, વેણીરામ બેચર વગેરે અનેક હતા, જ્યારે સામા પક્ષમાં શાસ્ત્રીજી છગનલાલ વગેરે થોડા હતા. શાસ્ત્રીજી છગનલાલ મુંબઈ સમાચારમાં પોતાનો મત પ્રદર્શિત કરતા. જ્યારે આ બધા મુંબઈ ગુજરાતીમાં લખતા. આ ચર્ચા મહાક્લેશમય ને આક્ષેપાત્મક સામાસામી બની ગઈ હતી.

વળી જેવી રીતે પરંપરા સંબંધમાં પંડિતજીને ગો.શ્રી.નૃસિંહલાલજીનાં સાથે મતભેદ હતો, તેવી જ રીતે એકાદશી તથા ઉત્સવો અને વ્રતોનાં દિનનિર્ણય અંગે પણ જબરો મતભેદ હતો. પંડિતજીની ટિપ્પણી નીકળતી હતી. તેનાં વિરોધમાં ગો.શ્રીનૃસિંહલાલજીની ટિપ્પણી પણ નીકળતી. તે બન્ને ટિપ્પણીઓમાં ઉત્સવ ને એકાદશી વ્રતમાં કોકમાં ફેર માલૂમ પડતો, તેથી આ વિષે વૈષ્ણવોમાં તથા સનાતનીઓમાં જબરો ઉહાપોહ થતો.

(૩૭) માનપત્રો

(૧) બુંદીનાં રાજા તરફથી મહામાન

કલકત્તા, દિલ્હી, પટના, મથુરા, બનારસ વગેરે સ્થળોની યાત્રા કરતા કરતા પંડિતજી ૧-૧૨-૯૨નાં દિવસે રાજપુતાનામાં આવેલા બુંદી શહેરમાં ત્યાંનાં રાજાસાહેબનાં આગ્રહથી પધાર્યા. અહીંનાં મહારાજા જાતે વિદ્વાન હતા, ને વિદ્વાનોની પરીક્ષા કરી સારો સત્કાર કરતા હતા. વળી તે રાજાની સભા વિદ્વાનોથી ભરપૂર હતી. અહીં ભારતમાર્તંડનાં શતાવધાનનાં પ્રયોગ થતા સૌ તેમનાં ઉપર મુગ્ધ બની ગયા. ત્યારપછી રાજ્યનાં પંડિતોની એક સભા ભરવામાં આવી. તેમાં પંડિતજી પાસે ૬ શાસ્ત્રનાં મત પ્રમાણે જીવ, ઈશ્વર, બંધ, મોક્ષ, સૃષ્ટિ અને પ્રલય વિષે વ્યાખ્યાન આપવા વિનંતી થઈ. આથી આ વિષયો ઉપર પંડિતજી ત્રણ દિવસ લાગલગાટ બોલ્યા, જે સાંભળીને સભાનાં વિદ્વાનો છક્ક થઈ ગયા. પછી મહારાજાની આજ્ઞાથી પંડિતજીએ ૬ મિનિટમાં ૨૫ શ્લોક બનાવ્યા હતા, જે ઘણા રસિક, ચમત્કૃતિવાળા, દ્વિઅર્થી, રસાલંકાર યુક્ત હતા. આમ શતાવધાની, છ શાસ્ત્રોનાં અસાધારણ અભ્યાસી ને સંસ્કૃતનાં સર્વોત્તમ શીઘ્રકવિ, એવા પંડિતજીનાં દર્શન બુંદીનાં રાજા સાહેબને થતા, તેઓ અતિ હર્ષમાં આવી ગયા અને પંડિતજીની કદર કરતા એક હજાર રૂપિયાની જરીની શાલ, ધોતી જોટો, ને એક રૂપાની છડી પોતાનાં માણસ સાથે અર્પણ કરી. આ માણસ પંડિતજી સાથે હંમેશા રૂપાની છડી લઈને તેમની આજ્ઞામાં રહેતો. તે માણસનો પગાર તથા બીજો ખર્ચ પંડિતજી વિદ્યમાન રહ્યા ત્યાં સુધી મહારાજા પોતે આપતા. વળી પંડિતજી સાથેનાં માણસોનો પણ રાજાસાહેબે સારો સત્કાર કર્યો હતો. આ વખતે સંસ્કૃત ભાષામાં પંડિતજીને માનપત્ર આપવામાં આવ્યું. તેનું ગુજરાતી ભાષાંતર નીચે મુજબ છે.

(પંડિત ગટ્ટુલાલજીને બુંદીશ્વરે આપેલું માનપત્ર)

શ્રીહરિઃ

શ્રીમહારાજાધિરાજ મહારાવ રાજ વગેરે પદવીથી શોભતા બુંદીશ્વર શ્રી ૧૦૮ શ્રીરઘુવીરસિંહથી અપાયેલું અભિનંદનપત્ર.

શ્રીરમેશચરણાબ્જમાં ચંચરીકૃતચિત્ત મહારાજાધિરાજ મહારાવ મહાખ્ય શ્રીરઘુવીરસિંહસ્ય મુદ્રા, સં.૧૯૪૨.

આ પંચનદી ઉપનામવાળા, ભારતમાર્તંડ અને વેદાંતભટ્ટાચાર્ય એવી બે માનનીય પદવીઓ સમાજ તરફથી મેળવનાર ગોવર્ધન શર્મા જે ગટ્ટુલાલ નામે પ્રસિદ્ધ છે તેમનું આ દેશનાં સૌભાગ્યને લીધે, કોઈ કાર્ય પ્રસંગે અહિયાં આગમન થયું. આપનું યશ, પરાક્રમ બુંદીની આમ પ્રજાને કર્ણગોચર થયું હતું અને અમારા રાજસભ્યોનાં મુખથી આપની પ્રશંસા અમે સાંભળતા શતાવધાનાદિ વિલક્ષણ ચમત્કારો પ્રત્યક્ષ જોવાની અમારા મનને ઉત્સુકતા થઈ. જ્યારે આપ કોટા નગરથી આપનાં સ્વદેશ તરફ જતા આ નગરને શોભાવીને અમારી સભામાં આવ્યા, ત્યારે જે બુદ્ધિકૌશલ પહેલા સાંભળ્યું હતું તેથી વિશેષ ચમત્કાર અમે દેખ્યો. સભાનાં સમગ્ર સભાસદો એકાગ્ર ચિત્તથી આપની વાણી સાંભળવા લાગ્યા. આપે સંસ્કૃત, ગુજરાતી, હિન્દી, અરબી આદિ ઘણી ભાષાઓમાં વિષય લઈ, સો કરતા વધારે અવધાન કર્યા છે. પ્રશ્ન પૂછનારે ત્રણ અસંબંધ ચરણો પૂછ્યા છતા, તેની ઈચ્છાનુસાર આપે બહુ જલદીથી એક ચરણ રચી સમસ્યાપૂર્તિ કરી. ૧૫ પલમાં પચ્ચીસ નવા શ્લોક બનાવ્યા, થોડા સમયમાં દ્વિઅર્થી પાંચ શ્લોકની રચના કરી, તરત જ પૂછવામાં આવતા મેઘનાદ અને કંસવધની કથાઓનો શ્લેષ કરીને રચના કરી, ષડ્દર્શન શાસ્ત્રોનાં મતની સ્પષ્ટ રીતે સમજણ આપી, વગેરે વિષયોમાં આપે બહુ કુશલતા બતાવી છે. વળી આટલી વિદ્વત્તા છતા આપની લોકોત્તર નમ્રતાથી અમે બહુ પ્રસન્ન થયા છીએ. વળી નાનપણથી બાહ્યદ્રષ્ટિ ન હોવા છતા, આવી લોકોત્તર અંતર્દ્રષ્ટિ જોઈને અતિ વિસ્મય અને આનંદ અમારા મનમાં થાય છે. તેથી ગૌરવાભિજ્ઞ થઈ અમે આ અભિનંદનપત્ર અને ચાંદીની છડી આપને આપીએ છીએ.

કારતક વદ ૭ મંગલ સં.૧૯૫૦.

વળી પંડિતજીને શાહપુરનિવાસી લોકોએ જે માનપત્ર આપ્યું છે, તે નીચે મુજબ હિન્દીમાંથી ગુજરાતી કરી આપ્યું છે.

(૨) શાહપુરસ્ય માનપત્રમ્

શ્રીરામજી

શ્રીમાન્, ભારતમાર્તંડ, ધર્મપ્રભાકર, વેદાંતભટ્ટાચાર્ય, આશુકવીશ્વર, ભટ્ટજી મહારાજશ્રી પંચનદી શ્રીગટ્ટુલાલાજી મહારાજની સેવામાં,

અમો સર્વ સનાતન ધર્માવલંબી શાહપુર નિવાસી અત્યંત હર્ષ ને વિનયપૂર્વક આપ શ્રીમાનનો ધન્યવાદ માનીએ છીએ, અને અમારા મનની વાત પ્રગટ કરીએ છીએ કે, આપ શ્રીમાને અહીં પધારીને અમને બધાને ધર્મોપદેશ કર્યો તેથી અમને ધર્મ બાબતમાં આપ તરફથી જે આનંદ ઉપકાર થયો છે, તે માટે આપને જેટલો ધન્યવાદ તથા પ્રશંસા કરીએ તેટલી ઓછી છે. ખાસ કરીને અમે આપનો વિશેષ ધન્યવાદ એટલા માટે માનીએ છીએ કે આ કલિયુગમાં અન્ય ધર્મોથી ગ્રસિત થએલાઓની આપે રક્ષા કરી છે અને નવા પ્રચલિત ધર્મોથી અમારા લોકોનાં મનમાં થોડા સમયથી જે સંશયો પ્રાપ્ત થયા હતા તે બધા આપે મિટાવ્યા છે. અમે એવું માનીએ છીએ કે અમારી ડૂબતી ધર્મનૌકાને આપે તારી છે. આ બદલમાં સર્વશક્તિમાન, સર્વજ્ઞ, સર્વવ્યાપી, ઘટપટ અંતર્યામી શ્રીગોવર્ધનધારીને આપ શ્રીમાનને માટે અમે સાચી ભક્તિ ને પ્રેમ સાથે પ્રાર્થના કરીએ છીએ કે, આપ શ્રીમાન મહાત્મા આ સંસારમાં લાંબો વખત બિરાજો, અને ધર્મ વિષયમાં આપ શ્રીમાન દિગ્વિજય કરો, જેથી સનાતન ધર્મની પ્રતિદિન ઉન્નતિ થાય.

સં.૧૯૪૯નાં પોષ વદી ૩.

ભોલાનાથ દીવાનાટ્યાસ્ત શાહપુરા વગેરેની સહી.

(૩૮) કેટલાક પ્રસંગો

(૧) પાદપૂર્તિ ને સમસ્યાઓ

સં.૧૯૪૯નાં કારતક સુદ ૧ બેસતા વર્ષે તા. ૧૧-૧૦-૯૩નાં રોજ શેઠ લખમીદાસ ખીમજી કાપડ બજારમાં શ્રીનગીનદાસ લાલદાસનાં ત્યાં પંડિતજીની પધરામણી થઈ હતી. તે વખતે ઘણા સદ્ગૃહસ્થો ત્યાં હાજર હતા. અહીં અવધાન પ્રસંગમાં જુદીજુદી ભાષાનાં શબ્દો ટકોરા વગેરેનું વર્ણન પંડિતજી પાસેથી સાંભળી શ્રોતાવર્ગ પ્રસન્ન થયો હતો. તે વખતે નીચેની પાદપૂર્તિ ને સમસ્યાપૂર્તિ થઈ હતી.

(૧) ''પુત્ર વર્ષ પાંચનો ને બાપ બાર માસના.''

મનહર છંદઃ-

તપ વ્રત ધર્માચાર, સર્વ પુણ્ય તણો સાર,
ચરિત વિચાર જેનો, સાર વેદ ચારનો.
કાળ લહે ના વિકાર, સર્વ ફળ દે ઉદાર;
કોઈ નહિ પામે પાર, અમિત વિહારનો.
અદ્ભુત આકાર આર, દીઠે બને વારંવાર
સર્વ શોભાનો આગાર, મણિ રમા હારનો.
એમ સ્તુતિ કરે ધાતા, વિપ્રપૂવા રૂપ ધાતા.
પુત્ર વર્ષ વીસનો ને, બાપ બાર માસનો.

કાલ સર્વનો ઉત્પાદક પિતા છે. તે કાલ એટલે એક વર્ષ. દરમિયાન યુવાન બ્રાહ્મણનું સ્વરૂપ છે, તે તપ વગરનું આચરણ બરાબર કરે તો કાલ સ્વરૂપ નારાયણ ભગવાન પ્રસન્ન થાય.

(૨) ધર્મની કેળવણી વિના એકલું અંગ્રેજી ભણનારની સ્થિતિ વર્ણવો.

શાર્દૂલવિક્રીડિત છંદઃ-

જાણો ધર્મ અધર્મ બેઉ રચિયા, એ પંડિતો એ હશે,

આ જેથી ભય પામતા જ દુનિયા, ના ન્યાયમાંથી ખસે;
કાલેથી બહુ ફેરફાર કરવા, તેમાં વિચારે કરી,
વિદ્યા કેવળ નૂતન જે જણ ભણે, આ બુદ્ધિ તેણે કરી.

ધર્મ આચરવાથી પુણ્ય ને અધર્મ આચરવાથી પાપ મળે છે. તેથી દુનિયા ધર્મ-અધર્મનાં પાલનમાં ભય રાખે છે ને અધર્મ તરફ જતા નથી. પણ જેમને ધર્મ ને અધર્મનાં સ્વરૂપની ખબર નથી પણ એકલી અંગ્રેજી વિદ્યા પ્રાપ્ત કરે છે, તેઓ ધર્મનાં મૂળગત સિદ્ધાંતોમાં ફેરફાર કરવા ઈચ્છે છે.

(૩) શાંતિનાં કવિ બ્રહ્મનિષ્ઠ ગુરુજી, પ્યારા ગટ્ટુલાલ છો.

આ પાદપૂર્તિમાં પોતાની પ્રશંસા આવતી હોવાથી પંડિતજીએ તે કરવા ના પાડી, પણ શ્રોતાઓનાં ઘણા આગ્રહને વશ થઈ નીચે પ્રમાણે પાદપૂર્તિ કરી.

લોકો સર્વ સભાસદો અહિં તમો, ધર્મો તણા પાળ છો,
સારાસાર વિચાર કારણ તણી લેનાર સંભાળ છો;
સ્નેહથી જન કોઈને પણ કહો, આવું ધરી વ્હાલ છો,
શાંતિનાં કવિ બ્રહ્મનિષ્ઠ ગુરુજી, પ્યારા ગટ્ટુલાલ છો.

(૪) તે પછી એક ગૃહસ્થે કહ્યું કે બ્રાહ્મણને આપવું અગ્નિમાં તે ધૂળમાં નાખ્યા બરાબર છે તેવી સમસ્યા કરો. ત્યારે સ્રગ્ધરાવૃત્તમાં કહ્યું, જે બ્રાહ્મણ પોતાનાં કર્મકાંડમાં કુશળ નથી, ને અતિ કર્કશવૃત્તિનો છે તેને આપવું ધૂળમાં નાખી દીધા બરાબર છે, ને જે બ્રહ્મનિષ્ઠ છે તેને આપવું તે અગ્નિમાં હોમ આપવો કે ધૂળમાં બીજ વાવવું તેવું ફળદાયક છે.

(૫)દરિયે દોડે ડુંગરા
સોરઠો :- તે સેવો રઘુનાથ, તેથી સકલ તરે ધરા
જે પ્રતાપ કપિ હાથ, દરિયે દોડે ડુંગરા.

(૬) પુત્ર વર્ષ ત્રીસનો ને બાપ બાર માસનો.
મનહર છંદ :-
ઈશ્વરે રચેલી સૃષ્ટિ, કરે બહુ ચિત્ર પુષ્ટિ,
કોઈની ન પહોંચે દ્રષ્ટિ, એનાં તો વિહારમાં.
હેતુ કાર્ય ભિન્ન ભાવ, વ્યોમમાં કરે છે ભ્રમ
પુત્ર વર્ષ ત્રીસનો ને, બાપ માસ બારમાં.

અર્થ :- સૂર્ય અને શનિ બાપ દીકરા છે. સૂર્ય બાર માસમાં ફરીને પોતાને ઠેકાણે આવે છે અને શનિ ત્રીસ વર્ષે ફરીને રહે છે.

આ પછી સભામાં પંડિતજીએ સંપ ઉપર અસરકારક વ્યાખ્યાન આપ્યું હતું. પછી સત્કાર બાદ સભા વિસર્જન થઈ હતી.

૨. શેઠશ્રી દેવકરણજીનો યજ્ઞોપવીત પ્રસંગ

તા. ૨૧-૧૧-૧૮૯૩નાં દિવસોમાં પંડિતજી પાસેથી શેઠશ્રી દેવકરણભાઈએ ઉપવીત લીધું હતું, કારણકે શેઠશ્રીએ પંડિતજી પાસેથી આર્યશાસ્ત્રનું રહસ્ય સારી રીતે પચાવ્યું હતું. તેથી તેમનામાં પંડિતજી વિષે પૂજ્યભાવ અને

મમતા ભરી શ્રદ્ધા જાગી હતી. તેમનો સનાતનધર્મ પ્રત્યેનો પ્રેમ દિન પ્રતિદિન વધતો જતો હતો, ને ધર્મપાલન માટે યજ્ઞોપવીત ધારણ કરવાની ખાસ આવશ્યકતા તેમને લાગી હતી. આથી તેમણે પંડિતજીને યજ્ઞોપવીત આપવા વિનંતી કરી. તે વાત તેમણે કબૂલ કરી, ને શેઠશ્રીને કહ્યું કે, '' તમારો યજ્ઞોપવીત સંસ્કાર ઘણી પેઢીથી નષ્ટ થયો છે, આથી ખરૂં જોતા બાર વર્ષનું પ્રાયશ્ચિત્ત કર્યા પછી જનોઇ ધારણ કરાય. આ નિર્ણય યાજ્ઞવલ્ક્ય અને મનુસ્મૃતિમાં છે. પણ તે પ્રમાણે ન કરતા બારસો ગૌદાન આપવામાં આવે તોપણ યજ્ઞોપવીત લઇ શકાય. આ બારસો ગૌદાન પણ સૌ સૌની શક્તિ પ્રમાણે કરે. તેથી તમને અનુકૂળ હોય તો એક ગાય દીઠ સવા રૂપિયો ગૌદાન આપો અને ત્રણ દિવસ બ્રહ્મચર્યાવસ્થામાં રહી, યમ-નિયમ પાળો.'' આથી શેઠશ્રીએ પંડિતજીની આજ્ઞા મુજબ ગૌદાન અને ત્રણ દિવસનું વ્રત કર્યુ. પછી સોમવારે તેમની સમાવર્તન ક્રિયા કરવામાં આવી. તે વખતે પંડિતજીએ તેમને ગૃહ્યસૂત્રોથી ઉપદેશ આપ્યો. ત્યારબાદ શેઠશ્રીએ ગુરુદક્ષિણા માગવા માટે પંડિતજીને વિનંતી કરી, ત્યારે પંડિતજીએ કહ્યું કે હું જે માગીશ તે તમારે આપવું પડશે. તે વાત શેઠશ્રીએ કબૂલી. પણ પંડિતજી શું માગશે તે વિષે અનેક પંડિતો ને સંભાવિત ગૃહસ્થો, જે તે વખતે હાજર હતા, તેમાં કુતૂહલ થવા લાગ્યું. પણ જ્યારે પંડિતજીએ ચંદન ચર્ચિત પુષ્પ સાથે શ્રીફળની માંગણી કરી ત્યારે સભામાં વિચિત્ર જાતનો રસ ઉત્પન્ન થયો. તે વખતે શેઠશ્રી પાસે આઠ લાખની મિલકત ગણાતી ને પંડિતજીને માથે દેવું હતું, તેથી સૌ કોઇ એમ ધારતા હતા કે પંડિતજી પોતાનાં માટે તો નહિ માગે, પણ શ્રીઠાકોરજીનાં મંદિર તથા દેવા પેટે તો સારી રકમ માગશે. પણ જે લોકો પંડિતજીનાં નિર્લોભી સ્વભાવથી પરિચિત હતા, તેઓ તો પંડિતજીએ માંગણી કરી તે જ વખતે સમજી ગયા હતા કે પંડિતજી કંઇ પણ દ્રવ્યની ઈચ્છા રાખતા નથી. શેઠશ્રીએ પંડિતજીનાં કહેવા પ્રમાણે ચંદન ચર્ચિત પુષ્પ, શ્રીફળ ને તે ઉપરાંત બે સોનામહોર મૂકી. પંડિતજી વિનયન હોવાથી શેઠશ્રીએ બે સોના મહોર ભેંટ મૂકી છે, તેવી વાત શ્રીમાધવજી શાસ્ત્રીએ તેમને કરી તે સાંભળી પંડિતજીએ શેઠશ્રીને કહ્યું કે અત્યારે તમો ધર્મ રીતે આજ્ઞા મુજબ ચાલવા બંધાયા છો. તો ચંદનપુષ્પવાળા શ્રીફળ સિવાય કંઇ પણ દક્ષિણા લેવા હું ખુશ નથી માટે મને શ્રીફળ જ આપો. ત્યારે શેઠશ્રીએ તે પ્રમાણે કર્યું. પછી બીજી વખત શેઠશ્રીએ પંડિતજીને દક્ષિણા માગવા માટે કહ્યું, ત્યારે તેમણે કહ્યુ કે, તમને જ્યારે જ્યારે વખત મળે ત્યારે ત્યારે મારે ત્યાં ધર્મબોધ લેવા તથા ઈશ્વરચિંતન કરવા માટે આવવું, અને દરરોજ એક કલાક વિદ્યાભ્યાસ કરવો એટલે કે વર્ષમાં ૩૬૦ કલાક અભ્યાસ થવો જોઇએ. પંડિતજીની બીજી આજ્ઞા શેઠશ્રીએ માન્ય કરી ને પોતે વિદ્યમાન રહ્યા ત્યાં સુધી તે પાળી, એમ કહેવાય છે. છેવટે શેઠશ્રીએ ત્રીજી વિનંતી ગોદાન વગેરેની થતી પંદરસોથી બે હજારની થતી રકમ સ્વીકારવા માટે કરી. ત્યારે પણ પંડિતજીએ કહ્યું કે, ''એ રૂપિયા લેવાનો હું અધિકારી નથી, એ રૂપિયા ગાય સંબંધી હોવાથી તે દ્રવ્યનો ગૌચરમાં ઉપયોગ કરજો. આ પ્રસંગ અંગે ટીકા કરતા ગુજરાતીકાર લખે છેઃ (દેના બેંકવાળા) : શેઠશ્રી દેવકરણજીનાં યજ્ઞોપવિત પ્રસંગે પંડિતજીએ દ્રવ્ય કરતા ધર્મ જ શ્રેષ્ઠ છે તે દર્શાવવાને જ શિષ્ય પ્રતિ જે ઉદારતા દર્શાવી તે દિવ્ય છે.

(૩) યદુવંશી ગોવર્ધનદાસની કાવ્યાંજલિ

ગુરુપૂર્ણિમાનાં દિવસે પંડિતજીનાં શિષ્યો તેમનું ગુરુપૂજન કરતા. આ ઉત્સવ શિષ્યોનાં ભાવ મુજબ સારી રીતે ઉજવાતો, અને દ્રવ્ય વગેરેની ભેટ યથાશક્તિ તેઓ કરતા. વળી આ દિવસે કેટલાક વિદ્વાનો, વિદ્યારસિકો, પ્રશંસકો તેમનાં શિષ્યો ન હોવા છતા આ કાર્યમાં ભળતા ને પંડિતજીની રુચિ અનુસાર સૌ કોઇ યથાશક્તિ દ્રવ્ય તથા કાવ્યદ્વારા પોતાનો પ્રેમ વ્યક્ત કરતા. સં.૧૯૪૯નાં બીજા અસાઢ સુદ ૧૫, ગુરુપૂજનનો ઉત્સવ પંડિતજીનાં ત્યાં સારી રીતે ઉજવાયો હતો. તે વખતે જાણીતા ભાટિયા સદ્‌ગૃહસ્થ ગોવર્ધનદાસ લક્ષ્મીદાસે એક કાવ્ય રચી પંડિતજીને અર્પણ કર્યું હતું. આ ગોવર્ધનદાસે ''બૃહદ્‌સ્તોત્રરત્નાકર'' નામનો એક મોટો સંસ્કૃત સ્તોત્રોનો ગ્રંથ તથા કેટલાક ગુજરાતી સંસ્કૃત સંપ્રદાયનાં ગ્રંથો સારી રીતે સંશોધીને છપાવ્યા હતા. આ આખું કાવ્ય નડિયાદથી પ્રગટ થતા ''કૃષ્ણમહોદય'' જેનાં તંત્રી જાણીતા મસ્તકવિ શ્રી.બાલાશંકર હતા તેમણે પ્રગટ કર્યું છે. એમાંની કેટલીક પંક્તિઓ નીચે મુજબ છે.

કવિકુલભૂષણ જનમિયો, ભરતખંડની માંહે,
ધન્ય થયા તેથી સકલ, કવિજન આ જગ માંહે.

પછી આ ભાટિયા કવિ લખે છે કે ભાગ્યશાળી ભરતખંડમાં પરાક્રમી, યશસ્વી, ભોજરાજા, દાન દેવામાં અગ્રણી હતો. તેની સભામાં મહાધુરિર પંડિતોની ગણત્રી અનામિકાથી થતી. તે દિવસે અનામિકા આંગળી કાલિદાસ વગેરે સમર્થ પંડિતોને દેખાડવાથી સાર્થક હતી. ત્યાર પછી ભારતભૂમિને શોભા આપે તેવો કોઇ કવિ થયો નથી, પણ કેટલાય સૈકા બાદ પંડિતશ્રી જન્મ્યા છે. પછી લખે છે કેઃ

શિખરિણી છંદ :

અહા એવી વાણી, શ્રવણ કરતા કર્ણપુટથી,
અભિમાને કે'તા, નથી જ કવિ તુલ્ય હઠથી,
પરંતુ આ ભૂના, પરમ શુભ ભાગ્યે જનમિયો,
ગુરુ આ શ્રીગોવર્ધન સુભગ નામે પ્રગટિયો.

આમ ૩૦ કડીમાં આ કાવ્યમાં પંડિતજીની અનેક પ્રશંસા લખી છે.

(૩૯) શંકા સમાધાન

(૧) શાપાનુગ્રહ શક્તિ

આર્યસુધર્મોદય સભાદ્વારા અનેક સુજ્ઞ જિજ્ઞાસુ ધર્મપ્રેમીઓ પંડિતજીને શાસ્ત્રમાંની શંકાઓ પૂછતા. એક વખત મુંબઇનાં એક અગ્રગણ્ય નાગરિક શેઠશ્રી વરજીવનદાસ તાપીદાસ બી.એ. - જે એક સભાનાં પ્રમુખ હતા, તેમણે પંડિતજીને પૂછ્યું કે શાસ્ત્રમાં શાપાનુગ્રહ શક્તિનું વર્ણન આવે છે, તે વિષે સ્પષ્ટ સમજણ પડતી નથી, તો તે વિષે સમજાવો તો ઠીક. ત્યારે પંડિતજીએ તે સમજાવતા કહ્યું કે શાસ્ત્રમાં શાપાનુગ્રહ શક્તિનું વર્ણન છે તે બરોબર છે. પહેલાનાં સમયનાં માનવીઓ અસત્ય ભાષણ કરતા ન હતા ને અસત્ય ભાષણ કરનાર સમાજમાં નિંદાતો હતો. ઘણા ભાગે પશુ પણ અસદાચરણ કરતું હોતું નથી, તો મનુષ્ય જાતિ અસદાચરણ કે અસત્ય ભાષણ કરે તે પૂર્વકાળમાં માનવામાં આવતું નહિ. વળી સામાન્ય એવી માન્યતા છે કે ખોટું બોલવાથી એક દિવસનું કે એક માસનું આયુષ્ય ઓછું થાય છે અને હાલ પણ એમ મનાય છે કે ખોટું બોલનાર માણસને જે વખતે ખબર પડે છે કે આ માણસને ખોટું બોલવાની ટેવ છે, ત્યારે અસામાન્ય પ્રસંગોમાં લોકો તેવા માણસનો વિશ્વાસ કરતા નથી. વળી તે પૈસાવાળો કે વિદ્વાન હોય તો પણ તેની કંઇ પણ પ્રતિષ્ઠા નથી હોતી. ઉપરાંત શાસ્ત્રમાં લખ્યું છે કે, ''નાનૃતાત્ પરં પાતકં પરમ્'' - અસત્યથી બીજું મોટું કંઇ પાપ નથી. સત્યથી પરમેશ્વર આ જગતને ચલાવે છે, સત્યનાં બળથી તે જગતની રક્ષા કરે છે, અને જગતનો સંહાર પણ આ સત્યનાં બળથી કરે છે, ને પોતે પણ તે સત્ય સ્વરૂપ છે. સત્યવાદીને ઋષિ તરીકે ઓળખાય છે. ઋષિ શબ્દનો અર્થ પણ એવો થાય છે. ઋષ્ય શબ્દ ''વચસ્'' એટલે સત્યનાં બોલનાર. જે સત્ય બોલતા નથી તે ઋષિ કહેવાતા નથી. હંમેશા સત્ય બોલનારને પરમેશ્વરની દયાથી ભૂત, વર્તમાન અને ભવિષ્ય કાલનું એટલે ત્રિકાલનું જ્ઞાન થાય છે. વળી સત્ય વ્યવહાર કરનાર માણસ જે કદી ખોટું બોલતો નથી, તે માણસ જો કદી કોઇને ક્રોધને અંગે કંઇ ખોટું વેણ કહે જેને શાપ એમ કહેવામાં આવે છે, તો તેની વાણી શાપરૂપે પ્રગટ થાય છે અથવા પ્રસન્નતા પૂર્વક આશીષ વચન તે કોઇને આપે તો તે સત્યનાં પ્રતાપે આશીષ વચન ફલીભૂત થાય છે. સત્યપાલનથી જિહ્વામાં એવી જાતની કોઇ અલૌકિક શક્તિ ઉત્પન્ન થાય છે કે જેથી શાસ્ત્રકારોએ એને શાપાનુગ્રહ શક્તિ વર્ણવી છે. આવા ભયંકર કળિયુગમાં સત્યસ્વરૂપ લક્ષ્મીનારાયણ સમક્ષ ત્રણ વર્ષ સુધી હું ખોટું બોલીશ નહિ અને મનસા - વાચા - કર્મણા અસત્ય આચરણ નહિ કરૂં એવી પ્રતિજ્ઞા લે, ને તે પ્રમાણે આચરણ કરતો માણસ ત્રણ વર્ષ પછી જો કોઇને યોગ્યાયોગ્ય શબ્દ કહે, તો તે પ્રમાણે તેની વાણી ફળે છે. આજે પણ સત્યપાલન કરનારને શાસ્ત્રમાં લખેલી શાપાનુગ્રહ શક્તિનો અનુભવ જરૂર થશે.

(૨) સર્પમંત્ર

જાણીતા વૈદ્ય શાસ્ત્રી માધવજી ગોપાલજી જેઓ પંડિતજીનાં શિષ્ય છે, તે વાત આપણે આ ગ્રંથમાં ઘણે ઠેકાણે જોઇ ગયા છીએ, તે શાસ્ત્રીજીને પંડિતજીએ સર્પમંત્ર શીખવ્યો હતો. એક વખત સં.૧૯૫૨નાં અરસામાં શાસ્ત્રીજી ભાવનગર ગયેલા, ત્યાં પ્રશ્નોરા બ્રાહ્મણ શ્રી.ત્રિભોવનદાસ ઇંદ્રજી સોલીસીટર વકીલ જે એજન્સી પાસ હતા, તેમને મળ્યા. તે વકીલ સાહેબે પંડિતજીનાં કુશળ સમાચાર પૂછીને કહ્યું, ‘‘તમે પંડિતજીનાં શિષ્ય છો, તો મારૂ એક કષ્ટ ન કાપો? ત્યારે માધવજીભાઇએ કહ્યું કે ઇશ્વરની દયાથી કપાશે તેવા પ્રયત્ન કરીશ. પછી તેમણે ભીંતમાં બેઠેલો સર્પ બતાવ્યો, ને પછી કહ્યું કે હંમેશ તેની ચિંતા રહે છે. શાસ્ત્રીજીએ વકીલ સાહેબની વાત સાંભળી, ત્યારે પંડિતજીનો આપેલો સર્પમંત્ર યાદ આવ્યો. તે મંત્ર રવિ ને મંગળે જપવાનો હોય છે. સદ્ભાગ્યે તે દિવસે મંગળવાર હતો, ને સવારનો સમય હતો. તેથી વકીલસાહેબ અને તેમનાં પત્નીને તે મંત્રનો ઉપદેશ તેમણે સર્પની સામે જ કર્યો અને કહ્યું કે ઘરમાં આવતા કે બહાર જતા સર્પની સામે તે મંત્ર બોલવો, તથા ઘીનો દીવો કરવો. એક અહોરાત્રિમાં સર્પ આ સ્થળ છોડી જશે. પછી શાસ્ત્રીજી પોતાનાં મુકામે ગયા. તેમનાં ગયા પછી તે દમ્પતીએ મંત્રનો જપ તથા ઘીનો દીવો ચાલુ રાખ્યો. બીજે જ દિવસે બુધવારે સર્પ પોતાનું સ્થળ છોડી ચાલ્યો ગયો. જ્યારે બીજે દિવસે બુધવારે શાસ્ત્રીજી વકીલ સાહેબને મળવા આવ્યા ત્યારે તે બન્ને જણાં પ્રસન્નતાપૂર્વક હાથ જોડી મંત્રશક્તિનાં વખાણ કરવા લાગ્યા. આ પછી એ મંત્રનું મૂળ મહાભારતનાં આદિપર્વમાં જનમેજય રાજાએ પોતાનાં પિતાનાં મૃત્યું અંગે શોકાન્વિત થઇ સર્પયજ્ઞ કર્યો હતો, તેમાં આ મંત્ર આસ્તિકનો પ્રસિદ્ધ છે, એમ તેમણે જણાવ્યું.

(૩) શ્રીદ્વારકાધીશ પ્રભુનાં દર્શન

એક વૈષ્ણવ જે તૃતીય ઘરનો સેવક હતો, તેણે પંડિતજીને પૂછ્યું કે આવા ભયંકર કળિયુગમાં અમારા ઇષ્ટદેવ સાક્ષાત્ દર્શન આપે તે માટે અમારું શું કરવું જોઇએ? તેનો જવાબ આપતા પંડિતજી બોલ્યા કે પ્રભુનાં દર્શન શીઘ્ર થવામાં અનન્યતા જોઇએ. વળી ભગવાનની પ્રાપ્તિ માટે ભક્તિમાર્ગ સર્વ માર્ગ કરતા ઉત્તમમાં ઉત્તમ છે. નિરોધલક્ષણનાં પ્રથમ શ્લોકમાં પ્રભુનાં વિયોગનું દુઃખ વર્ણવ્યું છે, તેવું દુઃખ હૃદયમાં ઉત્પન્ન થાય તો પ્રભુ આજે જ દર્શન દે, તે તમે નિશ્ચય સમજજો.

(૪) સપશુક શ્રૌતયાગ

મહાનુભાવી પરમ ભાગવત વૈષ્ણવશિરોમણિ મહારાજશ્રી શાર્દૂલસિંહજી કિશનગઢની ગાદી ઉપર વીસમી સદીનાં પૂર્વાર્ધમાં હતા. તેમનાં ભાઇ જવાનસિંહજીએ પુત્રકામનાથી એક યજ્ઞ કર્યો. આ યજ્ઞ સકામ હતો અને પુત્રકામનાવાળો કરવાનો હતો. આ કાર્યમાં પશુવધની આવશ્યકતા હતી. મહારાજા પોતે પરમ વૈષ્ણવ ને શ્રીવલ્લભવંશજોમાં પરમ આસ્થાવાળા હતા. તેથી આવી જાતનો યજ્ઞ વૈષ્ણવથી થઇ શકે કે કેમ તે પ્રશ્ન તે કાલે સમાજમાં ચર્ચાવા લાગ્યો. આ માટે પંડિતજીને બોલાવવામાં આવ્યા ને તેમની સલાહ લેવામાં આવી. પંડિતજીને વેદવાક્યોમાં પૂરેપૂરી શ્રદ્ધ હતી. વળી વૈદિક હિંસા એ હિંસા નથી, કારણ કે તે હિંસાથી પ્રત્યક્ષ ફલનો અનુભવ થાય છે, એમ તેમની ખાત્રી હતી. છતા પણ વૈષ્ણવ ધર્મ ને તેમાં પુષ્ટિમાર્ગ સકામ કર્મ કરવાની મના કરતો હોવાથી તેમણે રાજાજીને પ્રથમ કહ્યું કે પશુનાં સ્થાને પિષ્ટ (સાચા પશુ બદલે લોટ વડે બનાવેલા પશુનો આકાર) પશુવધ કરવો ઠીક છે. તે વખતે કાશીનાં સુપ્રસિદ્ધ કર્મકાંડી વિદ્વાન શ્રી.વામનાચાર્યે પશુવધ યજ્ઞથી પુત્ર પ્રાપ્તિ થાય તેવું જણાવ્યું, ત્યારે પંડિતજીએ તે વાતની પુષ્ટિ આપી ને તે યજ્ઞ કરવામાં આવ્યો. તેનાં પરિણામે સં.૧૯૫૩માં મહારાજાનાં ત્યાં પુત્ર અવતર્યો જેનું નામ શ્રીયજ્ઞનારાયણસિંહજી રાખવામાં આવ્યું. પંડિતજી આવા સકામ યજ્ઞો, કરવાની પ્રેરણા ભાગ્યે જ કોઇને કરતા, પણ સામા માણસનો આગ્રહ હોય તો પછી તેવા સકામ કર્મો વેદોક્ત પદ્ધતિએ કરાવતા.

(૫) મોટા મંદિરનાં અધિષ્ઠાતાની નિમણૂક

સં.૧૯૧૧ને ત્યાર પછી પંડિતજી મુંબઈમાં સ્થાયી થયા ત્યારથી મોટા મંદિરનાં ગોસ્વામી મહારાજ શ્રીજીવણલાલજીનો તેમને સહારો હતો. મહારાજશ્રી પોતે વિદ્વાન અને વિદ્વત્ પ્રિય હતા. તેમાં પંડિતીજનાં સમાગમથી મહારાજશ્રીની વિદ્યાવાડી સારી વિકાસ પામી હતી. આ મહારાજશ્રી સં.૧૯૩૬માં લીલામાં પધાર્યા. ત્યાર પછી આપશ્રીનાં વહુજી મોટામંદિરનો વહીવટ કરવા લાગ્યા ને તેમને મંદિરનાં કામકાજમાં તેમનાં ભાઈ પદ્મનાભદાસ સહાય કરતા હતા. સં.૧૯૫૨માં વહુજી મહારાજની તબિયત નરમ રહેવા લાગી. આથી તેમણે પંડિતજીને પોતાની પાસે બોલાવી, દત્તક પુત્ર લેવાની વાત કરી. ત્યારે પંડિતજીએ ચાંપાસેની વાળા ગો.શ્રીદામોદરલાલજી મહારાજશ્રી શ્રીગોવિંદજી (પાછળથી ગોકુલનાથજી) મહારાજને દત્તક લેવા સૂચવ્યું. શ્રીવહુજી મહારાજે પંડિતજીની વાત માની, તે મહારાજશ્રીને વૈશાખ માસમાં દત્તક લીધા. ત્યાર બાદ પંડિતજીની ઈચ્છા મુજબ વહુજી મહારાજે પોતાની છેલ્લી માંદગી વખતે અનેક ધર્મકાર્ય કરાવ્યા ને છેવટે પોતાની અવિદ્યમાન સ્થિતિમાં સર્વ વૈદિક વિધિવત્ ઉત્તરક્રિયા કરવાની પંડિતજીને આજ્ઞા કરી, જે આજ્ઞા પ્રમાણે પંડિતજીએ તેમને પોતાની માતા સમાન ગણીને સર્વ વિધિ બરાબર યથારીતે કરાવી હતી.

(૬) પાઠશાળાનો ઉત્સવ

વિદ્યાલક્ષ્મી પાઠશાળા જે સં.૧૯૩૪માં સ્થાપાઈ હતી તેનો મેળાવડો સં.૧૯૫૨માં ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીનાં પ્રમુખપદે ચંદ્રબાગમાં થયો હતો. તે વખતે વિદ્યાર્થીઓની સંખ્યા ૯૦ હતી. આ વખતે પંડિતજીએ પોતાનાં પ્રિય શિષ્ય શ્યામજીનાં વૈકુંઠવાસ થયાની વાત દિલગિરી સાથે કરી હતી. આ વખતે શેઠ માધવજીએ વિદ્યાર્થીઓને વિદ્યાદાન કર્યું હતું. વળી આ જ વર્ષમાં વે.સા.સં.મહામહોપાધ્યાય રાજારામ શાસ્ત્રી વિદેહ ગયા, જે પંડિતજીનાં મિત્ર ને ઉત્તમ પ્રકારનાં વિદ્વાન હતા.

(૭) ભારતધર્મમહાપરિષદ

સં.૧૯૫૨માં ભારતધર્મમહાપરિષદ પંડિતજીનાં પ્રમુખ પદે ભરવાનું નક્કી થયું. પણ અણધાર્યા કાર્યપ્રસંગને લીધે તેઓ આવી શક્યા નહિ. પંડિતજી આવી પરિષદોનાં પ્રાણ હતા, તે તો આપણે પૂર્વે જોઈ ગયા છીએ. વળી પંડિતજીની હાજરીથી પરિષદોમાં નવો ચેતન પ્રવાહ છૂટતો, ને સભાસદો એક જાતની મીઠી ગરમી અનુભવતા. આ વખતે પંડિતજી તે પરિષદમાં હાજરી ન આપી શકવાથી તે પરિષદ વિષે ગુજરાતીકાર લખે છે કે, ''તેઓ પધાર્યા હોત તો સનાતનધર્મ તે શું અને તેનું નિરૂપણ કરવાની કોની યોગ્યતા છે, તથા તે કેવી મહત્તા ધરાવે છે, તે સઘળી બાબતનું ઉત્તમ પ્રકારનું વિવેચન થયા વિના ન રહેત. વેદશાસ્ત્રમાં શ્રદ્ધા ધરાવનાર આસ્તિક લોકોને તેમનું ભાષણ ઘણે અંશે રુચિકર તથા ઉપયોગી થઈ પડતું તેમાં સંશય નથી.'' આ પરિષદમાં ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી બિરાજ્યા હતા. પોરબંદરવાળા શ્રી.જીવણલાલજી મહારાજ, મણિભાઈ જશભાઈ તથા મણિભાઈ નભુભાઈ વગેરેએ ધર્મવૃદ્ધિ માટે આ સભામાં સારો પ્રયાસ કર્યો હતો.

(૮) શાસ્ત્રીજી નંદકિશોરની ગુરુસ્તુતિ

શાસ્ત્રીજી નંદકિશોરની બુદ્ધિશક્તિ અજાયબી પમાડે તેવી હતી. તે કાલમાં એમ કહેવાતું કે, ''કવિ નંદકિશોર સરખી, ઉત્તમ અને ઉતાવળી કવિતા કરનાર એક તેમનાં ગુરુ સિવાય બીજો કોઈ મુંબઈ નગરીમાં જોવામાં આવતો નથી.'' આ કવિએ સં.૧૯૫૨નાં અષાઢ સુદ ૧૫ ગુરુપૂર્ણિમાએ એક સ્તોત્ર રચીને સભામાં ગાયું હતું. તે સ્તોત્ર એક ઉચ્ચ પ્રકારનું કાવ્ય છે, તેથી નીચે આપ્યું છે.

સંદર્શયન્ત્યો નિગમાગમાનાં, ભાવં નિકામં હૃદયં હરન્ત્યઃ ।।
પીયૂષપૂરાનિવ સંકિરન્ત્યો ધારા, ગુરૂણાં વચસાં જયન્તિ ।। (૧)

વેદશાસ્ત્રનાં મર્મને દર્શાવનારી, હૃદયને ખેંચનારી અને અમૃતનાં પૂરને વરસાવતી હોય તેવી અમારા ગુરુજીનાં વચનોની ધારા વિજય પામો.

ઔદાર્યં પરમાદ્ભુતં સુજનતાસૌશીલ્યયોર્વૈભવમ્ ।
માનાતીતમતીત્ય વાચમુદયો દાક્ષિણ્યકારુણ્યયોઃ ।।
યેષાં ધૈર્યમપારમાપ્તગરિમોદ્રેકો વિવેકોઽસ્તિતા-
નગ્રણ્યાન્ સકલશ્રુતિસ્મૃતિવિદાં ગોવર્ધનાર્યાન્નુમઃ ।। (૨)

અદ્ભુત ઉદારતા, સુજનતા, સુશીલતા, ચતુરતા, દયાલુતા, ધીરતા, અને વિવેક આદિ જેમનાં અનેક ગુણનો પાર નથી અને જેઓ સઘળા વેદશાસ્ત્ર જાણનારાઓમાં અગ્રગણ્ય છે, એવા ગોવર્ધન ગુરુની અમો પ્રશંસા કરીએ છીએ.

વેદજ્ઞેષુ પ્રથમગણિતાઃ પાણિનીયેષુ પૂજ્યાઃ ।
કાણાદેષુ પ્રથિતયશસો, ગૌત્તમીયેષુ ગેયાઃ ।
મીમાંસાસુ પ્રષ્ટમરવચઃ પ્રક્રમા સાંખ્યવિજ્ઞા-
સ્તે જીયાસુ સુકવિગુરવસ્સૂતગોવર્ધ્ધનાર્યાઃ ।। (૩)

વેદ, વ્યાકરણ, ન્યાયશાસ્ત્ર, વૈશેષિક, પૂર્વ-ઉત્તરમીમાંસા, સાંખ્ય અને કાવ્ય- સર્વ શાસ્ત્રમાં કુશલતા ધરાવનાર ગોવર્ધન ગુરુ વિજય પામો.

સચ્છાસ્ત્રેષુ કૃતોઽસ્તિ સઃ શ્રમભરો યુષ્માભિરલ્પેતરઃ ।
સ સ્વો ધર્મ ઈતિ સ્તુતેર્ન પદવી મુચ્ચૈસ્તરાં નીયતે ।
તદ્વાચામધિવેતાઽવિભવતાં જિહ્વાગ્રરંગસ્થલી ।
લીલાનર્તનકૌશલં વિતનુતે તચ્છ્લાઘનીયં મુહુઃ ।। (૪)

હે ગુરુવર્ય, આપે સત્શાસ્ત્રોનાં અભ્યાસમાં ઘણો શ્રમ કર્યો છે, તે પોતાનાં ધર્મ માટે તેમાં નવાઈ નથી, પણ વાણીદેવી આપની જીભનાં અગ્રભાગમાં નૃત્ય કુશલતા બતાવ્યા કરે છે તે વારંવાર વખાણવા જેવી વાત છે.

દ્યૌઃ શૂન્યાત્મા શિશિરકિરણઃ ક્ષીયતે કૃષ્ણપક્ષે ।
ભાનોર્ભા નો ભવતિ રજનૌ વિશ્વસૃણ્નાભિજાતઃ ।।
ન શ્રીકંઠો ભવતિ સમદ્રગ્ વૃત્રહા ગોત્રશત્રુ-
સ્તત્કેનાસ્મદ્ગુરુપરિવૃઢાસ્સનતુ દત્તોપમાનાઃ ।। (૫)

અમારા ગુરુજીને કોની ઉપમા આપવી એ વાતની અમને સૂઝ પડતી નથી. આકાશની આપીએ તો તે શૂન્ય છે માટે ન અપાય. ચંદ્રની આપીએ તો અંધારિયામાં તે ક્ષય પામે છે અને અમારા ગુરુ તો કૃષ્ણપક્ષનાં એટલે શ્રીકૃષ્ણાવતારનાં પક્ષમાં વૃદ્ધિ પામે છે. સૂર્યની ઉપમા આપતા રાત્રિમાં તેની કાંતિ હોતી નથી એ દુઃખ છે. બ્રહ્મા સાથે સરખાવતા તે નાભિ થકી ઉત્પન્ન થનાર અથવા અકુલીન છે માટે યોગ્ય ન ગણાય. મહાદેવજીની ઉપમા આપતા તે ત્રિનેત્ર હોવાથી વિષમ દ્રષ્ટિવાળા ગણાય છે, ને ગુરુવર્ય સમદ્રષ્ટિવાળા છે. ઈંદ્ર ગોત્રનો (પર્વતનો) શત્રુ છે માટે તેની ઉપમા બેસતી નથી, કારણકે અમારા ગુરુ તો વાધૂલ નામનાં ગોત્રની વૃદ્ધિ કરનારા છે.

(૯) નસીરાબાદનું માનપત્ર

નસીરાબાદ નગર રાજપુતાનામાં આવેલું છે. ત્યાંની પ્રજા ધર્મ પ્રત્યે લાગણીવાળી હોવાથી સં.૧૯૫૨માં પંડિતજીને મુંબઈથી માનપુરઃસર બોલાવી ઘણા સન્માન સાથે શ્રીવિહારીજીનાં મંદિરમાં ઉતારો આપ્યો. અહીં મંદિર તથા જાહેર સ્થાનોમાં પંડિતજીનાં અવધાન તથા વ્યાખ્યાનો થયા. તેમાં મોટા મોટા અંગ્રેજ અમલદારો, જનરલ, કરનલ, કેપ્ટન, લેફ્ટેનેંટ, મોલવી મુસલમાનો તથા નામધારી આર્યસમાજીઓ તથા ગામનાં ખૂબ પ્રતિષ્ઠિત ભાઈઓ આવ્યા હતા. અવધાનનાં પ્રયોગો થતા અંગ્રેજ અમલદારો તથા બીજાઓ તાળી પાળતા પાળતા થાકી ગયા. પછી પંડિતજીએ મૂર્તિ મણ્ડન, શ્રાદ્ધ, તર્પણ તથા તીર્થસ્થાન ઉપર બહુ અદ્ભુત વ્યાખ્યાન આપ્યા, જે ત્યાંની પ્રજાને અમૃતની વર્ષા સમા લાગ્યા હતા. પંડિતજીનું આહ્નિક કર્મ જોઈને પણ આશ્ચર્ય પામતા. લોકોએ તથા અનેક મોટા

અમલદારોએ પંડિતજીની કદર સાથે માનપત્રો આપ્યા, તેમાં જણાવ્યું હતું કે અમે આજ સુધી આવા અપૂર્વ વ્યાખ્યાનો સાંભળ્યા નથી, તથા આવી સ્મરણશક્તિ દેખી નથી. કલિકાલમાં આપ ધર્મનાં મોટા રક્ષક છો એમ અનેક પ્રશંસા તેમાં કરી હતી.

(૧૦) શેઠશ્રી હરજીવનદાસ તરફની ભેટ

શેઠ હરજીવનદાસ વસનજી મણિયાર સં.૧૯૫૨માં સખ્ત માંદા હતા. તે વખતે તેમની ઈચ્છાથી તેમનાં પત્ની રાધાબાઈ, જેઓ જામનગરનાં દિવાનનાં પુત્રી હતા, તેમણે પંડિતજીને બોલાવ્યા ને શ્રીનાથજીની છબી, વેદ, ચિંચણ, તારાપોરવાલી વાડી ને ત્યાંનું મંદિર પંડિતજીને ભેટ કર્યુ. તે આપતી વખતે શેઠશ્રીની એવી અભિલાષા હતી કે પંડિતજી વિદ્વાન હોઈ, વિદ્યાવૃદ્ધિમાં વિશેષ શ્રમ લે છે, તેથી પોતે આ તેમને ભેટ કરે છે. પંડિતજીને પાસે બોલાવી શેઠે કહ્યું કે, ‘‘પુષ્ટિમાર્ગમાં મને શ્રદ્ધા છા, તેમાં પણ આપ ઉત્તમ વિદ્વત્તા ધરાવનાર છો, માટે આપમાં મને વધારે શ્રદ્ધા ભક્તિ છે. ચીચણમાં આવેલું મારૂં મંદિર તથા વાડી હું આપને અર્પણ કરું છું.’’ તે વખતે ત્યાં અનેક વિદ્વાનો તથા સંભાવિત ગૃહસ્થો હાજર હતા. તેમણે શેઠશ્રીનાં આ કાર્યને અનુમતિ આપી ધન્યવાદ આપ્યો હતો. પછી શેઠશ્રી પાંચમા દિવસે વિદેહ પામ્યા હતા. પાછળથી આખીએ વાતમાં કંઈ પ્રપંચ રમાઈ ગયો ને પંડિતજીને આપેલી સર્વ ભેટની વાત ઉડાવી દેવામાં આવી. આ પછી પંડિતજી ૩૦-૮-૯૬નાં રોજ શ્રીગોકુલેશજી મહારાજ માંદા હોવાથી જુનાગઢ પધાર્યા. તે વખતે ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી તથા કેટલાક સંભાવિત સજ્જનો પંડિતજીને વળાવવા માટે આવ્યા હતા. ત્યાં જઈ તેમણે ધર્મપ્રેમી સમાજમાં સારો ધર્મબોધ કર્યો હતો. આ વખતે મહારાજશ્રી લીલામાં પધાર્યા. ત્યારબાદ નિ.લીલાસ્થ. મહારાજશ્રીનાં વહુજી સત્યભામા દાઝી ગયા. તેથી પંડિતજીને જુનાગઢમાં આવવું પડ્યું. અહીં વહુજી ૪-૨-૯૭નાં રોજ બાર વાગ્યે લીલામાં પધાર્યા. તેમની ક્રિયા પણ પંડિતજીએ કરી હતી.

(૩૯) હીરકમહોત્સવ

જુનાગઢથી આવ્યા પછી પંડિતજીએ દ્રઢતા ને વિવેક, વૈશ્ય-કલ્યાણ, શ્રીવલ્લભાચાર્યજીનું જીવન એ વિષેનાં વિવિધ વ્યાખ્યાનો આર્ય સુધર્મોદય સભાનાં આશ્રયે જુદા-જુદા સમયે આપવા માંડ્યા. તે દરમિયાન લખતરનરેશે ઘણા આગ્રહથી પંડિતજીને લખતર તેડાવ્યા. મહારાણા કરણસિંહજી બહુ ભાવિક અને મર્મજ્ઞ સંપ્રદાયી હતા. તેમણે શ્રીજીની ધ્વજા ચઢાવવાનો મોટો મનોરથ જેઠ વદ ૧૨નાં શુક્રવારથી આરંભી ચાર દિવસ સુધી કર્યો. પંડિતજી રાણાજીનાં અત્યંત આગ્રહને વશ થઈ લખતર પધાર્યા. તે વખતે સ્ટેશન ઉપર પાટવીકુંવર, બીજા રાજકુમારો તથા સંભાવિત ગૃહસ્થોએ વાજિંત્ર અને કળશ સાથે સામૈયું કરી, પંડિતજીનો ભારે સત્કાર કર્યો. પંડિતજીએ પણ આ ઉત્સવમાં હજારો વૈષ્ણવો સાથે રાજકુટુંબનાં માણસોને સારો ધર્મબોધ આપ્યો.

ઓગણીસમા સૈકામાં ભારતવર્ષમાં અત્યંત અશાંતિ હતી. અંગ્રેજો કાવાદાવાથી મરાઠા, મોગલ, રજપૂતો તથા બીજાઓને પરાજિત કરી, ભારતવર્ષનાં ધણી થઈ પડ્યા હતા. વળી તેઓમાં ધર્મદ્વેષ હોવાથી ભારતીય પ્રજાને ઘણું સોસવું પડ્યું હતું. આ અસંતોષથી સને ૧૯૫૭માં અંગ્રેજ કમ્પની સામે મોટો બળવો પ્રજાનાં અમુક ભાગે કર્યો. આ બળવો કમ્પની સરકારે બહુ મુશ્કેલીથી દબાવ્યો. ત્યારથી કમ્પની સરકારનું રાજ ગયું ને ઈંગ્લેન્ડનાં રાજા ભારતવર્ષનાં શહેનશાહ ગણાવા લાગ્યા. આ વખતે ઈંગ્લેન્ડની ગાદી ઉપર મહારાણી વિક્ટોરિયા હતી. આ રાણી બહુ ભલી, કુનેહબાજ હતી ને પ્રજા તરફ મમતાવાળી હતી. તેણે ગાદી ઉપર આવ્યા બાદ બહુ શાંતિભરી નીતિ અપનાવી, પ્રજાનાં મન જીતી લેવા માટે પ્રયત્ન કર્યો. મનુષ્ય માત્રને જે ધર્મ પાળવો હોય તેમાં રાજ્ય તરફથી હસ્તક્ષેપ નહિ થાય તેવું તેણે જાહેર કર્યું. વળી યુદ્ધ વગેરે નાબૂદ થયેલા હોવાથી પ્રજાનું મન વેપાર ઉદ્યોગ તરફ લાગ્યું હતું. તેનાં પરિણામે મુંબઈનો વેપારઉદ્યોગ બહુ વધ્યો હતો ને મુંબઈવાસીઓ માલદાર બન્યા હતા. આમ ઉપરની શાંતિ રાણીનાં રાજ્યમાં સારી રીતે પ્રસરી હતી. આ વખતે રાણી રાજ્ય કરે ૬૦ વર્ષ પૂરા થતા હોવાથી આખા ભારતવર્ષમાં મહારાણીની ડાયમંડ જ્યુબિલી (હીરક મહોત્સવ) બહુ ભવ્ય રીતે ઉજવાયો હતો ને મુંબઈએ તો તે અપૂર્વ રીતે ઉજવ્યો હતો. પંડિતજી પણ

મહારાણીશ્રીનાં પૂજક હતા. તેમણે આ ઉત્સવ અંગે આશીષ આપતા વેદવિદ્યાનો પ્રચાર થાય તેવી માંગણી કરી હતી, ને નીચેની કવિતા એક મોટી સભામાં તેમણે ગાઈ હતી.

ભરતભૂમિનાં ભાગ્ય ભલા છે, ભૂખ ભીખ ભય ભાગો,
જીતો જીરે જુગતથી જગતિ, તમ જશ જગમાં જાગો.
પ્રથમ હતા અહીં યવન ભુવનપતિ, જોર જુલમ કરનારા,
જબ્બર જમાવ જમાવી જગમાં, જન જીવન હરનારા.
તે સમય અહીં પરમ ધર્મનું, કરમ નરમ દર્શાયું.
ધૂમધામ ધાંધલ ધેરા તણું, ધોરણ ધરા ધરાયું.
સખ્ત વખત એ ગયો જ્યારથી, તખ્ત તમે શોભાવ્યું,
લાખો લેખે લોકોનું દિલ, લક્ષ લઈ લોભાવ્યું.
પરમ પ્રેમ પ્રજા પર પામો, પેખી પુત્ર પ્રમાણો,
માત મળી મનમાની માની, મનુજો મોજો માણો.
મહિ માલિક થઈ મનમાં માનો, મોટી મમતા માયા,
સ્રજે મન તુજ પ્રજા ઉજાગર, ભુજા અમર તરુ છાયા.
વેદ વિગેરે વિદ્યાવાણી, વિનય વિવેક વધારો,
જીતી જગત જન નીતિ પ્રીતિથી, નીતિ રીતિથી વારો.

ત્યારબાદ આ ઉત્સવ અંગે તા. ૨૨-૬-૯૭નાં રોજ વિદ્યાલક્ષ્મી પાઠશાળાનાં વિદ્યાર્થીઓ અને સહાયકોની સભા મળી. આખી પાઠશાળાને વીજળી દીવાથી શણગારવામાં આવી હતી. આ સભામાં ઘણા જ પ્રસિદ્ધ સદ્‌ગૃહસ્થો ને શાસ્ત્રીઓ હાજર હતા. તે વખતે પંડિતજીએ વિદ્યા અને મુખ્ય રીતે પ્રાચીન વિદ્યા માટે મહારાણીજીનાં રાજ્યમાં જે પુષ્ટિ મળી છે તે સંબંધી લંબાણથી ચર્ચા કરી હતી. પછી શ્રી.મંગળદાસ જમનાદાસે એક ઠરાવ નીચે મુજબ મૂક્યો જેને રા.વિઠ્ઠલદાસ રાજારામે ટેકો આપ્યો હતો. તે ઠરાવ સર્વાનુમતે પસાર થયો હતો.

‘‘અમે પંડિતશ્રી ગટ્ટુલાલાજીએ સ્થાપિત વિદ્યાલક્ષ્મી પાઠશાળાનાં વિદ્યાર્થીઓ અને સહાયકો મહારાણીશ્રી વિક્ટોરિયાની ડાયમંડ જ્યુબિલી પ્રસંગે એકઠા થયા છીએ. મહારાણીશ્રીનાં પ્રતાપી રાજમાં પ્રાચીન વિદ્યાની ઉન્નતિ થઈ છે અને સંસ્કૃત વિદ્યાને ઉત્તેજન મળ્યું છે, તેની પિછાણ આ પાઠશાળા કરે છે, અને ઈચ્છે છે કે આનાંથી અધિક મહારાણીશ્રીની સરકાર આપતી રહે અને શ્રી ઈશ્વર પાસે પ્રાર્થના કરે છે કે મહારાણીશ્રીનો જયજયકાર થાય અને તેઓ લાંબો વખત સુખમાં રાજ્ય કરે. આ સાથે શિક્ષણ પદ્ધતિનું પુસ્તક જે પાઠશાળાએ આ પ્રસંગ માટે તૈયાર કીધું છે તે સાદર મોકલાવે છે. ત્યારબાદ મહારાણીજીને તાર દ્વારા વિજ્ઞાપન કરવાનો ઠરાવ થયો તથા શિક્ષણ સંબંધમાં જે લેખ થયો છે તે આ પાઠશાળા તરફથી મોકલવા નિશ્ચય કરી, પાઠશાળાનાં સંસ્થાપક શ્રીગટ્ટુલાલાજીનો ઉપકાર માની વાજિંત્રનાં શબ્દો અને મધુરધ્વનિ સાથે આ સભા વિસર્જન થઈ હતી. આ ઉત્સવ ત્રણ દિવસ થયો હતો, ને પંડિતજીએ સ્વતંત્ર રીતે એક તાર તથા માનપત્ર મહારાણીશ્રીને મોકલ્યા હતા.

(૪૦) છેલ્લો વિહાર

સં.૧૯૫૩માં મુંબઈમાં બ્યુબોનીક પ્લેગ ફાટી નીકળ્યો હતો. આથી લખતરનાં ભગવદીય મહારાણાએ પંડિતજીને લખતર આગ્રહપૂર્વક તેડાવ્યા. તેથી પંડિતજી સેવા તથા પુસ્તકો સહિત અત્રે પધાર્યા. મહારાણાએ પંડિતજીની આગતા સ્વાગતા બહુ સારી રીતે કરી. ત્યાં થોડા માસ રહી સં.૧૯૫૪માં કાર્તિક માસમાં પંડિતજી સહકુટુંબ ભાવનગરમાં વૈશ્યોને ઉપવિત સંસ્કાર આપવા પધાર્યા. અહીંનાં મહારાજાએ પંડિતજીનો સારો સત્કાર કર્યો. આમ તો આખા કાઠિયાવાડનાં બધા રાજાઓ પંડિતશ્રી માટે માન ધરાવતા હતા. તેમાં જુનાગઢનાં નવાબે તો પંડિતજી જુનાગઢ પધારે ત્યારથી તેમનો બધો ખર્ચ રાજ્યની તિજોરીમાંથી પાડવા ગોઠવણ કરી હતી. વળી જુનાગઢ પંડિતશ્રીનું પ્રાચીન નિવાસસ્થાન હોવાથી તે પ્રત્યે તેમનું સ્વદેશ જેટલું મમત્વ હતું. છેવટે ગો.શ્રીગોકુલેશજી જ્યારે નિત્યલીલામાં પધાર્યા,

ત્યારે મહારાજશ્રીની ઈચ્છા મુજબ પંડિતજીએ જુનાગઢની હવેલીની વ્યવસ્થા કરી હતી ને તે વખતે વર્ણાશ્રમ ધર્મ વ્યવસ્થા ઉપર ૧૦ દિવસ સુધી વ્યાખ્યાન આપ્યા હતા. આ વ્યાખ્યાનો સં.૧૫૫૩નાં પોષ સુદી ૧૪ પૂરા થયા, ત્યારે ત્યાંના સજ્જન-સમૂહ જેમાં રાજ્યનાં મોટા મોટા અમલદારો, શાસ્ત્રજ્ઞો હતા - તેમણે જુનાગઢનો ઉપકારપત્ર કરી બહુ માન આપ્યું. તેમાં જણાવ્યું હતું કે, ''એક વક્તાનું એક વ્યાખ્યાન સાંભળ્યા પછી ઉત્તરોત્તર તેનાં બીજા વ્યાખ્યાનો રુચિકર થવા અશક્ય છે, તેને બદલે આપના વ્યાખ્યાનો ''ક્ષણે ક્ષણે યન્નવતામુપૈતિ તદેવ રૂપં રમણીયતાયાઃ'' એ પ્રમાણે પ્રતિદિન અધિકાધિક રુચિકર થઈ પડ્યા છે, કે જેથી સંખ્યાબંધ સદ્‌ગૃહસ્થોએ પોતાનો દશ દિવસ સુધીનો સાંજનો સમય આનંદાવેશમાં કયાં ગાળ્યો એ ખબર પણ પડી શકી નહિ, અને પ્રતિદિન જનસમૂહ વધતો જ જોવામાં આવ્યો છે. આજે વ્યાખ્યાન સમાપ્તિનો સમય આવવાથી અમો સર્વ ખિન્ન અને આપના વિરહનાં અસહિષ્ણુ થઈ ગયા છીએ.''

પંડિતજી ભાવનગર પધાર્યા ત્યારે તેમને પાંચ સાત માસની એક પુત્રી હતી. પુત્રીનાં જન્મ પછી પંડિતજીનાં ધર્મપત્ની સૂતિકારોગથી પીડાતા હતા, ને ભાવનગર આવતા રોગે જરા વધારે જોર કર્યું. તેથી તે સમયનાં લોકપ્રિય પ્રસિદ્ધ વૈદ્યરાજ ઝંડુભટ્ટજી ભાવનગરમાં હતા તેમનાં ઉત્તમ ઉપચારો ચાલતા હતા. વળી પંડિતજીનું શરીર પણ દિનપ્રતિદિન ક્ષીણ થતું જતું હતું, પણ તેમની અહર્નિશ સેવા વગેરે પ્રવૃત્તિમાં એકલગ્નતા નિહાળી કોઇને ખ્યાલ ન આવ્યો કે હવે થોડા દિવસોમાં પંડિતજી આ નાટ્ય સમાપ્ત કરશે. પંડિતજીએ કોઇ દિવસ પોતાનાં શરીરને સારા પોષણ, ઉપચાર કે લૌકિક સુખ આપી પંપાળ્યું ન હતું. તેમનું શરીર ભગવદ્ દયા ઉપર નિર્ભર હતું. પંડિતજી પણ જાણી ગયા હતા કે હવે થોડા સમય માટે આ ભૂતલ ઉપર છે. જુનાગઢમાં દસ દિવસ વર્ણાશ્રમ ધર્મ ઉપર વ્યાખ્યાન આપ્યા ત્યારે તેમણે આ વાત કહી હતી કે, ''જુનાગઢ એ મારા માતામહ કુટુંબનું સ્થળ, તેથી મ્હારો સ્વદેશ હોવાને લીધે આ સ્થળ અને આપ સર્વ ઉપર મને મોટું માન છે. પારાવાર ખેદની વાત એ છે કે મારા માતામહ કુટુંબનાં છેલ્લા પ્રદીપરૂપ મારા ભાઇ ગોસ્વામી શ્રીગોકુલેશજી ભાઇનાં પધારી જવાથી હું પાંખ વિનાનાં પંખી જેવો નિરાધાર થઇ ગયો છું.'' *** એક વખત એવો હતો કે નગર, જુનાગઢ, પોરબંદર એ ત્રણે સ્થળોમાં મારા કુટુંબની રાજ્યવત્ સ્થિતિ હતી તે બધા વિદેહ થતા ગયા. *** હવે આ વિભાગમાં મારે કોની પાસે આવવું? માટે મારા પોતાનાં જ ઘર દેશ અને દેશી ભાઇઓને છેલ્લી જ વખતનો મારો આ મિલાપ હોય એમ લાગે છે. હવે મારૂં જીવન પણ વ્યર્થ જેવું છે અને તે પણ વિશેષ ચાલવા જેવું લાગતું નથી જ. માટે આપ સર્વ મારા સ્વદેશી ભાઇઓની આ છેલ્લી મુલાકાત સમયે હું એટલું માગી લઉં છું કે, હવે હું મળું ન મળું તોપણ મને તમારો અહીંનો ગણી, આ કાળક્ષેપ કરાવ્યા માટે ક્ષમા કરશો. વળી મુંબઈમાં પોતાનું મંદિર, પાઠશાળા વગેરે માટે પોતાનાં વિશ્વાસુ ભક્તોને જાણીતા કર્યા હતા, ને તે પ્રમાણે વીલ કરાવ્યું હતું. આમ ચારે તરફની ચોક્કસાઈ પંડિતજીએ કરી લીધી ને ભાવનગરમાં રહેવા લાગ્યા. આવી પ્રકૃતિ છતા અહીં પણ સેવા વગેરે કાર્યો તથા વ્યાખ્યાનાદિ પ્રવૃત્તિ બરાબર ચાલતી હતી. આવી એક સભા શામળદાસ કોલેજમાં રાખવામાં આવી હતી, જેમાં કોલેજનાં પ્રિન્સિપાલ પ્રો.જમસેદજી ઉનવાલા, સંસ્કૃત પ્રો.શ્રીજયકીશદાસ કણિયા, દિવાની કોર્ટનાં ન્યાયાધીશ મોતીલાલ સટ્ટાવાલા, સંસ્કૃત પાઠશાળાનાં શાસ્ત્રી ભાનુશંકર હરિશંકર, શાસ્ત્રી નર્મદાશંકર દામોદર તથા બીજા કોલેજનાં પ્રોફેસરો હાજર હતા.

અહીંનાં શતાવધાનમાં ચૌદ ભાષા રાખી હતી. ત્યારબાદ સંસ્કૃત કાવ્યમાં વિનોદ ચાલ્યો હતો.

(૧) પ્રથમ શ્રી.જયકૃષ્ણ કણિયાએ હરિણિવૃતમાં અંતઃકરણનાં સ્વરૂપનું વર્ણન માગ્યું હતું તેથી પંડિતજીએ નીચે પ્રમાણે વર્ણન કર્યું હતું.

સકલકરણોત્કર્ષં ધત્તેऽણુમાત્રમપિ સ્વયં
ક્વચિદપિ મહોદારં સારં સ્તડંહગસન્મતમ્।
પરમપરમોદારાં શક્તિં કરોતિ નિસર્ગતો
મન ઈદમહો ભીષ્મો દેવઃ સદા સ્વતનું ગતઃ ।।

અંતઃકરણ પોતે અણુમાત્ર છે. તે છતા સર્વ ઇંદ્રિયોનાં ઉત્કર્ષને ધારણ કરે છે. કોઈવાર કર્કરૂપે સર્વમાં સાર તથા ઉદારરૂપે વિદ્વાનોએ માનેલું છે, સ્વભાવથી પરમ ઉદાર, મોટી શક્તિને કરી શકે છે. તેથી જાણે મન આ શરીરમાં રહેલ મહાન દેવ હોય તેવું જણાય છે.

(૨) શાસ્ત્રી નર્મદાશંકરે ''મશકદશનમધ્યે હરિસ્તન સઞ્ચરન્તિ'' મચ્છરનાં દાંતની વચમાં હાથીઓ ફરે છે. આમાં સ્ત્રીનું વર્ણન આવવું જોઈએ. એમ પાદપૂર્તિ માગીઃ-

જગતિ રણગતા યે ચણ્ડવીર્યાશ્ચશૂરા
ખલુ યતિમતિભાજો યે જ દિવ્યન્તરસ્થાઃ।
સપદિ સુવશગાસ્તે સ્ત્રીકટાક્ષાન્તપાતા
મશકદશનમધ્યે દન્તિનઃ સઞ્ચરન્તિ।।

પ્રચંડ વીર્યવાળા જે શૂરવીર પુરુષો રણભૂમિમાં રહે છે, ને જેઓ વૈરાગ્યથી સંયમ બુદ્ધિને ધરનારા છે તેઓ પણ સ્ત્રીનાં કટાક્ષની પાસે વશ થઈને રહે છે. તેથી તે હાથીઓ મચ્છરનાં દાંતનાં વચ્ચે ફરે છે તેની માફક છે.

(૩) આ પછી કાઠિયાવાડી પ્રજાનું સ્વભાવવર્ણન તથા કોરન્ટાઈનનું વર્ણન માગવાથી તેમણે કહ્યું પણ તે એટલું ઉતાવળથી બોલ્યા કે તે લખી શકાયું નહિ.

(૪) શાસ્ત્રી કરુણાશંકરે શ્રુતિસ્મૃતિ પ્રમાણે શંકરની સ્તુતિ સંસ્કૃતમાં કરવા કહ્યું.

પ્રહર્ષિણી વૃત્ત-

તં વંદે સકલસુરાસુરૈર્વંદ્યમ્
હ્યુત્કર્ષઃ કિલ સકલશ્રુતિષુ યસ્ય।
ઈશાનઃ સકલજગત્સુ દેહિનાં ચ
સ ધ્યેયો મમ હૃદયે સદા કૃપાલુઃ।।

સર્વ સુર અસુરોને વંદન કરવા યોગ્ય, અને જેનો સર્વ શ્રુતિ સ્મૃતિઓમાં ઉત્કર્ષ વર્ણવેલો છે એવા સર્વ જગતનાં પ્રાણીઓને નિયમમાં રાખનાર દયાલુશંકર સદા મારા હૃદયમાં ધ્યાન કરવાને યોગ્ય છે.

(૫) શાસ્ત્રી નર્મદાશંકરે કહ્યું ''ગજોહ્યશ્વમારુહ્ય પ્રવિષ્ટો મૂષકાલયમ્'' - હાથી ઘોડા ઉપર બેસી ઉંદરનાં દરમાં પેઠો, તેવું વર્ણન કરો.

શત્રુદન્તિરદારૂઢપદાશ્વો લિખિતો હૃતઃ।
ગજો હ્યશ્વમારુહ્ય પ્રવિષ્ટો મૂષકાલયમ્।।

કોઈ ચિત્રકારે હાથીનાં દાંત ઉપર ચરણ લગાડી રહેલા અશ્વસાથે કોઈ સુભટ ચિતરેલો હતો. તે ચિત્ર લઈને ઉંદરનાં દરમાં પેઠો.

આવા રસ આપનારા ઘણા પ્રશ્નોત્તર થયા. પછી લાલાજી (પંડિતજી) એ કહ્યું કે હવે સૂર્ય અસ્ત થઈ ગયો માટે સર્વની ઈચ્છા હોય તો સભા વિસર્જન કરીએ.

આથી તે વખતે શાસ્ત્રી નર્મદાશંકરે એક સંસ્કૃત શ્લોક પંડિતજી માટે બનાવ્યો.

માર્તણ્ડસ્ય મનસ્યભૂત્સપદિ, મે દૈની સુપૂર્ણા ક્રિયા
નષ્ટે બાહ્યતમો મદીયકિરણૈરસ્તં પ્રયામિ ધ્રુવમ્।
માર્તણ્ડશુભભારતસ્ય જગતિ શ્રીમાન્ ગટ્ટુલાલજિત્
સત્તેજસ્વિશતાવધાનકિરણૈરુદ્યોતતાં સંપ્રતિ।।

અસ્ત પામતા એવા સૂર્યનાં મનમાં વિચાર થયો કે હવે મારી દિવસની સર્વ ક્રિયા પૂર્ણ થઈ રહી છે, તેમજ મારા કિરણોંથી બાહ્ય અંધકાર નાશ પામી ગયો છે. તો હું હવે અસ્ત પામી જાઉં અને આ જગતમાં ભારતમાર્તંડ શ્રીગટ્ટુલાલાજી પોતાનાં તેજસ્વી એવા શતાવધાનરૂપી કિરણોંથી અંતરનાં અંધકાર દૂર કરી હાલ ઉદય પામ્યા કરો.

ભાવનગરમાં પંડિત ગટ્ટુલાલાજીનો આ છેલ્લો સભાવિનોદ હતો. પ્રભુની અકલિત કલા કોઈથી જાણી શકાતી નથી. પંડિતજી પણ સૂર્યનાં અંતર પેઠે અસ્ત પામી ગયા. આપણે જાણીએ છીએ કે, તેમની સ્ત્રી બિમાર હતા તે તેમનાં બચવાની આશા ન હતી, તેમાં સં.૧૯૫૪નાં માગસર સુદી ૮, બુધવારની રાત્રે પંડિતશ્રીને વિશેષ જ્વર ચઢી આવ્યો. તે વખતે વૈદ્યરાજ ઝંડુભટ્ટજીએ આવી તેમને નાહવાનો નિષેધ કર્યો. તે પરથી પંડિતજી એ માત્ર એક જ ઉત્તર આપ્યો, કે મારી ખાત્રી છે કે હવે આ દેહ રહેશે નહીં. માટે મને અવસાન સમયમાં ધર્મત્યાગની સલાહ ન આપો અને આથી બીજી રીતે આપને ખાત્રી થતી હોય તો મને સમજાવો. ઝંડુભટ્ટજી આ વિષે શું ખુલાસો આપે? માત્ર ઔષધ આપીને મુકામે ગયા. પંડિતજીએ અવસાનને ઉચિત કેટલીક ધર્મક્રિયાઓ સ્વતઃ કરી, છતા આ બનાવનો કોઈને વિશ્વાસ હતો જ નહિ. પાછા ટાઢ અને તાવ શાંત થયા પછી અષ્ટમીનાં દિવસે સાંજની સેવા તથા આહ્નિકને માટે ન્હાયા ને આહ્નિક પૂરું કર્યું. સુદી ૯મે એ તેમની પ્રકૃતિ વિશેષ શિથિલ દેખાવાથી તેમની પાસેનાં લોકોને જુનાગઢ, મુંબઈ, નાથદ્વારા, વગેરે સ્થળે ખબર આપવા પ્રાર્થના કરી, પણ પંડિતજીએ સર્વથા ના પાડી ને પાસેનાં લોકો પાસે દાન વગેરે સાધનો તૈયાર કરાવ્યા. પછી ધીમે રહીને તેમની પાસે રહેતા શિષ્યો અને બીજા સજ્જનોને કહ્યું કે, શરીરનો ભરોસો નથી. જ્યારે પરિણામ જણાય ત્યારે તમારે શાસ્ત્ર તથા અમારી જ્ઞાતિનાં રિવાજ પ્રમાણે આ સર્વ વિધિ કરાવી.'' આ સાંભળી બધા લોકો ગભરાવા લાગ્યા. પંડિતજીએ સર્વને મીઠા વચનો કહી શાંતિ આપી. પછી રાત્રિનાં બારેક વાગ્યે પોતે જપપાઠનાં દર્ભાસન પર પદ્માસન થી બેસી સર્વ વ્યવહારનો સર્વથા ત્યાગ કર્યો. માત્ર તેમનાં મુખથી ભગવન્નામની અવિચ્છિન્ન ધારા ચાલી નીકળી. પંડિતજી બેઠે બેઠે પાઠ કરતા હતા. છતા, તે આ જગતમાં ન જ હોય તેમ તેમને ગમે તે જાણીતો માણસ, ગમે તેટલું બોલાવતો હતો છતા તેમને તેની અસર જ થતી ન હતી. પછી શિષ્યો તથા બીજા બ્રાહ્મણો ન્હાઈ, તેમની પાસે સાવધાનીથી બેઠા અને શરીર તપાસતા રહ્યા. પાછલી રાતે હળવે હળવે શરીર શીતલ થવા લાગ્યું. પણ પંડિતજીનું હરિસ્મરણ તો ચાલુ જ હતું અને તેઓ જેમનાં તેમ બિરાજેલા હતા.

પંડિતજી જેવા માયાળુ મહાનુભાવ અને શિષ્ય અને આશ્રિતો પ્રત્યે માબાપથી પણ અધિક ધ્યાન રાખનાર વ્યક્તિની આ સ્થિતિ જોઈ, શિષ્યો, સેવકો અને પરિચિત લોકોનું હૃદય સ્થિર ન રહી શક્યું. તેથી પ્રથમથી પંડિતજીનો નિષેધ છતા, અશ્રુપ્રવાહ અને ગદ્ગદ્ સ્વરોથી તે સ્થળ વ્યાપ્ત થઈ ગયું.

બીજી બાજુ તેમનાં પત્ની પણ જેમ જલાશયનું જલ સુકાતા મત્સ્ય નિશ્ચેષ્ટ થવા લાગે તેમ અધિક બેભાન થયા. પંડિતજીને જ્યારે છેવટની સ્થિતિ જણાઈ ત્યારે તેમની આજ્ઞા પ્રમાણે તેમને ગોમયોપલિપ્ત અને કુશાસ્તૃત સ્થળમાં મેડી ઉપરથી નીચે પધરાવવામાં આવ્યા. ભૂશયન કરાવતા સુધીમાં તેમનાં મુખમાંથી મંદ મંદ હરિનામાક્ષરો ચાલુ જ હતા. તે ચેષ્ટા પણ હવે બંધ થતી માલૂમ પડી, અને સ્વમુખારવિંદથી ભગવદ્ વચનઃ-

નમોસ્તવનંતાય સહસ્ત્રમૂર્તયે સહસ્ત્રપાદાક્ષિશિરોરૂબાહવે ।
સહસ્ત્રનામ્ને પુરુષાય શાશ્વતે સહસ્ત્રકોટીયુગધારિણે નમઃ ।।

બસ આ શ્લોક ઉચ્ચારતા તેમનો આત્મા ગોલોકમાં ચાલ્યો ગયો. આમ સં.૧૯૫૪નાં માગસર સુદ ૯ની રાતે પંડિતજીએ આ ભૂતલનો ત્યાગ કર્યો. તેમનાં વિદેહ થવાનાં સમાચાર જેમ જેમ ફેલાતા ગયા તેમ તેમ લાખો પરિચિતો તથા અસંખ્ય સ્વજનો શોકમગ્ન બની ગયા. તે સર્વ એક સ્વરે કહેવા લાગ્યા કે પંડિતજીની ખોટ કોઈ કાળે પૂરી પડવાની જ નથી.

હવે જ્યારે પંડિતજીનો આત્મા ચાલ્યા ગયાનાં સમાચાર નિર્જીવવત્ થયેલા તેમનાં પત્ની રુક્માવતીને સાંપડ્યા ત્યારે તેઓ બેભાન થઈ ગયા. તો પણ ધર્મ પ્રમાણે તેમનાં પત્નીનું સ્નાન કરાવવામાં આવ્યું ને તેમનાં સૌભાગ્યકંકણનો ભંગ કરાવવામાં આવ્યો, ત્યારે તેઓ એટલું જ બોલ્યા કે એ શું કરવા કરો છો? હું એમની સાથે જ જવાની છું. એમ બોલી મૌન ગ્રહણ કર્યું ને બીજે દિવસે સાંઝનાં સૂર્યાસ્ત સમયે માગસર સુદી ૧૧-મોક્ષદા એકાદશીએ તેમને અનુગમન કર્યું. આ વખતે પંડિતશ્રીને આઠ-દસ માસની એક નાની પુત્રી હતી. ભાવનગરનાં ઠાકોર સાહેબ સર ભાવસિંહજી બહાદુરે એ પુત્રીનાં દીર્ઘકાળનાં પોષણ માટે ૩૦૦ રૂપિયા વર્ષાસન તુરત જ કરી આપવાનું ઔદાર્ય બતાવ્યું, પણ થોડા માસમાં તે પુત્રી પણ પરલોક પ્રયાણ કરી ગઈ... !!

(૪૧) પુણ્ય સ્મૃતિઓ

પંડિતજીનાં વિદેહ થયાનાં સમાચાર દેશભરમાં ફેલાતા મુંબઇ, જુનાગઢ, ભાવનગર, ઉમરેઠ વગેરે અનેક સ્થળોએ શોકસભાઓ, હળતાલો વગેરે થઇ હતી. મુંબઇમાં કોલાબાનો રૂનો જથ્થો, બંદર પરનો અનાજનો વ્યાપાર તથા કાંટાઓ, શેરબજાર, નોટબજાર, નૂરબજાર, ત્રણ કાપડ મારકીટો, ભૂલેશ્વર ને માંડવીની દુકાનો, શેઠ ગોક્તે ને સંસ્કૃત પાઠશાળાઓ, દુર્ગાદેવી સ્કૂલ વગેરે અનેક બજારો ને સંસ્થાઓ બંધ રહી હતી. એ ઉપરાંત સટ્ટાબજાર- જે કોઇપણ વખતે ગમે તેવા મોટા માણસનાં મરણ માટે બંધ રહેતી નથી, તે પણ બંધ રહી હતી. મુંબઇનાં અને બીજા શહેરોનાં વર્તમાનપત્રોએ પંડિતજીનાં અવસાનનાં સમાચાર ઉપર મોટા અગ્રલેખો લખી, પંડિતજીનાં પધારી જવાથી દેશની ધાર્મિક પ્રવૃત્તિને ભયંકર ફટકો પડ્યો છે, તે જણાવ્યું હતું. ગુજરાતીમાં જણાવવામાં આવ્યું હતું કે ‘‘વિદ્વદ્વરોનાં શિરોમણિ ભારતમાતંડ વેદાંતભટ્ટાચાર્ય, આશુકવિ, મહાત્મા શ્રીગટ્ટુલાલાજીનાં વૈકુંઠવાસનાં હૃદયભેદક સમાચાર ગયા ગુરુવારે મુંબઇમાં ફરી વળતા તમામ લોકોનાં મુખ પર શોકાંધકાર છવાઇ રહ્યો છે. એ પંડિતજીનાં મરણથી આર્યવિદ્યાનો એક સ્તંભ તૂટી પડ્યો છે. કવિકુલગુરુ કાલિદાસાદિકનાં અસાધારણ શીઘ્રકવિત્વ અને અવધારણા તે આ નિસત્ત્વ સમયમાં સત્ય થયા છે. શાસ્ત્રનાં મર્મવેત્તાનું નિર્વાણ થયું છે. વિશ્વામિત્ર, વશિષ્ઠ સમાન વૈદિક કર્માગ્રહી મહર્ષિ અદ્રશ્ય થયા છે. કવિશ્રી પતંજલિ પેરે તત્ત્વજ્ઞાનનાં લેખક ભટ્ટાચાર્યે ભૂલોક ત્યજી દીધો છે. અભ્યાગત અને અતિથિઓનો કલ્પતરુ આજે શુષ્ક થયો છે. વિદ્વાનોની કસોટી કરનાર વિદ્વાન ભૂમિ પરથી ઉઠી ગયા છે. ધર્માચાર્યોનાં સિદ્ધાંતોનું સમર્થન કરનારો મહાન યોદ્ધો અદ્રશ્ય થયો છે. વિદ્યાનો વિલાસ વિનાશ પામ્યો છે. મુંબઇએ જ નહિં પણ ભારતવર્ષે એક રત્ન ગુમાવ્યું છે.

‘‘આ વર્ષે ત્રણ મરણ મહાશોક જનક નિવડ્યા છે. રા.ઝવેરીલાલ, નૃસિંહાચાર્ય ને આ પંડિત ગટ્ટુલાલાજી. પંડિત ગટ્ટુલાલાજી મહાત્મા અને દૈવીજીવ હતા. તેમનાં નામથી મુંબઇએ પણ પોતાનાં સૌભાગ્યનો વધારો કર્યો. આવા મહાત્માનું નિર્વાણ સાંભળી ને પત્થરનો હ્રદય પિગળી જાય.’’

તેમને પ્રાચીન સંસ્કૃત ગ્રંથોનો ઉદ્ધાર કરવાની, વૈદિક ધર્મોનો પ્રચાર કરવાની, હિંદુઓમાં ધર્મની કેળવણી ફેલાવાની, તથા રાજા પ્રજા વચ્ચે ઐક્ય કરવાની બહુ જ ઉત્કંઠા હતી. પોતે વૈદિક કર્મો કર્યા વિના જળ પણ લેતા ન હતા. રાત દિવસ શાસ્ત્રશોધન અને ચિંતન ચાલુ હતું. ભોજન ભોજનને ઠેકાણે પડી રહેતું, અને નિંદ્રા પણ બિચારી પ્રતીક્ષા જ કરતી હતી. કેટલાક દિવસો એવા જતા કે, રાત્રિ વીતી જઇને પ્રભાત થઇ જતું, ત્યારે પંડિતજી પુસ્તક વંચાવવું બંધ કરતા હતા.’’

***

‘‘પિતાનાં પરલોકવાસ થયા પછી, પોતે વ્યવહારનાં કામમાં વિશેષ ભાગ લેવા લાગ્યા હતા. તેમણે શ્રીવલ્લભાચાર્યનાં સંપ્રદાયનાં આચાર્યોને સુધારવા માટે બહુ બહુ પ્રયત્નો કર્યા હતા. મોટા મંદિરનાં મહારાજ જીવનજીનું નામ આજે જે વિદ્વાનોમાં જે બોલાય છે, તથા દેવકીનંદન આજે કેળવાયેલા વૈષ્ણવોમાં માનપાત્ર થયા છે, અને તે મહારાજોને શાસ્ત્ર ને શાસ્ત્રીઓ તરફ અભિરુચિ થઇ છે, તે સર્વ પંડિતજીનાં મહાપ્રયત્નનો ફળ છે.’’ ***

પોતાનાં સંપ્રદાય પાછળ તન, મન અને ધનનો ત્યાગ કરીને સારી રીતે સેવા બજાવી છે અને વખતોવખત પરમતાવલંબિયોનાં તરફથી થયેલા હુમલાઓમાંથી સંપ્રદાયનું રક્ષણ કર્યું છે અને નવીન ગ્રંથો રચીને શુદ્ધાદ્વૈત સંપ્રદાયને પણ બીજા સંપ્રદાયોની પંક્તિમાં મૂકવાનું મોટું માન મેળવ્યું છે.***

‘‘પંડિતજીને ક્ષય હોવા છતા પોતાનાં યોગબળથી ઇશ્વરસેવામાં ને નિત્યાદિક કર્મ કરવામાં તથા લોકહિતાર્થ કામમાં કાલ ગાળતા હતા. મહાત્માઓનાં ચરિત્ર બોધક અને અનુકરણીય હોય છે કેમ કે તેઓનાં ચરિત્રનો ભાગ દૈવી કથાઓથી ભરપૂર હોય છે, જે શ્રવણ કરવાથી પાપ દૂર થાય છે, દુષ્ટવાસનામાં ભટકતું મન સ્થિર થઇ, ધર્મ ઉપર શ્રદ્ધાવાળું થાય છે.’’

‘‘એમની વિદ્વત્તાથી સરકાર પણ વાકેફ હતી. આર્યધર્મ સંબંધી કોઇ મોટો કાયદો ઘળતા પહેલા તેમની સલાહ અને વિચાર પૂછાતા હતા. પ્રો.દેવસેન, મોનિઅર વિલિયમ, પ્રો.પીટરસન, સર એડવીન અર્નલ્ડ, આદિ અંગ્રેજો, પંડિત ભગવાનલાલ ઇંદ્રજી, કલકત્તા હાઇકોર્ટનાં ચીફજસ્ટિસ અને સર રમેશચંદ્ર મિત્ર આદિ જે જે વિદ્વાનો એ એમની મુલાકાત લીધી હતી, તે સર્વ પંડિતો, પંડિતજીની અકલ્પ્ય અમોઘ શક્તિથી સાનંદાશ્ચર્યમાં મગ્ન થતા હતા.’’

દેના બેન્કવાળા દેસાઈ દેવકરણ નાનજી સ્વગુરુ ભા.મા.પંડિતશ્રીનાં સ્મરણાર્થે રૂ.૫૦૦ કોટ સંસ્કૃત પાઠશાળામાં ભરી શાળાનાં ઉત્તેજક બન્યા.

પંડિતજીનાં ગોલોકવાસ નિમિત્તે મુંબઈમાં તેમ જ ભારતવર્ષમાં ઘણી સભાઓ ભરાઈ હતી, ને શોક તથા સ્મારકફંડ માટે ઠરાવ થયા હતા. આર્યસુધર્મોદય સભાનાં પ્રમુખ ત્રિભોવનદાસ વરજીવનદાસ તથા શ્રીદ્વારકાદાસ ઓધવજીએ પંડિતજીનાં ગોલોકવાસ નિમિત્તે સભા ભરી, સ્મારક કરવા પ્રયત્ન કર્યો હતો. વળી માધવબાગમાં એક મોટી સભા ગો.શ્રીદેવકીનંદનાચાર્યજીનાં પ્રમુખપદે ભરાઈ હતી. તેમાં વૈષ્ણવો, હિંદુઓ ને જૈનોની હજારોની સંખ્યા હતી. તેમાં મુંબઈનાં જાણીતા નાગરિક ડોક્ટર ભાલચંદ્રે નીચેનો ઠરાવ સભા આગળ રજુ કર્યો હતો.

''પંડિતજીનાં મરણથી આર્યાવર્તને ન પુરાય તેવી ખોટ થઈ છે. એમને પોતાનાં વિજયવંત અલૌકિક જીવનચરિત્રમાં ઉપદેશ ચરિત્ર તથા ધર્મનીતિ, સાંસારિક અને વ્યાવહારિક વિષયોમાં આ લોકની સ્થિતિ સુધારવા અમૂલ્ય સેવાઓ બજાવી છે તથા પરમાર્થમાં સ્વાર્થ સમજી આ લોકો ઉપર અનંત ઉપકાર કર્યો છે. એવા સુપ્રસિધ્ધ મહાત્માનાં મરણથી આ સભા શોક કરે છે અને તે માટે એક સાંત્વનપત્ર એ મહાત્માનાં સંબંધીઓ ઉપર મોકલવો, એવો ઠરાવ આ સભા કરે છે.'' આ ઠરાવને શ્રી.જમીયતરામ નાનાભાઈ હરિદાસે ટેકો આપી પંડિતજીનાં જીવન ને જ્ઞાન માટે બહુ સ્તુતિ કરી; પછી વધુ ટેકો આપી મંગળદાસ જમનાદાસે આપતા ગદગદ કંઠે તેમનાં ગુણો વર્ણવ્યા હતા. ત્યારબાદ જાણીતા વિદ્વાન ડો.ભંડારકરે પંડિતજીનાં જ્ઞાનબળ, સ્મરણશક્તિ તથા બુધ્ધિબળનાં વખાણ કરી જણાવ્યું કે ''તેઓ વિદ્વાન હોવાથી કોઈનું પણ માન રાખતા''ને પછી તેમનાં સ્મારકફંડ માટે ઠરાવ મૂક્યો. તે પછી આર્યસમાજનાં મુખ્ય મંત્રી શ્રી.સેવકલાલ કરસનદાસ, વડોદરા રાજ્યનાં દીવાન બહાદુર મણીભાઈ જશભાઈ, શ્રીઅમરચંદ પરમાર, શ્રીલક્ષ્મીદાસ ખીમજી વગેરેએ પંડિતજીનાં સ્મારકફંડ અંગે વિવેચન કર્યું.

છેવટે પ્રમુખપદથી આચાર્યશ્રીએ જણાવ્યું હતું કે મરતી વખતે પૈસો કંઈ સાથે આવતો નથી. માત્ર કીર્તિ પાછળ આવશે માટે પંડિતજીની યાદગિરી રાખવાનાં કામમાં પોતાની શક્તિ મુજબ હિસ્સો આપવાની સર્વેને હું ભલામણ કરૂં છું.''

આ પછી સભામાં જ છ સાત હજાર રૂપિયા ભરાયા.

જ્યારે પંડિતજીનાં ગોલોકવાસનાં સમાચાર શ્રીનાથદ્વારા ગયા ત્યારે તિલકાયતશ્રીને ઘણું લાગી આવ્યું. તેમનું હ્રદય ગુરુચરણનાં (આપશ્રી પંડિતજીને પોતાનાં ગુરુ ગણતા) અવસાનથી વિશ્રાંતિહીન થઈ ગયું. તેમનો ગુરુચરણ પ્રત્યે અસાધારણ પ્રેમ હતો. એટલું જ નહિ, પણ આર્યવિદ્યા ને તેમાં પણ ખાસ કરીને વૈષ્ણવ સંપ્રદાયનાં તત્ત્વવિદ્યાનાં જાણકાર અને સ્વધર્મનાં સૂક્ષ્મ તત્ત્વોનાં જાણકાર, બોધક અને સ્વધર્મમાં સાચા શ્રદ્ધાળુ મહાત્મા તરીકે શ્રીલાલાજીની (શ્રીગોર્વધનલાલજી તિલકાયતની) પૂર્ણ પૂજ્ય બુધ્ધિ હતી. તેમની પાછળની વ્યવસ્થા યોગ્ય રીતે થાય તે માટે આપશ્રીએ ઠરાવ કરી, લાગણી દર્શાવી, તથા ઔર્ધ્વદૈહિક ક્રિયા સ્વધર્મ મર્યાદા પ્રમાણે થાય તે માટે પંડિતજી રવજી કાલીદાસને ભાવનગર મોકલ્યા.

પેટલાદમાં મે. દિવાન બહાદુર મણિલાલ જશભાઈનાં પ્રમુખપણા નીચે સભા ભરાઈ હતી. તથા આખા ગામે હડતાલ પાડી હતી ને જાણીતા શાંકર વિદ્વાન શ્રીહીરાલાલ વ્રજભૂષણદાસ શ્રોફ બી.એ.એફ.ટી.એસ વગેરે તરફથી એક મોટું ફંડ કરી ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલાજી ધાર્મિક પુસ્તકાલયની સ્થાપના કરી હતી. આ પુસ્તકાલયમાં શ્રીશ્રોફે પાંચ હજાર પુસ્તકો ભેટ આપ્યા હતા.

વૃન્દાવનમાં ગૌડ સંપ્રદાયનાં અનુયાયી શ્રીરાધાચરણ ગોસ્વામી વગેરેએ પંડિતજીનાં સ્મરણમાં ગાયને પાણી પીવા માટે પત્થરનો હવાડો રાસા*લન્દ પાસે બંધાવ્યો હતો.

મેઘપુરથી પંડિતજીનાં શિષ્ય શાસ્ત્રી રામકર્ણ અને શ્યામકર્ણ તરફથી ભારતમાર્તંડ નામનું માસિકપત્ર શરૂ થયું. તેવી રીતે પુસ્તક પ્રચારક મંડળી, જેનું સંચાલન પંડિતજીનાં શિષ્ય રામદાસ કાશીદાસ મોદી કરતા હતા, તેમણે ષોડશગ્રંથો, ગીતાર્થ, મહાભારત વગેરે પ્રગટ કર્યા છે, તેમણે પંડિતશ્રીનાં સ્મારકમાં શ્રીભાગવત અંતર્ગત ગજેન્દ્ર મોક્ષનું સ્તોત્ર નિત્ય પાઠ કરનારને વિના મૂલ્યે આપવા માંડ્યું હતું. વળી પંડિતજીની સંસ્થામાં શ્રીવિઠ્ઠલદાસ રાજારામ દલાલે ભારતમાર્તંડ સ્મારકમાં આર્યધર્મ પત્રિકા બહાર પાડવાની શરૂ કરી હતી. જે લગભગ દશ વર્ષ ચાલી હતી. વળી આર્યધર્મ સુધા માસિક પણ પ્રગટ કરવામાં આવ્યું હતું. તેવી રીતે વૈષ્ણવ વાર્ષિક પત્ર શાહ ગુલાબદાસ કરસનદાસ પ્રગટ કરવા લાગ્યા હતા.

આવી રીતે પંડિતજીનાં સ્મરણમાં અનેક સ્મારકો શરૂ થયા હતા.

(૪૨) પ્રશસ્તિ કાવ્યો

પંડિતજીનાં ગોલોકવાસથી ભારતવર્ષનાં ધાર્મિકજનોમાં શોકની એક ઘેરી છાયા ફેલાઇ ગઇ હતી ને તે શોકછાયા કાવ્યોરૂપે સ્ફુરી હતી. તે બધી જો એકત્ર કરી છપાવવામાં આવે તો એક દળદાર ગ્રંથ થાય, પર તેમાંથી તેમાંની થોડીક પ્રશસ્તિ નીચે આપી છે.

શાસ્ત્રીજી શંકરલાલ માહેશ્વર જામનગરનાં પ્રશ્નોરા નાગર અને ગુજરાતનાં એક શીઘ્રકવિ હતા. તેમણે પોતાની વિદ્યાશક્તિનો પરિચય કરાવી જામસાહેબની કૃપા મેળવી હતી. વળી તેઓ શાંકર વિદ્વાન હતા. પંડિતજી તેમનાં કરતા કંઇક નાના હતા, છતા શાસ્ત્રીજીનો તેમના પ્રત્યેનો આદર અદ્ભુત હતો. તેમણે પંડિતજી માટે શોકદર્શક એક સુંદર દશક લખ્યું છેઃ-

લાડ્બાઈતનૂજનુષુ ચ, ઘનશ્યામાત્મજાતેષ્વહો,
વિદ્વન્મૌક્તિમાલિકોજ્જ્વલમણિષ્વાશાંતવિખ્યાતિષુ;
શ્રીગોવર્ધનપંડિતેષુ વિધિના, નીતેષુ વિષ્ણોઃપદમ્ - ધ્રુવપદ.
હા હા હંત હતૈવ સા સુજનતા, શાસ્ત્રજ્ઞતા અદ્ભુતા (૧)
સૌજન્યામૃતસાગરેષુ કવિતા સામ્રાજ્યસિંહાસના-
ધિષ્ઠાત્ પ્રવરેષુ પંચનદિ, સદ્વંશેકમુક્તાત્મસુ, શ્રીગોવર્ધન - (૨)
શ્રીરાધાહ્રદયપ્રિયાંઘ્રિકમલદ્વંદ્વૈકમગ્નાત્મસુ,
શ્રીભારતવર્ષહર્ષદસુધામાધુર્યધુર્યોક્ત્તિષુ - શ્રીગોવર્ધન - (૩)
સદ્વિદ્યારસરિદબ્ધિષુ પ્રણયિતા, પીયૂષપાથોધરે -
ષ્વૌદાર્યાર્જવધૈર્યધામસુજગત્પ્રખ્યાતસત્કીર્તિષુ, શ્રીગોવર્ધન - (૪)
નિઃસ્તમાનુપમાગમામૃમહા કૂપારપારંગમ,
પ્રજ્ઞેષ્વાર્યવિભૂષણેષુ સહજપ્રજ્ઞાપ્રસારેષ્વહો. શ્રીગોવર્ધન - (૫)
શાસ્ત્રજ્ઞત્વમનન્યતુલ્યમગલત્તસા હતા વક્તૃતા,
શક્તિઃ કાપિ મૃતૈવ સા સુકવિતા શક્તિશ્ચનૈસર્ગિકી;
તૈ તેઽન્યેપિ ચ સદ્ગુણાશ્ચ, સહજાઃ સૌહાર્દમુખ્યા હતાઃ
શ્રીગોવર્ધન પંડિતેષુ વિધિના નીતેષુ વિષ્ણોઃ પદમ્. (૬)
તેષ્વદ્યાશુકવીશ્વરેષુ કમલાપ્રાણપ્રિયપ્રેમતઃ,
સંપ્રાપ્તેષુ રમાહ્રદીશસદનં ગોવર્ધનાખ્યેષ્વહો
શુષ્કાઃ સત્કથિતામૃતાચ્છસરિતઃ સંતપ્તતાપાપહા
વિદ્વાન્માનસવંશહંસસુખદા, સચ્છબ્દરત્નોજ્જ્વલા. શ્રીગોવર્ધન. (૮)
ન ત્વં માનવાત્નચાર્યકરણખ્યાતેન તેન ધ્રુવમ્
કાલેનાતિબલેન ભારતમહારત્ને બલાચ્ચોરિતે
ગોવર્ધનપંડિતે કિલ ખિલા જાતાઽખિલા સાંપ્રતં
શ્રીમદ્ભારતભૂતિભૂષણ મયં શાસ્ત્રજ્ઞરત્નાવલિઃ. - (૯)
હા નિષ્કલં વિલપનં પ્રવિલાપ કોટ્યાઽપ્યેષાં તુ દુર્લભતરં મિલનં પુનર્નઃ।
આશાસ્મહે તદિહ કેવલમેતદેવ શ્રીચંદ્રચૂડમભિનમ્ય સહસ્રવારમ્
પિત્રોર્ગુરોશ્ચપરમેશિતુરિંદિરાયાઃ પાદામ્બુજેષ્વમલયાઽચલયા ચ ભક્ત્યા
આજન્મનો રચિતયા પરિતુષ્ટ ઈશસ્તેભ્યઃ પ્રયચ્છતુતરાં વર મોક્ષલક્ષ્મીમ્ ।। (૧૦)

(૨) શુદ્ધાદ્વૈત તત્ત્વજ્ઞાનનાં એક સમર્થ વિવેચક શાસ્ત્રીજી છગનલાલ અમરજીનાં ઉદ્ગારો નીચે મુજબ છે.

માર્તંડેતિશતાવધાનવિધિના, ખ્યાતિં ગતા ભારતે

શીઘ્રં કાવ્યવિધાનતશ્ચ સતતં શાસ્ત્રીયસંપત્તિતઃ
ભટ્ટાચાર્યપદજુષઃ શ્રુતિશિરસ્ત્વગ્રેસરાઃ સંસદિ
વ્યાખ્યાનેષુ વિદાંવિનોદજનકા હ્યાસન્મહાપંડિતાઃ (૧)
તૈર્હા! પંચનદીત્યુપાહ્વયયુતૈર્ગોવર્ધનાખ્યૈરહો
સ્વર્ગવાસપ્રિયતા કૃતા કિમધુના દૈવાદુપાલંભનૈ-
ર્મગ્નાભૃત્કવિતા લતા સુજનતા શાન્તિગતા સામ્પ્રતમ્
શાસ્ત્રાર્થપ્રિયતા ગતા સ્મૃતિરપિ પ્રામાણ્યમેવાશ્રયાત્ (૨)

શતાવધાનનાં વિધિવડે શીઘ્ર કાવ્યો કરવાની અને હંમેશા શાસ્ત્ર સંબંધી સંપત્તિથી જેઓ ભારતભૂમિમાં માર્તંડ એવી પ્રસિદ્ધિને પામેલ હતા. વેદાંતભટ્ટાચાર્યનાં પદને ધારણ કરનારા હતા ને સભામાં આગળ પડીને વ્યાખ્યાનો આપતા હતા, ને વિદ્વાનોમાં વિનોદ ઉત્પન્ન કરનાર હતા, જેઓ મહાપંડિત હતા, ને પંચનદી ઉપનામવાળા ગોવર્ધન નામનાં પંડિતે પોતે જ અરે સ્વર્ગવાસ પ્રિય કર્યો ત્યારે હવે દૈવ વગેરેને ઠપકો આપવા આદિ ઉપચાર કરવાથી શું થાય તેમ છે! કવિતારૂપ લતા કરમાઇ ગઇ છે, સુજનતા શાંત થઇ ગઇ છે, હવે શાસ્ત્રોમાં પ્રિયપણું જતું રહ્યું છે, સ્મૃતિ પણ પ્રમાણ કોટિનો આશ્રય કરીને રહી છે. (અહીં સ્મૃતિ શબ્દનાં અર્થ અઢાર સ્મૃતિ ને સ્મરણ શક્તિ છે. તેમાંથી સ્મૃતિ શક્તિ પંડિતજી સાથે ગઇ, એટલે શ્રુતિ સ્મૃતિ ને પુરાણ વગેરે જે પ્રમાણો મનાય છે, તે પ્રમાણતાનો જ આશ્રય સ્મૃતિએ કરેલો છે અર્થાત્ સ્મરણશક્તિ જતી રહી છે.)

(૩) તેવી રીતે આગાશે ગણેશ શર્મા જેઓ ધૂલ્યા નામના ગામમાં અંગ્રેજી શાળાનાં મુખ્યાચાર્ય હતા, તેમણે શ્રીપંડિત ગટ્ટુલાલપ્રશસ્તિ નામે ૨૫ શ્લોક વિરહનાં લખ્યા છે. શ્રીઆગાશેને પંડિતજીનો પરિચય પુનામાં થયો હતો. પંડિતજી પુના પધાર્યા ત્યારે શ્રીઆગાશે ડેક્કન કોલેજમાં અભ્યાસ કરતા હતા. તે વખતે કોલેજમાં એક નાટકમાં મૈત્રેયનો પાત્ર ભજવ્યો હતો. ત્યારથી પંડિતજી તેમને ભવાન્ મૈત્રેય એમ કહેતા.

આ શ્લોકો **કવિ શિવાનંદ કૃત પં.ગટ્ટુલાલ જીવન સ્મરણ અને સંપ્રદાય સ્વરૂપ** નામનાં ગ્રંથમાં છાપ્યા છે. તે શ્લોકોમાં પંડિતજીની વિવિધ શક્તિઓનો સારો પરિચય આપ્યો છે. તેવી રીતે કવિ કાવ્ય રત્નાકર શ્રીબળભદ્રભટ્ટ શર્મા જેઓ મથુરાનાં હતા, ને પુષ્ટિમાર્ગનાં ધુરંધર પંડિત હતા તેમણે તથા તેવા જ બીજા ધુરંધર પંડિત રમાનાથ ભટ્ટ એમણે પણ પંડિતજીની પ્રશસ્તિનાં શ્લોકો લખ્યા છે. વળી પંડિતજીનાં શિષ્યો શીઘ્રકવિ નંદકિશોર શાસ્ત્રી તથા વૈદ્યશાસ્ત્રી માધવજી ગોપાલજીએ પણ પ્રશંસાનાં શ્લોકો કર્યા છે.

જેમ સંસ્કૃત ભાષામાં પંડિતજી માટે પ્રશસ્તિકાવ્યો અને વિદ્વાનોએ લખ્યા છે, તેમ ગુજરાતી સાહિત્યમાં પણ પંડિજીનાં ગોલોકવાસનાં અનેક કાવ્યો લખાયા છે. શ્રી.એમ.પી.ગાંધીએ હરિગીત છંદમાં એક મોટું કાવ્ય લખ્યું છે.

વેદાન્ત ભટ્ટાચાર્ય શીઘ્ર કવિ હતા સૃષ્ટિ મહીં,
વિદ્વાન લોકોની દ્રષ્ટિમાંય જોડું જ જેનું જડે નહિ,
સ્વર્ગવાસ થયા થકી તો આર્યસ્તંભ તૂટી પડ્યો,
પંડિત ગટ્ટુલાલાજી સ્વર્ગે સદા સુખમાં રહો.

(૨) શબ્દાર્થસિંધુનાં કર્તા શ્રી.વિઠ્ઠલદાસ રાજારામ દલાલ, જે પંડિતજીનાં પ્રિયશિષ્ય હતા, તેમણે વિરહપચ્ચીસી દોહરામાં રચી છે. જે જીવન સ્મરણમાં છપાઇ છે, તે પૈકી થોડી કડીઓ નીચે મુજબ છે.

ભૂ ભારત માર્તંડનો, થયો અસ્ત તો આજ
પંડિત ગટ્ટુલાલાજી, ગયા ગુરુ મહારાજ (૧)

***

સૌરાષ્ટ્રે તો ઓધર્યા, સૌરાષ્ટ્રે સન્માન
પામી સૌરાષ્ટ્રે થયા, આપ જ અંતર્ધ્યાન. (૧૬)

***

માર્ગશીર્ષ શુભ માસ જે, શ્રીહરિ તણી વિભૂતિ
અગિયારસ પણ મોક્ષદા, પામ્યા સંધ્યાપૂર્ત (૧૮)

(૩) શ્રી.ગોવર્ધનદાસ લક્ષ્મીદાસ ભાટિયા એક સારા ધર્મપ્રેમી લેખક ને પુસ્તક પ્રકાશક હતા. તેમણે પંડિતજીનાં ગોલોકવાસ નિમિત્તે સવૈયા લખ્યા છે.

વેદપુરાણ ન્યાય વ્યાકરણે જોતિષ કવિતામાં નહીં મણા,
એકદેશી વિદ્યામાં દિસે હમણા દાંભિક પંડિત ઘણા.
વિનય ઉદારપણાની સીમા સમદ્રષ્ટિ એવો નહીં કોય
ઉત્તમ મધ્યમ કનિષ્ઠ સરખું માનપાન પામે સૌકોય,
અતિથિને પાછા નવ વાળે, જનકલ્યાણ સદા ચાહનાર,
સારે રસ્તે કોણ ચલાવે, અને વિચાર કર્યો કિરતાર;
આ શું ભૂલ કરી જગદીશે, એ સમાન એકે નહી દાસ
બોલાવી નિજ પાસે પાળિયો, જગમાં સૌને કરી ઉદાસ.

(૪) પંડિતજીની પ્રશંસાનાં કાવ્યો જૂનાગઢમાં માનપત્ર વખતે ગવાએલા તેમાંની કડીઓ :-

રાગ :- કલ્યાણ તાલ -ત્રિતાલ

ધર્મધુરંધરધીર વિબુધવર, પરમ પુનીત સુનીતિપ્રવીણ,
જગદુદ્ધારક ભીતિનિવારક, ભગસાગરતારક જનદીન
વેદશાસ્ત્રસંપન્ન શીઘ્રકવિ, શતાવધાની શુભગુણવંત
શ્રીયુત્ ગટ્ટુલાલાજી ગુણનિધિ જય જય જય ભારતમાર્તંડ.

(૫) વસંતતિલકા :-

નાના પ્રકાર નરરત્ન પરંપરાથી, આ જીર્ણદુર્ણ ધરણી બહુ માન પામી;
તેને પ્રસિદ્ધ જગમાં ફરી આજકાલે, વાગદેવતા વપુ ધરી કરી ગટ્ટુલાલે
એણે પરોપકૃતિ પૂરિત શુદ્ધ ધર્મે, સંતોષતા જગત જેમ સુબોધ કર્મે
આ જીર્ણ દુર્ગ જન મંડળને સ્વભાવે, સદ્બોધ દાનથી કૃતાર્થ કર્યું સ્વભાવે.

રાગ લલિત

(૭) ગુણનિધિ ગુરુ ગટ્ટુલાલાજી, પ્રભુપદે ગયા પૂર્ણ પ્યારથી,
ભરતખંડનાં મંદ ભાગ્યનો, અરર અસ્ત થ્યો સૂર્ય હિંદનો (૧)

***

અખૂટ શાસ્ત્રનો કોશ લૂટિયો, ધરમનો ખરો સ્તંભ તૂટિયો
સરસ કાવ્યશૃંગાર નષ્ટ થ્યો, અરર અસ્ત થ્યો સૂર્ય હિંદનો.
સુનીતિ સત્ત્વનું તત્ત્વ તો ગયું શિશુ મમત્વ તો અસ્તવ્યસ્ત થ્યું,
કદરદાન વિદ્વાન ક્યાં ગયો, અરર અસ્ત થ્યો સૂર્ય હિંદનો.

***

સતત ભક્તિની શક્તિ નષ્ટ થઇ, અતિ ચમત્કૃતિ યુક્તિની ગઇ
રસનિધિ વિધિ શુષ્ક શું કર્યા, અરર અસ્ત થ્યો સૂર્ય હિંદનો.

આમ સંસ્કૃત ને ગુજરાતી ભાષામાં પંડિતજી વિષેનો પ્રેમ વ્યક્ત થયો હતો. તેવી રીતે હિંદી ભાષામાં તે તે પ્રદેશનાં વિદ્વાનો અને ધાર્મિક જનોએ અંજલી આપી હતી. આ વિષે સદુપદેશમાર્તંડનાં ઉપોદ્ઘાતનાં આઠમા પાનામાં જણાવ્યું છે કેઃ

‘‘અને પંડિતશ્રીનાં પરગોકગમનથી અખિલ ભારતવર્ષને થયેલી શાશ્વત હાનિ માટે ખેદોદ્ગાર પ્રસંગે કાવ્ય અને લેખોદ્વારા ભારતવર્ષનાં અનેક વિદ્વાનોએ પોતાની લાગણી પ્રદર્શિત કરી છે.’’ પણ કમભાગ્યે તે બધાનો સંગ્રહ ન કોઈ વૈષ્ણવે કે તેમનાં શિષ્ય કે સાહિત્યપ્રેમીએ કર્યો. જો તે સંગ્રહ થયો હતો તો આપણને તે બાબતનાં બધા મોટા માણસોનાં પંડિતજી વિષેનાં આદરભાવની સ્પષ્ટ સમજ પડત.

(૪૨) સાહિત્ય સેવા

‘‘દયાનંદ સરસ્વતી, શાસ્ત્રી શંકરલાલ, ગટ્ટુલાલજી એ આપણા સંસ્કૃતાચાર્યો નવશિક્ષણનાં ફલ ન્હોતા. વેલી વેત્રી ફુલડા ખરતા, મહામહોપાધ્યાયની લેખનીમાંથી સંસ્કૃતનાં સરોવર નિર્ઝરતા ને પુણ્ય સરોવરો સમાં એ પાવનકારી હતા.’’ પા. ૮૭ ગુરુદક્ષિણા - કવિ શ્રીન્હાનાલાલ.

પંડિતજીનું સામાન્ય જીવન આપણે જોઈ ગયા. તે ઉપરથી સ્પષ્ટ માલૂમ પડે છે કે તેમનાં જીવનમાં ધર્મ અને સાહિત્ય વાણા તાણા રૂપે ગુંથાએલું હતું. લગભગ ૧૧ વર્ષની વયે તેમનામાં પ્રકટરૂપે સાહિત્ય ને કાવ્યની ચમત્કૃતિ જન્મી હતી. તે અદ્ભુત શક્તિવાળી ચમત્કૃતિથી ઉત્પન્ન થયેલું સાહિત્ય તે કાળનાં હજારો સાહિત્યરસિકો ને ધર્મપ્રેમીઓની પ્રેરણારૂપ બન્યું હતું. તેમનામાં સાહિત્ય ભણવાનો તથા લખવાનો કેવો રસ હતો તથા તેનાં ઘડતરમાં મહત્ત્વનો ફાળો કેવી રીતે ભજવાયો હતો તે બીના જાણવા જેવી છે. સામાન્ય રીતે પંડિતજીએ પોતાનાં પિતાજી પાસે સદ્વિદ્યા પ્રાપ્ત કરી હતી. તેઓ પોતે જણાવે છે કે :-

શારીરનયનરાહિત્યં નાડભૃદૈન્યસ્ય સાધનં કિલ મે
યદ્યથા શાસ્ત્રદ્રશો નિજજનકં તં ભજે ઘનશ્યામમ્ ।। (સત્સિદ્ધાંતમાર્તણ્ડ પા.૪૪૬)

અર્થ - મારું શરીર નયનથી રહિત હોવાથી, આંખથી થતા કોઈપણ કાર્ય માટે હું યોગ્ય ન હતો, તથાપિ જેમની કૃપાથી મને શાસ્ત્રરૂપી નેત્ર મળ્યા, તે મારા પિતા ઘનશ્યામ ભટ્ટજીને હું ભજું છું.

આમ પિતજી પાસેથી તેમણે વિદ્યા પ્રાપ્ત કરી. તે એવી રીતે કે આસોમાસની નવરાત્રમાં કોઈપણ નવો ગ્રંથ કે વિષય તેઓ દરવર્ષે લેતા ને પિતાજી પાસે સાંગોપાંગ શીખતા. સામાન્ય રીતે સનાતની વિચારનાં વિદ્યાનાં ઉપાસકો તથા વિદ્યાર્થીઓ આસો સુદ ૬ કે તે પછીની મિતિથી વિદ્યાની અધિષ્ઠાત્રી શારદા દેવીનું પૂજન કરે છે. મૂળ નક્ષત્રમાં સરસ્વતી દેવીની (ગ્રંથની) સ્થાપના કરવામાં આવે છે. પૂર્વાષાઢમાં તેનું પૂજન કરવામાં આવે છે ને ઉત્તરાષાઢમાં તેનું બલિદાન દેવાય છે ને શ્રવણ નક્ષત્રમાં તેનું વિસર્જન કરાય છે. વળી કેટલાક વિદ્વાનો આ પૂજનવિધિમાં પડતા કોઈપણ નવા ગ્રંથનો આરંભ આ સમયમાં ભણવા માટે કરે છે. પંડિતજી સરસ્વતી વિસર્જન કર્યા બાદ દરવર્ષે નવો ગ્રંથ શીખવાનો આરંભ કરતા હતા ને તે પોતાનાં પિતાશ્રી ઘનશ્યામ ભટ્ટ પાસેથી શીખતા. શરૂઆતમાં કેટલાક વર્ષો તેઓ ભણ્યા તે સમજી શકાય છે પણ પંડિતજી ભારતવર્ષમાં સુપ્રસિદ્ધ પંડિત ને ધર્મની જિજ્ઞાસાવાળા હજારો માનવોનાં સદ્ગુરુ થયા છતા પોતાના પિતાજી વિદ્યમાન હતા ત્યાં સુધી (સં.૧૯૪૨ સુધી) દરેક દશેરાનાં દિવસ સુધી તેઓ ગુરુમુખે નવો ગ્રંથ ભણવાનો આરંભ કરતા હતા.

પંડિતજીનાં સાહિત્ય લેખનની શરૂઆત રુક્મિણી ચંપૂ નામના સંસ્કૃત કાવ્યથી થઈ. તે કાવ્ય તેમણે પોતાનાં એક સહાધ્યાયી પાસે લખાવ્યું. તે ગ્રંથમાં રુક્મિણીવહુજીનાં વિવાહની કથાનું ગદ્ય ને પદ્યમાં સરસ વર્ણન કરેલું છે. તેમાં તેમણે જુદાજુદા વૃત્તો તથા અલંકાર યોજ્યા હતા. આ કાવ્ય તેમણે પિતાજીને સંભળાવ્યું. તે સાંભળી તેમનાં પિતાજી હૃદયમાં ખુશ થયા ને પુત્રની સર્વોત્કૃષ્ટ કવિત્વ શક્તિની આછી ઝાંખી તેમણે આ ગ્રંથમાં કરી. પણ તે જ વખતે તેમને વિચાર આવ્યો કે જો આ કાવ્યની પ્રશંસા હું તેનાં મુખ પર કરીશ તો એને નવા નવા કાવ્યગ્રંથ રચવાનો નાદ લાગશે ને વેદાન્તનો અભ્યાસ છોડી દેશે. આથી તેમણે તે કાવ્યમાં કેટલાક દોષ બતાવીને કહ્યું કે,‘‘ કવિતા કરવી એ કંઈ વિદ્વાનનું ભૂષણ નથી, જ્યારે વેદાન્તમાં પરિશ્રમ કરે અને સિદ્ધાંતો સમજી સમજાવી શકે ત્યારે જ તે ખરો પંડિત કહેવાય. માટે આ કાવ્યમાં તે વખત ગુમાવ્યો તેને બદલે વેદાન્તનો કોઈ લેખ લખ્યો હતો તો વધારે ઉપયોગી થાત.’’ આવા પિતાનાં માર્મિક વચનો સાંભળતા પંડિતજીને રીસ

ચઢી અને તેનાં આવેશમાં તેમણે પોતાના સહાધ્યાયી પાસે એ ચંપૂનાં લખાણનાં બધા કાગળો માગી અને તે નીચે જઈ કૂવામાં ફેંકી દીધા. આ વાતની એમનાં પિતાને ખબર પડતા તેમણે તે માટે સહજ મધુર વચનથી ઠપકો આપતા કહ્યું હતું કે મેં એ ગ્રંથ નષ્ટ કરવા કહ્યું ન હતું, પણ તારા માટે કહ્યું હતું. ખરૂ પૂછે તો એ કાવ્ય પણ સરસ હતું. હશે જે થયું તે ખરું. એમાંનાં જે શ્લોકો તને સાંભરતા હોય તે લખાવી રાખજે. અને તે લખવા માટે એક વિદ્યાર્થીને એમનાં પિતાએ ભલામણ કરી. આથી પંડિતજીને ઘણો આનંદ થયો ને તે સંપૂર્ણ ચંપૂ પોતે પોતાની સ્મરણશક્તિનાં પ્રભાવે પેલા વિદ્યાર્થી પાસે લખાવી દીધો. આ ઉપરથી તેમનાં પિતાને ખાત્રી થઈ કે આ પુત્રની સ્મરણશક્તિ સારી છે એટલું જ નહિ પણ એ તો 'શતાવધાની' દેખાય છે. પછી તેમણે તેને અવધાનનો અભ્યાસ કરાવવા માંડ્યો. તેમાં તો તેઓની સ્મરણશક્તિ એવી તો કેળવાઈ કે એ પંડિતને શતાવધાની તો શું પણ સહસ્ત્રાવધાની કહીએ તો પણ તેમાં અતિશયોક્તિ નથી, એમ આખા આર્યવર્તમાં જાણીતું થયું. આ રુક્મિણી ચંપૂ કાવ્ય સંસ્કૃતમાં છે. તે સં.૧૯૧૩માં તેમની ૧૩ વર્ષની ઉંમરમાં તેમણે લખ્યું હતું.

પંડિતજીની સાહિત્ય રચના સંસ્કૃત ને ગુજરાતી ભાષામાં છે. સંસ્કૃત ને ગુજરાતીમાં તેમણે રચેલા ગ્રંથોની યાદી નીચે મુજબ છેઃ-

અ. સંસ્કૃત ગ્રંથો

(૧) યમુના લહરી
(૨) રુક્મિણી ચંપૂ
(૩) વેદાન્ત ચિન્તામણિ
(૪) સત્સિદ્ધાંતમાર્તણ્ડ
(૫) મારુત્શક્તિપ્રબંધ
(૬)કઠોપનિષદ્વ્યાખ્યા
(૭) કૃષ્ણાભિવસાર કાવ્ય
(૮) વલ્લભસ્તુતિ રત્નાવલી ટીકા
(૯)ઘટખર્પર કાવ્ય ટીકા
(૧૦) કંસ વધ
(૧૧) બાલમુકુંદ સ્તોત્ર
(૧૨) નિબંધ ઉપર સત્સ્નેહભાજન ટીકા
(૧૩) વિષ્ણુ સહસ્ત્ર ભાષ્ય
(૧૪) બ્રહ્મવલ્લીભાષ્ય
(૧૫) શાંડિલ્ય વિદ્યાભાષ્ય
(૧૬) જીવસ્વરૂપ નિરૂપણમ્
(૧૭) મહાવાક્ય નિર્ણય ટીકા
(૧૮) મહાવાક્યાર્થ નિરૂપણ ટીકા
(૧૯) શુદ્ધાદ્વૈત ચંદ્રોદય
(૨૦) ચંડીસપ્તશતીભાષ્ય
(૨૧) ગાયત્ર્યર્થ
(૨૨) વામનજયંતી
(૨૩) અણુભાષ્ય ટિપ્પણમ્
(૨૪) કૃદન્ત વ્યૂહ

બ. ગુજરાતી ગ્રંથો

(૧) શ્રીવલ્લભાખ્યાન ઉપર ટિપ્પણ
(૨) ભ્રૂકુંડ ચરિત્ર
(૩) સુમનોવિનોદ
(૪) કામંદકીય નીતિસાર
(૫) અપ્પય દીક્ષિતકૃત વૈરાગ્યશતક
(૬) કચ્છ મહોદય
(૭) નીતિદર્શન
(૮) દશાવતારસ્તોત્ર
(૯) હૃદયદૂતસાર
(૧૦) ગીતાજી સમશ્લોકી
(૧૧) રસિકવલ્લભનું પ્રકાશન
(૧૨) બૃહદ્ કથાસારલંબક પહેલો
(૧૫) વૈષ્ણવધર્મ કર્મ-પંડિતજી તથા દેવકીનંદનજીનો ધર્મબોધ
(૧૬) ધર્મબોધ (ઈશ્વરસિદ્ધિ, ધર્મનું સ્વરૂપ, પાપનું સ્વરૂપ, કથા ભજન ને કીર્તન ભક્તિ કોણે કરવી?, ભક્તિ મહિમ વિષેઃ ૬ વિષય)
(૧૭) સદુપદેશમાર્તંડ ભાગ.૧લામાં વર્ણાશ્રમધર્મ વ્યવસ્થાને ભાગ.૨ માં જગતનું સ્વરૂપ, વિદ્યા કલ્પલતા ઋતુ વર્ણન)
(૧૮) ઈશ્વર સિદ્ધિ
(૧૯) ચાણક્યની ચતુરાઈ
(૨૦) સુભાષિત લહરી
(૨૧) દશમ ચરિત્ર કવિ રત્નેશ્વરા

(૧૩) પ્રહ્લાદાખ્યાન ભાણદાસ કૃત
(૧૪) આર્ય સમુદય માસિક-વાર્ષિક (૧૯૩૨-૩૩)
(૧૯૪૪-૪૬)
(૨૨) અણુભાષ્યનું ભાષાંતર

ઉપર લખ્યા તે ઉપરાંત પંડિતજીનાં ગુજરાતી, સંસ્કૃત વ્યાખ્યાનો સેંકડો થયા હશે. આ ગ્રંથોનો પરિચય આપતા પહેલા પંડિતજી સાથે અસહિષ્ણુ જનો તરફથી શાસ્ત્રીય વાદો થતા, તથા તેમને ઉતારી પાડવા માટે પ્રયત્ન થતા તેનો એક રમૂજી પ્રસંગ નીચે વર્ણવ્યો છે, જેથી વાચકોને ખ્યાલ આવે કે પંડિતજીનું જીવન બેધારી તલવાર જેવું હતું. ઘડીની નવરાશ નહિ ને પૈની પેદાશ નહિ. ઉત્તર દેવામાં જરાક ક્ષતિ હોય તો કાગનો વાઘ થતા પણ વાર ન લાગે ને બરાબર ઉત્તર અપાય તો કહે, ‘ભાઈ, વિદ્વાન પંડિત છે, તે ઉત્તર આપે ને! એમાં શી નવાઈ! સં.૧૯૪૪ તા.૧૦-૨-૮૮ પંડિતજી જોધપુર ત્યાંના આમંત્રણથી પધાર્યા. ત્યાં ‘‘સર્વધર્માન્ પરિત્યજ્ય’ એ શ્લોક ઉપર વ્યાખ્યાન આપવા માટે કેટલાક ભાઈઓએ માંગણી કરી. પંડિતજીએ શ્લોક ઉપર વ્યાખ્યાન આપતા કહ્યું કે તેની વ્યાખ્યા પાંચ પ્રકારે થઈ શકે છે, અને વિસ્તારથી સમજાવતા બહુ સમય લેશે માટે હું ટૂંકમાં તે કહું છું. આ શ્લોક સમજાવતા ત્રીજી વ્યાખ્યા સમજાવવાની શરૂઆત થઈ એટલે પંડિત શ્રીરામે શુદ્ધાદ્વૈત શબ્દનો અર્થ શું? એવો પ્રશ્ન પૂછ્યો ત્યારે સભામાંના એક સદ્‌ગૃહસ્થ અનંતરાયજીએ કહ્યું કે આવો પ્રશ્ન વ્યાખ્યાન પછી પૂછવો ઘટે! આથી પંડિતજીએ વ્યાખ્યા જલ્દી પૂરી કરી ઉત્તર આપ્યો કે શુદ્ધ એવું અદ્વૈત કર્મધારય સમાસ છે.

શ્રીરામ - અદ્વૈતમાં શુદ્ધ પદ દેવાનું શું કારણ છે, અને તેથી કોની વ્યાવૃત્તિ થાય છે!

પંડિતજી - માયાસંબંધ રહિતને શુદ્ધ માન્યું છે, અને માયા સંબંધ યુક્તને અશુદ્ધ માન્યું છે. માયાવાદીનાં મનમાં જે અદ્વૈત છે તે બની શકતું નથી. તેની વ્યાવૃત્તિને વાસ્તે શુદ્ધ પદ છે.

શ્રીરામ - શુદ્ધ પદનું વ્યાવર્ત્ય કોઈ તમારા મતમાં પ્રસિદ્ધ છે!

પંડિતજી - વ્યાવર્ત્ય પોતાનાં મતમાં પ્રસિદ્ધ જ હોય એવો નિયમ નથી. જુઓ શબ્દગુણપ્રકાશમાં એમ કહ્યું છે. તર્કશાસ્ત્રમાં શબ્દ એ ગુણ છે. પરંતુ ભટ્ટાદિક શબ્દને દ્રવ્ય પણ માને છે. એ પરમતની વ્યાવૃત્તિ કરવા માટે ગુણ પદ છે, ‘સત્પદાર્થાઃ પરભિમત શક્તિસાદ્રશ્યાદિક’ ની વ્યાવૃત્તિને વાસ્તે સપ્ત પદ છે. (ઈત્યાદિક ઉદાહરણો કહ્યા). પ્રતિબિંબાદિ વાદમાં અને ઉપાધિનો સ્વીકાર કરવામાં મૂલ વેદમાં સ્પષ્ટ વાક્ય નથી મળતા, અને અમારા મતમાં તો ઈશ્વરથી સર્વનો આવિર્ભાવ અને તિરોભાવ છે. માટે શુદ્ધાદ્વૈત કહેવું ઘટિત છે.

શ્રીરામ - શુદ્ધાદ્વૈત પદ ક્યાંય વેદમાં કહેલું છે?

પંડિત - હા વેદમાં છે. શુદ્ધમઅદ્વયમ્.

આમ શ્રીરામ પંડિતજી જોડે ચર્ચામાં ન ફાવ્યા એટલે તે વિષય પડતો મૂકવામાં આવ્યો. પછી સભાએ સમસ્યા પૂછવા માંડી. બે એક સમસ્યા પૂરી થઈ એટલે શ્રીરામે ‘‘બભૌ મયૂરોલવશેષસિંહઃ’ આ સમસ્યા પૂછી ને તેમાં કહ્યું કે, અક્ષરનો ક્રમ ક થી તે ફ સુધી આવવો જોઈએ.

પંડિતજી - આ સમસ્યા અસંભવ છે, કારણ વ્યંજન ૩૩ છે, ને આ પદ્યનાં ચરણમાં ૧૧ અક્ષર આવે છે. તો એક ચરણ વાસ્તે ૧૧ અક્ષર ઘટશે, તે ક્યાંથી આવશે? પહેલાં પણ આ સમસ્યા શંકરાચાર્યજીને પૂછવામાં આવી હતી, ત્યારે તેમણે કહી દીધું કે આ પ્રશ્ન જ થઈ શકતો નથી અને આ જ કારણ દર્શાવ્યું હતું. વળી તે સિવાય વ્યાકરણનો દોષ આવે છે તે તમારા ધ્યાનમાં છે?

શ્રીરામ મૌન ધરીને ગુપચુપ બેસી રહ્યા હતા.

પંડિતજી - સપ્તમાક્ષર છકારથી પહેલા છઠા અક્ષરને છે ચ એ પાણિનીય સૂત્રથી તુગાગમ થઈ દ્વિત્વ થાય છે. તેનો કોઈ રીતે બચાવ થઈ શકતો નથી અને છઠ્ઠા અક્ષરને ગુરુત્વ આવે છે તેથી છંદોભંગ થાય છે.

શ્રીરામ - એ દોષ છો પડ્યો. એ દોષ અમે માનતા નથી. આપ સમસ્યા પૂરી કરો.

પંડિતજી - ચતુર્થ ચરણમાં તો ૩૩ અક્ષરમાંથી કોઈને કોઈ અક્ષર રાખવો પડશે.

શ્રીરામ - હ થી બ સુધી ઉલટા અક્ષરો લાવો.

પંડિતજી - આ પ્રશ્ન અસંભાવ્ય છે. પરંતુ હું કહું છું તે સાંભળો.

હાસૈષશંવાલિરિવામભાબા કઃખાગઘાઙ્ચ્ચછજોઝ્ઝઆટ ।
ઠોડંઢળોતથદધૈનપુઃફ બમૌમયુરોલવશેષસિંહઃ ।।

આ સમસ્યા સાંભળી, આખી સભા ખુશ થઈ ગઈ. તે જોઈ શ્રીરામે કહ્યું તેમાં શું છે?

પંડિતજી - ઠીક. આમાં કંઈ નથી તો આનો અર્થ આપ કરો. મેં તો બનાવેલ છે અને અર્થ તમારે શિર છે.

પંડિતજીએ આ શ્લોકનો અર્થ માંગ્યો એટલે શ્રીરામ ઉઠીને પલાયન કરી ગયા.

તા.૧૭-૨-૮૮નાં દિવસે શ્રીરામનો વ્યાકરણ માટે શાસ્ત્રાર્થ થયો તેમાં તે ન ફાવ્યા એટલે ઉઠી ચાલ્યા ગયા. (પંડિતજી એ અહીં ધર્મ ઉપર વ્યાખ્યાન તથા અવધાનનાં પ્રયોગ કરી બતાવ્યા હતા.)

તેવી રીતે બીજા એક ભાઈએ નીચેનાં શ્લોક્નાં અર્થ પંડિતજીને વર્તમાનપત્રો દ્વારા પૂછ્યા હતા.

લાલ લાલો લલી લાલં તત તાત તતિતને
મમા મમા મમ મુમા નના નેનો નનાનન (૧)
કાકં કિ કકં કૌકઃ કેકા કોક કકેકિક
કક કાકુ કકો કૈકઃ કકુઃ કૌકાં કકાં કકં. (૨)

(અ) અહીં પંડિતજીનાં સંસ્કૃત ગ્રંથોનો સામાન્ય પરિચય આપવામાં આવે છે. તેમનાં ગ્રંથો, કાવ્યો, વ્યાખ્યાનો વિષે સ્વતંત્ર રીતે ચર્ચા કરતા એક મોટો ગ્રંથ થઈ જાય અને એવી ચર્ચા ભવિષ્યમાં કોઈ વિદ્વાન કરશે એવી આશાએ અમે તો ટૂંકામાં તે સાહિત્યનું દિગ્દર્શન કરીશું.

(૧) યમુના લહરી ગ્રંથ - તેમણે આ ગ્રંથ ૧૧ વર્ષની વયે સંસ્કૃતમાં લખ્યો હતો. તેનો છંદ શિખરિણી છે ને તેમાં ૫૨ શ્લોક છે. આ કાવ્ય ગ્રંથ મેં જોયો નથી પણ જુનાગઢથી વિદ્યાવિલાસ સભા તરફથી પ્રગટ થયેલ સદુપદેશમાર્તંડમાં, 'તે કાવ્ય સારા અનુપ્રાસ સાથે ચમત્કૃતિવાળું છે. તેની અનુપમ શક્તિનાં પ્રસાદનો સ્વાદ લેવા જે મનુષ્યો ભાગ્યશાળી થયા છે, તેમને સુવિદિત જ છે.' એમ જણાવ્યું છે. તેથી તે છપાયેલ હશે.

(૨)રુક્મિણી ચંપૂ - આ ગ્રંથ પંડિતજીએ ૧૩ વર્ષની વયે બનાવ્યો હતો. આ ગદ્યપદ્યાત્મક સરસ કાવ્ય છે, જેની રચના અતિ પ્રૌઢ ને ચમત્કારોથી ભરપૂર છે. તેનો મંગલાચરણનો શ્લોક જે વક્રોક્તિમાં લખાએલો છે તે, આ ગ્રંથનાં ૧૮માં પાને છપાએલો છે. ૧૩ વર્ષની સામાન્ય અવસ્થામાં આવી જાતનો ગ્રંથ નિર્માણ કરવો, ને તે પણ અપૂર્વ ચમત્કાર સાથે દ્વિઅર્થી કાવ્ય, તે પંડિતજીની અલૌકિક દિવ્ય શક્તિનો જ પ્રભાવ હતો. આ ગ્રંથ મેં છપાએલો જોયો નથી પણ આર્યધર્મપત્રિકા વર્ષ ૩ અંક ૧૨મો પા.૧૪૭માં જણાવ્યું છે કે, ''પંડિતજીએ સૌથી પ્રથમ રુક્મિણી ચંપૂ નામનું સંસ્કૃત કાવ્ય પોતાનાં સહાધ્યાયીને હાથે લખાવ્યું હતું. ** પરંતુ આ ઉછરતા કવિની તે વખતે પૈસા સંબંધી ઘણી જ તંગ સ્થિતિ હતી. એનો ખ્યાલ એટલા ઉપરથી આવશે કે તે વખતે તેમની પાસે નવો ગ્રંથ કે શ્લોક લખાવવાને પૂરતા કાગળો પણ ન હતા. તેઓનાં પિતા પાસે પડેલા જન્મોતરીનાં જુના કાગળો પાછળ લખાએલા આ ગ્રંથનો ત્રુટિત ત્રુટિત લેખ હાલ અમને હાથ લાગ્યો છે. આ અપ્રકાશિત અંગભંગ કાવ્ય અમારી પાસે પડ્યું છે.'' (સં. ૧૯૬૦નાં માગસર સુદ ૯.

(૩) વેદાન્તચિન્તામણિ - આ ગ્રંથ વિષે પા.૩૧માં વિસ્તારથી ચર્ચા કરી છે. આ ગ્રંથની ત્રણ આવૃત્તિ થઈ છે. ''ભૂદ્રશિદુર્ગાશિશિમિતવિક્રમવર્ષે વ્યધાયિ પંચદશી'' વિક્રમ સં. ૧૯૨૧માં આ પંચદશી નિર્માણ થઈ. તેમાં પંદર પ્રકરણ છે.

(૧) પ્રથમ પ્રકરણમાં સર્વધર્મવિશિષ્ટ પરમાત્મા છે, તે સર્વકર્તા છે એમ યુક્તિથી અને અનુમાનથી લખી વિવિધ નાસ્તિક મતનું નિરસન કર્યુ છે.

(૨) બીજા પ્રરણમાં શુદ્ધાદ્વૈત મતમાં વેદમત બ્રહ્મસૂત્ર, ભાગવત ને તેઓને અનુસરતા બીજા શાસ્ત્રોનું શાબ્દ પ્રમાણ છે, તે સારી રીતે સમજાવ્યું છે, ને સંસારની ગતિ નિરૂપણ કરી છે.

(૩) જડ જીવ અન્તર્યામી સચ્ચિદાનંદનાં અંશો છે, ને બ્રહ્મ સાથે તેમનું ઐક્ય છે, તે વર્ણવ્યું છે.

(૪) જગત સત્ય છે, તે વિવિધ રીતે સમજાવ્યું છે.
(૫) આ પ્રકરણમાં જગત સત્ય છે, તે માટે ઉદાહરણ આપ્યા છે તથા આવિર્ભાવ તિરોભાવ વગેરેની સમજ આપી છે.
(૬) વિકૃતપરિણામવાદનું ખંડન ને અવિકૃત પરિણામવાદનું શ્રુતિ સંમત સમર્થન કર્યું છે.
(૭) ભગવદ્ઇચ્છાથી જીવોનું પ્રગટવું ને અહંતામમતારૂપ અવિદ્યાથી સંસારમાં જીવની આસક્તિ થાય છે, તે વાત વિચારી છે.
(૮) જીવ ને અન્તર્યામી વિષે નિરૂપણ છે. જીવ ભગવદંશ છે, અણુ છે, પરતંત્ર છે તથા ભગવદ્ ઇચ્છાથી અવિદ્યાથી બંધાયો છે. તે પ્રતિબિંબ નથી પરંતુ ભગવદંશ છે ને અક્ષરરૂપ છે. જ્યારે અન્તર્યામી સર્વજ્ઞ, સર્વપ્રેરક, આનંદરૂપ, કર્તા નિર્વિકાર છે, તે વાત શાસ્ત્રરીતે નિરૂપણ કરી છે,
(૯) જીવ પ્રતિબિંબ છે તે વાત સમર્થન કરનાર મતોનું ભાષ્ય વિદ્વન્મંડન વગેરે આકર ગ્રંથોનાં પ્રમાણથી ખંડન કરવામાં આવ્યું છે.
(૧૦) બ્રહ્મ સધર્મક છે, બ્રહ્મનાં ધર્મો, શક્તિ, નિત્યપણું વગેરે વાતો ચર્ચી છે.
(૧૧) શ્રીરામાનુજ મતની સમાલોચના કરી છે.
(૧૨) શૈવ શાક્તમતનું ખંડન છે.
(૧૩) જગત, અક્ષર ને અન્તર્યામીનું ગંગાદિનાં દ્રષ્ટાંતથી અદ્વૈતપણું બતાવ્યું છે.
(૧૪) પ્રકૃતિ, પુરુષ વિવેકની સમજ ને અક્ષરબ્રહ્મનું વર્ણન છે.
(૧૫) ચૌદ પ્રકરણની વાતની સંગતિ કરી ભગવાનની લીલા, અને લીલા પરિકર ભગવદાત્મક છે, તે વાત સાબિત કરી છે. જીવની સંસારની ગતિ, ને દ્રઢ ભક્તિથી સંસારમાંથી મુક્તિ તે વાત ચર્ચી છે. ભક્તની મુક્તિનું સ્વરૂપ, ને સ્વતંત્ર ભક્તિને મુક્તિથી અધિક ફળ મલે છે તે વાત લખી છે. ભગવદ્ કૃપાપાત્ર ભક્તનો આનંદમય દેહ હમેંશા છે. શરણ ને આત્મનિવેદનનું નિરૂપણ કર્યું છે, સેવા સાધન વગેરેનું વર્ણન, વૈષ્ણવ આચાર વગેરે બહુ વિષયો આ ૧૫મા પ્રકરણમાં છે. છેવટે ભગવાન શ્રીકૃષ્ણ, આચાર્યશ્રી અને શ્રીગુસાંઈજીને નમીને શ્રીવ્રજવલ્લભ ગુરુની કૃપાદ્રષ્ટિથી, પિતા ઘનશ્યામથી સકલ શાસ્ત્રની બાલવયમાં પ્રાપ્તિ ને તે બન્નેની કૃપાથી અનેક કાવ્ય નિબંધ રચવાનો ઉલ્લેખ છે. છેવટે યાવચ્ચંદ્રદિવાકરૌ પૃથ્વી ઉપર વેદાંત ચિન્તામણિ વિજય પામો એમ કહી એ આ સકલશાસ્ત્રરૂપ સાગરની ગાગરરૂપ ગ્રંથ સમાપ્ત કરે છે.

(૪) સત્સિદ્ધાંતમાર્તંડ - આ ગ્રંથ વિષે આ ચરિત્રનાં પાઠ ૩૪ થી ૩૭ સુધીમાં સારી રીતે ચર્ચા કરવામાં આવી છે. આ ગ્રંથની ઉત્પત્તિ કેમ થઈ તે વાત પણ તે જ પૃષ્ઠોમાં વર્ણવી છે. આ ગ્રંથની બીજી આવૃત્તિ સારી રીતે સંશોધન કરીને શ્રી.હરિશંકર ઓંકારજી શાસ્ત્રીએ નારાયણદાસ આસનમલ ટ્રસ્ટ તરફથી પ્રગટ કરી છે. આ ગ્રંથમાં મુખ્ય આઠ પ્રશ્નો ને, તે દરેક પ્રશ્નનાં આઠ અવાંતર પ્રશ્નો છે. તેથી કુલ ૬૪ પ્રશ્નો છે. આમાં સંપ્રદાય શબ્દનો અર્થ, સંપ્રદાયનાં લક્ષણ, સંપ્રદાયનાં ભેદ, જુદા જુદા સંપ્રદાયની જરૂરિયાત, સંપ્રદાયને વર્ણ, આશ્રમ, વર્ણાશ્રમ, ગુણ ને નિમિત્ત ને સાધારણ ધર્મ એ છ ધર્મમાં કોની સાથે સંબંધ છે તેનો નિર્ણય; પછી સંપ્રદાયની પ્રવૃત્તિ, તેનાં આચાર્ય, તેમની પરંપરા, શૂદ્રનો અધિકાર વગેરે પ્રશ્નોની ચર્ચા છે. રામકૃષ્ણનાં મંત્રની ચર્ચા, શૈવ શાક્તાદિ મંત્રો મોક્ષદાતા ખરા કે નહિ, મંત્ર કોણ આપી શકે વગેરે પ્રશ્નો ચોથા પ્રશ્નમાં છે, વર્ણાશ્રમ ધર્મની આવશ્યકતા, સેવા સાથે સંધ્યા-ગાયત્રી થઈ શકે, સંધ્યા ગાયત્રી ન જપનારમાં બ્રાહ્મણ્ય નષ્ટ થાય, પંચદેવનું પૂજન, પાર્થિવ પૂજા, બલિ વૈશ્વદેવાદિ, ભગવન્નિવેદિત પ્રસાદ વગેરેની ચર્ચા પાંચમા પ્રશ્નમાં છે. તિલક વિષેની ચર્ચા છઠ્ઠા પ્રશ્નમાં છે, શિવ-વિષ્ણુ ભેદ-અભેદની ચર્ચા સાતમાં પ્રશ્નમાં છે. આ આખા ગ્રંથમાં ચાર વર્ણ ને તેમનાં ધર્મ, ચાર પુરુષાર્થ, વૈષ્ણવનાં આચારવિચાર, ચાર આશ્રમોનું કર્તવ્ય, સ્ત્રીઓનું કર્તવ્ય, સ્ત્રીઓનાં ધર્મ વગેરે અનેક પ્રશ્નોની ઝીણવટથી શાસ્ત્રીય રીતે ચર્ચા કરી છે. તદ્ઉપરાંત શિવ-શક્તિ શાલિગ્રામ, વિષ્ણુ, શ્રીકૃષ્ણ વગેરે દેવોની ભક્તિની ચર્ચા, તેમને નિવેદન કરેલી સામગ્રી (પ્રસાદનો) ઉપયોગ વગેરે અનેક વિષયોની ચર્ચા છે. સંપ્રદાય સ્વરૂપનાં તથા ૬૪ પ્રશ્નોનાં સંક્ષિપ્ત ઉત્તર ગુજરાતીમાં વે.શા.સં.રા.રા.શ્રીવિષ્ણવાચાર્ય વળેએ પંડિતજીની સંસ્થા તરફથી, તથા શ્રીહરિશંકર ઓંકારજી શાસ્ત્રીએ કર્યા છે.

(૫) મારુત્શક્તિપ્રબંધ – આ ગ્રંથ વિષે આ ચરિત્રનાં પા.૩૮ થી ૫૧ સુધી વર્ણન છે. મારુત્ શક્તિ ગ્રંથની ઉત્પત્તિ વિષે લંબાણથી વર્ણન કરવામાં આવ્યું છે. આ વિષે સદુપદેશમાર્તંડ ગ્રંથમાં લખવામાં આવ્યું છે. ''પંડિતશ્રીની મધ્યાવસ્થામાં સ્વામી સદાનંદ ગિરિએ મહારાજ લાઈબલ કેસનાં સમય પછી પુષ્ટિમાર્ગ પર ઉદાસીન થયેલા લોકોની પ્રેરણા અને ઉત્તેજનથી સહાસ્ત્રાક્ષર નામે ગ્રંથ શુદ્ધાદ્વૈતમાર્તંડ અને વિદ્વન્મંડન નામનાં વૈષ્ણવ ગ્રંથોનાં ખંડનરૂપે લખ્યો. આ છેલ્લા શાસ્ત્રીય પ્રહારથી વૈષ્ણવ પંથ કમ્પ્યો હતો. તેના વારણ તરીકે પ્રાભંજન નામક લેખ કોટાસ્થ ગોસ્વામી શ્રીકન્હૈયાલાલજી મહારાજે શ્રમ લઈ લખ્યો. તે સૂત્રરૂપ લેખપર યોગ્ય ટીકા કરવા પંડિતશ્રીને તેમનાં પિતા વગેરેની આજ્ઞા થઈ. તેથી તેમણે મારુત્શક્તિ નામનો પ્રૌઢ લેખ ગ્રંથરૂપે પ્રસિદ્ધ કર્યો. જેનો આશરે ૩૦,૦૦૦ શ્લોકનાં પૂરનો પૂર્વાર્ધ પંડિતશ્રીની મદદથી છપાઈ પ્રસિદ્ધ થયો છે. એ પ્રૌઢ વાદગ્રંથ રચવાથી તેઓની ષટ્શાસ્ત્રમાં અનન્ય નિપુણતા પ્રતિપાદિત થઈ છે. આ ગ્રંથની ભાષા, તેમાં થયેલા કોટિક્રમોનાં સમાધાનોમાં ચર્ચેલો ગહન ને કઠિન વિષય, પ્રમાણસંગ્રહ, અને પ્રતિપાદિત કરેલ સિદ્ધાંત વિદ્વજ્જનોને ખરેખર મનન કરવા યોગ્ય છે. આવો આકર ને વિસ્તીર્ણ ગ્રંથ દ્રષ્ટિરુદ્ધ પંડિતશ્રીએ અવિચ્છિન્ન વાગ્ધારાથી લખાવ્યો છે, તે એમની શાસ્ત્રજ્ઞતાનાં પ્રમાણરૂપ છે. આમ જુદા જુદા કારણો ને લઈને પંડિતજીએ વેદાંત ચિન્તામણિ, સત્સિદ્ધાંતમાર્તંડ અને મારુત્શક્તિ જેવા અલભ્ય ગ્રંથોની રચના કરી, એમ કહેવાય છે. બે પ્રકારથી વિદ્વાનપુરુષ યાદ રહે, એક તો તેનાં વંશથી ને બીજું તેની વિદ્યાથી. આજે પણ યદુકુળ, રઘુકુળ, વલ્લભકુળનાં નામથી ભગવાન કૃષ્ણ, રામ ને શ્રીવલ્લભાચાર્યજીનું સ્મરણ થાય છે ને તેવી રીતે ગીતાજી, સુબોધિનીજી વગેરે ગ્રંથોથી ભગવાનનું ને શ્રીમહાપ્રભુજીનું સ્મરણ થાય છે. તેમ પંડિતજીનાં સ્મરણમાં વેદાન્તચિન્તામણિ ને સત્સિદ્ધાંતમાર્તંડ બે ગ્રંથો તેમનાં પુત્ર ને મારુત્શક્તિ તેમની પુત્રી તરીકે વિદ્વાનોમાં ઓળખાય છે. આવી જાતનો ક્રમ ઘણા સમયથી ચાલતો આવ્યો છે. નાગોજીભટ્ટ નામનાં એક વિદ્વાનનું સ્મરણ પરિભાષેન્દુશેખર, શબ્દેન્દુ શેખર ને તેમનાં પુત્રો ને લઘુમંજુષા ને તેમની પુત્રી છે એમ તેમણે પોતે પોતાના ગ્રંથમાં જણાવ્યું છે. પંડિતજીને પોતાને બે પુત્રી થયેલી તે પૈકી એક પુત્રી ઉમરેઠમાં ને બીજી પુત્રી પંડિતજીનાં ગોલોકવાસ પછી ૮ માસની થઈ વિદેહ થયેલી. તેથી તેમનો વંશ ચાલુ નથી, પણ સત્ સાહિત્યરૂપી વંશ તો ચંદ્ર-સૂરજનાં પ્રકાશ પેઠે હંમેશા રહેવા સર્જાયા છે.

(૬) કઠોપનિષદ્ વ્યાખ્યા – પંડિતજીએ કેટલાક ઉપનિષદો ઉપર પોતે ટીકાઓ લખી છે. કઠોપનિષદ ઉપર તેમનું વ્યાખ્યાન અતિ રસભર્યું સરસ ભાષામાં છતા ભાવગંભીર છે. તે ગ્રંથ પ્રગટ થયો છે.

(૭) કૃષ્ણાભિસાર કાવ્ય – રાધાકૃષ્ણનાં અદ્ભુત પ્રેમનું દ્યોતક શાર્દૂલવિક્રીડિત છંદમાં ૧૭ શ્લોકમાં બનાવેલું શૃંગારભક્તિયુક્ત આ સુંદર કાવ્ય છે. બીજા વિદ્વાનો અભિસારિકા નાયકાનાં વર્ણન પોતાનાં કાવ્યમાં કરે છે, જ્યારે અહિંયા નાયક પોતાની પ્રિયા તરફ અભિસરણ કરે છે, તેનું અલૌકિક ચમત્કૃતિજન્ય કવિતામાં પંડિતજીએ વર્ણન કર્યું છે. આ કાવ્ય રચવામાં શાલિગ્રામ નામનાં એક ભક્તવૈષ્ણવે પંડિતજીને પ્રાર્થના કરી હતી. આ કાવ્ય ઉપર શીઘ્રકવિ નંદકિશોર શાસ્ત્રીએ સં.૧૯૪૫માં સિદ્ધિ નામની ટીકા સંસ્કૃતમાં કરી છે.

(૮-૯) શ્રીવલ્લભસ્તુતિરત્નાવલી ગ્રંથ તથા ઘટખર્પરકાવ્ય ઉપર પંડિતજીએ સંસ્કૃતમાં સમજવા લાયક ટીકા કરી છે.

(૧૦) કંસવધ – ૧૯૫૦નાં અષાઢ વદ ૧૦, જોધપુર સર પ્રતાપસિંહજી જે ચુસ્ત આર્યસમાજિસ્ટ ને એક નીડર સેનાની હતા, તેમણે પંડિતજીને બહુમાનપૂર્વક બોલાવ્યા ને તેમની સાથે દોઢ કલાક રાજાજી ધર્મસંબંધી ચર્ચા કરવા લાગ્યા, ને પોતાની પ્રજાને તે લાભ મળે તે માટે વ્યાખ્યાન ગોઠવ્યા. અહીં તેમણે અવધાનોનાં પ્રયોગ તથા ઐક્ય ઉપર સુંદર વ્યાખ્યાન કર્યા, તે વખતે કંસવધ કાવ્યની રચના શીઘ્ર કાવ્ય પ્રયોગ તરીકે થઈ. પંડિતજીની દિવ્ય શક્તિથી રાજાજી ખુશ થયા ને સારી ભેટ આપતા કહ્યું કે હું તમારો શિષ્ય છું. આ કાવ્ય માટે સદુપદેશમાર્તંડ નામનાં ગ્રંથનાં ૧૪માં પાનામાં લખ્યું છે, ''આવો ગ્રંથ પૂર્વે પાંડવરાઘવીય નામે ગ્રંથ એક પ્રાચીન કવિનો છે. તે ગ્રંથમાં પાંડવ ને રામનો વૃત્તાંત દ્વિઅર્થી કાવ્યની યોજનાથી આપ્યો છે. તેથી તે બહુ વખણાય છે. તે જ પ્રકારનું કવિ શિરોમણિનું (પંડિતજીનું) આ કાવ્ય છે. તે થોડા માનની વાત નથી.'' આ કાવ્ય છાપેલું મેં જોયું નથી.

(૧૧) બાલમુકુંદ સ્તોત્ર - પહેલો ને છેલ્લો શ્લોક શાર્દૂલવિક્રીડિત છંદમાં ને બાર શ્લોકો વસંતતિલકા છંદમાં, એમ આ સ્તોત્રની રચના છે. આ સ્તોત્રનું વર્ણન પોતાનાં ત્યાં બિરાજતા શ્રીબાલમુકુંદ ઠાકોરજીનું છે. જેનો પાટોત્સવ મહા સુદ ૨જે છે.

આ ઠોકોરજી શ્રીગુસાંઈજીનાં સેવ્ય નિધિ છે. તેમણે પોતાનાં મોટા પુત્ર શ્રીગિરિધરજીને આ સ્વરૂપ પધરાવી આપેલું. તેમણે તે માધવદાસ વૈષ્ણવને માથે પધરાવ્યું. ત્યાંથી તે સ્વરૂપ કલ્યાણદાસ વૈષ્ણવનાં ત્યાં બિરાજ્યું, પછી તે સ્વરૂપ જુનાભઢ હવેલીમાં બિરાજ્યું. તે સ્વરૂપ શ્રીવ્રજવલ્લભ મહારાજે પોતાનાં બેટીજી શ્રીલાડુબેટીજીને સેવા માટે સોંપ્યા. તે સ્વરૂપની સેવા ત્યારથી તેમનાં માતા-પિતા કરવા લાગ્યા. માતાપિતા ગત થતા પંડિતજી ને તેમનાં પત્ની તે સ્વરૂપની સેવા કરતા. હાલ તે સ્વરૂપ શ્રીગટ્ટુલાલાજી સંસ્થામાં મુંબઇ કેથેડ્રલ ભૂલેશ્વરમાં આવેલા મંદિરમાં બિરાજે છે. આ સ્તોત્રમાં ભગવાન બાલકૃષ્ણની વિવિધ લીલાઓનું સુંદર વર્ણન કર્યું છે.

(૧૨) નિબંધ ઉપર સત્સ્નેહભાજન ટીકા - તત્ત્વદીપનિબંધ ઉપર લખવા માંડેલી આ વ્યાખ્યા અધૂરી છે. તે છપાયેલી છે.

(૧૩) વિષ્ણુસહસ્ર ભાષ્ય -છપાયેલું હોય તેમ લાગતું નથી. આ ભાષ્ય માટે સચિત્ર સાક્ષરમાળા પાન ૧૭૮માં લખ્યું છે, ''શાસ્ત્રી પ્રાણજીવન હરિહર પંડ્યા જુનાગઢની સંસ્કૃત પાઠશાળામાં અધ્યાપક તરીકે રહ્યા હતા. ત્યાંથી તેઓ ભારતમાર્તંડ પંડિત ગટ્ટુલાલાજીનાં આમંત્રણથી મુંબઇ ગયા. ત્યાં તેઓ વિષ્ણુસહસ્ત્રનામ નું ભાષ્ય રચતા હતા. પરંતુ તેઓ પ્રજ્ઞાચક્ષુ હોવાથી મોઢેથી બોલી શાસ્ત્રી પાસે લખાવતા હતા. તે રીતે ભાષ્ય લખ્યુ ને સં.૧૯૪૬
- ધી ગુજરાતી પ્રેસમાં સંસ્કૃત સાહિત્યનાં ભાષાંતરનું કામ કરે છે.'' એવી નોંધ છે.

(૧૪ થી ૨૩) સુધીનાં ગ્રંથો અપ્રકાશિત છે ને તે હાલ ક્યાં છે તે પણ નક્કી નથી. નં.૨૦માં ગ્રંથ માટે શ્રીવિઠ્ઠલદાસ રાજારામ દલાલ આર્યધર્મ પત્રિકા વર્ષ ૧લું અંક ૧૧માં લખે છે કે, ''પંડિતશ્રી ગટ્ટુલાલાજીએ ગીતા અને સપ્તશતી એ બેઉ ઉપર પોતે સંસ્કૃતમાં ભાષ્ય લખવા માંડ્યા હતા. પરંતુ એમનાં જે પુસ્તકો અમને હાથ લાગ્યા છે તેમાં તેની પ્રતિ જડતી નથી. તે ઉપરથી એમ લાગે છે કે એમનાં સંગમાં રહેનાર એમનાં કોઈપણ વિદ્યાર્થી પાસે તે હોવી જોઈએ.

(૧૪) કૃદન્ત વ્યૂહ - એનાં માટે વેદાન્તચિન્તામણિ ગો.વા.રમાનાથ ભટ્ટે પત્રિકા પ્રકટ કરેલા તેમાં પોતે તે જોઈ છે એવો ઉલ્લેખ છે.

આ સિવાય તેમનાં શીઘ્ર કવિતા પ્રસંગે રચેલા અનેક શ્લોકો, કાવ્યો તથા પ્રાસંગિક સાહિત્ય તે વખતે પ્રકટ થતા સામયિકોમાં હશે.

(બ) પંડિતજીનાં સંસ્કૃત સાહિત્યનું દિગ્દર્શન કર્યા પછી તેમણે ગુજરાતી સાહિત્યની જે અમૂલ્ય સેવા કરી છે તેનું દિગ્દર્શન કરીએ. ૧૯મી સદીમાં નવા સુધારાનો પવન ફેલાઇ વળ્યો હતો. તેથી તે યુગને લગતું નવું સાહિત્ય પ્રગટ થવા માંડ્યુ હતું. તેમાં તેમનો ફાળો ઠીક ઠીક હતો.

ગત સદીઓ પેઠે એકલું ધર્મ, ભક્તિ કે નીતિ વિષે કાવ્ય ગ્રંથો લખવા એ પરિપાટી જુદા જુદા વિષયોનાં ખ્યાલ આપતું પ્રગટ થતું હતું. તેમાં વિજ્ઞાન, ભૂગોળ, સમાજ, પ્રકૃતિ, વગેરે અનેક વિષયોમાં સાહિત્યકારો લખવા માંડ્યા હતા. આપણા પંડિતજીએ ધર્મને પ્રાધાન્ય આપી તેમણે ગુજરાતી સાહિત્યમાં વિવિધ પ્રકારનું સાહિત્ય પ્રકટ કરવા માંડ્યું હતું. તેમાં તેમણે પ્રાચીન નીતિશાસ્ત્રનાં હિતોપદેશ વગેરે અનેક ગ્રંથોનું રસિક ભાષાંતર કરી, જનતાની જ્ઞાનતૃષાને સંતોષવા માંડી હતી.
(૧) ભુકુંડ ચરિત્ર,
(૨) સુમનોવિનોદ,
(૩) કામંદકીયનીતિસાર,

(૪) નીતિદર્શન બૃહદ્કથાસાર - એ સંસ્કૃત સાહિત્યમાં સામાન્ય જનતાને બોધ ને વ્યવહારુ જ્ઞાન મળે તેવા વાર્તારૂપે રસિક ગ્રંથો છે, તેનું પંડિતજીએ સહેલી ભાષામાં ભાષાંતર કરાવી પ્રગટ કર્યું છે.
(૫) અપ્પય દીક્ષિતકૃત વૈરાગ્યશતક; હૃદયદૂત, ને મનોદૂત જે હરિહર ભટ્ટ તથા બીજા ભટ્ટનાં લખેલા છે, તે કાવ્યગ્રંથો પદ્યમાં કહી, તેનાં ઉપર સુંદર વિવેચન ગદ્યમાં કરી છે, તથા કેટલીક ઐતિહાસિક વાતો પંડિતજીએ લખી છે.
(૬) કચ્છ મહોદય પણ ભાષાંતર ગ્રંથ છે.
(૭) શ્રીવલ્લભાખ્યાન ઉપર ટિપ્પણ ને તેની સમજ આપતું આખું પ્રકરણ આ જ ગ્રંથનાં ૫૧-૫૫ થી ૫૯ પાનામાં છે. ગીતાજીનું સમશ્લોકી ભાષાંતર સરળ શૈલીમાં સમજી શકાય તેવું ને આમજનતાનું પ્રિય થઈ પડે તેવું છે. તેવી રીતે ગદ્યમાં ગીતાજીનું ભાષાંતર તથા સમજૂતી પણ છે. આપણા મહાગુજરાતનાં વૈષ્ણવી રસિક કવિ દયારામે રચેલો તત્ત્વજ્ઞાનનો મહાગ્રંથ રસિકવલ્લભ, તે આ ગ્રંથ છે. આ ગ્રંથની ભાષા રસિક ને ચિત્તને પ્રસન્ન કરે તેવી છે. તત્ત્વજ્ઞાનનાં વિષયમાં કાવ્યમાં આવા સરલ ને રસિક ગ્રંથો ઓછા હોય છે. પંડિતજીએ પ્રાચીન કવિઓનું ગુજરાતી સાહિત્ય પ્રગટ કરવા માંડ્યું હતું. તેમાં તેમનાં પ્રિયજન ભક્ત કવિ દયારામનું તેમણે કેટલુંક સાહિત્ય પ્રગટ કર્યું હતું. તેવી રીતે કવિ ભાણદાસ કૃત પ્રહ્લાદાખ્યાન તેમણે છપાવ્યું હતું, તથા રત્નેશ્વર કવિનાં અપ્રસિદ્ધ કાવ્યો તેમણે પ્રગટ કર્યા હતા. આમ પ્રાચીન ગુજરાતી સાહિત્ય પ્રગટ કરવામાં આવ્યું.

(૧૫) આર્ય સમુદય પત્ર સં. ૧૯૩૨-૩૩માં શરૂ કર્યું, તે વિષે પા.૮૯ થી ૯૩માં વિગત છે. જ્યારે ૧૯૪૪-૪૫માં ફરીથી આર્યસમુદય પ્રગટ કર્યું. તેમાં દશાવતારસ્તોત્ર, સુમનોવિનોદ ગદ્યપદ્યાત્મક, હૃયદૂતસાર, બૃહત્કથાસાર, નીતિદર્શન, સમશ્લોકી ભગવદ્ગીતા, કામંદકીય નીતિસાર, વિદ્યાવારિનિકર, સત્સ્નેહભાજન, ભુકુંડ ચરિત્ર વગેરે વિષયો ને ગ્રંથો પ્રગટ થયા હતા.

(૧૭) ધર્મબોધમાં ૬ નાના નિબંધો સહેલી ભાષામાં બાળકો સમઝે તેવી રીતે છપાયા છે.

(૧૮) સદુપદેશમાર્તંડ ભા.૧-૨ વિદ્યાવિલાસ સભા - જુનાગઢ તરફથી પ્રગટ થયેલો ગ્રંથ છે. આ ગ્રંથમાં પંડિતજીએ સં.૧૯૫૩નાં પોષ માસમાં વર્ણાશ્રમ ધર્મ વ્યવસ્થા ઉપર સરલ છતા સચોટ ભાષામાં આપેલા વ્યાખ્યાનોનો સંગ્રહ છે. શરૂઆતમાં ૪૦ પાનામાં પંડિતજીનું જીવન. પછી ૧૩૨ પાનામાં વર્ણાશ્રમધર્મવ્યવસ્થા ને પછીનાં ૮૦ પાનામાં જગતનું સ્વરૂપ વગેરે લેખો છે, (૧૯-૨૦) ઈશ્વર છે તેનાં માટે ૯ અનુમાનો કુસુમાંજલિમાંના લઈ સારી રીતે તેને સમજાવ્યા છે, તેમ જ ચાણક્યની કૌટિલ્ય નીતિની સમજ આપી છે.

(૨૧) સુભાષિત લહરીમાં પંડિતજીનાં કાવ્યો છપાયા છે. તે ગ્રંથ મેં જોયો નથી.

(૨૨) દશમચરિત્ર ગુજરાતી પ્રાચીન કવિરત્નેશ્વર રચિત શ્રીભાગવત દશમસ્કંધનાં પદ્યવર્ણનરૂપ તે ગ્રંથ છે કે કેમ તે નક્કી કરી શકાતું નથી, પણ પંડિતજીએઃ-

આ પ્રગટ્યા પરમાનંદ, સહુ સુખકારીજી,
શ્રીકૃષ્ણ કમલદલનેન ગિરિવરધારીજી.

નામનું ૨૯ કડીનું ધોળ રચ્યું છે. જેમાં શ્રીભાગવતનો આધ્યાત્મિક અર્થ તેમણે સમજાવ્યો છે.

(૨૩) અણુભાષ્યનું થોડુંક ગુજરાતી ભાષાંતર પંડિતજીનું કરેલું મળે છે.

***પંડિતજીની કવિતા** :- તેમની કવિતા માટે શ્રીજયસુખરાય પુરુષોત્તમરાય જોષીપુરા એમ.એ, સચિત્ર સાક્ષરમાળા પા.૧૨૬માં લખે છે કે, ''પંડિતશ્રીની કવિત્વશક્તિ અદ્વિતીય હતી, અદ્ભુત હતી. રસાલંકાર, શબ્દાર્થગૌરવ, પદલાલિત્ય, શ્લેષાદિ ઘરેણાંઓથી તેમની કવિતા ઓર રીતે ચમકી રહેલી છે, તેવી રીતે તેમની કવિતાનું મહત્ત્વ સમજાવતા ગુજરાતી પત્રે તા.૨૧-૫-૧૮૯૯ પાના ૫૬૫માં એક કવિત આપ્યું છે.

નવા ગુજરાતી જેને હવા અંગ્રેજી લાગી,
તેવા લોક ચમકથી ચમકતા લાગે છે.
શ્લેષની સમજના તો બેઠા છે સમ જ ખાઇ
રસ અલંકાર થકી ભડકીને ભાગે છે,
આવી ટેવ ટાળવા નિહાળવા પ્રાચીન રીત,
પંડિતો પ્રચંડ નિત્ય નમ્ર રહી માગે છે;
ખાતરી કરો મયૂરપંત ને વામન જેવી,
ગટ્ટુલાલાજીની ગુજરાતી વાણી જાગે છે.

ઉપલા બે અભિપ્રાયો ઉપરથી કવિશ્રીની કવિતા વિષે ખ્યાલ આવશે કે તેઓ એક સમર્થ કવિ હતા ને તેમનાં કાવ્યોમાં કંઇ ને કંઇ આધ્યાત્મિક અર્થ રહેલો હોય છે. વળી તેમને દશાવતારસ્તોત્રનાં કાવ્યમાં પ્રત્યેક શ્લોકે જુદા જુદા વૃત્ત મુકી ત્યાં વૃત્તોનાં લક્ષણો જણાવ્યા છે. આમ આ કાવ્યોનો સ્વાદ લેનારનાં હૈયામાં કાવ્ય કરવાની ઊર્મિ આવે તો તેને નિયમબદ્ધ કાવ્ય રચવાની સગવડતા આ પંડિતરાજે કરી આપી છે. છંદશાસ્ત્રની સુંદર સરળ સમજ લેવા માટે તેનાં લઘુ ગુરુ અક્ષરો સાથેનાં ગણોનો એક દોહરો તેમણે બનાવ્યો છે.

મગણ સર્વ ગુરુ ય ર ત લઘુ, આદિ મધ્ય અંત
નગણ સર્વ લઘુ, સ જ ભ ગુરુ અંત, મધ્ય સુખ સંત.

આ ગણો ઉપરથી વૃત્તોનાં લઘુ ગુરુ અક્ષરોની રચના કરવા ઝટ સમઝ પડે છે.

શ્રીહરિભક્તરૂપ સરોવર, નવા વર્ષની પ્રાર્થના, શ્રીકૃષ્ણચરિત્ર, દશાવતારસ્તોત્ર વગેરે તેમનાં કાવ્યો તો દ્વિઅર્થી ને પ્રથમ પંક્તિનાં કાવ્યો છે. તેવી રીતે સામાન્ય જનસમાજને સમજ પડે તેવા ભક્તિપોષક તથા વૈરાગ્ય સૂચક કેટલાક કાવ્યો છે, જેમકે-

કૃષ્ણકથામૃત પી પી પી, પ્રાણી હો કૃષ્ણ કથામૃત પી પી પી.
કૃષ્ણકથામૃત પાન કરીશ તો, જમ કરશે તને જી જી જી. પ્રા.
ધનવનિતાને સ્થિર માને તુ, કાળ હસે તને ખી ખી ખી. પ્રા
હરિસેવનમાં રાખી મન તું, પાપ કર્મથી બી બી બી. પ્રા.
ગોવર્ધન પ્રભુ ભક્તિરહિતને, ઇતર કથા તે શી! શી! શી!

તેવું જ ભગવાન કૃષ્ણમાં તલ્લીન થતી ગોપીનાં ભાવનું તેમનું કાવ્ય છે.

ક્યાં ગયો મારો વૃન્દાવન વાસી રે?
હા! હા! નાથ! અનાથ તમારી હું વગર મૂલની છું દાસી રે!
ક્યાં ગયો.....
નિર્જન વનમાં તજિ અબલાને, રજનીમાં કરી છે ઉદાસી રે!
ક્યાં ગયો......
ભેટી ભુજ ભરી અભય આપો હરિ, અબળાની આવડી શી હાંસી રે!
ક્યાં ગયો......
ગોવર્ધન પ્રભુ ગોવર્ધનધર દર્શનની હું છું પ્યાસી રે!
ક્યાં ગયો....

પંડિતશ્રીએ કાવ્યોમાં પોતાનું નામ ગોવર્ધન રાખ્યું છે જે નામ તેમનાં માતામહ શ્રીવ્રજવલ્લભજીએ પાડ્યું હતું. આવા સરલ છતા બોધક, ભાવદર્શક, વૈરાગ્યસૂચક, ગાવામાં મઝા પડે તેવા, સંગીતમય કાવ્યો પંડિતજીએ ઘણા રચ્યા છે. કવિશ્રીનાં ઘણા કાવ્યો મુંબઇ ગુજરાતી પત્ર સાપ્તાહિકનાં દીપોત્સવી અંકોમાં પ્રગટ થયા છે. ઇ.સ.૧૯૨૪,૧૯૨૭,૧૯૨૮,૧૯૩૨ ને

૧૯૩૩નાં ખાસ અંકો છપાયા છે. તેવી રીતે શ્રીકાનજી ધર્મસિંહ એમણે પણ ગટ્ટુલાલાજીની કવિતાઓ છપાવી છે. ૧૩-૫-૧૮૯૪માં ગુજરાતીમાં ગંગાજી પૃથ્વી પરથી સ્વર્ગલોકમાં જશે? એ ભાષણ તેમણે આપેલું. આ ભાષણ આપવાનું કારણ ગંગાજીની પાપમોચની શક્તિ જતી રહેશે તેવું કેટલાક વિદ્વાનો તથા જ્યોતિષકારોએ લખવા માંડ્યું હતું. તેનાં સમાધાનમાં તેમને આ લેખ લખવો પડ્યો હતો. વળી કેળવણીનો વિકાસ થાય તે માટે તથા સ્ત્રીકેળવણી વધે તે માટે કેટલીક કવિતાઓ તેમણે રચી છે. તેમ જ સ્વદેશ પ્રેમ સૂચવતા ભારત વિષેનાં થોડા સારા કાવ્યો છે. જાણીતા દેશપ્રેમી શ્રીદાદાભાઈનું સન્માન મુંબઈમાં થયું ત્યારે પંડિતજીએ તેમની ઉત્તમ દેશભક્તિની પ્રશંસા સૂચવતા કાવ્યો ગાયાં હતાં ને તેમનાં સન્માનસમારંભમાં આનંદથી ભાગ લીધો હતો. મુંબઈ ભૂલેશ્વર લાયબ્રેરીનાં તેઓ હંમેશનાં સભ્ય હતા ને તેનાં ઉત્કર્ષમાં પોતે રસ લેતા. તેઓ પેટાજ્ઞાતિની વિરુદ્ધ હતા, પણ ચાતુર્વર્ણમાં તેમની પૂરી શ્રદ્ધા હતી. તેમનાં સાહિત્યનું બરાબર સંશોધન કરી, કોઈ વિદ્વાન પાસે તે પ્રગટ કરાવવાની જરૂર છે, ને તે કાર્ય હાલ ચાલતી ગટ્ટુલાલાજીની સંસ્થા કરે તે શોભાસ્પદ છે.

વળી સમભાવવાળા પ્રાર્થનાનાં રચેલા સ્વધર્મ ત્રણ સરસ શ્લોક યાદ રાખવા જેવા છે.

જે સર્વેશ ગણેશરૂપ લઈને, વિઘ્નો હરે સર્વથા,
જેની શક્તિ સરસ્વતી તનુ ધરી, મેધા વધારે તથા;
બુદ્ધિપ્રેરક સાક્ષી સદ્ગુરુહ્રદે, પ્રજ્ઞા પ્રસારે અતિ,
તેવા આપ હંમેશ સિંધુકરુણા, દેજો સદા સન્મતિ. (૧)
જે બ્રહ્મા, વરુણેન્દ્ર વાયુ, શિવજી, ગાયે સુદિવ્ય સ્તવે,
વેદો સાંગપદોક્રમોનિષદો, જે સામગો સૌ કવે;
ધ્યાનાવસ્થિતચિત્ત તે ગતિ જુવે, જે યોગિયો આ ભવે,
જેનો અંત સુરાસુરો ન સમજે, તે દેવ વંદુ હવે. (૨)
વિદ્યા ધર્મ વધારજો જનમને, સિદ્ધાંત નિર્ધારજો,
જીવોદ્ધાર વિચારજો જગવિભો, સદ્ભક્તિ વિસ્તારજો;
શુદ્ધ ગ્રંથ પ્રસારજો કરિ કૃપા, આત્મીય સંભારજો,
દોષો દૂર નિવારજો સુજનને, સંસારથી તારજો. (૩)

છેવટે ‘મહાજન મંડળ’ નામનાં એક મહાગ્રંથમાં પંડિતજીનું જીવન લખતા જે અંજલિ આપી છે તે લખી આ લઘુ લેખ પૂરો કરું છું.

‘‘માણસનાં અંતઃકરણને ચમત્કાર લાગવાને તથા પોતાનું કર્તવ્ય કામ સમજાવવાને પરમેશ્વરે આ સૃષ્ટિમાં જે કાંઈ અદ્ભુત ચમત્કાર કરી મૂકેલા છે તેમાં બુદ્ધિ રચનાની ગણના છે. શું માણસની કે શું બીજા પ્રાણીની બુદ્ધિ સમુદ્ર જેવી ગંભીર હોવાથી તેનો અંત મેળવવો મુશ્કેલ છે. પણ મનને આનંદ પમાડવા તથા પરમેશ્વરનાં ગૌરવને સમજવા તેમાંના જેટલા ચમત્કાર જોઈ શકાય તેટલા જોવા એ આપણો ધર્મ છે. આ ચરિતમાં (શ્રીગટ્ટુલાલાજીનાં) પણ તેવા જ ચમત્કારો જોવામાં આવશે એટલું જ નહિ, પરંતુ અનુકરણ કરવા જોગ અસાધારણ ઈશ્વરી જ્ઞાનનું દિગ્દર્શન થશે.’’

(૪૩) પંડિતજીની જન્મોત્રી

સં.૧૯૦૧નાં પોષ વદ ૧૨ સોમવારે પંડિતશ્રીનો જન્મોત્સવ છે. તેમનો જન્મ રાજસ્થાનમાં કોટા નગરમાં થયો હતો. શ્રીજમુના બેટીજી મહારાજનાં મંદિરમાં જ્યાં શ્રીમહાપ્રભુજી ને શ્રીગુસાંઈજીનાં સેવ્ય સ્વરૂપોની ભટ્ટજીઓ સેવા કરે છે તે મકાનમાં તેમનો જન્મ થયો હતો. કૃષ્ણયજુર્વેદની તૈત્તરીય શાખામાં આપસ્તંબ બ્રહ્મર્ષિનાં કુલમાં વાધૂલ ગોત્રમાં તૈલંગ વેલ્લનાટી જ્ઞાતિમાં પંડિતજી જન્મ્યા હતા. આજથી આશરે ૧૭૫ વર્ષ પહેલા પંડિતજીનાં દાદા ગોપીનાથભટ્ટ કાંકરોલીનાં તિલકાયત ગોસ્વામી બાળકોનાં ઉપાધ્યાય હતા. ત્યારબાદ શ્રીઘનશ્યામભટ્ટ ઉપાધ્યાય થયા. તે જે મકાનમાં રહેતા હતા તે મકાન ઉપાધ્યાયનાં ઘરનાં નામે ઓળખાતું. પણ સં.૧૮૯૧માં જુનાગઢ નિવાસી ગો.શ્રીવ્રજવલ્લભજીનાં પુત્રી શ્રીલાડુબેટીજી

સાથે ઘનશ્યામભટ્ટનાં વિવાહ થયા તેથી તેમનાં રિવાજ મુજબ જુનાગઢ રહેવા લાગ્યા. દશ વર્ષ બાદ બન્ને દમ્પતી વ્રજયાત્રા જતા રસ્તામાં કોટામાં પંડિતજીનો જન્મ થયો હતો.

કુંડલી ઉપરનો ફલાદેશ :-

કેશવીકાર નવ ગ્રહમાંથી સતાગ્રહનું ફળ તપાસે છે. તેનાં કાલબલમાં સૂર્ય અને શુક્ર બે ગ્રહ બલહીન છે. બાકીનાં પાંચ ગ્રહ બલવાન છે, આ કારણથી આ પુરુષ સર્વ કાર્યમાં વિજયવાન, રાજપૂજ્ય, તથા પ્રબલ શત્રુનો નાશ કરનાર દેખાય છે.

જન્મ કુંડલીમાં મંગલ, ગુરુ અને શનિ એ ત્રણ ગ્રહ ષડબલમાં બલવાન છે. તેનું ફલ રાજા સમાન વિજયી; ત્રિંશાંશામં સૂર્ય મંગલનાં ઘરમાં ગયો છે માટે આ પુરુષ પ્રમાદી હોવો જોઈએ. સાતમા સ્થાનમાં શનિ ને રવિ એ ગ્રહ હોઈને લગ્ન પર પૂર્ણ દ્રષ્ટિ કરે છે. તે કારણથી પાંચ વર્ષ પછી અને ૧૪ વર્ષ સુધી અનેક પ્રકારનું દેહને કષ્ટ અને સદૈવ શારીરિક સુખ ઓછું, શરીરશ્રમ વધારે એમ બનવું જોઈએ. જન્મકાલે શનિની મહાદશા મધ્યે જ્યારે રવિની આંતર્દશા આવી તે વખતે અંધત્વ યોગ થયો. કારણ રવિ નૈત્રાધિપતિ છે અને શનિ અષ્ટમેશ છે. બીજા અને બારમા બેઉ નૈત્ર સ્થાનનાં અધિપતિ પાપગ્રહ અંતઃપાતી હોવાથી અંધત્વયોગ પ્રાપ્ત થાય છે. ભ્રાતૃસ્થાનનો માલિક બુધ એ છઠ્ઠા સ્થાનમાં પાપગ્રહની વચ્ચે છે. માટે ભાઈ બહેનનાં સુખનો નાશ કરે. પરાક્રમ (ત્રિજા) સ્થાનનો માલિક બુધ એનું ઈષ્ટબલ અધિક હોવાથી ૧૨ વર્ષ પછીથી આખા જન્મ સુધી પરાક્રમ ઉત્તમ અને પરિજન સુખથી યુક્ત રહે. ગુરુની દ્રષ્ટિ પરાક્રમસ્થાન ઉપર છે. માટે ગુરુની મહાદશાનાં આરંભ એટલે ૧૧ વર્ષ પછી પરાક્રમને ઉદય થાય. તે ૩૧ વર્ષની ઉંમર સુધી વિશેષ પરાક્રમનાં સાધનોનો સંગ્રહ થાય. તે પછી ૩૨મું બુધનું વર્ષ શરૂ થાય છે, તેથી પરાક્રમ ઉત્તરોત્તર વધારે પ્રસિદ્ધ થતું રહે. કેટલાક લોકોની આજીવિકા કરી આપનાર તથા પોષણકર્તા પણ તેઓ થાય. સુખ સ્થાનનાં અધિપતિ શુક્ર પોતાનાં શત્રુ ગુરુનાં સ્થાનમાં પાપગ્રહ અંતઃપાતી છઠ્ઠા સ્થાનમાં છે ને ચોથા સ્થાન પર શનિની પૂર્ણ દ્રષ્ટિ છે, માટે લૌકિક સુખ જોઈએ તેવું ન મળે. પરંતુ શુક્ર વર્ગોત્તમી તથા ઈષ્ટ બલમાં અધિક હોવાથી પોતાનાં સ્થાનથી દેશાંતર ગમનથી મોટા જયની પ્રાપ્તિ કરાવે. પંચમ (બુદ્ધિ) સ્થાનનો સ્વામી મંગળ સ્વગ્રહી ષડ્બલમાં બલવાન ગુરુની પૂર્ણ દ્રષ્ટિ અને ગુરુ કોણ સ્થાન (૯)માં હોવાથી બુદ્ધિમાં અત્યંત શ્રેષ્ઠત્વ પ્રાપ્ત થાય. છઠ્ઠા (શત્રુ) સ્થાનમાં ચંદ્ર, બુધ, શુક્ર એ શુભગ્રહો છે અને છઠ્ઠા સ્થાનનો અધિપતિ ગુરુ સ્વગ્રહી બલવાન તથા નવમ સ્થાનમાં છે, તે કારણથી પ્રબલ શત્રુ ઉત્પન્ન થાય. પરંતુ એ છઠ્ઠું સ્થાન પાપગ્રહની વચ્ચે છે. તથા ગુરુ પર શનિની પૂર્ણ દ્રષ્ટિ હોવાથી શત્રુ સંહાર થાય તથા મામાનાં પક્ષનું સુખ મળે, રોગ પણ પ્રબલ થાય એવો યોગ થયો છે.

સપ્તમસ્થાનમાં સપ્તમાધિપતિ શનિ રવિયુક્ત અસ્તને પામ્યો છે અને પાપગ્રહની દ્રષ્ટિ અધિક છે, માટે ઈન્દ્રિયનિગ્રહી બને, સ્ત્રીસુખ ઓછું મળે અથવા બે પત્ની થાય એવો યોગ થયો છે. ચલિતમાં બુધ શુક્ર સપ્તમ સ્થાનમાં વર્ગોત્તમી આવ્યા છે તથા રવિ આઠમા સ્થાનમાં ગયો છે, તે કારણથી ૩૭ વર્ષથી તે જીવતા સુધી સ્ત્રી સુખની પ્રાપ્તિ થાય, નવમાં સ્થાનમાં ગુરુ સ્વગ્રહી બલવાન છે, માટે પુણ્ય તીર્થાદિકનો યોગ અખંડ થશે. ભાગ્યશાલીત્વનો યોગ છે, પરંતુ શનિની પૂર્ણ દ્રષ્ટિ હોવાથી, વચમાં વચમાં તેનો વિઘાત થાય અને યાત્રાપ્રસંગમાં પણ અનેક સંકટ પ્રાપ્ત થાય. દશમ સ્થાનનો અધિપતિ મંગળ બલિષ્ઠ છતા, ઈષ્ટ બળમાં પણ વધારે છે. તથા નવમાધિપતિ ગુરુ સ્વગ્રહમાં અને નવમેશ દશમેશનો દ્રષ્ટિ સંબંધ છે. માટે આ યોગ રાજયોગકારક થાય છે. પરંતુ કેન્દ્રમાં સૌમ્ય ગ્રહ નથી, માટે સ્વલ્પ ઉપાયથી, અને અલ્પ કાલમાં ભાગ્યવૃદ્ધિ ન થાય. તથાપિ સ્વહસ્તે અતિશય સત્કર્મ થવાનો યોગ છે. પરંતુ મંગળ રાહુ યુક્ત છે માટે અનેક સત્કર્મો અધૂરા રહે. લાભસ્થાનમાં કેતુ તથા મંગળની પૂર્ણ દ્રષ્ટિ હોવાથી લાભમાં અનેક વિઘ્નો થાય. વ્યયસ્થાનનો અધિપતિ બુધ પૂર્ણ જોય છે તથા ચંદ્ર શુક્ર એ શુભ ગ્રહ પણ જુવે છે તેમ જ મંગળની પૂર્ણ દ્રષ્ટિ છે માટે શુભ કર્મોમાં દ્રવ્ય વ્યય અધિક થાય અને વ્યર્થ દ્રવ્ય ઝાઝો ન થાય. આ જન્મકુંડળી સાથે આ ચરિત્રનો પ્રસંગ મેળવશો તો બરાબર મળતા આવશે. (આર્યધર્મ પત્રિકા વર્ષ ૪થું અંક ૧૨ પા.૪૯-૫૦)

(૪૪) શ્રીગટ્ટુલાલાજી સંસ્થાનો પરિચય

જ્યારથી પંડિતજી મુંબઈમાં વસ્યા ત્યાર પછી તેમની સર્વ પ્રવૃત્તિનું કેન્દ્ર મુંબઈ બન્યું. અહીં તેમણે શ્રીઠાકોરજીની સેવા, વિદ્યાલક્ષ્મી પાઠશાળા, ધર્મપુસ્તકાલય ને આર્યસમુદય માસિક–દ્વારા યથાશક્ય સેવા ઉપાડી હતી. આ સેવામાં તેઓ સાત્ત્વિક ભાવથી આમ પ્રજા તરફથી જે લક્ષ્મી મળી આવતી તે સ્વીકારતા હતા. તેમણે કદી પણ પોતાની અંગત પ્રવૃત્તિ માટે કે સેવાકાર્યમાં ગોસ્વામી મહારાજનું દ્રવ્ય સ્વીકાર્યુ નથી, કારણકે તેઓ તે દ્રવ્યને ગુરુદ્રવ્ય માનતા હતા. વળી તેમની ભાવના તો એટલી ઉચ્ચ હતી કે જ્યારે જ્યારે શ્રીનાથદ્વારામાં પૂ.તિલકાયત મહારાજશ્રીની ઈચ્છાને આધીન થઈ જતા ત્યારે ત્યાં આગળ શ્રીજીની સામગ્રીનાં લાકડા પણ પોતે ખભે મૂકી રસોઈઘરમાં લાવતા. ઘણા તેમને કહેતા કે પંડિતજી, આ શું કરો છો! ત્યારે તે કહેતા કે આ દેહ જો કશા કામમાં ન આવે તો તેને રાખવો શા માટે! આવી રીતે જ્યારે જૂનાગઢ આવતા ત્યારે હવેલીનાં મેડા ઉપર ઉતરતા ને ત્યાં પોતાની સેવા પાઠ તથા સત્સંગ થતો. ઘણા વિદ્વાનો ને સામાન્ય પુરુષો તેમને મળવા આવતા. જૂનાગઢનાં નાયબ દિવાન શ્રીપુરુષોત્તમ સુંદરજી મીલા, બહેચરદાસ બિહારીદાસ, જેસુખરાય દુલેરામ મજમુદાર, અરદેસર જમશેદજી, ત્રિભોવનદાસ મોતીચંદ વગેરે અનેક નાગર બ્રાહ્મણો તથા બીજાઓ પંડિતજીમાં બહુ રસ લેતા. તે વખતે મંદિરમાં દર્શન સમયે આરતિનો ટકોરો થાય ત્યારે પાસે બેઠેલા પુરુષને કહે,'' ભાઈ, મને દર્શન માટે નીચે લઈ જાઓ.'' એક વખત આ પ્રસંગ અંગે એક વૃદ્ધ વૈષ્ણવે પંડિતશ્રીને કહ્યું કે,'' તમે શું કામ તસ્દી લ્યો છો? તમારે બીજાને પાછું ચીંધવું પડે છે!'' ત્યારે પંડિતશ્રીએ જવાબ દીધો કે,'' ભાઈ! હું પ્રભુને નથી દેખતો પણ તેઓ તો મને દેખે છે કે ગટ્ટુ આવ્યો! મારી ફરજ છે કે દર્શન ખુલે ત્યારે મારે શ્રીની હજુરમાં હાજર થઈ જવું. આ વખતે હું મેડીએ બેઠો રહું તો કેટલી બધી અમર્યાદ થાય... !''

આવા સાત્ત્વિકવૃત્તિ ઋષિજીવન ગાળનાર મહાત્મા પુરુષ પરદ્રવ્ય યેન કેન પ્રકારે લેવાનો વિચાર પણ કેમ કરી શકે! છતા, સેવા, પાઠશાળા, પુસ્તકાલય ને પત્ર અંગે ખર્ચ તો સારી રીતે થતું હતું..!! અધૂરામાં પૂરું પોતે અખિલ ભારતવર્ષનાં સુપ્રસિદ્ધ વિદ્વાન પંડિત તરીકે પંકાએલા હતા, તેથી દેશનાં જુદા જુદા ભાગનાં લોકો તો પંડિતજીને શ્રીમંત માની પત્ર લખતા કે,'' આપ ભારતમાર્તંડ છો, અમે ગરીબ કુટુંબના માણસને ખાવા અન્ન પર્યંત નથી તેથી આપની પાસે ન માગીએ તો કોની પાસે માગીએ? પંડિતજી આવા પત્રો મળતા પોતાની આર્થિક સ્થિતિનો વિચાર ન કરતા, જે શક્ય હોય તેવી રીતે સૌને સંતોષ આપતા ને આ વાતની ખબર પોતાની પાસે વસનારને પણ પડવા ન દેતા. તેવી રીતે મુંબઈમાં પણ તેઓ ઘણા ગરીબ વિદ્યાર્થીઓ તથા બીજાઓનાં આધારરૂપ થતા. પંડિતજીની આવી પ્રવૃત્તિથી તેમનાં માથે ઋણ પણ સારું રહેતું. આ ઋણ વાળવા તથા પંડિતજીને આર્થિક મુશ્કેલી ન પડે તે માટે સં.૧૯૩૫નાં ચૈત્ર માસમાં એક માનપત્ર સાથે આશરે ૧૯ હજારની રકમ અર્પણ કરવામાં આવેલી. તેમાંથી દેવું બાદ કરતા તેમણે બાકીની રકમની સરકારી લોનો લઈ ટ્રસ્ટ કર્યું, જેનું વ્યાજ ૩૦૦ ૪૦૦ આવતું. આ મોટી રકમ પંડિતજીને મળવાથી કેટલાક અસંતોષી આત્માઓને ન ગમ્યું. તેથી વૈષ્ણવોમાં પ્રચાર કરવા માંડ્યો કે, ''ગટ્ટુજી સરીખે ભટડાકું દેયવેકો કહા ફલ હૈ? વૈષ્ણવનકી તો ધાનત ભ્રષ્ટ ભઈ હૈ. લાડો બેટીજી તો અબ નાહીં તાસો યહ ભટ્ટજીકો કહા લાગે! અપરં ચ ઉનકે લિયે તો વૈષ્ણવનને બડો ફંડ કિયો હૈ!'' આમ આ સાધુ મહાત્માને અર્થનું દુઃખ પડે તેવો પ્રપંચ મુંબઈમાં રચાતો હતો. પણ કોઈ દિવસે પંડિતજીએ આવા વિરોધી પ્રચાર સામે શબ્દ પણ કાઢ્યો ન હતો. તેમ પોતાને કોઈ ભેટ કે દાન કરે તેવી વૃત્તિ રાખી ન હતી. વળી એક વખતે એક પોતાનાં સંબંધી મહારાજશ્રીનાં ૫૦,૦૦૦ રૂપિયા તેમની પાસે વ્યવસ્થા માટે ખાનગી આવ્યા હતા. તે વાત કોઈ જાણતું ન હતું છતા પોતે તો તે રૂપિયા યોગ્ય વારસદારને સુપરત કર્યા.

પંડિતજીની આવક તો આકાશવૃત્તિ જેવી હતી. કોટા નરેશ તરફથી ૫૦ રૂપિયા માસિક મળતા, તેવી રીતે રાજપુતાનાનાનાં ભણ નામનાં નાના રાજ્યનાં રાજા પંડિતજીમાં પ્રાચીન મહાત્માઓનાં ગુણનાં દર્શન થવાથી તેમને મહર્ષિની પદવી આપી, પંડિતજીને દર વર્ષે સો રૂપિયા પોતાનાં નાના ભંડારમાંથી મોકલતા હતા. વળી શેઠ ચતુર્ભુજ મોરારજી જ્યાં સુધી પંડિતજી મુંબઈ રહે ત્યાં સુધી મહિને સો રૂપિયા આપતા. આમ પંડિતજીનાં ગુણનાં કદર ઓછાવત્તા અંશે થતી હતી. છતા હંમેશા નાણાંની તૂટ રહેતી. કેટલીક વખત લખતર નરેશ પણ પંડિતજીને આર્થિક સહાય કરતા. આમ અર્થ સંકોચમાં પંડિતજીનું જીવનનાવ પાર ઉતર્યું. પણ પંડિતશ્રીમાં એક મહત્ત્વનો ગુણ હતો કે જે કામ હાથમાં લે તે કામ ચોક્કસ કરે. તેમાં જરા પણ ખામી રહેવા દે નહિ. જ્યારે તેમનાં આત્માને એમ લાગ્યું કે હવે હું આ પૃથ્વી ઉપર થોડા કાલ માટે છું ત્યારે તેમણે અગમચેતી વાપરી, મંદિર, પાઠશાળા ને પુસ્તકાલય માટે યોગ્ય ટ્રસ્ટ કરીને યોગ્ય સદ્ગૃહસ્થોને સુપરત કર્યું. તેવી રીતે

જુનાગઢવાળા શ્રીગોકુલેશજી મહારાજનાં છેવટનાં સમયમાં સર્વ વૈષ્ણવો સમક્ષ ધર્મશાસ્ત્ર પ્રમાણે વહુજી મહારાજશ્રી ચોપાસેનીનાં ગોસ્વામી બાળકને દત્તક લે તેવા સંકલ્પ કરાવ્યા હતા ને દત્તક વિધાનની ખબર રાજ્યને આપવા ટ્રસ્ટી નિમાવ્યા હતા ને ત્યારબાદ વહુજી મહારાજ પાસે સંકલ્પ કરાવી દત્તકવિધાન કર્યું ને રાજ્યને તે જ વખતે ખબર આપી હતી. તેમનાં ગોલોકવાસ પછી ૭૦૦૦ રૂપિયાનું ફંડ માધવબાગમાં મળેલી મોટી સભા વખતે થયું હતું. પણ તેટલા રૂપિયાથી કંઇ ઓછું સ્મારક થાય! બીજી તરફથી પંડિતજી જે મકાનમાં રહેતા હતા તે મકાન જીર્ણ હતું. વળી ઉત્તરક્રિયામાં તથા લખતરમાં શ્રીઠાકોરજીને પંડિતજીનાં બેટીજી બિરાજતા હતા તેમાં ખર્ચ થયું હતું. તેટલામાં પંડિતજીનાં પુત્રી વિદેહ થયા. તેથી સંસ્થા ચાલુ રાખવી કે શ્રીઠાકોરજી બીજે સ્થળે પધરાવવા તે વિષે વહીવટદારોમાં ગડમથલ ચાલતી હતી. આ વખતે માનપત્ર (સં.૧૯૩૫) નાં ૮૦૦૦ રૂપિયા હતા. તેટલી રકમથી મંદિર નભવા સંભવ નહોતો, તેમ મંદિરની મરામત પણ થઇ શકે તેમ નહતું. આથી સંસ્થાનાં વહીવટદારોએ સ્મારકફંડની કમિટી સાથે મળી, મંદિર મરામત કરવા વિચાર્યુ ને તેમાં ૩૦,૦૦૦ રૂપિયા ખર્ચ્યા. આ કામમાં શેઠ શ્રીઈશ્વરદાસ ત્રિભોવનદાસ સટ્ટાવાળાએ બહુ પરિશ્રમ લઇ, પોતાથી બને તેવી રીતે તન મન ને ધનનો સદ્‌ઉપયોગ કર્યો, ને શ્રીઠાકોરજી ને પુસ્તકો મુંબઇ પધરાવ્યા. આ અંગે સારૂ એવું કરજ થઇ ગયું. એટલામાં શેઠ ઈશ્વરદાસ વિદેહ થયા. તેઓ શેઠશ્રી ચતુર્ભુજ મોરારજી અને ત્રિભોવનદાસ વરજીવનદાસને આ સર્વ કામ સોંપી ગયા. તે બન્ને મહાશયો તથા શેઠ દ્વારકાદાસ ઓધવજી તથા શ્રીવિઠ્ઠલદાસ રાજારામ દલાલે મળી ૨૩,૦૦૦ સ્મારકફંડમાં ભેગા કર્યા. આ ફંડમાં ગુજરાતનાં નાના ગામો જેવા કે મોડાસા, રામપુર, વલસાડ, પીલવણ, ખંભાત, અમરેલી વગેરે સ્થળેથી નાની નાની રકમો ભરવામાં આવી હતી. તેમાંથી ૧૦,૦૦૦ રૂપિયા મંદિરની મરામતનાં કરજમાં અપાયા. બાકીનાં ૨૩,૦૦૦ રૂપિયા તથા બીજા ૨૦,૦૦૦નાં ટ્રસ્ટનાં વ્યાજ સંસ્થાને સં.૧૯૬૧ સુધીનાં પ્રાપ્ત થયા. સં.૧૯૫૮માં આર્યધર્મ પત્રિકા, તથા સં.૧૯૬૧ આર્યધર્મ સુધા નામનું માસિક શ્રીવિઠ્ઠલદાસ રાજારામ દલાલ વગેરે કાઢવા લાગ્યા. પત્રિકા ૮-૧૦ વર્ષને માસિક ૪ વર્ષ ચાલ્યું હતું. વળી આ સંસ્થાનાં વિકાસ માટે ''શ્રીપુરુષોત્તમદાસ ઠાકોરદાસે પણ સારી લાગણી બતાવી છે. ત્યારબાદ મલાડમાં ગૌશાળાનું મકાન બંધાવ્યું તેમાં સો જેટલી ગાયો રાખવામાં આવે છે. ત્યારબાદ ગો.વા.શ્રીબલભદ્ર શર્મા, મૂલચંદ્ર તેલીવાલા, ધીરજલાલ સાંકલીયા, વગેરેએ આ સંસ્થાનાં વિકાસમાં સારી રીતે ફાળો આપી, પુસ્તકાલયને વ્યવસ્થિત કર્યુ તથા ષોડશગ્રંથોનું અમૂલ્ય સાહિત્ય સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવ્યું ને ટિપ્પણી પંચાંગ તો પંડિતજીનાં વખતથી જે શરૂ થયેલી તે તો ચાલુ હાલ પણ પ્રકટ થાય છે. વળી ગોલોકવાસી શાસ્ત્રીજી કલ્યાણજીભાઇએ શ્રીભાગવતનું ગુજરાતી ભાષાંતર જે ગો.વા.મૂળચંદ્ર તેલીવાલાએ શરૂ કર્યું હતું તે સરસ રીતે પૂર્ણ કર્યું ને આ સંસ્થા તરફથી પ્રગટ કરવામાં આવ્યું, જે કાર્યે પંડિતજીની સંસ્થાને સારો યશ અપાવ્યો. આ સંસ્થાની ખાસ ફરજ છે કે તેમનાં ગુજરાતી કાવ્યો, સાહિત્ય, સંસ્કૃત સાહિત્ય, તેમનાં લખાવેલા પત્રો અસ્તવ્યસ્ત દશામાં જે જુના પત્રો તથા માસિકોમાં છે ત્યાંથી કોઇ વિદ્વાન પાસે સંશોધાવી સારી રીતે પ્રગટ કરવા જોઇએ ને તેમાં જ તે સંસ્થાની શોભા છે.

(૪૫) સંદર્ભ - ગ્રંથો

(૧) વેદાન્ત ચિન્તામણિ - ગો.વા.રમાનાથ શાસ્ત્રી (મુંબઇ)
(૨) સત્સિદ્ધાંતમાર્તંડ - શાસ્ત્રી હરિશંકર ઓંકારજી (મુંબઇ)
(૩) મારુત્ શક્તિ - પંડિતજી તરફથી
(૪) સંપ્રદાય સ્વરૂપ - વે.શા.રા.રા.શ્રી.વિષ્ણવાચાર્ય વળે
(૫) કઠોપનિષદની ટીકા
(૬) વઘૂલ વંશાવલી હસ્તલિખિત
(૭) કૃષ્ણાભિસાર કાવ્ય - ગોવર્ધનદાસ લક્ષ્મીદાસ
(૮) શ્રીબાલકૃષ્ણ ચમ્પૂ - ગો.શ્રીજીવનલાલ મુંબઇ
(૯) સદુપદેશમાર્તંડ - વિદ્યાવિલાસ સભા, જુનાગઢ
(૧૦) સચિત્ર સાક્ષરમાળા - જયસુખરાય જોષીપુરા, વડોદરા

(૧૧) આર્યધર્મ પત્રિકા વર્ષ ૬
(૧૨) ગુજરાતી સાપ્તાહિક પત્રો મુંબઈ (સં.૧૯૩૭ થી ૧૯૫૪) સુધીનાં
(૧૩) જીવન સ્મરણ - કવિ શિવાનંદ
(૧૪) વૈષ્ણવ ગુરુ ધર્મ કર્મ - રામદાસ કાશીદાસ મોદી
(૧૫) મહાજન મંડળ - મગનલાલ
(૧૬) આર્ય સમુદય પત્ર સં. ૧૯૩૨-૩૩, ૧૯૪૫-૪૬,ની ફાઈલો.
(૧૭) વૈષ્ણવોપદેશ પ્રકાશક શા.ગુલાબદાસ કરસનદાસ
(૧૮) ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી - ચીમનલાલ વૈદ્ય
(૧૯) ધર્મબોધ - પુસ્તક પ્રચારક મંડળી
(૨૦) સંપ્રદાય પરંપરા - ગો.વા.છગનલાલ શાસ્ત્રી તથા ગો.વા.બલભદ્ર શાસ્ત્રી

આ સિવાય બીજા અનેક ગ્રંથો તથા લેખ નો આ ગ્રંથમાં ઉપયોગ કર્યો છે. તે સર્વ લેખકનો અત્રે આભાર માનું છું.

(૪૬) કેટલાક મહત્ત્વનાં વર્ષ

૧૯૦૧ = પોષ વદી ૧૨ પંડિતજીનો જન્મ, સ્થળ-કોટા
૧૯૦૯ = ભક્તકવિ દયારામભાઈનો ગોલોકવાસ
૧૯૦૯ = પંડિતજી વિનયન થયા
૧૯૧૧ = યમુનાલહરી નામનાં સંસ્કૃત કાવ્યની રચના
૧૯૧૩ = રુક્મિણી ચમ્પૂની સંસ્કૃતમાં રચના
૧૯૧૪ = શ્રીલાડુ બેટી લીલામાં પધાર્યા
૧૯૧૬ = જુનાગઢથી મુંબઈમાં આવી વસ્યા
૧૯૧૬ = દયારામકૃત કાવ્યસંગ્રહ કવિ નર્મદે છપાવ્યો
૧૯૧૬ = શ્રીલાડુબેટીજી દ્વારા સેવ્ય શ્રીબાલકૃષ્ણજીનું મંદિર શરૂ થયું.
૧૯૧૭ = મહારાજ લાયબલ કેસ થયો
૧૯૨૦ = પ્રથમ લગ્ન
૧૯૧૯ = કાશીનાં વિદ્વાનોએ શીઘ્ર કવિ શતાવધાની પ્રસિદ્ધ પંડિતની પદવી આપી
૧૯૨૧ = વેદાન્ત ચિન્તામણિ ગ્રંથની રચના
૧૯૨૭ = શ્રીવલ્લભાખ્યાન ઉપર ટિપ્પણ તથા નવ દુહાની રચના કરી
૧૯૨૮ = શ્રીકેશવજી શાસ્ત્રી સાથે શાસ્ત્રાર્થ
૧૯૩૦ = માધવબાગની સ્થાપના
૧૯૩૦ = શ્રીદયાનંદ સરસ્વતી સાથે મૂર્તિપૂજા અંગે શાસ્ત્રાર્થ થયો.
૧૯૩૨ = આર્ય સુધર્મોદય સભાની સ્થાપના
૧૯૩૨ = નાસ્તિક મત નિરસન માટે લેખો તથા વ્યાખ્યાનોની પ્રવૃત્તિ
૧૯૩૨ = આર્ય સમુદય પત્રનું પ્રકાશન
૧૯૩૩ = મદ્રાસમાં ભયંકર દુકાળ
૧૯૩૪ = મુંબઈ ઈલાકામાં ભયંકર દુકાળ
૧૯૩૪ = ગોરક્ષક મંડલીનાં સભ્ય તથા ગાયોનાં ઉત્કર્ષ માટે પ્રયત્ન
૧૯૩૪ = પંડિતજીનું બીજું લગ્ન
૧૯૩૫ = મુંબઈની પ્રજા તરફથી અપૂર્વ માન

૧૯૩૬ = વિદ્યાલક્ષ્મી પાઠશાલાની સ્થાપના
૧૯૩૬ = ધર્મ પુસ્તકાલયની સ્થાપના
૧૯૩૬ = ગો.શ્રીજીવનલાલજી (મુંબઈ) લીલામાં પધાર્યા.
૧૯૩૭ = મુંબઈ ગુજરાતી સાપ્તાહિક સદ્ગત સાક્ષર શ્રીઈચ્છારામ સૂર્યરામે પ્રકટ કર્યું તેનાં તંત્રી શ્રીકવિશ્રી નર્મદાશંકર થયા.
૧૯૩૮ = જ્ઞાનપ્રસારક મંડળી તરફથી વ્યાખ્યાન માટે આમંત્રણ
૧૯૪૦ = શાસ્ત્રીજી રવજી ને શ્યામજીએ શ્રીનાથદ્વારાથી સદ્ધર્મભાસ્કર માસિક કાઢ્યું.
૧૯૪૦ = ગો.શ્રીદેવકીનંદનાચાર્યજી મુંબઈ નિવાસ માટે પધાર્યા.
૧૯૪૦ = કાપડનાં દેશી વેપારીઓની મંડળીમાં સંપ ઉપર વ્યાખ્યાન.
૧૯૪૧ = કાઠિયાવાડનો પ્રવાસ
૧૯૪૨ = શતાવધાન ઉપર જ્ઞાન પ્રસારક મંડલીમાં વ્યાખ્યાન.
૧૯૪૨ = જ્યુબિલી ઉત્સવ ઉજવાયો.
૧૯૪૨ = સત્સિદ્ધાંતમાર્તંડનું પ્રકાશન
૧૯૪૩ = ભઠ્ઠી અંગેની લડત
૧૯૪૩ = કાશીની યાત્રા
૧૯૪૪ = મારુત્ શક્તિનું પ્રકાશન
૧૯૪૪ = આર્ય સમુદય પત્ર ફરીથી પ્રગટ કર્યું
૧૯૪૫ = તિલકાયત શ્રીગોવર્ધનલાલજીની પધરામણી
૧૯૪૬ = ભારતમાર્તંડની પદવી અખિલ ધર્મસભા તરફથી દિલ્હીમાં મળી.
૧૯૪૬ = આચાર્ય પરંપરાનાં પ્રશ્નની ચર્ચા.
૧૯૫૧ = સપશુક શ્રૌતયાગ કરાવ્યો.
૧૯૫૩ = હીરક મહોત્સવ
૧૯૫૪ = માગસર સુદ ૯ની રાતે પંડિતજી વિદેહ થયા.